# જંબૂકુમાર

- વિમલકુમાર મોહનલાલ ધામી



# જંબૂકુમાર

: લેખક :

વિમલકુમાર મોહનલાલ ધામી

●

: પ્રકાશક :

નવયુગ પુસ્તક ભંડાર

બુકસેલર્સ : : પબ્લિશર્સ

નવા નાકા રોડ

રાજકોટ–૩૬૦ ૦૦૧ : : : [સૌરાષ્ટ્ર]

: પ્રકાશક :
નવિનચંદ્ર મોહનલાલ મહેતા
નવયુગ પુસ્તક ભંડાર
નવા નાકા રોડ, ૧લે માળે
રાજકોટ–૩૬૦૦૦૧ : [સૌરાષ્ટ્ર]

•

© વિમલકુમાર મોહનલાલ ધામી

•


પ્રથમ આવૃત્તિ
[ ૧૯૮૩ ]

•

કિંમત
રૂા. ૩૪–૦૦

•

: મુદ્રક :
નાનાલાલ સોમાલાલ શાહ
સર્વોદય મુદ્રણાલય
મુ. સાદરા – ૩૮૨૩૨૦
જિ. અમદાવાદ



ચિ. રાજુ, ચિ. રાશુ, ચિ. સંદીપ, ચિ. કુમારપાલ, ચિ. ઉત્પલા, ચિ. આરતી, ચિ. જયપાળ, ચિ. પૂર્વી અને ચિ. વિરલ

ને

અનેક શુભેચ્છા સાથે

— વિમલકુમાર મો. ધામી

## વિમલકુમાર મોહનલાલ ધામીની નવલકથાઓ

| | |
|---|---|
| જંબૂ કુમાર | ૩૪-૦૦ |
| સુખની ભ્રમણા | ૨૦-૦૦ |
| ચિત્રસેન પદ્માવતી | ૨૮-૦૦ |
| વિધિના વર્તુળ | ૪૦-૦૦ |
| નેમ રાજુલ | ૩૦-૦૦ |
| અમરકુમાર (બીજી આવૃત્તિ) | ૩૦-૦૦ |
| અભયકુમાર | ૨૩-૫૦ |
| સાર આ સંસારનો | ૧૮-૦૦ |
| ધન્ના શાલિભદ્ર | ૨૪-૫૦ |
| રૂપનંદિની | ૯-૦૦ |

●

: પ્રકાશક :

**નવયુગ પુસ્તક ભંડાર**

નવા નાકા રોડ

રાજકોટ-૩૬૦ ૦૦૧ : : : [ સૌરાષ્ટ્ર ]

# કંઈક કહું છું....

જંબૂકુમારની કથા લખવાની ભાવના પાંચેક વર્ષ પહેલાં જન્મી હતી પરંતુ સંયોગોવસાત્ આ કથા કંડારી શકતો નહોતો. પરંતુ આજ મારી ભાવના સાકાર થઈ રહી છે તેનો આનંદ અપૂર્વ છે.

જંબૂકુમારની કથા આજ પ્રચલિત છે, પરંતુ કથાનો હાર્દ અત્યંત સુંદર છે...માનવી સુખ મેળવવા માટે કાયમ ઝંખના કરતો જ રહે છે- ભૌતિક સુખને સુખ માનીને તેની આરાધના કરતો રહે છે, કોઈ કામક્રીડાને સુખ માનતું હોય છે. પરંતુ આ સર્વ સુખ માનવીના મનને આનંદ આપનારા ક્ષણિક સુખ છે. અનંત સુખ મેળવવા માટે મુક્તિની આરાધના કરવી પડે છે. સર્વત્યાગ વગર બીજો કોઈ માર્ગ નથી. લોભ, મોહ, માયા, વેર, ક્રોધ તેમજ અન્ય બંધનોમાંથી મુક્તિ મેળવીએ ત્યારે જ આત્મદર્શનનો માર્ગ સાંપડે છે, અને આથી જ જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની આરાધના કરવાનું કહ્યું છે.

જંબૂકુમારના હૈયામાં નાનપણથી જ વૈરાગ્યના ભાવ જાગૃત થયા હતા. તે માતાપિતાની ઇચ્છા, આબરૂ ખાતર લગ્ન કરવા તૈયાર થાય છે. જંબૂકુમાર આઠ–આઠ પ્રિયાઓ સાથે લગ્ન કરે છે અને લગ્નની રાત મિલનયામિની થવાને બદલે ધર્મસભાની રચના થાય છે. જંબૂકુમાર અને આઠેય પ્રિયાઓ વચ્ચે રાગ–વિરાગની ચર્ચા ચાલે છે. બન્ને પક્ષે સુંદર સુંદર દૃષ્ટાંતો આપવામાં આવે છે અને ક્રમશઃ જંબૂકુમાર આઠેય પ્રિયાઓને ધર્મનો મર્મ સમજાવે

છે. વિરાગની મસ્તીનો રંગ કેવો અપૂર્વ છે તે વાત સમજાવવાનો તેમનો પ્રયત્ન સાર્થક નીવડે છે.

આ સમયે મહાચોર પ્રભવ તેના સાથીઓ સાથે આવેલ હોય છે અને તે પણ જંબૂકુમારની વાતો સાંભળીને સર્વત્યાગનો માર્ગ સ્વીકારવા તૈયાર થઈ જાય છે. પ્રભવચોર તેના પાંચસો સાથીઓ સાથે દીક્ષાનો માર્ગ અપનાવે છે.

બીજે દિવસે જંબૂકુમાર, આઠેય પ્રિયાઓ, જંબૂકુમારના માતાપિતા, તેમજ જંબૂકુમારના સાસુ-સસરા વ્રત ધારણ કરવા તૈયાર થઈ જાય છે. આમ પાંચસો સત્તાવીસ થતાં સુધર્મા સ્વામી પાસે દીક્ષા લેવા તૈયાર થઈ જાય છે અને સૌએ દીક્ષા ગ્રહણ કરીને આત્મકલ્યાણની સાધનામાં મગ્ન બન્યા.

જંબૂકુમારમુનિને આચાર્ય પદ મળ્યું. જંબૂસ્વામીને કેવળજ્ઞાન થયું. આમ જંબૂસ્વામી છેલ્લા કેવળી થયા.

મારી દરેક કથાઓને વાચકોએ પ્રેમભાવથી આવકારી છે અને પત્રો લખીને અભિનંદન આપ્યા છે. આ પળે સર્વ વાચકોનો આભાર માનું છું.

મને શ્રદ્ધા છે કે મારી અન્ય કથાઓને જે રીતે આપનો પ્રેમ સંપાદન થયો તે રીતે મારી આ કથાને પણ એવો જ પ્રેમ અને આદર પ્રાપ્ત થશે...

સંવત ૨૦૩૯ માગશર શુદ ૧૩<br>કરણપરા, ધામીનિવાસ<br>કિશોરસિંહજી રોડ, રાજકોટ-૧

– વિમલકુમાર મો. ધામી

# જંબૂકુમાર

[ ઐતિહાસિક નવલકથા ]

●

●

જે પ્રાણી, બાલ્યાવસ્થાને વિષે પણ વૈરાગ્ય પામી આદર સહિત ધર્મ પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ અને અડગ નિશ્ચય-ભાવ અંગીકાર કરે છે, તે પ્રાણી જંબૂકુમારની જેમ અનંત સુખનો સ્વામી થાય છે.

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | સમવસરણ | ૧ |
| ૨ | ગણિકાને ત્યાં... | ૧૬ |
| ૩ | કેવળજ્ઞાન ઉત્પન્ન થયું | ૩૪ |
| ૪ | ઝબકારો થયો...! | ૪૮ |
| ૫ | મોહ છૂટે તો...! | ૬૪ |
| ૬ | બંધન અને મુક્તિ | ૭૮ |
| ૭ | પુત્રઝંખના | ૯૫ |
| ૮ | જંબૂ કુમાર | ૧૦૯ |
| ૯ | પ્રેમ, કરુણા ને દયા | ૧૨૪ |
| ૧૦ | ત્યાગ વગર મુકિત નથી | ૧૩૭ |
| ૧૧ | સંકલ્પ સિધ્ધ થશે? | ૧૫૨ |
| ૧૨ | કોની જીત થશે? | ૧૬૭ |
| ૧૩ | લગ્નની સંમતિ | ૧૮૦ |
| ૧૪ | હૃદય પરિવર્તન | ૧૯૫ |
| ૧૫ | સત્ય સમજાયું...! | ૨૧૧ |
| ૧૬ | એ સુખ નથી | ૨૨૫ |
| ૧૭ | નૂપુર પંડિતા | ૨૩૮ |
| ૧૮ | રૂપની આગ | ૨૫૨ |
| ૧૯ | સુખની ભ્રાંતિ | ૨૬૪ |
| ૨૦ | મન નહિ પલટે શું? | ૨૭૮ |
| ૨૧ | ઉન્માર્ગે નહિ જાઉં...! | ૨૯૫ |
| ૨૨ | આત્મસુખની અનુભૂતિ | ૩૦૮ |
| ૨૩ | જયશ્રીનો પ્રશ્ન | ૩૨૨ |
| ૨૪ | ત્યાગની ભાવના | ૩૩૫ |
| ૨૫ | સર્વત્યાગના માર્ગે | ૩૪૮ |

# ૧ : : સમવશરણ

અતિ સમૃદ્ધ અને સુમનોહર રાજગૃહી નગરીની જાહોજલાલી માત્ર મગધ દેશમાં જ નહિ પરંતુ ભારતવર્ષમાં અજોડ હતી. મહારાજા શ્રેણિકના કુશળ રાજ્યસંચાલનને કારણે નગરીની પ્રજા સુખી અને ભયમુક્ત હતી. કોઈ ઠેકાણે દુઃખનો પરિતાપ જોવા મળતો નહોતો. રાજગૃહી નગરી દર્શનીય અને દૈદિપ્યમાન હોવાને કારણે પરગામના લોકો પ્રવાસીઓ, વટેમાર્ગુ વગેરે આ નગરીની ભવ્યતા અને સમૃદ્ધિના દર્શનાર્થે પધારતાં. રાજગૃહી નગરીની ભવ્યતા જોતાં જ સૌ કોઈ મોંમાં આંગળાં નાંખી જતું અને અપાર હર્ષ અનુભવતાં.

પ્રજાકલ્યાણની ઉચ્ચ ભાવનાને મૂર્ત કરવા માટે મહારાજા શ્રેણિકે વિવિધ યોજનાઓ મંત્રીઓ સાથે બેસીને ઘડી હતી અને તે યોજનાઓ અમલમાં તત્કાળ આવે તેનો સુયોગ્ય પ્રબંધ પણ કર્યો હતો. એ સિવાય નગરીને સુશોભિત કરવા માટે વિવિધ સ્થળે કૃત્રિમ ફુવારાઓ, ઉદ્યાનોની રચના કરવામાં આવી હતી. ઉદ્યાનોમાં વૃક્ષો, સુંદર લત્તાઓ, વિવિધ રંગબેરંગી, સુગંધી પુષ્પો ઉગાડવામાં આવ્યા હતા.

રાજગૃહી નગરીના દરેક માર્ગો સુઘડ અને સ્વચ્છ રહે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

રાજગૃહીમાં શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવંતનું ભવ્ય જિનાલય કલાત્મક અને મનોહર હતું. નગરના અનેક લોકો પ્રાતઃકાળ પછી સેવાપૂજા અર્થે પધારતા અને પ્રભુભક્તિમાં લીન બની જતાં. તેમાંય મૂળનાયકની પ્રતિમાજી અતિ તેજસ્વી અને દૈદિપ્યમાન હતી.

રાજગૃહીમાં ભગવાન નટેશ્વરનું પ્રાચીન મંદિર શૈવપંથીઓ માટે આંતરિક પ્રેરણા સમું હતું. પરગામના અનેક વટેમાર્ગુ ભગવાન નટેશ્વરના દર્શનાર્થે આવતાં અને પોતાની જાતને ધન્ય માનતાં.

ઝવેરી બજાર, કરીયાણા બજાર, વસ્ત્ર બજાર એ પ્રમાણે વિવિધ બજારો આખો દિવસ ધમધમતી રહેતી. આજુબાજુના ગ્રામપ્રદેશના વેપારીઓ અને ગ્રામ્યજનોએ સામગ્રી ખરીદવા માટે આવતાં. નગરીમાં સુંદર પાંથશાળાઓ પણ આવી હતી. પરગામના પ્રવાસીને કોઈ પણ જાતની અવગડ ન પડે તે પ્રકારની દરેક જાતની વ્યવસ્થા પાંથશાળામાં કરવામાં આવતી હતી. નગરીમાં ચોરી, લૂંટફાટના બનાવો જવલ્લે જ બનતાં, આમેય રાજગૃહીનું રક્ષકદળ કસાયેલું અને સજાગ હતું. રાત્રિકાળે રક્ષકોની ટૂકડી જુદાજુદા રાજમાર્ગો પર ફરતી અને કોઈ પણ જાતનો અનિચ્છનીય બનાવ ન બને તેનું ધ્યાન રાખતી. નગરરક્ષકે નગરીની રક્ષણવ્યવસ્થા ખૂબ સુંદર રીતે ગોઠવી હતી. નગરીના મુખ્ય દ્વારો પાસે દ્વારરક્ષકો અજાણ્યા અને શંકાસ્પદ જણાય તેવા લોકોની બરાબર રીતે તપાસ કરતાં, શંકા જેવું જણાય તો તેને તરત જ નગરરક્ષક પાસે લઈ જવામાં આવતો...નગરરક્ષક તેની ઉલટતપાસ કરતા. એવું લાગે તો કારાગારમાં મોકલી દેવામાં આવતો...પરંતુ આવું જવલ્લે જ બનતું છતાંય રક્ષકટૂકડી સદાય સજાગ રહીને નગરીના રક્ષણની વ્યવસ્થાનો ભાર બરાબર ઝીલતી હતી. ઘણી વાર મહારાજા પોતે પણ અંધારપછેડો ઓઢીને

નગરીના સુખદુ:ખ જોવા નીકળતાં નગરીની રક્ષણ વ્યવસ્થા કેમ જળવાય છે તેની તપાસ કરતાં...પોતાની પ્રજા સુખી છે એ જાણીને આનંદ અનુભવતાં.

પ્રજાવત્સલ રાજવીનું કર્તવ્ય છે કે તેણે પ્રજાજનો વચ્ચે ફરીને જાણવું જોઈએ કે મારી પ્રજામાં અસંતોષ તો નથીને? દુ:ખનો પરિતાપ તો નથીને? લોકહૈયામાં મારા પ્રત્યે અસદ્ભાવ, અજંપો તો નથીને? પરંતુ જ્યાં રાજા પોતે જ સદાચારી, સંસ્કારી, સદ્ગુણી અને ન્યાયી હોય ત્યારે પ્રજામાં અસંતોષનો અગ્નિ પ્રગટતો નથી.

મહારાજા શ્રેણિકની રાજસભામાં અનેક મહાન પંડિતો, શાસ્ત્રજ્ઞો, કલાકારો, બુદ્ધિશાળી મંત્રીઓની ટૂકડી, ન્યાયાચાર્ય, તેમજ ચારણો–ભાટોની હાજરીથી રાજસભા શોભાયમાન બની ઊઠતી. કોઈ પણ જાતનો વિકટ પ્રશ્ન હોય, અણઉકેલ રાજકીય પ્રશ્ન હોય તો તે અંગેની ચર્ચા રાજસભામાં કરવામાં આવતી. અમુક ગુપ્ત પ્રશ્નોની ચર્ચા માટે રાજભવનમાં મંત્રણાગૃહની વ્યવસ્થા હતી જેમાં રાજ્યના મહામંત્રી, સેનાપતિ, નગરશેઠ તેમજ નગરીના ઉચ્ચ આગેવાનોને બોલાવવામાં આવતા.

મહારાજાધિરાજા શ્રેણિકની પ્રતિષ્ઠા કેવળ મગધ પૂરતી જ ફેલાયેલી નહોતી પરંતુ સમગ્ર ભારતમાં માલતી પુષ્પના સુગંધની માફક પ્રસરાયેલી હતી. શ્રેણિકના હૈયામાં સમકિતરૂપી રત્નનો પ્રકાશ પ્રસરતો હતો. તેથી તેમાં મિથ્યાત્વરૂપી અંધકારને જરાપણ અવકાશ નહોતો. મહારાજા શ્રેણિકની કીર્તિની યશગાથા સુધર્મસભામાં અપ્સરાઓ પણ મુક્ત કંઠે પ્રસન્ન સ્વરે ગાતી.

મહારાજા શ્રેણિક નિયમિતપણે શ્રીજિન પૂજાપાઠ આદિ અર્થે હરરોજ પ્રાત:કાળ પછી પ્રિયાઓ સાથે જતાં. હૈયામાં ભાવભરી ભક્તિ ભરી હતી. સેવાપૂજા કર્યા બાદ પ્રસન્ન અને મધુર સ્વરે સ્તુતિ ગાતો ત્યારે હૈયું દ્રવિત બની જતું.

મહારાજા શ્રેણિક સેવાપૂજા પૂર્ણ કરીને પોતાની પ્રિયાઓ સાથે રાજભવનમાં આવ્યા ત્યારે દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો. સમગ્ર નગરીનો રોજંદો વ્યવહાર ક્યારનોય શરૂ થઈ ગયો હતો. મહારાજા શ્રેણિકે થોડી વારમાં વસ્ત્રપરિવર્તન કરીને રાજસભા તરફ જવા માટે રાજભવનના મુખ્યદ્વાર પાસે આવ્યા ત્યારે સુવર્ણમય રત્નજડિત રથ મહારાજની પ્રતિક્ષા કરતો ઊભો હતો. મહાપ્રતિહાર મહારાજની સાથે જ હોવાથી તે મહારાજા શ્રેણિક રથમાં બેઠા પછી તરત જ રથ પર ચઢ્યો.

'મહારાજ, આજ આપને પૂજાપાઠ પૂર્ણ કરીને પાછા ફરતાં વિલંબ થયો...'

'હા...આજ ખૂબ જ સુંદર અને શુભ સમાચાર સાંભળ્યા છે કે શ્રી મહાવીર દેવ આવતીકાલે પધારી રહ્યાં છે. નગરીની બહાર ગુણશીલ નામના ઉદ્યાનમાં તેઓ પધારશે...'

'ઓહ...આ તો અત્યંત આનંદજનક અને શુભ સમાચાર કહેવાય...આવતીકાલે નગરીના લોકો ઉમટી પડશે...શ્રી મહાવીર પ્રભુની વાણી સાંભળવાનો લાભ કોણ જતો કરે...!'

મહારાજા શ્રેણિક મહાપ્રતિહારની વાતનો ઉત્તર આપે તે પહેલાં સારથિએ રથને રાજસભાના મુખ્ય દ્વાર પાસે સ્થિત કરી મૂકયો.

મહારાજા પધારી રહ્યા છે તે માટે આગમસૂચક ધ્વનિની છડીદારે છડી દ્વારા જાણ કરી. રાજસભામાં સૌ મહારાજના આગમનની પ્રતિક્ષા કરવા લાગ્યા. પરંતુ સભાજનોને બહુ રાહ જોવી ન પડી. થોડીવારમાં જ મહારાજાએ ધીમે પગલે રાજસભાના વિશાળ ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે સભાજનોએ ઊભા થઈને મહારાજાધિરાજનો જયનાદ પોકાર્યો. સર્વ સભાજનોના મુખ પર મહારાજાના આગમનથી આનંદ, હર્ષની લાગણી પ્રકટેલી વરતાતી હતી.

મગધરાજ શ્રેણિક ધીમે પગલે રાજસિંહાસન તરફ જઈ રહ્યા હતા. મહારાજા શ્રેણિક સર્વલોકોનું અભિવાદન ઝીલતા સિંહાસન પર આવીને બેઠક ગ્રહણ કરી. રાજા શ્રેણિકનું સિંહાસન સુવર્ણમય અનેક રત્નોથી મઢેલું અદ્વિતિય હતું. સિંહાસનના હાથા પર સુંદર નકશીકામ કરેલું હતું. તેમાં જુદાજુદા રત્નો જડયા હતા. સમગ્ર સભાખંડમાં સિંહાસનની તેજસ્વીતા, ભવ્યતા કંઈક ઓર જ ભાત પાડતી હતી. સિંહાસનની બાજુમાં મહામંત્રીશ્વરનું આસન શોભતું હતું. રાજ-પુરોહિતનું આસન પણ ત્યાં જ હતું. ન્યાયાધિકારીઓના આસન થોડે દૂર હતા. મંત્રીઓની ટુકડી એક તરફ બીરાજી હતી અને તે રાજસભામાં ચાલતી કાર્યવાહીમાં પૂર્ણ રસ લેતી હતી. નગરશેઠ તેમજ નગરીના અન્ય મુખ્ય આગેવાનોના આસન સભાખંડમાં અગ્ર-સ્થાને હતા. પ્રજાજનો રાજસભાની કાર્યવાહી બરાબર રીતે નિહાળી શકે, સાંભળી શકે તે માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજપરિવારનો સ્ત્રી વર્ગ એક તરફ બિરાજયો હતો. નગરીની સ્ત્રીઓ પણ રાજસભાના મુખ્ય પ્રસંગે હાજર રહેતી. રાજસભામાં દરેક આસનો વ્યવસ્થિત રીતે ગોઠવાયેલા હતા. પરગામથી અનેક લોકો મગધરાજની રાજસભા જોવા માટે આવતાં.

મગધરાજ શ્રેણિકે રત્નજડિત સુવર્ણનો સુંદર નકશીવાળો રાજમુગુટ ધારણ કર્યો હતો. શુભ્ર વસ્ત્રો ધારણ કર્યા હતા. બન્ને હાથમાં બાજુબંધ શોભી ઊઠયા હતા. કંઠમાં મુકતાની માળા તેમજ સુંદર અમૂલ્ય રત્નોની માળા શોભી ઊઠી હતી. મહારાજાનો પ્રભાવ અકલ્પ્ય હતો. મહારાજા શ્રેણિકે આસન ગ્રહણ કર્યા પછી દરેક સભાજનો પોતપોતાની બેઠક પર બેસી ગયા. દરેકના મુખ પર સભાની કાર્યવાહી શરૂ થાય તેવા આતુરીના ચિહ્નન જણાતા હતા. સ્ત્રીવર્ગમાં ધીમો ગણગણાટ હતો તે શાંત પડી ગયો.

સમગ્ર રાજસભાના ખંડમાં નિરવ શાંતિ પ્રસરી ગઈ.

રાજપુરોહિત પોતાના આસન પરથી ઊભા થયા. સ્વસ્થ બનીને મધુર સ્વરે સ્વસ્તિ વાંચન કર્યું. મહારાજાને આશીર્વાદ આપ્યા.

ત્યારબાદ ભાટ–ચારણોએ બિરદાવલી ગાઈ. પ્રારંભિક વિધિ પૂર્ણ થયા પછી મહારાજા શ્રેણિકે મહામંત્રી સામે જોયું.

મહામંત્રી ઊભા થયા. મહારાજને નમન કરીને સભાજનો સામે એક દૃષ્ટિ ફેંકીને મધુર સ્વરે કહ્યું : 'મહારાજાધિરાજ, રાજપુરોહિતજી, પ્રિય સભાજનો, મગધરાજ્યનું રાજ્યસંચાલનની કામગીરી મહારાજની સીધી દેખરેખ હેઠળ થાય છે. પ્રજામાં જરાય અસંતોષ, અતૃપ્તિ અને અસુખ ન પ્રવર્તે તે માટે ખૂબ જ કાળજી લેવાય છે. આપણા રાજ્યની રક્ષણવ્યવસ્થા પણ શ્રેષ્ઠ છે એથી ચોરી, લૂંટફાટ વગેરે બનાવો જવલ્લે જ બને છે. આપણી નગરીમાં અનેક શ્રેષ્ઠિઓ, કોટ્યાધિપતિઓ, તવંગરો, સાર્થવાહો, તેમજ દરેક પ્રકારની પ્રજા વસે છે. રાજસભામાં મહારાજાની સૂચના અનુસાર કોઈ પણ પ્રજાજન દુઃખી હોય તો અવશ્ય રાજ્યભંડારમાં આવીને દાન લઈ જઈ શકે છે. પરંતુ મળતાં દાન પર આશાની મીટ માંડીને રહેવું ન જોઈએ કારણકે મહેનત વગરનું ધન કેટલો સમય ચાલે? પુરુષાર્થ તો દરેક જીવે કરવો જ જોઈએ. પુરુષાર્થ વગરનું જીવન વ્યર્થ છે. આજે કોઈને કશી ફરિયાદ રજૂ કરવી હોય તો વિના સંકોચે અત્રે રજૂ કરી શકે છે.'

મહામંત્રી થોડી વાર માટે મૌન રહ્યા.

પણ કોઈ ઊભું ન થયું. જ્યાં સુદૃઢ, વ્યવસ્થિત અને ન્યાયી રાજતંત્ર પ્રવર્તતું હોય ત્યાં ફરિયાદને અવકાશ રહેતો નથી. નાના મોટા પ્રશ્નો ઘરમેળે જ પતી જતા, મહાજન પાસે પ્રશ્ન આવે તો તેનો ઉકેલ ત્વરિત આવી જતો. આથી રાજસભામાં ક્યારેક જ ફરિયાદી ફરિયાદ કરવા માટે આવતો.

મહામંત્રીએ પ્રસન્ન સ્વરે કહ્યું : 'આવતીકાલે પ્રભુ મહાવીર દેવ

આપણી નગરી બહાર ગુણશીલ નામના ઉદ્યાનમાં પધારશે તો ભાવિકજનોને દર્શનાર્થે અને અમૃતમય વાણીનો લાભ લેવાનું કહેવામાં આવે છે.'

સૌએ હર્ષનાદ કર્યો.

મહામંત્રી પોતાના આસન પર બેસી ગયા.

મહારાજા શ્રેણિક સિંહાસન પરથી ઊભા થયા. સભાજનો સામે જોઈને પ્રસન્ન સ્વરે કહ્યું : 'મારા પ્રિય સભાજનો, આવતી-કાલે આપણી નગરીમાં ગુણશીલ ઉદ્યાનમાં શ્રી મહાવીરદેવ પ્રભુ પધારે છે તે અતિ ઉલ્લાસ અને આનંદદાયક સમાચાર છે. એમની અમૃતમય વાણીનો લાભ મેળવવો તે અતિ સૌભાગ્યની વાત છે.'

થોડી વાર સુધી મગધરાજે ભાવવાહી શૈલીમાં સભાજનો સમક્ષ પોતાના હૈયાની વાત કરી, ત્યાર પછી તેઓ પોતાના આસન પર બેસી ગયા.

અને રાજસભાની કાર્યવાહી શરૂ થઈ. રાજકીય, આર્થિક, સામાજીક તેમજ અન્ય પ્રશ્નોનો મહારાજની સમક્ષ રજૂ થતાં ઉકેલ આવવા લાગ્યો.

થોડી વાર પછી રાજસભાની કાર્યવાહી પૂર્ણ થઈ. દિવસનો ત્રીજો પ્રહર શરૂ થઈ ચૂક્યો હતો. મહારાજા શ્રેણિક રાજભવન તરફ જવા વિદાય થયા.

કાળની ગતિને કોઈ રોકી શક્યું નથી. તે નિરંતર ચાલ્યા જ કરે છે. સમયને કદી વિરામ હોતો નથી. જ્યાં વરસો વીતતાં વાર લાગતી નથી ત્યાં એક દિવસ પસાર થતાં શી વાર લાગવાની હતી...?

બીજે દિવસે પ્રાતઃકાળે રાજગૃહી નગરીના લોકો તેમજ જ્યાં જ્યાં સર્વજ્ઞ ભગવંતના સમાચાર પહોંચ્યા હતા તે તે સ્થળેથી

લોકો દર્શન અને મંગલમય વાણીનો રસાસ્વાદ માણવા માટે ઉમટી પડ્યા.

હજુ સૂર્યોદય પણ થયો નહોતો. નિરભ્રમાં પક્ષીઓનો મધુર કલરવ પણ ગુંજતો નહોતો...તેવા સમયમાં લોકોના ટોળેટોળાં સર્વજ્ઞ ભગવંતની ધર્મસભામાં સ્થાન મેળવવા અર્થે ઉમટી પડ્યા.

ગુણશીલ નામના સુમનોહર ઉદ્યાનમાં ઈન્દ્રાદિ દેવોએ સમવસરણની રચના કરી છે. આ ઉદ્યાન અતિ વિશાળ અને મનને પ્રસન્ન કરી મૂકે તેવું હતું. સુંદર વૃક્ષો, લત્તાઓ, પુષ્પો, રંગબેરંગી સુગંધી પુષ્પોથી વાતાવરણ મનમોહક બન્યું હતું. એક તરફ સરોવર હોવાથી ઉદ્યાન સુંદર રીતે શોભી ઊઠયું હતું.

ઈન્દ્રાદિ દેવોએ સમવસરણની ભવ્ય રચના કરી.

સૂર અને અસૂરના પરિવાર સહિત શ્રી મહાવીર પ્રભુ ગુણશીલ ઉદ્યાનમાં સમવસર્યા.

તે વખતે તે સ્થાને દેવોએ રૂપ્ય, સુવર્ણ અને મણિમય ત્રણ પ્રકાર વડે વિભુષિત સમવસરણ રચ્યું.

તેની મધ્યમાં વ્યંતર દેવોએ અશોકવૃક્ષની રચના કરી અને તે સુંદર અશોકવૃક્ષ, વાયુના સ્પર્શ માત્રથી હલાવેલાં પાંદડા વડે ભવ્ય પ્રાણીઓને જાણે બોલાવતું નહોય તેમ શોભતું હતું.

આકાશ સ્વચ્છ હતું.

પ્રાતઃકાળનો સમય થઈ ગયો હતો. હમણાં જ સૂર્યોદય થયો હોવાથી પ્રત્યેક જીવમાં નવસંચાર થતો જોઈ શકાતો હતો.

ત્યારબાદ સર્વજ્ઞ ભગવંત મહાવીર દેવ પૂર્વદ્વારે થઈને તે સમવસરણમાં પ્રવેશ કર્યો. ઉત્તમ સુવર્ણની સમાન કાંતિયુક્ત સુમેરુ પર્વત જેવા શરીરધારી શ્રી મહાવીરદેવ પ્રભુના સમવસરણમાં મંગલ પ્રવેશ થવાથી સર્વત્ર શાંતિ પ્રસરી ગઈ...

જેમ સરોવરમાં રાજહંસ કમળ પુષ્પ પર બીરાજે તે રીતે

અશોકવૃક્ષ નીચે દેવરછંદા( પીઠિકા ) ઉપર શ્રી વીર પ્રભુ નમો તીર્થસ્સ કહીને સિંહાસન પર બિરાજ્યા.

ગુણશીલ જેવા મોટા ઉદ્યાનમાં દેવ, દાનવ, મનુષ્ય, તીર્યંચની એક ધર્મસભા ભરાઈ ગઈ.

જાણ્યે એમ લાગતું હતું કે એક મહાનગર ગુણશીલ વનમાં ભરાયું છે.

ચતુર્વિધ સંઘ યથાસ્થાને બેઠો.

અને ભગવાન મહાવીરદેવે અમૃતની વૃષ્ટિ સમાન મંગલ દેશનાનો પ્રારંભ કર્યો. આ સમાચાર વાયુવેગે રાજભવનમાં પહોંચી ગયા. મહારાજા શ્રેણિકે અનુચરો મારફત આ સમાચાર જાણ્યા ત્યારે અતિ હર્ષિત બની ગયા. અંતરમાં શ્રી વીર પ્રભુનું સ્મરણ કરી, પૃથ્વીતળ સુધી મસ્તક નમાવીને ભાવભર્યું નમન કર્યું.

મહારાજા શ્રેણિકે સુંદર વસ્ત્રો ધારણ કર્યાં. કંઠમાં સાચા મોતીની માળા ધારણ કરી. રાજચિહ્નો અને હીરકવલય રૂપ રાજમુગટ મસ્તક પર શોભી ઊઠ્યો. મહારાજા શ્રેણિક ઘણાં જ ઉલ્હાસથી રાજભવનના પ્રાંગણમાં આવ્યા ત્યારે અનેક રાજસેવકો, અનુચરો, દાસદાસીઓ ખડેપગે આજ્ઞાની રાહ જોતા ઊભા હતા.

મહારાજાધિરાજ શ્રેણિક કલ્યાણના કારણભૂત મનાય છે. તે ભદ્ર જાતિના હસ્તી ઉપર ઉદયાચળ પર્વત પર સૂર્યની જેમ આરૂઢ ગયો. તે હસ્તીની ફરતા બીજા અનેક હસ્તીઓ ફરી વળ્યા. જેઓના કુંભ સ્થળો નવા સિંદુર વડે રંગેલા હોવાના કારણે તેઓ જાણ્યે સંધ્યાસમયના વાદળાંની જેમ શોભી ઊઠ્યા હતા. હસ્તીઓના ઘંટાના શબ્દથી ચારેતરફ આકાશને પૂરી દેતો પૃથ્વીપતિ મહારાજા શ્રેણિક ઘણાં જ ઉલ્લાસ અને આનંદના આવેગ સાથે તીર્થંકર પ્રભુને વાંદવા માટે આગળ ચાલ્યો.

મગધદેશના પાટનગર રાજગૃહીમાં આજ આનંદનો અવસર હતો.

સર્વત્ર અનેરો આનંદ છવાયો હતો. નગરીના અનેક લોકો સમવસરણ સ્થળે પહોંચવા આતુર બનીને ગુણશીલ ઉદ્યાન તરફ જઈ રહ્યા હતા. અનેક લોકો ત્યાં પહોંચી ગયા હતા.

મહારાજા શ્રેણિક અનેક રાજસેવકો સાથે ગુણશીલ ઉદ્યાન તરફ જવા નીકળી ગયા હતા ત્યાં માર્ગમાં મહારાજાના બે સુભટોએ એકાગ્રધ્યાનમાં મગ્ન એવા એક મુનિવરને જોયા.

તે મુનિ એક મૂળવાળા વૃક્ષની જેમ એક પગે ઊભા રહ્યા હતા. તેમણે પોતાના બંને હાથ ઊંચા રાખ્યા હતા. સૂર્ય તરફ દર્પણની જેમ પોતાના નેત્રો ખુલ્લા રાખ્યા હતા. સૂર્યના મીઠા તાપથી પ્રસ્વેદના બિંદુ અંગ પર ફરી વળ્યા હતા. મુનિવરની શાંત મુદ્રા અને મુખ પરનું તેજ જોઈને એમાંથી એક સુભટે મધુર સ્વરે કહ્યું : 'અહો, ધન્ય છે આ મુનિવરને...! મહાત્મા વંદનીય છે...! એની તપશ્ચર્યા મહાન છે. અલ્પ સમયમાં પણ એક પગે કોણ ઊભું રહી શકે છે? અને સૂર્ય સામે દૃષ્ટિ કોણ કરી શકે? સ્વર્ગ અથવા મોક્ષ આ મહાત્માને જરા પણ દૂર નથી. ઉગ્ર તપ વડે અસાધ્ય કાર્ય પણ સાધી શકાય છે.'

તે સુભટની વાત સાંભળીને બીજા સુભટે જરા ઊંચા અવાજે કહ્યું: 'મિત્ર, તું આ મુનિવરને જાણતો નથી...અરે...આ તો પ્રસન્નચંદ્ર રાજા છે. એમને આવા કષ્ટ કરવાથી કોઈ પણ જાતનો ધર્મ થાય તેમ નથી. એ રાજર્ષિનું તપ અફળ છે.'

'ભાઈ, તું એમ શા કારણે જણાવે છે? મુનિરાજ વિષે આવું કહેવું તે યોગ્ય નથી...'

'મિત્ર, તું મારી પૂરી વાત સાંભળ...પછી તારે જે કહેવું હોય તે વિના સંકોચે જણાવજે...'

આથી પેલો સુભટ શાંત થઈને રાજા પ્રસન્નચંદ્રની વાત સાંભળવા ઉત્સુક બન્યો.

બીજા સુભટે કહ્યું: 'મિત્ર, શ્રી પ્રસન્નચંદ્ર રાજાએ પોતાના બાલવયના પુત્રને રાજગાદી પર પ્રસ્થાપિત કર્યો છે, પરંતુ તેના મંત્રીઓ દૂરાચારી અને સત્તાલાલચુ છે, તેઓ રાજાના પુત્રને પદભ્રષ્ટ કરવા તૈયાર થયા છે. આ રાજાએ તો દુરાત્મા મંત્રીઓને રાજ્યની રક્ષા સોંપી છે. તે બાલરાજાનો નાશ કરશે ત્યારે આ ધ્યાનસ્થ રાજર્ષિનો વંશ સદાને માટે વિચ્છેદ બની જશે. આ કારણે પૂર્વજોના નામનો નાશ કરવાથી આ મહામુનિ મહાપાપી ઠરશે... વળી દીક્ષા લેતી વેળા તેમણે જે પ્રિયાઓનો ત્યાગ કર્યો છે તે સ્ત્રીઓનું શું થશે તે મારાથી બોલી શકાય તેમ નથી...'

'ઓહ...' પેલો સુભટ બોલી ઊઠ્યો.

પરંતુ સુભટના આ શબ્દો વાયુની મદદથી પ્રસન્નચંદ્ર રાજર્ષિની કર્ણેન્દ્રિયમાં પેસવાથી તેમનું સમાધિરૂપી વૃક્ષ ભગ્ન થઈ ગયું.

શ્રી પ્રસન્નચંદ્ર મુનિના અંતરમાં વિચારોનો ધોધ વહેવા લાગ્યો. જ્યાં જ્ઞાનનો, દર્શનનો પ્રવાહ વહેતો હતો ત્યાં સંસારના પ્રશ્નો રમવા લાગ્યા. તે વિચારવા લાગ્યા: 'ઓહ...તે દુષ્ટ મંત્રીઓનું મેં સન્માન કર્યું. તેમના પર વિશ્વાસ રાખીને રાજ્યની રક્ષા સોંપી. મારા પ્રિય પુત્ર ક્ષીરકંઠનું રાજ્ય લઈ લેવાની ઇચ્છા રાખનારાઓને ધિક્કાર છે...જો હું ત્યાં હોત તો તે દુરાત્મા, પાપી, દુરાચારીને કડકમાં કડક સજા કરત... હું કુમારનો પરાભવ સાંભળું છું ત્યારે આ જીવન શું કામનું...? આવું ઉગ્ર તપ પણ શું કામનું?'

આમ વિચારોની હારમાળામાં શ્રી પ્રસન્નચંદ્ર મુનિ આગળ વધતાં અશુભ ધ્યાનની શ્રેણિએ પહોંચ્યા.

અને ક્રોધરૂપી ચાંડાલે મુનિવરના શરીરમાં પ્રવેશ કર્યો.

એથી પોતે સાધુપણું વિસરી ગયા....

રાજા પ્રસન્નચંદ્ર ક્ષત્રિય તેજ વડે વ્યાપ્ત થયા. પોતાના પુત્રનો

દ્વેષ કરનાર મંત્રીઓ જાણ્યે પોતાની સામે જ ઊભા હોય તેમ રાજર્ષિએ જોયા.

તેથી પહેલાંની જેમ સંગ્રામરૂપી રંગમંડપના એક સૂત્રધાર માફક તે મુનિવર મનની તલવારની ધારથી સૂરણના જેમ કટકા કરીએ તેમ કટકા કરવા લાગ્યા.

તે રાજર્ષિએ મન વડે તે મંત્રીઓનું છેદન, ભેદન અને બીજું અનિષ્ટ કર્યું. ક્રોધનો અગ્નિ રાજર્ષિના અંતરમાં વ્યાપી ગયો હતો.

ક્રોધ તે એવું વિષ છે કે પ્રથમ ક્રોધવશ બનનારને જ બાળે છે અને અકારણ શત્રુઓ ઊભા કરે છે. એટલું જ નહિ માનવીમાં રહેલી ધૈર્ય શક્તિ વાંઝણી બને છે, ત્યારપછી ન આચરવાં જેવો કાર્યો આચરે છે. છેવટે ક્રોધ પોતે જ ભડકો બનીને ક્રોધીને બાળી નાંખે છે.

સમાધિના શિખર પર ચડેલો માનવી પડવા માટે શિખર પર ચડતો નથી એ સાચું છે. પરંતુ તે જ્યારે પડે છે ત્યારે છેક તળિયે આવી જાય છે. ક્રોધરૂપી અગ્નિથી જ્ઞાન, તપ, સાધના પળવારમાં બળીને ભસ્મ થઈ જાય છે.

ત્યાં જિનધર્મરૂપી વૃક્ષના પક્ષી સમાન રાજગૃહી નગરીના સ્વામી મગધરાજ રાજા શ્રેણિક ધ્યાનસ્થ મુનિને નિહાળીને હાથી પરથી નીચે ઉતર્યા. નતમસ્તકે વંદન કર્યા.

મુનિવરને ઊંચા હાથ રાખેલા, એક પગે ઊભેલા અને આતાપના લેતાં જોઈને મગધેશ્વર અતિ હર્ષ પામ્યા અને અનુમોદના કરવા લાગ્યા. તેમના તપોબળનું ચિંત્વન કરતા મહારાજા શ્રેણિક ગુણશીલ ઉદ્યાનમાં પ્રવેશ્યા.

સમવશરણમાં પ્રભુ ભાવવાહી સ્વરે રાગ માલકૌંષમાં દેશના આપી રહ્યા હતા. મહારાજા શ્રેણિકે પાંચેય અંગ નમાવીને અંતરના

ભાવથી વંદન કર્યું. સર્વજ્ઞ ભગંતનું દિવ્ય સ્વરૂપ નિહાળીને મહારાજા શ્રેણિકના નયનોમાંથી હર્ષના અશ્રુઓ છલકી રહ્યા હતા.

દેવગણો મસ્તક નમાવીને ભગવાન મહાવીર દેવની સ્તુતિ કરી રહ્યા હતા.

મહારાજા શ્રેણિકે પદ્મકોશના જેવી અંજલિ કરીને યોગ્ય સ્થાને બેઠક ગ્રહણ કરી.

સર્વજ્ઞ ભગવંત શ્રી વીર પ્રભુ સર્વ જીવો પ્રત્યે સમતાભાવ કેળવીને પ્રસન્ન સ્વરે સંબોધી રહ્યા હતા.

'જયાં સુધી કર્મના બંધનો ન તૂટે ત્યાં સુધી ભવભ્રમણમાંથી મુક્તિ મળતી નથી. બંધનો તોડયા વગર સંસારના ભ્રમણનો અંત આવતો નથી. જેને સુખ માનો છો તે સુખ નથી પણ બંધન છે... અને બંધન માત્ર દુઃખ છે... બંધન તોડયા વગર આત્મસુખની મસ્તી લાધતી નથી. આત્મચેતનાને જાગૃત કરવા માટે બંધનને દૂર કરવા અત્યંત આવશ્યક છે. તપ, ત્યાગ, જ્ઞાન, દર્શન વગર બંધનોમાંથી મુક્ત થવાતું નથી.

માનવીને નષ્ટ અને નિર્બળ કરનારા શત્રુઓ બહાર કોઈ નથી. માનવીના અંતરમાં જ છૂપાયેલા છે. એ શત્રુઓ છે કામ, ક્રોધ, લોભ અને માન. પરંતુ જેની આંખમાં અજ્ઞાનનું અંજન ભર્યું છે તે પોતાના સાચા શત્રુને જોઈ શકતો નથી. જો જ્ઞાનનો પ્રકાશ લાધે તો આત્મજાગૃતિ દૂર નથી.

સુખ અને દુઃખ બન્ને વિરોધી બાબત નથી. જ્યારે આપણે સુખને ઇચ્છીએ છીએ ત્યારે આપોઆપ દુઃખ ચાહ્યું જ આવે છે. આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે માનવીએ રાગથી પર બનવું જોઈએ... રાગમાંથી મુક્ત થવું સહેલું નથી. માનવીને ઝકડી રાખવા માટે રાગના અનેક સાધનો ઉપલબ્ધ છે. તેમાંથી મુક્તિ મેળવવી કઠિન કાર્ય છે. એ કારણે જ રાગના બંધનો જન્મજન્માંતર સુધી

વળગ્યાં રહે છે. એ પ્રમાણે વિરાગની મસ્તી અનોખી અને અકલ્પ્ય સુખ આપનારી છે. પરંતુ આ માર્ગમાં જે માનવી જાગૃતિ ગુમાવે તે વળતી જ પળે ગબડી પડે છે...

સંસારના પ્રત્યેક જીવ કર્મના બંધન વડે ઝકડાયેલા હોય છે. કર્મના બંધનો તોડીને આત્મસુખ પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ.'

પ્રભુ મહાવીરદેવની અમૃતમય વાણીનો લાભ મેળવવો એ પૂરા પુણ્યની નિશાની ગણાતી. અસ્ખલિત મંગલમય વાણીના પ્રભાવથી સર્વ જીવોને શાતા વળી અને સૌના હૈયામાં એમ જ થતું હતું કે આવી અનુપમ, અદ્વિતિય મંગલમય વાણીનો ક્યારેય અંત ન આવે. સર્વજ્ઞ ભગવંતની વાણી સાંભળ્યા જ કરીએ અને આત્મસુખ મેળવવા પ્રયત્ન કરીએ...

ચતુર્વિધ સંઘ સાથે પધારેલા સર્વના નયનોમાં હર્ષના આંસુ છલકી ઊઠયા હતા.

પશુપક્ષીઓના હૈયાં દ્રવિત બની ગયા હતા.

દેવગણ પણ શ્રી મહાવીર પ્રભુની વાણી સાંભળીને હર્ષ પામી ઊઠયાં હતાં. મહારાજા શ્રેણિકના હૈયામાં અપાર આનંદ છવાયો હતો અને આંખમાંથી હર્ષનાં આંસુ વહેવા લાગ્યા.

સર્વજ્ઞ ભગવંતની વાણી કેવી અનુપમ અને મંગલમય હશે...! જે વાણી સાંભળીને સર્વના ચિત્ત પ્રસન્ન બની ગયા અને સંસારના સઘળા સુખના સાધનોને તુચ્છ માનવા લાગ્યા...! સર્વના હૈયામાં કેવો અપાર હર્ષ રમતો હશે કે જે માત્ર આંસુઓ વડે જ વ્યક્ત કરી રહ્યાં હતા...!

થોડી વાર બાદ મહારાજા શ્રેણિકે પોતાના મુખ પર વસ્ત્રનો છેડો રાખીને મધુર સ્વરે પૂછ્યું : 'હે ભગવન્, જે સમયે મેં

પ્રસન્નચંદ્ર મુનિને ધ્યાનમાં રહેલા જોયા હતા તે વખતે કદી તે કાળ કરે (મૃત્યુ પામે) તો કઈ ગતિ પામે?'

સર્વજ્ઞ ભગવંતે ઉત્તર આપ્યો: 'હે રાજન્, જો તે સમયે તેણે કાળ કર્યો હોત તો તે પ્રસન્નચંદ્ર રાજર્ષિ સાતમી નરકે જાત...'

'ઓહ...ઉગ્ર તપસ્વી મહામુનિની આ શી ગતિ...!' રાજા શ્રેણિકે મનમાં વિચાર કર્યો.

મહારાજા શ્રેણિકે ફરીને પ્રશ્ન કર્યો: 'ભગવન્, આ સમયે જો તે મહામુનિવર કાળ કરે તો કઈ ગતિ પામે?'

પ્રભુએ નમ્ર સ્વરે કહ્યું: 'રાજન્, તે મહાતપસ્વી અત્યારે કાળ કરે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય...'

આ સાંભળીને મહારાજા શ્રેણિકને ભારે આશ્ચર્ય થયું અને મનમાં વિચાર આવ્યો કે ભગવંતે આમ બે પ્રકારની વાત કેમ કરી...?

સર્વજ્ઞ ભગવંત, રાજા શ્રેણિકના અંતરમાં ઉદ્ભવેલો પ્રશ્ન જાણી ગયા.

સમગ્ર ધર્મસભા સ્થિર ચિત્તે ભગવંતની વાણી સાંભળી રહી હતી. ભગવંત સાથે મહારાજા શ્રેણિકનો સંવાદ રસ જગાડનારો હતો. આથી સૌ શાંત બનીને પ્રભુની વાણી સાંભળી રહ્યા હતા.

સર્વજ્ઞ ભગવંત વચ્ચે વચ્ચે ધર્મદેશનામાં મધુર સ્વરે કહી રહ્યા હતા કે સંસારનું સ્વરૂપ જાણ્યા પછી કે સમજતો થયો હોવા છતાં મોહવશ થયેલો આત્મા સંસારના માયાવી સુખ પાછળ દોડતો જ રહે છે. એ દોટથી થાકતો નથી અને પરિણામે જે દુઃખરૂપ છે એવા સંસારના બંધનોમાં ઝકડાતો રહે છે. સંસારમાં એવું એક પણ સુખ નથી કે જેનું પરિણામ સુખ હોય, માનવી વિષયભોગમાં સુખની કલ્પના કરતો હોય છે. પરંતુ પરિણામે તેમાં મહાદુઃખ છે તે સમજ પ્રાપ્ત થાય છે. ભૌતિક સુખ, સત્તા, ધન, કીર્તિને સુખ માનીને ચાલનારાને તેમાંય સુખ મળતું નથી.

આમ છતાંય સંસારની માયાજાળમાં ડૂબેલો માનવી કલ્પના પણ કરતો નથી કે શાશ્વત સુખ ક્યાં, કેવી રીતે, ક્યાંથી પ્રાપ્ત થશે ? એ પ્રમાણેનો વિચાર કરવા માટે સ્થિર થતો નથી.

ભવભ્રમણની જાળમાં સપડાયેલા આત્માને જ્યાં સુધી જ્ઞાનની દૃષ્ટિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એના ભવભ્રમણનો અંત આવતો

નથી. એથી દરેક આત્માએ શાશ્વત સુખ મેળવવા માટેનો પ્રયત્ન કરવો જોઈએ. એ માટે સર્વત્યાગનો માર્ગ ગ્રહણ કરીને જડના પાસમાં સપડાયેલા નિજને મુક્ત કરવાનો મહાપુરૂષાર્થ આદરવો જોઈએ. સર્વત્યાગનો માર્ગ પ્રશસ્ત માર્ગ છે જે આત્માઓ આ માર્ગ સીધો ન લઈ શકે તેણે દેશવિરતિનો માર્ગ લેવો જોઈએ.

સંસારમાં જે વસ્તુ આકર્ષક રૂપ, સુંદર અને લલચાવનારી જણાય છે તેમાં માત્ર સુખાભાસનો અનુભવ થાય છે. તે સુખ નથી. સ્થિરપણ નથી. એ બધા આકર્ષણો ભવભ્રમણના ઝકડી રાખનારા બંધનો છે.

શાશ્વતસુખ કે અનંત સુખ પામવા માટે સંસારના લલચાવનારા બંધનોથી મુક્ત બનીને ચારિત્ર્ય ગ્રહણ કરવું જોઈએ. જો અંતરમાં જ્ઞાનની જ્યોત જલે તો આત્મજાગૃતિ થતાં વાર લાગતી નથી.

ભગવાનની દેશના, અસ્ખલિત વાણીથી સર્વ ધર્મીજનો પ્રસન્ન પામ્યા. શ્રોતાઓના હૈયા પર અમૃતના પ્રભાવ માફક દેશનાનો પ્રભાવ પડતો હતો.

સર્વજ્ઞ ભગવંતે મહારાજા શ્રેણિક સામે જોયું.

મગધરાજે વિનયભર્યા સ્વરે કહ્યું : 'ભગવન્, આપની વાણીથી મારા હૈયામાં આશ્ચર્ય શમતું નથી. આપે આમ બે પ્રકારનું વ્યાખ્યાન કેમ કર્યું ? પ્રભુ, હું અજ્ઞાની છું.. માટે મારી વિનંતિને લક્ષમાં લઈને સ્પષ્ટ જણાવો. સર્વજ્ઞની વાણી અન્યથા કેમ હોય ?'

પ્રભુ મહાવીર દેવે ખૂબ જ સ્વસ્થ ચિત્ત ઉત્તર પાઠવ્યો : 'હે રાજન્, તેં જ્યારે એ રાજર્ષિને વંદન કર્યું ત્યારે તે મુનિવર રાજર્ષિ રૌદ્ર ધ્યાનમાં હતા, પરંતુ હમણાં તે મુનિરાજ શુક્લ ધ્યાનમાં પ્રવેશ્યા છે. આથી તે રૌદ્રધ્યાનની પરંપરાએ પડયા હતા ત્યારે તે મુનિરાજ નારકીમાં જવાને યોગ્ય હતા પરંતુ હવે તે શુક્લ ધ્યાનની શ્રેણિમાં પ્રવેશવાથી તેઓ સર્વાર્થસિદ્ધિએ જવાને યોગ્ય થયા છે...'

સર્વજ્ઞ ભગવંતની વાણી સાંભળીને મગધરાજે વિશેષ જાણવા હેતુસર પૂછ્યું : 'ભગવન્, હું જ્યારે આપના દર્શનાર્થે આવતો હતો ત્યારે માર્ગમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ મુનિને જોયા અને દર્શન કર્યાં ત્યારે તેઓ રૌદ્ર ધ્યાની કેમ હતા ? અને આપે દર્શાવ્યું તેમ હમણાં શુક્લ ધ્યાની થયા...આપ મારા પર કૃપા દર્શાવીને વિસ્તારમાં જણાવશો...'

શ્રીમહાવીર પ્રભુએ એજ ભાવ મુખ પર રાખીને પ્રસન્ન સ્વરે કહ્યું : 'રાજન્, તારા અંતરમાં ઉદ્ભવેલા પ્રશ્નોનું હું જરૂર નિરાકરણ કરીશ. તારા એ સુભટોના સંવાદ માત્રથી રાજર્ષિ મુનિવરે જાણ્યું કે રાજ્યના મંત્રીઓ મારા પુત્રનો નાશ કરવા તૈયાર થયા છે. દુરાચારી મંત્રીઓના હાલમાં રાજ્યની રક્ષા અને પુત્રને સાચવવાની જવાબદારી સોંપીને પોતે નીકળ્યા હતા. પુત્ર પ્રત્યેના પ્રેમના કારણે પ્રસન્નચંદ્ર મુનિ પોતાનું વ્રત ભૂલી ગયા...વેષ ભૂલાઈ ગયો અને અંતરમનમાં ક્રૂર મંત્રીઓ સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેઓ ત્યારે ખૂબ જ ક્રોધી બનીને દુરાચારી મંત્રીઓને સજા આપતા હતા. ક્રોધમાં શસ્ત્રો મૂકવા લાગ્યા. અને છેવટે પોતાના શસ્ત્રો ખુટી ગયા છે એ વાત જાણવામાં આવતાં પ્રસન્નચંદ્ર મુનિના મુખ પર અપ્રસન્નતાના ભાવ ફેલાયા. તરત જ તેમણે પોતાની જાતને બખ્તરવાળા માનીને ક્રોધિત મન વડે વિચાર્યું કે મારા મસ્તક પર વજ્રના બનેલા લોખંડી ટોપ વડે આ દુરાચારી મંત્રીઓને હણી નાખું. રાજન, પરાક્રમીઓને યુદ્ધ કરતી વેળા દરેક વસ્તુ શસ્ત્ર રૂપે જ હોય છે. આથી પ્રસન્નચંદ્ર મુનિએ મસ્તક પરથી ટોપ લેવાની ઇચ્છાથી માથે હાથ ફેરવ્યો. ત્યાં તરત જ લોચ કરેલું મસ્તક જોઈ ને તેમને પોતાનું ચારિત્ર્ય યાદ આવ્યું. આથી તેમણે વિચાર્યું કે રૌદ્ર ધ્યાનનો મેં અનુબંધ કર્યો છે. ધિક્કાર છે મને...! હું તો સઘળું છોડીને આવ્યો છું. સંસારના સંબંધો ત્યજીને આવ્યો છું. મમતા રહિત બન્યો છું. આથી

મારે પુત્ર અને તે દુરાચારી મંત્રીઓ જોડે શું સંબંધ? આમ વિચારતા વિચારતા પ્રસન્નચંદ્ર મુનિનો મોહાંધકાર દૂર થયો અને ફરીથી અંતરમાં તેજસ્વી છાયા પથરાઈ ગઈ...મન શાંત થયું... સ્વચ્છ થયું. ત્યારબાદ અમે જાણે તેમની પાસે જ રહ્યાં હોઈએ તે રીતે તેમણે અમને ભક્તિપૂર્વકનું ભાવભર્યું વંદન કરી તે દુષ્ટ ધ્યાનની આલોચના કરી તેમજ પ્રતિક્રમણા કરી તેઓ પ્રશસ્ત ધ્યાનને પામેલ છે.'

શ્રીપ્રસન્નચંદ્ર રાજર્ષિ મુનિવરનું ઉત્તમ પ્રકારનું ચરિત્ર સાંભળીને રાજા શ્રેણિક ગદ્‌ગદિત થઈ ગયો. શ્રી વીર પ્રભુને વિનંતિ કરતાં કહ્યું: 'હે પ્રભુ, મારા અંતરમાં રાજર્ષિ મુનિવર વિષે વધુ જાણવાની ઉત્કંઠાથી પૂછવાનું મન થાય છે.'

પ્રભુ શ્રી મહાવીરદેવે આંખો વડે જ પૂછવાની મંજૂરી આપી દીધી.

મહારાજા શ્રેણિકે પ્રસન્ન સ્વરે પૂછયું : 'મુનિવરે પોતાના નાનકડા બાળપુત્રનો રાજ્યાભિષેક કરી પોતે શા માટે સર્વત્યાગનો માર્ગ ગ્રહણ કર્યો? આ વાત જરા સમજાવવા કૃપા કરશો.'

જે બધું જાણે છે...તે સર્વજ્ઞ ભગવંતે મધુરવાણીમાં જણાવ્યું: 'રાજન, તારા અંતરમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિ વિષે જાણવાની ઇચ્છાને કારણે હું તને તે રાજવીના પૂર્વકાળ વિષે જણાવીશ. હું જે વાત કરૂં તે તું ધ્યાનથી સાંભળજે...'

ધર્મસભામાં હાજર રહેલા હજારો નાગરિકો પ્રસન્નચંદ્ર રાજર્ષિ વિષે જાણવા આતુર બન્યા હતા.

સૌ શાંત ચિત્તે પ્રભુ શ્રી મહાવીર દેવની વાણી સાંભળવા મગ્ન બન્યા હતા. સર્વત્ર શાંતિ છવાયેલી હતી.

સર્વજ્ઞ ભગવંતે ભાવભરી વાણીમાં પ્રસન્ન સ્વરે કહ્યું: 'રાજન,

પોતનપુર નામના નગરમાં સોમચંદ્ર નામનો અતિ તેજસ્વી રાજા રાજ્ય કરતો હતો. તે અતિ ધર્મપ્રિય, ન્યાયી અને દયાળુ હોવાથી પ્રજામાં તેનું સ્થાન ઉચ્ચ અને સર્વોત્તમ હતું. સમૃદ્ધિ પણ અપાર હતી. સોમચંદ્ર રાજવીને ધારિણી નામની સુંદર, અતિરૂપવતી પત્ની હતી. જે મહાદેવીના સ્થાને સુશોભિત હતી. ધારિણીદેવી ધર્મ પ્રત્યે આસ્થા રાખનારી, શીલરૂપી અલંકાર ધારણ કરનારી અને વિવેકરૂપી જળની વાવ સમાન હતી. એક વાર તે ગવાક્ષમાં બેઠેલા પોતાના સ્વામીના સુંદર કેશ પોતાના હસ્તકમળ વડે ઓળતી હતી તે સમયે રાજાના મસ્તક પર ધારિણીનું ધ્યાન ગયું, જાણે વૃદ્ધાવસ્થાએ મસ્તક પર પોતાના નિવાસ માટેનું સ્થાન નક્કી કર્યું હોય તેમ એક શ્વેત કેશ જોવામાં આવ્યો. શ્વેતકેશ જોઈને ધારિણીદેવીએ કહ્યું: 'સ્વામીનાથ, દૂત આવ્યો છે... ' ત્યારે સોમચંદ્ર રાજા આજુબાજુ જોવા લાગ્યા અને ક્યાં છે દૂત ? એ પ્રશ્ન કર્યો, ત્યારે ધારિણીદેવીએ મહારાજાના મસ્તક પરનો શ્વેત કેશ લઈને આપતાં કહ્યું: 'સ્વામી જરાનો દૂત આવ્યો છે. જે ધર્મરાજનું દૂતપણું કરે છે.'

સોમચંદ્ર રાજાના હૈયામાં ખેદ ઉત્પન્ન થયો.

તે સમયે ધારિણીએ મધુર સ્વરે કહ્યું: 'પ્રાણનાથ, આપ શું વૃદ્ધાવસ્થા આવી એટલે ખેદ પામો છો ? આપના મસ્તકમાં એક જ શ્વેત કેશ છે તે વાત જાહેર કરવામાં નહિ આવે એ કારણે આપની વૃદ્ધાવસ્થાની વાત કોઈના જાણવામાં નહિ આવે .. '

'પ્રિયે, તું મારા અંતરની ભાવનાને ઓળખી શકી નહિ. હું શ્વેત કેશ જોઈને જરા પણ ક્ષોભ પામતો નથી કે ખેદ કરતો નથી. પરંતુ મારા ખેદનું મુખ્ય કારણ તો એ છે કે અમારા પૂર્વજો શ્વેત કેશ જોયા પહેલાં દીક્ષા અંગીકાર કરતાં અને હું વૃદ્ધ થયો હોવા છતાં પણ વિષયમાં લુબ્ધ બની રહ્યો છું. પરંતુ હું હવે ત્વરિત ચારિત્ર ગ્રહણ કરીશ, પરંતુ મારો પુત્ર પ્રસન્નચંદ્ર હજુ બાળક છે તેના પર

રાજ્યનો ભાર શી રીતે મૂકાય ? પરંતુ મને તો સંયમ લેવાની ભાવના તીવ્ર બની છે તેથી મારે રાજ્યનું કે પુત્રનું શું કામ છે ? તેનું જે થવાનું હોય તે થાઓ...માટે હે પ્રિયે, તું વિનાસંકોચે મને આજ્ઞા આપ અને તું તારા પુત્રને ઉછેરીને તૈયાર કરજે...' સોમચંદ્ર રાજાએ અંતરની વાત જણાવી.

'સ્વામી, આપની ભાવનાને ધન્ય છે...પરંતુ હું આપના વિના એકલી શી રીતે રહી શકીશ...આ વિશાળ રાજભવન આપના વગર સાવ સુનું થઇ જશે...આમેય ગમે તેવા કપરા સંજોગોમાં કે સમયમાં સતી સ્ત્રીઓ પતિના માર્ગને અનુસરનારી હોય છે. મારી આ વિનંતિને ધ્યાનમાં રાખીને નિર્ણય લેજો. આપ આપણા બાલપુત્ર પ્રસન્નચંદ્રને રાજગાદી સોંપી દો... હું તો આપની સાથે જ વનમાં આવીશ અને સેવા કરીશ.'

સોમચંદ્ર રાજાએ ધારિણીરાણીને રોકાઈ જવા માટે ઘણું સમજાવ્યું પરંતુ ધારિણી સ્વામીની સાથે જ વનમાં જવા તૈયાર થઈ. અને ન છૂટકે સોમચંદ્ર રાજા ધારિણીને પોતાની સાથે લઈ જવા તૈયાર થયા. સાથે ધાત્રી પણ આવી. સોમચંદ્ર રાજાએ વન-પ્રદેશમાં અનેક સંકટો આવશે, પશુ જનાવરોનો ભય સદાય રહેશે... વગેરે અનેક વાત ધારિણીને કરી પરંતુ રાણી ધારિણી સ્વામીના પગલે જવા માટે મક્કમ બની. રાજા સોમચંદ્રે સમગ્ર રાજ્યના વહીવટનો બોજ નાના પુત્ર પ્રસન્નચંદ્રના મસ્તકે મૂકચો, પ્રસન્નચંદ્ર રાજા થયા. રાજા સોમચંદ્રની સાથે રાણી ધારિણી અને ધાત્રી વનના માર્ગે જવા વિદાય થઈ.

ત્રણેય ગાઢવનમાં આવીને જીર્ણ થઈ ગયેલી એક પર્ણકુટિરમાં નિવાસ કર્યો. રાજા સોમચંદ્ર ફળફુલ આરોગીને દુષ્કર તપ–સાધના કરવા લાગ્યો. સોમચંદ્રે રાજવીએ પલ્લાસ વૃક્ષના પાન વડે પર્ણ-કુટિરની રચના કરી. પત્નીએ તેમાં સાથ આપ્યો. સોમચંદ્ર પોતાનો

પત્નીના પ્રેમરૂપી તંતુથી બંધાયેલો હતો, તે અત્યંત સ્વાદિષ્ટ, નિર્મળ જળ અને વનસ્પતિના ફળો લઈ આવીને પોતાની પ્રિયાને આપતો.

એ રીતે ધારિણીએ પણ પતિની સેવામાં જરા પણ કસર રાખી નહોતી...તે પતિને માટે કોમળતૃણની શય્યા કરી આપતી. ઇંગુદના પાકાં ફળો લઈ આવીને તેને પીસીને ધારિણી દિવસે તેમાંથી તેલ કાઢતી હતી અને રાત્રિકાળે તેના દીવા કરતી હતી. ધારિણી અત્યંત પ્રસન્ન ચિત્તથી સ્વામીની ભક્તિ કરતી અને સ્વામીની ભક્તિ, સેવાને જ પોતાનું કર્તવ્ય સમજતી હતી.

આમ થોડો સમય પસાર થયો. સમયને પસાર થતાં વાર લાગતી નથી. કાળની ગતિ અવિરત છે. તે ક્યારેય વિરામ કરતો નથી. વન્યપ્રદેશમાં પ્રસન્ન ચિત્તથી રહેનારી ધારિણીને તાસપણું અંગીકાર કર્યા પહેલાં ગર્ભ રહેલો હતો. તે વન્ય પ્રદેશમાં કોઈ પણ જાતની વ્યથા અનુભવ્યા વગર અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો.

અને સમય થતાં, ગર્ભકાળ પૂરો થતાં, પૂરા દિવસે ધારિણીને સંપૂર્ણ લક્ષણવાળો પુત્ર અવતર્યો. જો રાજભવનમાં પુત્રજન્મ થયો હોત તો ભવ્ય જન્મોત્સવની રચના કરવામાં આવત, હજારો દાસ-દાસીઓ જન્મોત્સવની તૈયારીમાં ગુંથાઈ જાત...પરંતુ વનપ્રદેશમાં રાજા સોમચંદ્ર એવો ઉત્સવ શી રીતે ઉજવી શકે...? માત્ર અંતરનો આનંદ વ્યક્ત કરી શકે...સોમચંદ્રે પોતાની પત્નીને અંતરના અભિનંદન આપ્યાં. પર્ણકુટિરમાં વલ્કલો હોવાથી નવજાત પુત્રને વલ્કલો વડે વીંટ્યો એ કારણે સોમચંદ્રે તેનું નામ વલ્કલચીરી પાડ્યું.

થોડો સમય પસાર થયો. સમયનો પ્રવાહ નિરંતર વહ્યા જ કરે છે...સોમચંદ્રની પ્રિય રાણી ધારિણી સુતિકારોગથી મૃત્યુ પામી... સોમચંદ્રનું હૈયું હાથમાં ન રહ્યું. પોતાની જાતની સંભાળની સાથે પુત્રની સંભાળ રાખવાની મોટી જવાબદારી મસ્તક પર આવી

પડી. સાથે આવેલી ધાત્રી પણ મૃત્યુ પામી. વલ્કલચીરી મૂર્ખની જેમ અભણ રહ્યો. તે બાળકને સોમચંદ્ર વારંવાર અરણ્યની ભેંસનું દુગ્ધપાન કરાવતો... અને વલ્કલચીરીને તે પોતાની પાસે જ રાખતો.

વલ્કલચીરી ચાલતાં શીખ્યો...તે હંમેશા મૃગના બચ્ચાઓ સાથે રમતો અને સમય પસાર કરતો. સોમચંદ્ર તપસ્વી હાથે રાંધીને પોતાના પુત્રને જમાડતો. આમ વનના ફળ અને ધાન્ય વડે વલ્કલ-ચીરીનું પોષણ કરી સોમચંદ્ર ઉગ્ર તપમાં પણ સુખ માનવા લાગ્યો.

અને વલ્કલચીરી યુવાન થયો. તે સર્વ કાર્યમાં કુશળ થયો. નિયમિત રીતે પિતાની સેવા કરવી, ફળો લઈ આવવા વગેરે દરેક કાર્ય તે કરવા લાગ્યો. જન્મથી જ બ્રહ્મચારી એવો વલ્કલચીરી જે વનપ્રદેશમાં સ્ત્રીઓનો સંચાર નથી...એવા વનમાં વલ્કલચીરી રહેવાથી તે સ્ત્રી જાતિને ઓળખતો પણ નહતો. વનની બહાર જવાનું કોઈ પ્રયોજન પણ નહોતું.

આ તરફ પ્રસન્નચંદ્ર રાજાએ સાંભળ્યું કે મારા પિતા વનમાં ગયા પછી થોડા સમય બાદ માતા ધારિણની કુક્ષીએ એક બાળકનો જન્મ થયો અને તે પણ હવે યુવાન થઈ ગયો હશે. મારો ભાઈ કેવો હશે? તે મને શી રીતે મળશે? આવા વિચારો પ્રસન્નચંદ્ર રાજાને આવવા લાગ્યા અને પોતાના નાના ભાઈને મળવાની ભાવના ઉત્કૃષ્ટ બની પ્રસન્નચંદ્ર રાજાએ ચિત્રકારોને પોતાની પાસે બોલાવ્યા અને આજ્ઞા કરી: 'કલાકારો, મારા પિતાશ્રીના ચરણ કમળમાં હંસ સમાન મારો નાનો ભાઈ વસે છે...મારે તેને નિહાળવાની ખૂબ જ ઈચ્છા છે. આપ ત્યાં જઈને તેનું રૂપ આલેખીને તુરત પાછા આવો...'

ચિત્રકારોએ મસ્તક નમાવીને પ્રસન્નચંદ્ર રાજાની આજ્ઞા શીરે ચડાવી, નમન કરીને વલ્કલચીરીએ પવિત્ર કરેલા તે વનપ્રદેશ તરફ ગયા. સતત પ્રવાસ કરીને ચિત્રકારો વન્યપ્રદેશમાં આવ્યા અને વલ્કલ-

ચીરીની આબેહૂબ આકૃતિ દોરી. ત્યારબાદ તરત જ તે ચિતારાઓ નગરીમાં આવ્યા અને મહારાજા પ્રસન્નચંદ્ર પાસે આવીને નમન કરતાં કહ્યું, 'કૃપાનાથ, અમને અમારા કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત થઈ છે...'

'શું આપ મારા નાના ભાઈની પ્રતિકૃતિ લઈ આવ્યા છો ?'

'હા મહારાજ, ' કહીને ચિતારાએ ભુંગળીમાં વીંટેલ એક સુંદર, સુદૃઢ નવયુવાનનું ચિત્ર પ્રસન્નચંદ્ર રાજા સમક્ષ મૂકયું.

મહારાજા પ્રસન્નચંદ્રે સુંદર નવયુવાનનું ચિત્ર હાથમાં લીધું. તે ચિત્ર જોઈને અંતરમાં વિચાર થયો કે ઓહ્ આ મારો ભાઈ મારા પિતાથી જરા પણ ઉતરતો નથી. મુખ પણ પિતાને મળતું આવે છે. ખરેખર આકૃતિ જોતાં જ પ્રસન્નતા થાય છે. મારા ભાગ્યને ધન્ય છે કે મેં મારા નાના ભાઈને જોયો...

આમ કહીને પ્રસન્નચંદ્ર રાજા વારંવાર તે ચિત્રકૃતિને મસ્તક વડે સ્પર્શ કરવા લાગ્યો અને તેને સૂંઘવા લાગ્યો.

ત્યાં પ્રસન્નચંદ્ર રાજાની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. અંતર દુઃખી થયું. ચિત્રમાં વલ્કલચીરીએ છાલના વસ્ત્રો પહેર્યાં છે તે વિચાર માત્ર રાજા પ્રસન્નચંદ્રને ધ્રૂજાવી ગયો.

પ્રસન્નચંદ્ર રાજાએ પોતાની પ્રિય પત્નીએ કહ્યું : 'પ્રિયે, મારા પિતા તો વૃધ્ધ થયા છે તેથી તે વનમાં રહીને તપ, આરાધના, વ્રત ભલે આચરે...તેમના વ્રતમાં બાધ પાડવો યોગ્ય નથી...પરંતુ મારો નાનો ભાઈ વનવાસને યોગ્ય નથી...હું અહીં હંસની પેઠે રાજ્યસુખના ઝરણુમાં મગ્ન બનીને ક્રીડા કરું છું અને મારો ભાઈ વનચરની પેઠે ફરે છે...ના...ના...મારાથી આ જોવાતું નથી...મારો નાનો ભાઈ વન્યપ્રદેશમાં જન્મ્યો છે તેથી તેને વનપ્રદેશમાં વધુ આનંદ રહે, તેને મારી નગરીમાં લાવવો દુષ્કર ગણાય, પરંતુ હું જ્યાં સુધી મારા ભાઈને રાજ્યનો ભાગ ન આપું ત્યાં સુધી સુખી

ન ગણાઉં...ગમે તે પ્રકારે મારે મારા ભાઈને અહીં લાવવો જ જોઈએ...'

શ્રી પ્રસન્નચંદ્ર રાજાની પ્રિયા સ્વામીની વાતમાં સહમત થઈ.

મહારાજા પ્રસન્નચંદ્રે તરત જ એક સેવકને પોતાની પાસે બોલાવ્યો અને આજ્ઞા કરી કે આ નગરીની ચતુર ગણિકાને મારી સમક્ષ હાજર કરો...

સેવક તરત જ નગરીની સુપ્રસિદ્ધ ગણિકા વસંતસેનાને લઈને હાજર થયો. વસંતસેનાએ રાજભવનમાં આવીને મહારાજાને ભાવભર્યાં વંદન કર્યાં અને નમ્ર સ્વરે કહ્યું : 'કૃપાનાથ, આપે મને યાદ કરી...?'

'હા...તારું નામ શું ?' પ્રસન્નચંદ્ર રાજાએ કહ્યું.

'કૃપાળુ, આ દાસીને બધા વસંતસેનાના નામથી બોલાવે છે...' વસંતસેનાએ મધુર સ્વરે કહ્યું.

'વસંતસેના, તારે મારું એક કાર્ય કરવાનું છે...'

'આજ્ઞા કરો મહારાજ...!' વસંતસેનાએ કહ્યું.

'વસંતસેના, સૌ પ્રથમ તું આ ચિત્ર જોઈ લે...આ જેનું ચિત્ર છે તે મારો નાનો ભાઈ છે...'

'આપના નાના ભાઈ...! મહારાજ, આપની વાત સમજાણી નહિ...' વસંતસેના બોલી ઊઠી.

'વસંતસેના, જ્યારે મારા માતાપિતા વનપ્રદેશમાં તપ કરવા અર્થે ગયા હતા ત્યાં મારા નાના ભાઈનો જન્મ થયો હતો. તે વન્યપ્રદેશમાં રહ્યો હોવાથી તે વલ્કલો જ ધારણ કરે છે. તેનું નામ પણ વલ્કલચીરી છે. તું અને બીજી ગણિકાઓ ત્યાં જઈને મુનિનો વેષ ધારણ કરીને અંગોપાંગે સ્પર્શ કરાવીને ગમેતેમ છળકપટ કરીને, વિવિધ પ્રકારના સુંદર વચનો વડે મોહ પમાડીને મારા નાના ભાઈને અહીં લઈ આવો...'

'મહારાજ, આપની આજ્ઞા પ્રમાણે જ થશે. આ વાત ગુપ્ત રહેશે...અમે પાંચ-છ સખીઓ મુનિવેષ ધારણ કરીને આવતીકાલે પ્રાતઃકાળે નીકળી જઈશું અને વન્યપ્રદેશમાં આવેલા સોમચંદ્રના આશ્રમ પર જઈને ધારેલું કાર્ય પાર પાડશું...'

પ્રસન્નચંદ્રરાજા વસંતસેનાની વાત સાંભળીને હર્ષિત થયો. અને માર્ગમાં કશી મુશ્કેલી ન પડે તે માટે જે કંઈ જોઈતું હોય તે લઈ જવાની વાત કરી. થોડી વાર ત્યાં બેસીને વસંતસેના પોતાના ભવન પર પાછી ફરી.

બીજે દિવસે વસંતસેના ત્રણ ગણિકાઓને લઈને વન્યપ્રદેશ તરફ જવા રવાના થઈ. રાજ્ય તરફથી દરેક પ્રકારની વ્યવસ્થા કરી આપવામાં આવી હતી. ચારેય ગણિકાઓએ મુનિવેષ ધારણ કર્યો હતો. અતિ દીર્ઘ કેશની જટા બનાવી હતી. એક પ્રહરના અવિરત પ્રવાસ બાદ ચારેય ગણિકાઓ સોમચંદ્રના આશ્રમ પાસે આવી ગઈ.

દિવસનો બીજો પ્રહર શરૂ થઈ ગયો હતો.

વલ્કલચીરી બિલ્વફળ લઈને આશ્રમમાં જતો હતો ત્યાં મુનિવેષ ધારણ કરેલી ગણિકાઓને જોઈને સરળ બુદ્ધિવાળા વલ્કલચીરીએ તેઓને ભાવભર્યા પ્રણામ કર્યા અને નમ્ર સ્વરે પૂછયું: 'હે મુનિરાજો, આપ કોણ છો? અને આપનો આશ્રમ ક્યાં છે?'

વસંતસેનાએ કહ્યું: 'ભદ્રે, અમે પોતનાશ્રમમાં રહેનારા ઋષિઓ છીએ અને આપના અતિથિ બનીને આવ્યા છીએ. તમે અમારું શું આતિથ્ય કરશો?'

વલ્કલચીરીને અતિ હર્ષ થયો કે પોતાને ત્યાં ઋષિઓ પધાર્યા છે અને આતિથ્ય ગ્રહણ કરવાની ઇચ્છાથી વલ્કલચીરીએ પ્રસન્નભાવે કહ્યું: 'હે મુનિરાજો, આ સુંદર, પાકી ગયેલા મધુર ફળો હમણાં જ વનમાંથી લાવ્યો છું. આપ તેનો સ્વીકાર કરો અને આરોગો...'

વલ્કલચીરીની વાત સાંભળીને વસંતસેનાએ ખૂબ જ ધૈર્ય દાખવીને કહ્યું : 'વત્સ, અમારા આશ્રમમાં આવા નિરસ ઉત્પન્ન કરનારા ફળો કોઈ પણ નિરસ માણસ આરોગતો નથી. અમારા આશ્રમના વૃક્ષોનાં ફળની વાનગી તમે જુઓ...'

આમ કહીને વસંતસેના અને અન્ય ગણિકા એક વૃક્ષ નીચે બેઠી. તેમણે આંખોના ઈશારા વડે વલ્કલચીરીને નીચે બેસવા માટે કહ્યું. વલ્કલચીરી પણ તેમની સાથે બેઠો.

વસંતસેનાએ તરત જ ડાબરો ખોલ્યો અને કેસર, કસ્તુરી તેમજ અનેક કામોત્તોજક દ્રવ્યોથી યુક્ત સુંદર, સ્વાદિષ્ટ મોદક ખાવા માટે વલ્કલચીરીને આપ્યા. વલ્કલચીરીએ વસંતસેનાના હાથમાંથી ઘણાં જ પ્રેમથી સ્વાદિષ્ટ દુગ્ધમોદકો ગ્રહણ કર્યાં.

અને વલ્કલચીરીને દુગ્ધમોદક ખૂબ જ પસંદ પડયા. આમ વસંતસેનાનો આશય સફળ થયો. વલ્કલચીરીને નવિન પ્રકારના સુંદર ફળો એટલે મોદકો મળવાથી બિલ્વ તેમજ અન્ય વનસ્પતિ ફળો પ્રત્યે અરૂચિ પેદા થઈ.

એકાંતવાસ હતો.

વસંતસેના સાથે આવેલા રક્ષકો ઘણે દૂર વૃક્ષ પર બેસી ગયા હતા. તે કોઈ આવતું જતું હોય તો વસંતસેનાને તત્કાળ જાણ કરવી તે અર્થે વૃક્ષ પર બેસીને આજુબાજુ જોતા હતા.

વસંતસેનાએ વલ્કલચીરીનો હાથ પકડયો અને પોતાની બાજુમાં બેસાડયો. ચારેય ગણિકાઓ તેની પાસે પોતાના અંગોનો સ્પર્શ કરાવવા લાગી. વસંતસેનાએ વલ્કલચીરીનો હસ્ત પકડીને પોતાના વક્ષ:સ્થળ પરના સ્તનપ્રદેશ પર મૂકાવ્યો. સ્પર્શ અનુભવતાં જ ઋષિપુત્ર વલ્કલચીરી બોલી ઊઠયો : 'હે મુનિવરો, મને એક વાત જરા પણ સમજાતી નથી...'

વસંતસેનાએ વલ્કલચીરીનો હાથ સ્તનપ્રદેશ પર દાબી રાખીને કહ્યું: 'આપને કંઈ વાત સમજાતી નથી...'

વલ્કલચીરીએ સહજભાવે કહ્યું: 'તમારું આ શરીર આટલું બધું કોમળ અને સ્નિગ્ધ કેમ છે? અને તમારા વક્ષઃસ્થળ પર આ બે સ્થળો ઊંચા કેમ છે?'

વસંતસેનાએ આછા હાસ્ય સાથે કહ્યું: 'એ તો સ્વાભાવિક છે. જે માનવી અમારા આશ્રમના ફળોનો આસ્વાદ માણે તેનું અંગ આવું કોમળ થાય છે. ઋષિપુત્ર, અમારા આશ્રમમાં મહારસવાળાં ફળોનો આસ્વાદ માણવાથી હૃદય ઉપર અત્યંત વૃદ્ધિ થવાને કારણે આવા બે ઊંચા સ્થળો થાય છે. માટે હે ઋષિપુત્ર, આ નિઃરસ આશ્રમનો મોહ છોડીને અમારા આશ્રમમાં આવતા રહો...અમારે ત્યાં આવશો એટલે તમે પણ અમારા જેવા થશો...'

વસંતસેનાની વાત સાંભળીને વલ્કલચીરી તરત જ સાથે જવા કબૂલ થઈ ગયો. તેની જીભને સુગંધી, માદક દ્રવ્યોથી યુક્ત મોદકનો સ્વાદ રહી ગયો હતો અને તે મેળવવા માટે તલપાપડ બની ગયો.

સંસારનું સ્વરૂપ પણ તેવું જ છે. જ્યાં રાગ છે ત્યાં આંધળી દોટ છે. ભૌતિક સુખ, માયા—મરિચિકામાં રચ્યોપચ્યો માનવી ક્યારેય આત્માની ઉન્નતિ કરી શકતો નથી. મધલાળ જેવી સંસારની માયાજાળમાં એક વાર ગુંચવાયા પછી તે જલ્દી બહાર નીકળી શકતો નથી. વિરાગની મસ્તી તો અનોખી અને અપૂર્વ છે. આત્મ-સુખ પામવા માટે વિરાગનો માર્ગ જ શ્રેષ્ઠ છે.

વલ્કલચીરીએ રસ માણ્યો અને તરત જ ગણિકાઓ સાથે જવા તૈયાર થઈ ગયો. તેણે ગણિકાઓને પોતે સાથે આવી રહ્યો છે તેવો સંકેત કર્યો. વસંતસેનાએ ત્વરિત આવી જવાનું સૂચવ્યું.

વલ્કલચીરી તરત જ પોતાના આશ્રમમાં ગયો અને તાપસના

ઉપકરણો ત્યાં મૂકીને જેવો તે વસંતસેના પાસે જતો હતો ત્યાં વૃક્ષ પર ચડેલા રક્ષકોએ ગણિકાઓને સંકેત દ્વારા જણાવ્યું કે સોમચંદ્ર ઋષિ આવી રહ્યા છે.

વસંતસેના અને બીજી ત્રણેય ગણિકાઓના અંતરમાં ભય વ્યાપી ગયો. અને વિચાર્યું કે જો મહાતપસ્વી આપણને જોશે તો જરૂર શાપ આપશે...માટે વહેલી તકે અહીંથી દૂર ચાલ્યા જવું તે જ શ્રેષ્ઠ ઉપાય છે. અને...ચારેય તત્કાળ નાશી ગઈ.

ચારેય ગણિકા જુદી જુદી દિશા પકડીને ચાલી ગઈ...

મહાતપસ્વી સોમચંદ્ર ઋષિ આશ્રમમાં આવ્યા ત્યારે વલ્કલચીરી જાણયે મૂલ્યવાન રત્ન ખોવાઈ ગયું હોય તેમ ગણિકાઓની શોધખોળ ચલાવી રહ્યો હતો. વલ્કલચીરી ચારે તરફ દૃષ્ટિ ફેંકતો મુનિવેષ ધારણ કરેલી ગણિકાઓને શોધવા ભારે પ્રયત્ન કરવા લાગ્યો. આમ વનના મૃગની જેમ ફરતાં ફરતાં તેની દૃષ્ટિમાં એક રથવાળો જોવામાં આવ્યો.

વલ્કલચીરીએ રથિકને ઋષિ જ માનીને નમન કરતાં કહ્યું : 'હે તાત, હું તમને પ્રણામ કરું છું.'

રથિકે કહ્યું : 'હે ઋષિપુત્ર, તારે ક્યાં જવું છે ?'

વલ્કલચીરીએ ઉત્તર આપ્યો : 'હે મહર્ષિ, આપ મને લઈ જશો...માટે પોતન આશ્રમમાં જવું છે...'

રથિકે પ્રસન્ન સ્વરે કહ્યું : 'ઋષિપુત્ર, હું પણ પોતન આશ્રમમાં જ જવાનો છું.'

રથિકની વાત સાંભળીને વલ્કલચીરીને અત્યંત હર્ષ થયો અને તે રથિકની સાથે જવા અગ્રેસર થયો. રથમાં એક સ્ત્રી બેઠી હતી. તેને જોઈને વલ્કલચીરી 'તાત' શબ્દ કહીને વાતો કરવા લાગ્યો. આથી રથિક પત્નીને ખૂબજ નવાઈ ઉપજી. તેણીએ પોતાના સ્વામીને પૂછ્યું : 'સ્વામી, આ તાપસકુમાર મને 'તાત' કહીને

સંબોધે છે તેનું કારણ સમજાતું નથી...તે કયા પ્રકારની વાણી બોલે છે ?'

રથિકે કહ્યું : 'પ્રિયે, આ તાપસકુમાર અતિ મુગ્ધ છે. તે આ વનમાં સ્ત્રી રહિત રહે છે તેથી સ્ત્રી–પુરુષ વચ્ચેના ભેદ જાણતો નથી. એ કારણે તને પણ તે પુરુષ જ માને છે.'

અશ્વોને ચાબૂક વડે હંકારતા જોઈને વલ્કલચીરીએ રથિકને કહ્યું: 'હે તાત, આ મૃગોને રથમાં જોડીને શા માટે હાંકો છો ? આ પ્રકારનું હીન કાર્ય મુનિઓને શોભા આપતું નથી..'

વલ્કલચીરીની આ વાત સાંભળી રથિક આછું હસ્યો અને કહ્યું; 'મુનિકુમાર, આ મૃગોનું આ જ કાર્ય છે. તેને મારવામાં કોઈ-પણ જાતનો દોષ નથી.' ત્યારબાદ રથીએ વલ્કલચીરીને ડબરામાંથી સુંદર મજાના સ્વાદિષ્ટ મોદક ખાવા માટે આપ્યા.

વલ્કલચીરી એક પછી એક મોદક ખાવા લાગ્યો અને સ્વાદમાં મગ્ન બની ગયો. ખૂબ જ પ્રસન્નતા અનુભવ્યા પછી રથી સામે જોઈને કહ્યું : 'મેં પોતાનાશ્રમવાસીઓએ આપેલાં આવા સ્વાદિષ્ટ વનફળો પ્રથમ પણ ખાધા છે. તે મુનિરાજો ક્યાં ચાલ્યા ગયા તે મને ખબર નથી. તે મોદકના આસ્વાદથી જ હું પોતના-શ્રમ આવવા ઈચ્છી રહ્યો હતો...' વલ્કલચીરીને હવે બિલ્વ, આમળા વગેરે ફળો ઉપર અભાવ ઉત્પન્ન થયો હતો.

આમ વલ્કલચીરી રથિક સાથે વાતો કરતો કરતો પોતનાશ્રમ જવાની આશાએ જઈ રહ્યો હતો.

ત્યાં...

માર્ગે ચાલતાં તે રથિકને એક બળવાન દસ્યુ સાથે યુદ્ધ થયું.

તેમાં રથિકના તેજદાર પ્રહારથી તે દસ્યુ મૃત્યુ પામ્યો. મરતાં મરતાં તે દસ્યુએ કહ્યું : 'વીરવર, ખરેખર તારી શક્તિની, તારા દાવની પ્રસંશા કરું છું...વીરપુરુષ, તેં મને પ્રહારથી જીત્યો છે.

ખરેખર મને તારી શક્તિ પ્રત્યે માન ઉત્પન્ન થયું છે. અહીં મારી પાસે પુષ્કળ દ્રવ્ય છે. તે તું લઈ લે...મારા તરફથી ભેટ માનીને તેનો સ્વીકાર કરજે...' કહીને ઘવાયેલો દસ્યુ મૃત્યુને શરણ થયો.

ત્યારબાદ રથિક, તેની પત્ની અને વલ્કલચીરીએ તે દસ્યુનું સઘળું ધન, મૂલ્યવાન રત્નો, મુદ્રાઓ વગેરે રથમાં જાળવીને મૂક્યું.

રથિકે પ્રવાસ આગળ વધાર્યો. અને થોડી વારમાં પોતનપુર આવી પહોંચ્યા. પાદરેથી ભવ્ય ઈમારતો, સુંદર, કલાત્મક ભવનો દેખાતા હતા. નગરના દરવાજે આવતાં જ રથિકે કહ્યું : 'ઋષિપુત્ર, તું જે પોતાનાશ્રમમાં જવાની ઈચ્છા દર્શાવે છે તે આશ્રમ આ છે...' એ પ્રમાણે જણાવીને માર્ગમાં જ મિત્ર થયેલા તે તાપસ-કુમારને થોડુંક ધન આપ્યું અને ધન આપતાં આછા હાસ્ય સાથે કહ્યું : 'તાપસકુમાર આ આશ્રમમાં ધન વિના રહેવાનું સ્થાન મળવાનું નથી આથી તારે આશ્રમમાં રહેવા માટે કોઈને ભાડા પેટે આ ધન આપવું...'

વલ્કલચીરીએ ધન ગ્રહણ કરીને આભાર માન્યો. રથી પોતાના માર્ગે ચાલ્યો ગયો.

હવે તે તાપસકુમાર વલ્કલચીરીના અંતરમાં એક જ પ્રશ્ન રમવા લાગ્યો કે હું ક્યાં જાઉં...?

વલ્કલચીરી નગરીની મુખ્ય બજારો, માર્ગો પર ફરતો હતો. મોટામોટા ભવનો, હવેલીઓ નિહાળતો 'હું અહીં જાઉં...' એમ વિચાર કરતો તે નગરીમાં ભ્રમણ કરવા લાગ્યો.

તે નગરીમાં જે કોઈ સ્ત્રી અને પુરુષોને જુએ તો ઋષિઓ છે તેમ માનીને પ્રણામ કરતો હતો. આથી નગરીના લોકો વલ્કલ-ચીરીની મજાક ઉતારતા વતા.

અને આમ ફરતાં ફરતાં વલ્કલચીરીએ એક ગણિકાના ભવનમાં પ્રવેશ કર્યો. ગણિકાના ભવનને આશ્રમ માન્યો. ભવનના મુખ્ય

ખંડમાં બેઠેલી ગણિકાને મુનિ માનીને પ્રણામ કર્યાં અને કહ્યું: 'તાત, મારા પ્રણામ સ્વીકારજો.'

'પધારો...પધારો...' ગણિકાએ આવકાર આપ્યો.

'મહર્ષિ, આપ મને અહીં રહેવા માટે ઝુંપડી આપો અને તેના ભાડા પેટે આ દ્રવ્ય ગ્રહણ કરો...'

આ વાત સાંભળીને ગણિકાએ નમ્ર બનીને મધુર સ્વરે કહ્યું: 'મહારાજ, આ ઝુંપડી આપની જ છે...આપ વિના સંકોચે અંદર પધારો...અહીં જે કંઈ છે તે આપનું જ છે...'

ગણિકાએ વલ્કલચીરીનો હાથ પકડીને ઘણાં જ સ્નેહથી પોતાના અતિથિખંડમાં લઈ આવી અને એક આસન પર બેસાડ્યો. ગણિકાએ તરત જ પોતાની દાસીને આજ્ઞા કરી કે નાઈને તુરત જ હાજર કરો.

દાસી તરત જ નાઈને બોલાવવા ગઈ. થોડી વારમાં નાઈ જ્યાં વલ્કલચીરી અને ગણિકા બેઠાં હતાં ત્યાં આવ્યો. નાઈએ ગણિકાની આજ્ઞાથી અને તે ઋષિની ઇચ્છા વિના તેના સુપડા જેવા હાથ-પગના નખ કોઈ પણ જાતની પીડા ન થાય તે રીતે ઉતારી લીધા. ઋષિના કેશ પણ સમારવામાં આવ્યા. ત્યારબાદ નાઈ વિદાય થયો.

ગણિકાએ તાપસકુમારને સ્નાન કરાવવા માટે તેનું વલ્કલ-વસ્ત્ર દૂર કર્યું. જ્યારે ગણિકા તે વલ્કલ-વસ્ત્ર દૂર કરતી હતી ત્યારે તે તાપસકુમાર નાના શિશુની જેમ અવાજ કરવા લાગ્યો.

વલ્કલચીરીએ ખૂબ જ કરુણાભર્યા સ્વરે વિનંતિ કરતા ગણિકા સામે જોઈને કહ્યું: 'હે મહામુનિ, આ વસ્ત્ર હું જન્મથી જ ધારણ કરું છું. આ મારો મુનિવેશ તમે ન ઉતારો...અને બીજાં વસ્ત્રો ધારણ ન કરાવો.'

ગણિકાએ કહ્યું: 'તાપસકુમાર, આપ ન જાણતાં હો તો જાણી

લો... કે આ આશ્રમમાં જે મહર્ષિઓ અતિથિ થાય છે તેમના પર આવો જ ઉપચાર કરવામાં આવે છે. આપે અમારી વાતને માન્ય રાખીને સહર્ષ સ્વીકાર કરવો જોઈએ. જો તમે અમારી વાતનો સ્વીકાર કરશો તો જ આ આશ્રમમાં રહેવા માટે ઝુંપડી મળશે...'

વલ્કલચીરી મૌન થઈ ગયો. તેના હૈયામાં અહીં રહેવાની ભાવના જાગૃત બની હતી.

તાપસકુમારે મંત્રથી વશ થયેલા સર્પની જેમ પોતાનું શરીર હલાવ્યું નહિ. ગણિકાએ સુગંધી દ્રવ્યોથી યુક્ત તેલ ચોળી મર્દન કર્યું. તૈલમર્દનથી વલ્કલચીરીને સુખનિદ્રા આવવા લાગી.

ત્યારબાદ તે ગણિકા ઉષ્ણ અને સુગંધી જળ વડે વલ્કલચીરીને સ્નાન કરાવી મૂલ્યવાન વસ્ત્રાલંકારો ધારણ કરાવ્યા.

અને...!

તાપસકુમાર વલ્કલચીરી સુંદર, મનોહર રાજકુમાર જેવો શોભી ઊઠયો હતો...

ગણિકાએ તરત જ નિર્ણય લઈ લીધો....

શું...?

# ૩ : : કેવળજ્ઞાન ઉત્પન્ન થયું

ગણિકાએ મનોમન નક્કી કરી લીધું કે આ સુંદર તાપસકુમાર મારી પુત્રીનો સ્વામી બને તો સરસ જોડી થઈ જાય... તાપસકુમાર પણ રાજકુમાર જેવો લાગે છે અને મારી પુત્રી પણ સુંદર અને રૂપમતી છે.

અને ઘણી જ ધામધૂમથી લગ્નની તૈયારી થવા માંડી. ગણિકા-ભવનમાં પ્રસંગને અનુરુપ સંગીતના સ્વરો રેલાવા લાગ્યા. ભવનમાં દોડાદોડી શરૂ થઈ. સૌ કામકાજમાં મગ્ન બની ગયા.

થોડી વારમાં બીજી અનેક ગણિકાઓ ભેગી થઈ. તે સૌ લગ્નના ગીતો ભારે ઉત્સાહ, આનંદ અને ઉમંગથી ગાવા લાગી.

વલ્કલચીરીને થયું કે આ બધા ઋષિઓ શું ભણે છે ? શા માટે શોરબકોર કરે છે ? માંગલિક વાદ્યોનો ધ્વનિ થતાં જ ભયભીત બનીને તાપસકુમારે બે હાથ વડે કાન ઢાંકી દીધા.

જ્યારે આ તરફ પ્રસન્નચંદ્ર રાજાએ વસંતસેનાને પોતાના નાના ભાઈ વલ્કલચીરીને લઈ આવવા માટે મોકલી હતી તે વસંતસેના

અને તેની સાથે અન્ય ત્રણ ગણિકાઓ ગઈ હતી પરંતુ કાર્યમાં સફળતા ન મળતાં ફરીને નગરીમાં આવી અને મહારાજા પાસે આવીને નમન કરતાં કહ્યું : 'કૃપાનાથ, તે વનવાસી તાપસકુમારને અમે વિવિધ પ્રકારે લલચાવ્યો હતો, તે અમારી સાથે આવવા તૈયાર પણ થયો પરંતુ એટલામાં તે તાપસકુમારના પિતાને અમે દૂરથી આવતાં જોયા. આથી અમે સૌ ભયભીત બન્યા...જો તાપસકુમારના પિતા અમને શ્રાપ આપી દેશે તો ક્યાંયના નહિ રહીએ ...અને આમેય સ્ત્રીજાતિ ડરપોક હોય છે. અમે ત્યાંથી ભાગ્યા અને અહીં આવતાં રહ્યાં...'

'પણ તે તાપસકુમારનું શું થશે?' પ્રસન્નચંદ્ર રાજાએ પૂછયું.

'મહારાજ, એ બાબત જ ચિંતાજનક છે...હવે અમે તેને જે લોભ અને આકર્ષણ બતાવ્યું છે તેને વશ થઈને તે અમને શોધવા લાગી જશે તે તાપસકુમાર અમને એક વનમાંથી બીજા વનમાં અમારી શોધખોળ કરવા ભમ્યા કરશે, પરંતુ તે હવે તેના પિતાના આશ્રમમાં તો જશે જ નહિ એનો અમને પૂર્ણ વિશ્વાસ છે.'

વસંતસેનાની વાત સાંભળીને પ્રસન્નચંદ્ર રાજાને પારાવાર પશ્ચાતાપ થયો. મનમાં ઉદ્વેગ થયો અને મનોમન બોલવા લાગ્યો : 'અરે...મારાથી આ શું થઈ ગયું...? મેં પિતા અને પુત્રનો વિયોગ કરાવ્યો...અને મને મારો લઘુબંધુ પણ પ્રાપ્ત થયો નહિ. મારો લઘુબંધુ પિતાથી વિખુટો પડી ગયો હશે...! તે કઈ રીતે જીવશે...? જળની બહાર મત્સ્ય કેટલો કાળ જીવે?' આમ અત્યંત દુઃખ અને દર્દ અનુભવતો પ્રસન્નચંદ્ર રાજા સિંહાસનના એક હાથા પર મસ્તક રાખીને બેસી રહ્યો.

વસંતસેના ચાલી ગઈ. તેનું હૈયું પણ રડી રહ્યું હતું. થોડીવારમાં આ સમાચાર નગરીમાં ફેલાઈ જતાં નગરજનોના હૈયાં

શોકમગ્ન બની ગયા...પ્રજાના સુખે સુખી અને દુઃખે દુઃખી...એથી નગરીમાં શુભ પ્રસંગો કે સંગીતના મધુર સ્વરો વહેતા બંધ થયા.

પરંતુ...

જ્યાં તાપસકુમાર વલ્કલચીરીના શુભ વિવાહ ગણિકાપુત્રીની સાથે ભારે ધામધૂમપૂર્વક થતાં હતાં ત્યાં સુમધુર વાદ્યોના પ્રસન્ન સ્વરોથી વાતાવરણ આનંદિત અને ઉલ્હાસમય બન્યું હતું. સમગ્ર નગરીના લોકો જ્યારે દુઃખી બનીને રાજાના શોકમાં સાથ આપી રહ્યા હતા ત્યાં આ ગણિકાને ત્યાં આનંદોત્સવ રચાયો હતો. વાદ્યોનો માંગલિક ધ્વનિ વાતાવરણને મધુર બનાવી રહ્યો હતો.

રાજ્યના એક રક્ષકે ગણિકાને ત્યાં માંગલિક સ્વરો સાંભળતા, તે તરત જ રાજાને કહેવા દોડ્યો. શ્રીપ્રસન્નચંદ્ર રાજાને થયું કે હું દુઃખી છું મારી પ્રજા પણ મારા દુઃખે દુઃખી છે તો આ ગણિકાને ત્યાં આનંદોત્સવ શેનો રચાયો છે ? તે મારા દુઃખની વાતથી અજાણ છે ? મારે તે ગણિકા પાસે જવું જોઈએ અને માહિતી પ્રાપ્ત કરવી જોઈએ.

તરત જ મહારાજા શ્રીપ્રસન્નચંદ્ર તે રક્ષકની સાથે જ રથમાં બેસીને તે ગણિકાના ભવન પાસે આવ્યા અને ભવન પાસે ઊભા રહેતાં જ પ્રસન્નચંદ્ર રાજાએ રક્ષક સામે જોઈને કહ્યું : 'ભાઈ, તારી વાત સાચી છે. મારા નગરમાં સર્વ લોકો મારા દુઃખે દુઃખી છે, છતાં આવું લોકોત્તર સુખી નીકળ્યું ખરું ! આ વાજિંત્રનો ધ્વનિ કોઈને આનંદ આપતો હશે તો મને તે મુદ્‌ગળના ઘા જેવો લાગે છે...'

મહારાજાના આ શબ્દો પેલી ગણિકાના કાનમાં પ્રવેશી ગયા. તે ગણિકા તરત જ ભવનની બહાર આવી અને પોતાના ભવન પર મહારાજાધિરાજ પધાર્યા છે તેની ખુશી તો હતી જ, પરંતુ ભવનમાં તેઓ ન પધારે તેથી આવકાર આપવાનો સવાલ નહોતો. તે

ગણિકાએ પ્રસન્નસ્વરે બે હાથ જોડીને કહ્યું: 'કૃપાનાથ, આપની દયાથી અમે અમારું જીવન પસાર કરીએ છીએ...આપે હમણાં જે શબ્દો કહ્યાં તેના બારામાં જણાવવાનું કે થોડા સમય પહેલાં મારે ત્યાં એક નિમિત્તક આવ્યો હતો. તે નિમિત્તકને મેં મારી પુત્રીના ભાવિ અંગે પૂછ્યું હતું ત્યારે તેણે મને સ્પષ્ટ જણાવ્યું કે તારા ભવનમાં મુનિના વેષવાળો જે કોઈ યુવાન આવે તેને તું તારી પુત્રી પરણાવજે. આથી ખૂબ જ સરળ અને શાંત પ્રકૃતિનો, વ્યવહારથી તદ્દન અજાણ, અજ્ઞાની એવો એક ઋષિપુત્ર મારે ત્યાં આવેલો છે. તે ઋષિપુત્રને મેં મારી પ્રિય પુત્રી સાથે પરણાવ્યો છે. મહારાજ, વિવાહનો પ્રસંગ હોવાને કારણે મારા ભવનમાં વાદ્યોના માંગલિક સ્વરો ગૂંજી રહ્યાં છે. આપના પર દુઃખનો બોજ, ચિંતાનો ભાર અને અશાંત મન છે તે હું જાણતી નહોતી. કૃપાળુ, આપ તો દયાળુ છો...મારાથી જે કંઈ અપરાધ થયો છે તેને ક્ષમ્ય ગણીને ક્ષમા આપો...'

'એમાં તારો વાંક નથી...સંસારમાં સુખ અને દુઃખ આવ્યા જ કરે છે. કોઈને ત્યાં દુઃખ હોય તો કોઈને ત્યાં સુખ...આ તો બધા સંસારના કહેવાતા બંધનો છે. મોહ, માયા, ભોગવિલાસ, વૈભવ વગેરે ભૌતિક સુખમાં રાચતો માનવી જો સત્ય સમજવાનો પ્રયત્ન કરે તો તેનું જીવતર કલ્યાણકારી બની જાય છે...મારે એ ઋષિપુત્રને જોવો છે...તું તારી પુત્રી અજાણ્યા ઋષિપુત્રને સોંપી રહી છે...તે ભાગ્યશાળી ઋષિપુત્રના દર્શન કરવા છે.'

'મહારાજ, થોડી વારમાં જ તે ઋષિપુત્રને આપની પાસે લઈ આવું છું...' એમ જણાવીને તે ગણિકા ભવનમાં પાછી ફરી.

મહારાજા પ્રસન્નચંદ્રે તરત જ રક્ષકને કહ્યું: 'તું અત્યારે જ વસંતસેનાને અને પેલા ચિત્રકારને બોલાવી લાવ... અને આ અજાણ્યો,

અજ્ઞાની એ ઋષિપુત્ર વલ્કલચીરી તો નથીને...! તેની ખાત્રી થઈ જાય...'

'જી...મહારાજ...' કહીને તે રક્ષક તરત જ રવાના થયો.

થોડી વાર થઈ ત્યાં એક ગણિકાની દાસી આવી અને મહારાજ સામે જોઈને નમ્ર સ્વરે બોલી: 'મહારાજ, ઋષિપુત્ર થોડી વારમાં આવશે...આપને કશો બાધ ન હોય તો આપ ભવનમાં પધારો...'

'નહિ...હું અહીં રાહ જોઈશ...' પ્રસન્નચંદ્ર રાજાએ કહ્યું.

થોડી વારમાં વસંતસેના, તેની સાથે ગયેલી અન્ય ત્રણ ગણિકાઓ, ચિત્રકાર વગેરેને લઈને મહારાજાનો રક્ષક આવી પહોંચ્યો.

પ્રસન્નચંદ્ર રાજાએ વસંતસેના સામે જોઈને કહ્યું: 'વસંતસેના, આ ગણિકાને ત્યાં એક અજાણ્યો ઋષિપુત્ર આવેલ છે. તે ગણિકા તેની પુત્રીનો વિવાહ તે ઋષિપુત્ર સાથે કરાવે છે મને મનમાં થયું કે આપણો તાપસકુમાર વલ્કલચીરી તો નહીં જ હોય ને !આથી મેં તેને ઓળખવા માટે બોલાવ્યો. હું તો ઓળખતો નથી.. મેં મારા નાના બંધુને જોયેલ નથી...તું તે ઋષિપુત્ર અહીં આવે ત્યારે ઓળખી બતાવજે...'

'ભલે મહારાજ...' વસંતસેનાએ અને ચિત્રકારે કહ્યું.

ત્યાં થોડીવારમાં ગણિકા સાથે ઋષિપુત્ર વલ્કલચીરી આવ્યો અને તે ગણિકાએ વલ્કલચીરીને કહ્યું: 'કુમાર, આ અહીંની નગરીના અમારા મહારાજ છે...એમને વંદન કરો...'

વલ્કલચીરીએ મુનિવેષ ત્યજી દીધો હતો. વંદન કેમ કરવા તે જાણતો નહોતો તેથી શાંત ઊભો રહ્યો.

વસંતસેનાએ, ચિત્રકારે વલ્કલચીરીને ધારીધારીને જોયો અને મહારાજને દૃષ્ટિ વડે જણાવ્યું કે આ જ આપના લઘુબંધુ છે.

મહારાજા પ્રસન્નચંદ્ર અતિ આનંદિત થયા.

અને...

ખૂબ જ ધામધૂમથી, સંગીતના મંગલ વાદ્યોના ધ્વનિ સાથે વલ્કલચીરી અને તેની પત્નિને હાથણી પર બેસાડીને ગણિકાને ત્યાંથી મહારાજા પ્રસન્નચંદ્ર, ઘણા ઉલ્હાસ, ઉમંગ અને આનંદ સાથે પોતાના રાજભવનમાં લાવ્યો.

મહારાજા પ્રસન્નચંદ્ર પોતાનો લઘુબંધુનો ભેટો થઈ ગયો છે અને તેના વિવાહ પણ થયા છે તે પ્રસંગને આનંદપૂર્વક ઉજવવા નગરીમાં ઉત્સવ રચ્યો. સૌ નગરજનો પ્રસન્ન બની ગયા. મહારાજાના આનંદમાં સૌ જોડાવા લાગ્યા.

આમ વલ્કલચીરી આનંદથી રાજસુખ ભોગવવા લાગ્યો. મહારાજા પ્રસન્નચંદ્રે પોતાના લઘુબંધુને શાસ્ત્રોનું જ્ઞાન આપવા પંડિતો રોકયા. થોડા સમયમાં વલ્કલચીરી સર્વ વ્યવહારમાં કુશળ બન્યો.

મહારાજા પ્રસન્નચંદ્રે પોતાના લઘુબંધુને રાજ્યની અમુક કામગીરી સોંપી અને પોતે નાના ભાઈ માટે કશુંક કરી શકયો તે બદલ સંતોષ અનુભવવા લાગ્યો. વલ્કલચીરી રાજસુખમાં મગ્ન બની ગયો. પ્રસન્નચંદ્રરાજાએ દેવાંગના જેવી રૂપરમણી રાજકન્યાઓની સાથે વલ્કલચીરીનો વિવાહ કર્યો.

જેના વાંછિત અખંડિત છે, જે સુખરૂપી સમુદ્રના જળમાં હસ્તિ સમાન છે. તે વલ્કલચીરી અનેક પ્રિયાઓ સાથે ક્રીડા કરવા લાગ્યો. સુખ, વૈભવ, વિલાસ અને સૌંદર્યથી ભરપુર, અતિ રૂપવતી પ્રિયાઓના સંગમાં વલ્કલચીરીને સમય ક્યાં પસાર થવા લાગ્યો તેની કલ્પના ન રહી.

દિવસો પર દિવસો પસાર થવા લાગ્યા.

એક દિવસે રાજસભામાં પ્રસન્નચંદ્ર રાજાની પાસે જ વલ્કલચીરી બેઠો હતો. રાજસભાનું કાર્ય શરૂ થયું. મહામંત્રીએ વિવિધ વાતો રજૂ કરીને જે કંઈ ફરિયાદ હોય તો રજૂ કરવાની વાત કરી.

ત્યાં રાજસભામાં સુભટ્ટો એક રથિકને બંધનગ્રસ્ત અવસ્થામાં લઈને આવ્યા. પ્રસન્નચંદ્ર રાજાએ મધુર સ્વરે પૂછ્યું: 'આ માણસને શા માટે બંધનગ્રસ્ત કર્યો છે? તેણે શું ગુન્હો કર્યો છે?'

એક સુભટ્ટે કહ્યું: 'મહારાજ, આ માણસ રથિક છે. રથ ચલાવે છે. તેણે સુવર્ણના અલંકારો ચોર્યાં છે. રથિક એમ જણાવે છે કે મને સુવર્ણના અલંકારો માર્ગમાંથી પ્રાપ્ત થયા છે. જ્યારે રથિક આ અલંકારો લઈને નગરીમાં આવ્યો ત્યારે જેના જેના સુવર્ણના અલંકારો હતા તે બધાએ ઓળખી બતાવ્યા છે. આ સમાચાર અમને પ્રાપ્ત થતાં તેને પકડીને અત્રે લઈ આવ્યા છીએ...હવે આપ જ ન્યાય કરો...'

'રથિક, તારે કશું કહેવું છે?' પ્રસન્નચંદ્ર રાજાએ કહ્યું.

'મહારાજ, ખરેખર આ સુવર્ણના અલંકારો મેં ચોર્યા નથી. હું તો આ નગરી તરફ આવતો હતો ત્યારે વનમાં એક ચોરનો ભેટો થયો. તે મને મહાત કરવા ઇચ્છતો હતો. પરંતુ મારી સાથેની લડાઈમાં તે મૃત્યુને શરણ થયો. મરતાં મરતાં તેણે મારી પ્રસંશા કરી અને આ સુવર્ણ અલંકારો મને આપ્યા.'

'પણ આ વાત અમારે માનવી કઈ રીતે?' રાજાએ પ્રશ્ન કર્યો.

'મહારાજ, મારી સાથે એક તાપસકુમાર હતા તેમને પોતાના આશ્રમ જવું હતું. તે મળે તો મારી વાત સત્ય છે તે કહી શકે...'

ત્યાં પ્રસન્નચંદ્ર રાજાના નાના ભાઈ વલ્કલચીરીને તે પ્રસંગ યાદ આવી ગયો અને પોતાના વડિલબંધુને જણાવ્યું કે, તે રથિક જે તાપસકુમારની વાત કરે છે તે હું જ છું...તે રથિકે મારા પર ઉપકાર કર્યો છે તેથી તેને છોડી મૂકો...

અને...પ્રસન્નચંદ્ર રાજાએ તે રથિકને નિર્દોષ જાહેર કરીને છોડી મૂક્યો. સંસારમાં સત્પુરુષો ઉપકારને કદી ભૂલી જતા નથી.

જ્યારે આ તરફ સોમચંદ્રઋષિ પોતાના પુત્રને વનમાં નહિ જોવાથી વૃક્ષોને આંસુથી સિંચતા સમગ્ર વનમાં ભમવા લાગ્યા. એક એક વૃક્ષને પૂછે કે તમે જણાવો કે મારો પુત્ર ક્યાં ગયો ? જેને વ્યવહારનું કોઈ જ્ઞાનથી...જે કશું સમજતો નથી તેવો મારો પ્રિય પુત્ર ક્યાં ચાલ્યો ગયો હશે ? સોમચંદ્ર ઋષિ પાસે આંસુ સિવાય કશું નહોતું. તેઓનું હૈયું દુઃખ અને દર્દથી ભારે પીડાતું હતું. વૃક્ષો જાણે સોમચંદ્રના દુઃખે દુઃખી બનીગયા. વલ્કલચીરીને શોધવા સોમચંદ્ર ઋષિ વનેવનમાં ભટકવા લાગ્યા.

ત્યાં એક દિવસ પ્રસન્નચંદ્ર રાજાએ વનમાં અતિ દુઃખીત બનેલા પિતા સોમચંદ્ર ઋષિને વલ્કલચીરીના શુભ સમાચાર જણાવ્યા. પોતાનો પ્રિય પુત્ર સુખી અને પ્રસન્ન છે તે જાણીને સોમચંદ્ર મુનિ આનંદિત બન્યા અને નેત્રો પણ પ્રફુલ્લિત બન્યાં પરંતુ પુત્રનો વિયોગ તેમનાથી સહી શકાયો નહિ. બહુ જ રૂદન કરવાના કારણે સોમચંદ્ર મુનિને દિવસે પણ રાત્રિ જેવો અંધકાર કરનારૂં અંધપણું પ્રાપ્ત થયું.

તે વૃદ્ધ સોમચંદ્ર મુનિને વનમાં વિચરી રહેલા અન્ય તાપસોએ પારણું કરાવ્યું.

વલ્કલચીરી સુખોપભોગમાં મગ્ન બન્યો હતો.

જ્યારે સોમચંદ્ર મુનિ દુઃખના સાગરમાં ડૂબી ગયા હતા, મારો પુત્ર મને ક્યારે મળશે ? તે કેવો હશે ? મને ઓળખશે ખરો ? ઓહ...! સંસારમાં જ્યાં સુધી આપણે આપણું માનીએ છીએ ત્યાં સુધી ચિત્તને શાંતિ મળતી નથી...છતાંય હૈયું તે મેળવવા ઝંખે છે. જે છોડવાનું છે તેના પ્રત્યે જ માયા રહેલી છે.

રાગની આરાધના કરવી સહેલી છે. ભોગ, વિલાસ અને વૈભવની રેલમછેલ વચ્ચે દિવસો ક્યાં પસાર થઈ જતાં હોય છે તેની માનવી કલ્પના કરી શકતો નથી. સમૃદ્ધિ વચ્ચે આળોટતો માનવી ભૌતિક

સુખમાં એવો મોહાંધ બની જાય છે કે તે ક્યારેય સત્યને સમજવાનો પ્રયત્ન કરતો નથી. જે માનવી ભૌતિક સુખને કષ્ટ સમજીને રહેતો હોય છે તેને મુક્તિનો માર્ગ પકડતાં વાર લાગતી નથી.

વિરાગનો પંથ પકડવો સહેલો નથી, વિરાગનો માર્ગ અજવાળવા માટે સંસારના સુખોપભોગ, વૈભવવિલાસને ત્યાગવા પડે છે. ભાગ્યવંતો જ આ માર્ગને અજવાળી શકે છે.

સમયને જતાં વાર લાગતી નથી. બારબાર વર્ષના વહાણાં પસાર થઈ ગયા. સમૃદ્ધિની છોળમાં આળોટી રહેલા વલ્કલચીરીને આ સમય કંઈ દીર્ઘ નહોતો લાગ્યો. રાજસુખ મળ્યું હોય, સુંદર રૂપવતી પ્રિયાઓનો સાથ હોય પછી વલ્કલચીરીને વનની વાતો ક્યાંથી સ્મરણે ?

પરંતુ એક દિવસ રાત્રિકાળે સૌ નિદ્રાધીન બન્યા પછી વલ્કલચીરી એકલો જ જાગૃત રહ્યો ,અને અંતરમાં વિચારોના વમળ શરૂ થયા. તે વિચારવા લાગ્યો :–' હું મંદ બુદ્ધિવાળો ઉત્પન્ન થયો, મારી માતા મારા જન્મની સાથે જ મૃત્યુને શરણ થઈ. મારા પિતાજીએ વનમાં રહીને મને મોટો કર્યો. હંમેશા હું પિતાની સાથે જ રહેતો, ખરેખર હું દુરાત્મા છું. મારા કારણે તપકષ્ટ કરતાં મારા પિતાને અડચણરૂપ બન્યો. જયારે મેં યૌવન અવસ્થામાં પગ મૂકયો ત્યારે પિતાની સેવા કરવાનો મોકો મળ્યો ત્યારે દૈવયોગે ઈન્દ્રિયોને વશ થઈને હું અહીં આવ્યો. મારા પિતાનો મારા પર એટલો બધો ઉપકાર છે કે, આ જન્મે તો શું પણ અનેક જન્મોમાં પણ હું ઋણમુક્ત બની શકું તેમ નથી.'

બીજે દિવસે પ્રાતઃકાળે જાગૃત થયા પછી તે તરત જ વડિલબંધુના આવાસે ગયો અને પ્રસન્નચંદ્ર રાજા સામે જોઈને કહ્યું: ' વડિલબંધુ, રાજસુખમાં, ભોગવિલાસમાં ઘણા વર્ષો પસાર થઈ ગયા...સમયનું ભાન રહ્યું નહિ. ગઈકાલ રા તેમને પિતાજીની સ્મૃતિ

થઈ આવી આથી તેમના દર્શન કરવાની ભાવના જાગૃત થઈ છે. આપ મને રજા આપો...'

'વલ્કલચીરી, તારી ભાવના જરૂર સાકાર થશે...જેમ તારા પિતા છે તે રીતે મારા પણ પિતા છે...આપણે બન્ને અહીંથી સાથે પિતાજીના દર્શન અર્થે જઈશું. તેમના શુભ આશીર્વાદ પામશું...મને પણ તારા જેટલી જ દર્શન કરવાની ભાવના છે.'

'આપ આવો તો મને પણ અત્યંત આનંદ થશે...' કહીને વલ્કલચીરી વડિલબંધુને ભેટી પડયો.

એમ જ થયું.

પ્રસન્નચંદ્ર રાજા, યુવરાજ વલ્કલચીરી અને રાજસભાનો કર્મચારી વર્ગ, તેમજ બીજા અનેક મુખ્ય નાગરિકો વગેરે સોમચંદ્ર-રાજર્ષિએ અલંકૃત કરેલા તપોવનમાં આવ્યા.

સુંદર તપોવન...! અનેક વૃક્ષોની હારમાળા તપોવનની શોભા બન્યા હતા. વહેતું ઝરણું ચિત્તને પ્રસન્ન કરે તે રીતે પ્રાકૃતિક સંગીતના મધુર નાદ સાથે વહેતું હતું. આજુબાજુ નિર્ભયપણે વિચરી રહેલા પશુપંખીઓ જણાતાં હતા.

તપોવનમાં પ્રવેશ્યા પછી થોડે આગળ જતાં રથ ઊભા રહ્યા. બન્ને ભાઈઓ રથમાંથી ઉતર્યા.

યુવરાજ વલ્કલચીરીએ કહ્યું : 'વડિલબંધુ, આપને મારા હૈયાની વાત જણાવું...'

'ભાઈ, તું નિઃસંકોચ રીતે જણાવ...' પ્રસન્નચંદ્ર રાજાએ કહ્યું.

'વડિલબંધુ, આ તપોવનમાં પગ મૂકવાથી, તપોવનના માત્ર દર્શન કરવાથી જ હૈયું અતિ પ્રસન્ન બન્યું છે. હવે મને રાજ્ય-લક્ષ્મી તૃણ સમાન લાગે છે. જુઓ સામેનું સરોવર છે ને.! ત્યાં હું વાનરની માફક ફળ આરોગતો હતો અને પેલી બાજુ જુઓ.

સામી બાજુ દોડાદોડી કરી રહેલા મૃગો મારી બાળ અવસ્થામાં મારા સ્નેહીઓ હતા અને આ જ તે મારી માતા મહિષીઓ કે જેનું હું દુગ્ધ પીતો. આથી આ તપોવનના સુખ આગળ અન્ય સુખ અલ્પ છે...રાજ્યમાં તો મને પિતાની સેવાનું સુખ મળતું નથી. તેમની સેવા કરવામાંથી પણ અલિપ્ત રહ્યા કરું છું...'

પ્રસન્નચંદ્ર રાજા નાના ભાઈની વાત સાંભળી રહ્યા પછી ખૂબ જ પ્રેમભાવે કહ્યું: 'ભાઈ, સંસારમાં માનવીએ દરેક પ્રકારના કર્તવ્યો બજાવવાના હોય છે. જ્યારે સમય આવે ત્યારે સંસારના સુખોને સાપની કાંચળી માફક ફગાવી દઈને ત્યાગનો માર્ગ ગ્રહણ કરતાં અચકાવું ન જોઈએ...'

ત્યાં બંને ભાઈઓ આશ્રમ પાસે આવી પહોંચ્યા. તેમણે ત્યાં નેત્રકમળને સૂર્ય સમાન એવા પિતા સોમચંદ્ર મુનિને જોયા.

પ્રસન્નચંદ્રે પોતાના પિતાને ભાવપૂર્વક પ્રણામ કર્યા અને મધુર સ્વરે કહ્યું: 'પિતાજી, આપનો પુત્ર પ્રસન્નચંદ્ર આપને નમન કરે છે...' તે વાત સાંભળીને સોમચંદ્ર મુનિએ પ્રણામ કરતા પ્રસન્નચંદ્ર રાજાને અંગે સ્પર્શ કર્યો. એ સ્પર્શમાં પ્રેમનો ભાવ હતો. અતિ વહાલભર્યા સ્પર્શથી પ્રસન્નચંદ્ર કળીવાળા કદંબ વૃક્ષની જેમ રોમાંચિત થયા. પ્રસન્નચંદ્ર રાજાની આંખમાં મિલનના હર્ષના આંસુ હતા.

થોડી વાર પછી પ્રસન્નચંદ્ર રાજાએ પિતાજીને કહ્યું: 'પિતાજી, આપનાં ચરણકમળમાં ભ્રમર સમાન એવો આપનો પુત્ર વલ્કલચીરી આપને ભાવભર્યાં પ્રણામ કરે છે.'

'ઓહ...' સોમચંદ્ર મુનિ અતિ હર્ષિત બન્યા, કમળની જેમ વલ્કલચીરીનું મસ્તક સૂંઘ્યું.

અતિ હર્ષ પામેલા સોમચંદ્ર ઋષિએ નવો મેઘ, પર્વતનું આલિંગન કરે તેમ વલ્કલચીરીના સર્વ અંગે આલિંગન કર્યું.

આથી સોમચંદ્ર મુનિની આંખમાંથી ઉષ્ણ અશ્રુપ્રવાહ શરૂ થયો. જે તેજ ક્ષણે સોમચંદ્ર મહર્ષિના અંધપણાને નષ્ટ કરવા પરમ ઔષધિ રૂપ થયો.

આથી પ્રકાશિત થયેલા નેત્રો વડે મુનિએ બંને પુત્રોને જોયા અને ખૂબ જ પ્રસન્નભાવે પૂછ્યું: 'હે પુત્રો, તમે બન્ને સુખરૂપ જીવન વીતાવો છો ને? આપને કશી પ્રકારની અડચણ નથી ને? કોઈ પ્રકારની વિપત્તિ નથી ને?'

બન્ને ભાઈઓએ પિતાજી સામે જોઈને પ્રસન્ન સ્વરે ઉત્તર આપ્યો: 'પિતાજી, અમે સુખરૂપ જીવન પસાર કરીએ છીએ. કોઈ પણ પ્રકારની અડચણ કે વિપત્તિ નથી...'

સોમચંદ્ર મુનિ પોતાના મોટા પુત્ર પ્રસન્નચંદ્ર સાથે વાતો કરવા લાગ્યા. ત્યાં વલ્કલચીરીને મનમાં વિચાર આવ્યો કે આશ્રમમાં અંદર જઈને જોઉં તો ખરો કે મારા તાપસના ઉપકરણો બરાબર છે કે નહિ. તાપસના ઉપકરણો આટલા વખતથી મારા જોયા વિનાના રહ્યાં છે તે કેવી હાલતમાં હશે? આમ વિચારીને વલ્કલચીરી આશ્રમમાં ગયો ત્યાં તે પોતાના તાપસપણાના ઉપકરણો જોઈને આનંદિત થયો.

વલ્કલચીરીને તાપસપણાના ઉપકરણો પ્રત્યે પૂર્વની મમતા ઉત્પન્ન થવા લાગી. પોતાનું ઉત્તરીય વસ્ત્ર હતું તેને વલ્કલચીરી બારીકાઈથી તપાસવા લાગ્યો. અત્યંત ઝીણવટભરી રીતે તાપસ-પણાના ઉપકરણો જોતાં તેને એકાએક વિચાર સ્ફૂરી આવ્યો: 'શું મેં પૂર્વકાળે કોઈ પણ સમયે યતિના પાત્રોને પુંજણી વડે પ્રતિલેખ્યા છે?'

આ વિચાર જ તેના માટે, જીવન માટે પરમ આનંદની અનુભૂતિ સમો બની ગયો.

વલ્કલચીરી વિચારોના વમળમાં ખોવાયો અને થોડી વારમાં જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું.

અને જાણ્યે ગઈકાલે જ કરેલા કાર્યની જેમજ વલ્કલચીરીને પોતાના પૂર્વભવો અને મનુષ્યભવો સ્મૃતિપટ પર રમવા લાગ્યા.

વલ્કલચીરી પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો. પૂર્વભવમાં પાળેલા ચારિત્રનું સ્મરણ થયું.

અને તરત જ એજ ઘડીએ પ્રવ્રજ્યા સ્વીકારીને મોક્ષ–લક્ષ્મીના મિત્રરૂપ ઉત્કૃષ્ટ વૈરાગ્યને પામ્યા.

અને ધર્મધ્યાનને ઓળંગી શુક્લ ધ્યાનની પરમ શ્રેણિમાં પ્રવર્તતા તત્કાળ તેમને કૈવલ્યજ્ઞાન ઉત્પન્ન થયું.

ખરેખર એ પ્રસંગ કેવો અદ્‌ભુત અને આનંદભર્યો હશે ..!

ત્યારબાદ કેવળી મહાત્મા સોમચંદ્રના પુત્ર વલ્કલચીરીએ પિતાને અને ભાઈને અમૃતમય વાણીમાં ધર્મદેશના આપી.

આથી તે બંનેને સમ્યકત્વ ઉત્પન્ન થયું, ને તેઓએ વલ્કલચીરીને દેવતાઓએ મુનિનો વેષ અર્પણ કર્યો હતો.

'હે શ્રેણિક રાજા, એક વાર અમે વિહાર કરતાં કરતાં પોતનપુર પાસેના અતિ સમૃદ્ધ અને સુંદર મનોરમ નામના ઉદ્યાનમાં સમવસર્યા તે સમયે પ્રત્યેક બુધ્ધ વલ્કલચીરીએ તેના પિતા સોમચંદ્રને અમને સોંપી અન્ય સ્થળે વિહાર માટે ચાલ્યા ગયા અને પ્રસન્નચંદ્ર રાજા પોતનપુર તરફ ગયા. વલ્કલચીરીની અમૃતમય વાણીના પ્રભાવથી પ્રસન્નચંદ્રરાજા વૈરાગ્યવંત થયો. પ્રસન્નચંદ્ર રાજાએ પોતાના બાળપુત્રને રાજગાદી પર બેસાડીને વૈરાગ્ય ભાવના વડે અમારી પાસે દીક્ષા ગ્રહણ કરી.'

આ પ્રમાણે પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર વિસ્તારથી જણાવીને સર્વજ્ઞ ભગવંત શ્રીમહાવીરદેવ વિરામ પામ્યા.

એટલામાં શ્રેણિક રાજાએ ફરીથી પ્રભુને વંદન કર્યા અને

ભાવવાહી સ્વરે કહ્યું : 'ભગવન્, આકાશને આવો સુંદર પ્રકાશિત કરતો દેવોનો સમૂહ આ તરફ આવતો જણાય છે...આ દેવોનો સમૂહ શા કારણે આવતો દેખાય છે ?'

શ્રીવીરપ્રભુ બોલ્યા : 'રાજન, પ્રસન્નચંદ્ર મુનિને હમણાં જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે તેથી તેનો મહિમા કરવા માટે આ દેવો આ તરફ આવી રહ્યા છે.'

'ભગવન્, કેવળજ્ઞાન ક્યારે વિચ્છેદ જશે ?' મહારાજા શ્રેણિકે પ્રશ્ન કર્યો.

સર્વજ્ઞ ભગવંત મહાવીર દેવે મધુર ભાષામાં મંગલ સ્વરોમાં સર્વ જીવો સામે દષ્ટિપાત કરીને કહ્યું : 'રાજન, આ બ્રહ્મેન્દ્રનો સામાનિક દેવ વિદ્યુન્માલી જે ચાર દેવીઓ સહિત અહીં બેઠેલો છે તે આજથી સાતમે દિવસે ચ્યવીને તારી જ નગરી રાજગૃહીમાં ઋષભદત્ત શ્રેષ્ઠિને ત્યાં જંબૂ નામના પુત્ર રૂપે આવશે. તે ચરમ કેવળી થશે. ત્યારબાદ કેવળજ્ઞાન વિચ્છેદ જશે...'

શ્રેણિક મહારાજાએ ફરીને પ્રશ્ન કર્યો : 'પ્રભુ, આ દેવનું ચ્યવન નજીકમાં હોવા છતાં તેનું તેજ, પ્રકાશ વગેરે ક્ષીણ કેમ નથી થતો ?'

શ્રીમહાવીરદેવે કહ્યું : 'રાજન, જે દેવો એકાવતારી હોય છે તેઓને તેજનો ક્ષય થવાના ચિન્હો થતાં નથી...'

ત્યાં તો અનાદત્ત નામનો જંબુદ્રીપનો દેવ હર્ષથી નાચી ઊઠયો અને મધુર સ્વરે બોલી ઊઠયો : 'અરે...મારું કુળ ઘણું જ ઊંચું જણાય છે...'

શ્રેણિક મહારાજા પાછા વિચારમાં પડી ગયા. તેણે તરત જ મહાવીરપ્રભુ સામે જોઈને પ્રશ્ન કર્યો : 'કૃપાસાગર, આ દેવ પોતાના કુળની પ્રસંશા કરે છે...શા માટે ? એ મને સમજાયું નહિ.'

ભગવાન મહાવીરપ્રભુએ જણાવ્યું.

સર્વજ્ઞ ભગવંત શ્રી મહાવીરદેવ પ્રભુના સમવશરણમાં બેઠેલા પ્રત્યેક જીવો પ્રભુની વાણીનો અલભ્ય લાભ લઈ રહ્યાં હતા. ધર્મસભામાં જ્યારે મહાવીરપ્રભુએ પ્રસન્નચંદ્ર રાજર્ષિનું ચરિત્ર દર્શાવ્યું ત્યારે રાજા શ્રેણિકે વિવિધ પ્રશ્નો કર્યા, જેના પ્રભુએ મંગલમય વાણીમાં ઉત્તરો આપ્યા.

ચર્ચા દરમ્યાન અનાદત્ત નામનો જંબુદ્રીપનો દેવ હર્ષથી ઊછળી પડયો અને પોતાનું કુળ ઊંચું છે તે જણાવે છે ત્યારે રાજા શ્રેણિક અનાદત્ત દેવે આમ શા માટે કહ્યું...? તે જાણવા માટે વીર પ્રભુને પ્રશ્ન કર્યો.

ત્યારે સર્વજ્ઞ ભગવંતે શ્રેણિક સામે દૃષ્ટિ કરીને કહ્યું: 'હે રાજન, આ જ નગરીમાં અતિ ધનાઢ્ય અને સમૃદ્ધિ જેના ચરણે ચુમતી હતી તેવા ગુપ્તમતિ નામના શ્રેષ્ઠિ રહેતા હતા. તે ગુપ્તમતિ શેઠને ત્યાં બે પુત્રો થયા હતા. જેમાં મોટા પુત્રનું નામ ઋષભદત્ત અને નાના પુત્રનું નામ જિનદાસ હતું.

મોટો પુત્ર ઋષભદત્ત સદાચારી, સંસ્કારી, વિવેકી અને વ્યવહારૂ હતો.

જ્યારે નાનો પુત્ર જિનદાસ દુરાચારી, દુર્વ્યસની અને જુગારી હતો. બન્ને મોટા થયા. ગુપ્તમતિ શેઠ સંસારના સુખોને ત્યાગીને આત્મકલ્યાણના માર્ગે ચાલ્યા ગયા.

આ તરફ બુદ્ધિમાન ઋષભદત્તે જિનદાસને દુરાચારી જાણી પોતાના સ્નેહી, સંબંધીઓને પોતાના ભવનમાં બોલાવીને તેનો ત્યાગ કર્યો અને હવે મારે કોઈ ભાઈ નથી એમ જણાવીને ઋષભદત્તે જિનદાસને ભવનની બહાર કાઢી મૂકયો.

સ્નેહીજનો, મિત્રો તો જ્યાં સંપત્તિ, સમૃદ્ધિ છે તેને જ માન આપે છે. સર્વ લોકોએ ઋષભદત્તની વાતનો સ્વીકાર કર્યો.

અને જિનદાસને પોતાના પિતાનું ભવન છોડવું પડયું.

એક વાર દ્યુતક્રીડા રમતાં રમતાં સાથીઓ સાથે વાંધો પડયો અને તેમાં બોલાચાલી થઈ. તેમાંના એક જુગારીએ જિનદાસ પર શસ્ત્રનો ઘા કર્યો અને જુગારરૂપી વિષવૃક્ષના ફળરૂપ શસ્ત્રના પ્રહારથી જિનદાસ ભારે વેદના અને દુઃખ અનુભવવા લાગ્યો.

જિનદાસ દ્યુતક્રીડાગૃહમાંથી બહાર નીકળ્યો અને માર્ગમાં બેસી ગયો. પીડા અસહ્ય થતી હતી. જ્યારે ઋષભદત્તના સ્નેહીજનોએ જિનદાસની સ્થિતિ જાણી ત્યારે સૌએ ખૂબ જ દુઃખ અનુભવ્યું.

ઋષભદત્ત પાસે બે–ત્રણ સંબંધીઓ આવ્યા. ઋષભદત્તે સુંદર આવકાર આપ્યો અને આવવાનું કારણ પૂછયું. ત્યારે તે સંબંધીઓએ ખૂબ જ લાગણીભર્યા સ્વરે કહ્યું: ' ઋષભદત્ત, આપ તો ધર્મને સમજો છો. ધર્મના ઉપાસક છો. આપ સર્વ જીવ પ્રત્યે અનુકંપા ધરાવો છો...તો પછી નાના ભાઈ જિનદાસ પ્રત્યે પણ અનુકંપા કેળવીને તેને જે પીડા થઈ રહી છે તેમાંથી મુક્ત કરો...આપ

આપના નાના ભાઈનું રક્ષણ કરો. માનવી જીવનમાં ભૂલ કરી બેસે છે પરંતુ અમે જોયું કે જિનદાસના મુખ પર પશ્ચાતાપની રેખા જોવા મળે છે...શાસ્ત્રમાં કહ્યું છે કે જે પુરુષ બંધુને અને સેવકને કષ્ટમાંથી બહાર લાવે તે જ ખરો બંધુ છે, તે જ સાચો નાયક અને તે જ કીર્તિનું પાત્ર ગણાય છે...'

આ પ્રમાણે સંબંધીઓના કહેવાથી ઋષભદત્તનું હૈયું કંપી ઊઠયું: 'ઓહ... મારો લઘુબંધુ...મારા અહમ્‌ને પોષવા ખાતર તેને કેવી વિપદ પરિસ્થિતિમાં મૂકી દીધો... ખરેખર હું લાંછનને યોગ્ય છું...'

ઋષભદત્ત તરત જ તે સ્નેહીઓની સાથે જ્યાં જિનદાસ પીડા ભોગવતો હતો તે સ્થળે આવ્યો અને નાના ભાઈનું મસ્તક પોતાના ખોળામાં લઈને ખૂબ જ પ્રેમથી મધુર સ્વરે કહ્યું: 'જિનદાસ, મને ક્ષમા કર... મારાથી જે દોષ થઈ ગયો છે તે ઉચિત નહોતો...તું શાંત થા... હું તને ઔષધિઓ આપીને શાંત કરાવીશ. તારા અંગ પર પડેલ ઘાને રૂઝાવી નાખીશ...'

'હે વડિલબંધુ, મારા દુરાચરણોને માફ કરજો...મને ક્ષમા આપો. મને લાગે છે ત્યાં સુધી મારું આયુષ્ય પણ પૂરું થતું જાય છે.. મને હવે જીવવાની આશા નથી, આથી પરલોકમાં મારું શ્રેય થાય તેવું કામ કરો...બંધુ, મારી વાત સાંભળો છો ને? હું પરલોક સીધાવા માટે તૈયાર થયો છું...હવે મને અનસનપૂર્વક ધર્મોપદેશ રૂપ ભાતું આપો...'

ઋષભદત્ત નાના ભાઈની વાત સાંભળીને રડી પડયો. આંખમાંથી આંસુ વહેવા લાગ્યા. ઋષભદત્તના ગળે ડુમો બાઝી ગયો હતો છતાં સ્વસ્થ થઈને ગંભીર બનીને પ્રસંગોચિત્ત વાણીમાં કહ્યું: 'ભલે ભાઈ, જેવી તારી ભાવના, તું સંસારની મમતાનો ત્યાગ કરજે... સંસાર અસાર છે. સ્થિર ચિત્ત રાખીને પંચ પરમેષ્ઠિ મંત્રનો

પવિત્ર હૃદયે મનન કર...મંત્રનું સ્મરણ એ જીવનનું અમૃત બની જશે...'

આમ ઋષભદત્તે સુંદર ધર્મોપદેશ આપ્યો. શુદ્ધ ચારિત્ર્યવાળા અને પવિત્ર ઋષભદત્તે પોતે જ લઘુબંધુ જિનદાસને અનશનપૂર્વક આરાધના કરાવી. આથી જિનદાસ પંડિત મરણે મૃત્યુ પામીને આ પરમ ઋદ્ધિવાળો જંબુદ્રીપનો સ્વામી દેવ થયો છે... આ દેવે અમારું આ વચન સાંભળ્યું કે રાજગૃહી નગરીમાં ઋષભદત્તને પુત્ર જંબૂ ચરમ કેવળી થશે, આથી પોતાના કુળમાં કેવળીનો પવિત્ર જન્મ થશે, એ વાત સાંભળીને આ દેવ અનાદત્ત પોતાના કુળની અત્યંત પ્રસંશા કરે છે...'

મગધનરેશ શ્રેણિક મહારાજાએ ફરીને વીર પ્રભુને પ્રશ્ન કર્યો: 'હે ભગવન્, આ વિદ્યુન્માળી દેવ, ગ્રહોને વિષે સૂર્યની જેમ સર્વ દેવોમાં અધિકમાં અધિક તેજસ્વી છે તેનું શું કારણ હોઈ શકે?'

સર્વજ્ઞ ભગવંતે સહજ ભાવે કહ્યું: 'રાજન, એ માટે મારે એક વાત કરવી પડશે...આ જંબુદ્રીપનાં ભારતવર્ષમાં મગધ નામના રાજ્યમાં સુગ્રામ નામનું અતિ સુંદર અને રળીયામણું ગામ આવેલું છે. આ ગામમાં આર્યવાન્ નામનો મુખી રહેતો. તેનો સ્વભાવ ઘણો માયાળુ, નિષ્કપટ અને ધર્મ પ્રત્યે ખૂબ જ આસ્થા રાખવાવાળો હતો. તેની પત્ની રેવતી પણ ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખવાવાળી હતી. બન્નેનું જીવન સુખમય રીતે પસાર થતું હતું. મહેનત કરીને પોતાનો જીવનવ્યવહાર ચલાવતાં હતા...આર્યવાનને ત્યાં બે પુત્રો હતા તેમાં મોટાનું નામ ભવદત્ત અને નાનાનું નામ ભવદેવ હતું. બન્ને પુત્રો સમજુ, વિવેકી અને વિનયી હતા.

'એક વખત સુગ્રામ નગરમાં સુસ્થિત નામના આચાર્ય આવ્યા. તેઓએ સંસારના સુખોપભોગ વિષે સમજાવ્યું. ત્યાગનો માર્ગ સમજાવ્યો...ભવભ્રમણના ફેરામાંથી મુક્ત થવા માટે ત્યાગ સિવાય

અન્ય કોઈ માર્ગ નથી. તેમ સમજાવતાં આર્યવાનનો મોટા પુત્ર ભવદત્તે તે આચાર્ય પાસે જ દીક્ષા અંગીકાર કરી ત્યારે ભવદત્ત યુવાવસ્થામાં હતો. જ્યારે દીક્ષા અંગીકાર કરી ત્યારે તેની ભાવનાને બરાબર રીતે ચકાસવામાં આવી હતી.

આમ ભવદત્ત મુનિ સુસ્થિત આચાર્ય મહારાજના શિષ્ય થયાં. ભવદત્ત મુનિ આચાર્ય મહારાજ પાસે રહીને શાસ્ત્રોનો અભ્યાસ કરવા લાગ્યા. ઉગ્ર તપ, ચારિત્ર્ય પાળવા લાગ્યા.

એક દિવસ વિહાર કરતાં કરતાં ભવદત્ત મુનિએ આચાર્ય મહારાજને કહ્યું : ' ગુરુદેવ, જો આપ મને આજ્ઞા આપો તો હું જ્યાં મારો લઘુબંધુ રહે છે ત્યાં જાઉં અને તેને મારા પર અપાર સ્નેહ છે. તે મને જોઈને જરૂર દીક્ષા અંગીકાર કરશે...તે ધર્મી પણ છે...'

ભવદત્ત મુનિની વાત સાંભળીને સુસ્થિત આચાર્ય મહારાજે કહ્યું : ' વારુ, તારે જવું હોય તો જઈ શકે છે પરંતુ સાથે એક સાધુને રાખજે...'

' જી...' ભવદત્ત મુનિએ કહ્યું.

એમ જ થયું.

ભવદત્ત મુનિ અને બીજા શ્રુતધર સાધુ એમ બન્ને સુગ્રામ નગરે જવા નીકળી પડ્યા. પરોપકાર કરવામાં જે તત્પર હોય છે તેવા શિષ્યો પર હંમેશા ગુરુના આશીર્વાદ મળતાં જ રહે છે, પ્રસન્નતા સદાય વરસતી જ રહે છે.

ભવદત્ત મુનિ સીધા સંસારી માતાપિતાના ઘરે આવ્યા. ત્યારે ત્યાં વિવાહોત્સવનો પ્રારંભ થયો હતો...ભવદત્ત મુનિએ જોયું કે લઘુબંધુ વિવાહના કાર્યમાં રોકાયેલો છે તેથી તે કાર્યમાં જ મગ્ન અને હર્ષઘેલો બન્યો છે.

છતાં ભવદત્ત મુનિ બીજા સાધુ સાથે નાના ભાઈના ઘર પાસે ગયા. પરંતુ જાણે પોતાના મોટા ભાઈ–મુનિને ભવદેવ ઓળખતો જ ન હોય તે રીતે વર્તાવ કર્યો. સ્વાગત પણ કર્યું નહિ. બોલાવ્યા પણ નહિ. ત્યારે વ્રત લેવાની વાત કયાં રહી...?

ભવદત્ત મુનિને થયું કે લઘુબંધુ વિવાહના કાર્યમાં મગ્ન બન્યો છે તેથી આવો વ્યવહાર કર્યો છે.

પણ આ પ્રમાણે થવાથી ભવદત્ત મુનિ ક્ષોભ પામ્યા અને ગુરુદેવ પાસે આવ્યા અને ઈર્યાપથિકા આલોચી, જે કંઈ બન્યું તે બધું ગુરુજીને કહી સંભળાવ્યું.

'અરે...નાના ભાઈની કઠોરતા કેવી ગણાય...! મોટા ભાઈ અને વળી તે મુનિરાજ પોતાને ત્યાં આવ્યા છતાં તેની અવગણના કરી...! ગુરૂની ભક્તિ કરતાં વિવાહના ઉત્સવને અધિક માન્યો...તે ઉત્સવનો ત્યાગ કરીને હર્ષ–ઉલ્લાસ સાથે મુનિ સાથે ન આવ્યો...'

આ સાંભળીને એક સાધુએ કહ્યું: 'હે ભવદત્ત મુનિરાજ, જો આપ આપના લઘુબંધુ ભવદેવને દીક્ષા અપાવો તો આપને ખરા પંડિત કહું.'

ભવદત્ત મુનિએ કહ્યું: 'ગુરુમહારાજ જ્યારે મગધદેશ તરફ વિહાર કરશે ત્યારે હું તમને તે વાતની પ્રતિતિ કરાવી આપીશ...'

સમય પસાર થવા લાગ્યો. તેમાં એક વખત આચાર્ય મહારાજ વિહાર કરતાં કરતાં મગધરાજ્યમાં પધાર્યા. ભવદત્ત મુનિને અંતરમાં ભવદેવને સંસારની માયા મરિચિકાથી મુક્ત કરીને ત્યાગના પંથે લઈ જવાની વાત યાદ આવી. ભવદત્ત મુનિએ આચાર્ય મહારાજને વંદન કરતાં કહ્યું: 'ગુરુદેવ, આપ જો આજ્ઞા આપતા હો તો અહીંથી થોડેક દૂર મારો સ્નેહીજન છે તેને મળવા જઉં...!'

આચાર્ય મહારાજે ભવદત્ત મુનિને એકલા જવાની રજા આપી. ભવદત્ત મુનિ તરત જ વંદન કરીને ઉદ્યાનની બહાર નીકળ્યા

અને સુગ્રામ નગરી જવા માટે માર્ગ પર ચાલવા લાગ્યા. પ્રાતઃ-કાળનો સમય હતો તેથી નિર્જન માર્ગ હતો, માણસોની અવરજવર થઈ નહોતી.

ભવદત્ત મુનિને બહુ દૂર જવાનું નહોતું. તેઓ માત્ર અર્ધ-ઘટિકામાં જ ભવદેવના ઘર પાસે આવી પહોંચ્યા.

તે વખતે ભવદેવ વાસુકીની કુક્ષીએ જન્મેલી, નાગદત્તની પુત્રી નાગિલા સાથે વિવાહ કર્યો હતો. વિવાહના કાર્યમાંથી મુક્ત થયેલા ભવદેવના સંબંધીઓ, સ્નેહીજનોએ ભવદત્ત મુનિને સામેથી આવતાં જોતાં તરત જ સ્વાગત અર્થે ગયા. સૌએ ભાવભર્યાં વંદન કર્યાં. સૌના ચહેરા પર આનંદ વરતાવા લાગ્યો. ત્યાર પછી તરત જ પ્રાસુક જળ વડે તેમના પગ ધોઈને, તે પાદોદકથી પણ વધારે પવિત્ર માનીને તેમણે ભવદત્ત મુનિને નમન કર્યું. સાતા પૂછી.

ભવદત્ત મુનિએ મધુર સ્વરે કહ્યું: 'આપ સૌ વિવાહના ઉત્સવમાં મગ્ન થયા લાગો છો... આથી અમે બીજે ઠેકાણે વહોરવા જઈએ છીએ. આપ સૌને ધર્મલાભ!' ત્યારે ત્યાં ઊભેલા સર્વ લોકોએ મુનિને અન્ય ઠેકાણે ન જવા દીધા અને આનંદ, ઉલ્લાસ તેમજ હર્ષપૂર્વક નિર્દોષ, કલ્પતો, સૂઝતો આહાર વહોરાવ્યો.

આ પ્રસંગે ભવદેવ વિવાહના ઉત્સવને લગતા કાર્યમાં રત હતો. સખીઓ વડે પરિવરેલી નવી પરણેલી સ્ત્રીને શણગારતો હતો. ભવદેવના ચહેરા પર પ્રસન્નતા હતી. સુંદર પત્ની મળ્યાનો આનંદ હતો. નાગિલા સુંદર, સમજુ અને ધર્મ પ્રત્યે આસ્થા રાખનારી સ્ત્રી હતી.

નાગિલાના ચહેરા પર શરમની લાલિમા છવાઈ ગઈ હતી. નાગિલાની દૃષ્ટિ ભોંય પર હતી. ભવદેવ પ્રિયાને સ્નેહ કરીને બોલા-વવાનો પ્રયત્ન કરતો હતો પરંતુ પ્રિયા કશો ઉત્તર આપતી નહોતી. નાગિલાના હૈયામાં પીયુમીલનની ઝંખના ભરી હતી...

તેમાં ભવદેવ પ્રિયાને શણગારતો હતો, પ્રિયા મૌન બનીને લજ્જાથી ઝુકી ગયેલી નજરોથી શય્યા પર બેઠી હતી.

ભવદેવે પ્રિયાના મુખની હડીપચી હાથમાં લીધી અને કોમળ હાથે પંપાળવા લાગ્યો... ' પ્રિયે... ' ભવદેવે કહ્યું.

પરંતુ

નાગિલાએ સ્વામીની વાતનો ઉત્તર ન આપ્યો.

ભવદેવે ફરીને કહ્યું: ' પ્રિયે, તારું મૌન અસહ્ય લાગે છે...'

છતાંય નાગિલા ન બોલી.

ભવદેવ પોતાની પ્રિયાની નજીક આવ્યો અને ચંદ્રમાંથી આકર્ષણ કરેલો ચંદ્રિકાનો રસ હોય એ રીતે ચંદનના રસથી તે પ્રિયાને અંગરાગ કરતો હતો. પ્રિયાના મસ્તક પર, જેણે ચંદ્રને ગ્રસ્યો છે એવો રાહુની શોભાને હરનારો પુષ્પમાળાઓ સહિત વેણીબંધ બાંધતો હતો. પ્રિયાના ગાલ પર જાણે કામદેવના વિજયની કીર્તિ આલેખી હોય તેમ કસ્તુરીની પત્રવેલીને આલેખતો હતો.

અને ત્યારબાદ ભવદેવ જેવો પ્રિયાના સ્તનપ્રદેશનું મંડન કરવા જતો હતો ત્યાં જ તેના કર્ણમાં મહામુનિ ભવદત્ત પધાર્યા છે તે સમાચાર સંભળાયાં. તે રહી ન શક્યો. વિજય પ્રાપ્ત કર્યા પછી જે રમતવીર ચાલ્યો જાય તેમ અર્ધશણગારેલી પ્રિયાને એકલી મૂકીને ભવદેવ શય્યા પરથી ઊભો થયો.

' સ્વામી...! ' નાગિલા આશ્ચર્ય પામી ઊઠી અને સ્વામીના આ વર્તનથી દુઃખ થયું.

' પ્રિયે, મને લાગે છે કે મારા વડિલબંધુ મહામુનિ ભવદત્ત મુનિ અત્રે પધાર્યા છે...હું હમણાં જ પાછો આવું છું... ' ભવદેવે ઉત્તરની આશા રાખ્યા વગ ખંડની બહાર ચાલ્યો ગયો.

નાગિલા આશ્ચર્યવિમૂઢ બની ગઈ. તે વિચારવા લાગી કે જે

પળની હું પ્રતિક્ષા કરતી હતી અને જે પામવાની હતી ત્યાં આ શું બની ગયું? તે સ્વામીની પ્રતિક્ષા કરતી શય્યા પર બેઠી રહી...

ભવદેવ ખંડ બહાર નીકળ્યો. ખંડ બહાર નાગિલાની સખીઓ વાતો કરી રહી હતી ત્યાં ભવદેવને ખંડ બહાર આવતો જોઈને આછા હાસ્ય સાથે ભવદેવ સામે જોઇને કહ્યું: 'કેમ...? આમ એકાએક મારી સખીને છોડીને ક્યાં ચાલ્યા?'

'હમણાં આવું છું...' ભવદેવે કહ્યું.

'પરંતુ આમ અર્ધશણગારેલી પ્રિયાને છોડીને જવું યોગ્ય જણાતું નથી...મારી સખી પ્રેમાળ સ્વભાવની છે...તેના હૈયાને અપાર દુ:ખ થશે...'

'આપ મુંઝાશો નહિ...હું તમારી સખીની રજા લઈને જ જઉં છું. બહાર ગુરૂદેવ પધાર્યા છે તેમને વંદન કરીને તરત જ પાછો ફરીશ...' એમ કહીને ભવદેવ ઉત્તરની રાહ જોયા વિના ભવનની બહાર આવ્યો.

ભવદેવ તરત જ ભવદત્ત મુનિ પાસે આવ્યો અને ભાવભર્યા વંદન કર્યાં. વંદન કરીને જેવો ભવદેવ ઊભો થયો, કે તરત જ મુનિરાજે ચારિત્ર આપવાનું જાણ્યે સારું કર્યું હોય એ રીતે ઘીનું પાત્ર ભવદેવના હાથમાં મૂકયું. ત્યારબાદ ભવદેવ પર સૌમ્ય દૃષ્ટિ ફેંકી.

ભવદત્ત તરત જ ત્યાંથી નીકળી ગયા.

અને ભવદેવ ઘીનું પાત્ર હાથમાં રાખીને મુનિની પાછળ પાછળ જવા લાગ્યા. અને નગરીના અન્ય સ્ત્રી પુરુષો પણ ભવદેવની પાછળ અતિ હર્ષ સાથે ચાલવા લાગ્યા.

આમ સૌ ભવદત્ત મુનિની પાછળ પાછળ જવા લાગ્યા. ઘણે દૂર ચાલ્યા જતાં મુનિરાજે કોઈને પાછા વળવાનું જણાવ્યું નહિ, જ્યાં સુધી મુનિરાજ પાછા વળવાનું ન કહે ત્યાં સુધી કોઈ પાછા ન જાય...પરંતુ ઘણે દૂર સુધી ચાલ્યા હોવાથી ઘણા ખૂબ શ્રમિત

થયા. તેમાંના કેટલાક મુનિને વંદન કરીને પાછા વળ્યા. તેમાં સ્ત્રીઓ અને પુરુષો પાછા વળ્યા.

ભવદેવને મનમાં થયું કે મુનિરાજે મને પાછા વળવાનું કહ્યું નથી તો શું કરવું ? મુનિરાજે રજા આપ્યા વિના જ આ બધા પાછા જઈ રહ્યાં છે. તેઓ ભલે જતાં રહ્યાં પરંતુ હું તેમનો નાનો બંધુ છું...તેથી અમે બન્ને પરસ્પર પ્રેમ, સ્નેહ રાખીએ છીએ...આથી જ્યાં સુધી તેઓ ન જણાવે ત્યાં સુધી મારે પાછા વળવું ન જોઈએ...તે યોગ્ય પણ ન લાગે...મને તો એવું જણાય છે કે મારા વડિલબંધુ મુનિરાજ ખરેખર ભાતપાણીના ભારથી શ્રમિત થયા હોવા જોઈએ. તેથી મારા પર પ્રસન્નતા દાખવીને ઘીનું પાત્ર મને ઉપાડવા માટે આપ્યું જણાય છે...આમેય મુનિરાજ ઘણા દિવસોથી વિહાર કરતાં રહ્યા હશે તેથી શ્રમિત તો બન્યાં જ હશે... આથી મારું કર્તવ્ય છે કે તેમને સ્થાને પહોંચાડવા જોઈએ...તેમને તેમના સ્થાને પહોંચાડ્યા વિના હું પાછો જવા ઇચ્છતો નથી...

આમ આ તરફ ભવદત્ત મુનિએ પોતાનો બંધુ પાછો ન વળી જાય તેથી મનની ગમ્મત અર્થે એક વાત કરી...ભવદત્ત મુનિએ કહ્યું: 'હે બંધુ, તું આ તરફ દૃષ્ટિ કર...જો સામે ગામના પાદરે આવેલા સુંદર વૃક્ષો ને ત્યાં બાંધવામાં આવેલા મંડપો, જ્યાં આપણે ખૂબ રમતા આ તે જ સરોવર છે, જ્યાં આપણે બંને બાલ્યાવસ્થામાં કમળપુષ્પના નાળ વડે સુશોભિત હાર બનાવીને કંઠમાં પહેરતા, તને એ બધું યાદ આવે છે...!'

આમ વાતો કરતાં કરતાં ભવદેવ તો ભવદત્ત મુનિની સાથે જ્યાં આચાર્ય મહારાજ સ્થિર થયા હતા ત્યાં આવી પહોંચ્યો. નાના ભાઈ સહિત ભવદત્ત મુનિને ઉપાશ્રયના દ્વાર પાસે આવેલા જોઈને બીજા નાના સાધુઓ આશ્ચર્ય પામી ઊઠયા અને કહ્યું: 'ખરેખર આ મુનિરાજ પોતાનું વચન સત્ય કરવા માટે દિવ્ય

વેષને ધારણ કરનાર પોતાના લઘુબંધુને દીક્ષા અપાવવા માટે અત્રે લઈ આવેલા જણાય છે.'

ભવદત્ત મુનિ તો ભવદેવને લઈને આચાર્ય મહારાજ પાસે આવ્યા અને આચાર્ય મહારાજે કહ્યું: 'ભવદત્ત, આ યુવાન કોણ છે?'

ભવદત્ત મુનિએ જરા પણ ડર રાખ્યા વિના કહ્યું: 'ગુરુદેવ, આ મારો લઘુબંધુ છે...અને તે આપની પાસે દીક્ષા અંગીકાર કરવા આવ્યો છે...'

આચાર્ય મહારાજે કહ્યું: 'હે ભદ્ર, તું વ્રત ગ્રહણ કરવા માંગે છે ને?'

આચાર્ય મહારાજના શબ્દો સાંભળીને ભવદેવના મનમાં થયું કે મારા ભાઈના શબ્દો અસત્ય ન ઠરવા જોઈએ...એમ વિચારીને આચાર્ય મહારાજને કહ્યું: 'કૃપાળુ, હું વ્રત ગ્રહણ કરવા માગું છું...'

અને આચાર્ય મહારાજે ભવદેવને તરત જ દીક્ષા આપી. બીજા બે સાધુઓ સાથે બીજે વિહાર પણ કરાવ્યો.

જ્યારે આ તરફ ભવદેવ હજુ કેમ ન આવ્યો? એ પ્રશ્ન નાગિલા સહિત સર્વ સંબંધીઓના અંતરમાં ચિંતા સમાન થઈ પડ્યો.

નાગિલાની એક સખીએ કહ્યું: 'અરે...કોઈ તો ભવદેવની તપાસ કરો...'

નાગિલાના સંબંધીઓમાંથી ત્રણ-ચાર વ્યક્તિ તરત જ જે માર્ગે ભવદત્ત મુનિ ગયા હતા તે માર્ગે ગયા અને તપાસ કરતાં કરતાં ભવદત્ત મુનિ પાસે આવ્યા.

સૌએ ભવદત્ત મુનિને વંદન કર્યાં અને મધુર સ્વરે કહ્યું: 'હે મુનિવર, ભવદેવ તેની અર્ધશણગારેલી પત્નીને મૂકીને આપની

પાછળ આવ્યો હતો. આથી અમે સૌ તેની પ્રતિક્ષામાં ચિંતામગ્ન બન્યા છીએ. તેની પત્ની નાગિલાની આંખમાંથી આંસુ સુકાતા જ નથી. ખૂબ જ કરુણ રૂદન કરે છે. વળી, અમને પૂછ્યા વિના ભવદેવ એકલો ક્યાંય જતો નથી...અને આજે તે કઈ રીતે આવ્યો? તે જ અમને નવાઈ પમાડે તેવી બાબત લાગે છે. અમે ભવદેવને નહિ જોઈએ ત્યાં સુધી જાણ્યે સર્વસ્વ ખોઈ બેઠા છીએ તેવું જણાયા કરે છે. આપને નમ્ર વિનંતિ છે, કૃપા કરીને અમને જણાવો કે આપનો નાનો ભાઈ ક્યાં છે?'

ભવદત્ત મુનિ વિચારમાં પડ્યા કે શું ઉત્તર આપવો?

આથી થોડી પળમાં વિચાર કરીને ધર્મનું શુભ પરિણામ આવે એ હેતુથી મુનિએ અસત્ય ઉત્તર આપ્યો: 'ભાઈઓ, ભવદેવ અહીં આવ્યો હતો પરંતુ તે તરત જ પાછો વળ્યો. પણ તે કઈ તરફ ગયો? તે હું જાણતો નથી...'

ભવદત્ત મુનિની વાત સાંભળીને ભવદેવને શોધવા આવેલા સ્નેહીઓ ચિંતામાં પડ્યા, 'શું ભવદેવ બીજા રસ્તેથી ગયો હશે?' એવો પ્રશ્ન સૌને થયો અને બીજી તપાસ ન કરતાં સૌ સ્નેહીજનો પાછા વળ્યા.

જ્યારે આ તરફ ભવદેવ મુનિ પોતાની નવી પરણેલી સ્ત્રીનું, તેના સૌંદર્યનું, રૂપનું, યૌવનનું અંતરમાં ધ્યાન ધરતો હતો, પરંતુ વડીલબંધુ પરની ભક્તિને કારણે જ શલ્ય સહિત દીક્ષા ગ્રહણ કરી હતી.

સમય પસાર થવા લાગ્યો...દિવસો પાણીના રેલાની માફક પસાર થવા લાગ્યા.

ભવદત્ત મુનિ અનશન કરી, વિધિપૂર્વક કાળધર્મ પામી સૌધર્મ દેવલોકમાં દેવ થયા.

આ સમાચાર ભવદેવ મુનિને મળ્યા, ભવદેવ મુનિએ તરત જ મનમાં વિચાર કર્યો કે નાગિલા મારી પ્રિયા છે અને હું તેનો પ્રિયત્તમ છું. પરંતુ અમારા બન્નેનો વિયોગ અણધાર્યો થયો છે. તેની આશા, ઊર્મિ અને સહજીવનના સોણલાંમાં રાચતી નાગિલાનો ત્યાગ કરી દીધો, તે પણ માત્ર વડીલબંધુના આગ્રહથી જ. આટલો કાળ વ્રત પાળ્યું છે. પરંતુ મારા બંધુ ભવદત્ત મુનિ સ્વર્ગમાં ગયા છે ત્યારે આ ખેદજનક વ્રત શા માટે પાળવું જોઈએ..? મને મારી પ્રિયાના વિયોગથી જેવી પીડા થાય છે તેવી દીક્ષાના અતિ દુષ્કર કષ્ટથી નથી થતી.

ઓહ...મારી પ્રિયા નાગિલાનું શું થયું હશે?

મને લાગે છે કે જેમ હાથણી બંધનમાં પડેલી હોય, હિમથી કમલિની કરમાય જાય, ગીષ્મનો તાપ સહન કરતી તરૂલત્તાની માફક મારી પ્રિયાની લોકો દયા ખાતા હશે...! એની હાલત અતિ કરૂણ હશે...જો હું મારી લાંબા નેત્રોવાળી તે પ્રિયાને જીવિત મેળવું તો ગૃહસ્થાશ્રમથી હું તૃપ્ત થયો નથી તો તેણીની સાથે ક્રીડા કરું...તેને પ્રસન્ન કરું...

આમ વિચારોના વાદળમાં અટવાઈને ચિંતારૂપી તારથી પોતાના આત્માને બાંધતો તે ભવદેવ કોઈ પણ મુનિઓની આજ્ઞા મેળવ્યા વગર નીકળી ગયો.

ભવદેવ મુનિ ખૂબ ઝડપથી ચાલીને સુગ્રામ ગામના પાદરે આવ્યો અને ગામની બહાર એક મંદિર હતું ત્યાં બેસી રહ્યો. એટલામાં ત્યાં એક બ્રાહ્મણીની સાથે સુગંધી માળા લઈને એક સ્ત્રી આવી.

તે સ્ત્રીએ મુનિને એકીટશે નિહાળીને વંદન કર્યું.

ભવદેવે તે સ્ત્રીને પૂછ્યું: 'હે ભદ્રે, આ સુગ્રામ નામનું ગામ છે ને...?'

'હા...મુનિવર...'

'આ ગામમાં આર્યવાન નામનો રાષ્ટ્રકૂટ અને તેની સ્ત્રી રેવતી હતા. તે આ સંસારમાં છે કે નહિ ?'

'મુનિવર, આર્યવાન અને રેવતીને મૃત્યુ પામ્યાને આજ ઘણો કાળ વ્યતિત થઈ ગયો છે...'

ભવદેવે ફરીને પૂછ્યું: 'ઓહ...પરંતુ આર્યવાનના પુત્ર ભવદેવે પોતાની નવવધૂને ત્યજી દીધી હતી તે નાગિલા હજુ જીવે છે કે નહિ...?'

ભવદેવની આ વાત સાંભળીને તે સ્ત્રીના મનમાં વિચાર આવ્યો કે ખરેખર આ પોતે જ ભવદેવ જણાય છે. તેમણે પોતાના વડિલબંધુ પાસે દીક્ષા લીધી હશે...તેથી જ તો આ મુનિવેષમાં છે, આથી હું એ બાબતે આ મુનિવર પાસેથી જાણી લઈને મારા મનની શંકા નાબૂદ કરૂં...આમ વિચારીને તે સ્ત્રીએ તરત જ ભવદેવ સામે જોઈને પ્રશ્ન કર્યો: 'શું આપ જ આર્યવાન અને રેવતીના પુત્ર છો...? આપનું નામ ભવદેવ છે? મુનિવર, આપ અહીં કયા કારણોસર પધાર્યા છો ?'

ભવદેવ મુનિએ મધુર સ્વરે કહ્યું: 'આપે મને બરાબર ઓળખી લીધો. હે ભદ્રે, હું નાગિલાનો પતિ ભીમદેવ છું. જ્યારે વિવાહ થયા ત્યારે મારા વડિલબંધુ આંગણે આવ્યા હતા, મને ઘીનું પાત્ર આપ્યું હતું અને વડિલબંધુના આગ્રહથી જ હું તેને છોડીને ચાલ્યો ગયો હતો. પરંતુ મારો ભાઈ મૃત્યુને શરણ થયો છે. આથી હું અંકુશ રહિત થયો છું...આથી મારી પ્રિયા નાગિલાની સ્થિતિ કેવી હશે ? તે જાણવાની ઇચ્છા થવાથી અત્રે આવ્યો છું...'

નાગિલા મૌન રહી.

નાગિલાએ મનમાં વિચાર્યું કે આ ભવદેવે મને ઘણા સમય

પહેલાં નીહાળી છે. મારા રૂપ, વય, યૌવન વગેરે બદલાઈ ગયા છે. તેથી તેઓ મને ઓળખતા નથી. પરંતુ હું જ તેમને મારી ઓળખાણ આપું...

આમ વિચારીને નાગિલાએ મધુર સ્વરે કહ્યું : 'મુનિવર, આપે જે નવોઢાનો ત્યાગ કર્યો હતો. તે જ હું નાગિલા છું. ઘણો સમય ચાલ્યો જવાથી મારી યુવાવસ્થા પણ વિદાય થઈ...મારું રૂપ ઓસરી ગયું છે...આપે મારામાં એવું શું લાવણ્ય જોયું કે જેથી આપ મારા પર મોહિત થયા છો...? મારી વાત જરા સમજો અને ખૂબ જ ધ્યાનથી વિચારો...રત્નત્રયીની આરાધના કરતાં કરતાં મારા જેવી કોડીના કિંમતે આંકી શકાય તેને સ્વીકારતાં નહિ. ક્ષણિક સુખ મેળવવા માટે પરમ સુખનો ત્યાગ કરશો નહિ. અત્યંત ઘોર નર્કમાં પાડવાના સાક્ષીરૂપ અને કામદેવના શસ્ત્ર સમાન વિષયોથી વિંધાશો નહિ...વિષયસુખના આનંદ કરતાં આત્મસુખનો આનંદ માણવાનો પ્રયત્ન કરો...આપના વડિલબંધુએ ખૂબ જ સમજી વિચારીને વ્રત ગ્રહણ કરાવ્યું છે. તો પછી શા માટે મારા પર આસક્ત થઈને નર્કાગારમાં પ્રવેશો છો ? આપ અહીંથી જ પાછા વળો... ગુરુના ચરણમાં નમીને ક્ષમાની યાચના કરો...તેમની પાસે મારા ઉપર થયેલા રાગની, પાપ થયું છે તેની આલોચના કરો...'

આ પ્રમાણે નાગિલા ભવદેવ મુનિને ઉપદેશ આપતી હતી ત્યાં પેલી બ્રાહ્મણીનો પુત્ર દૂધપાક પીને ત્યાં આવ્યો. તે બ્રાહ્મણીના પુત્રે કહ્યું : 'હે માતા, મેં આજે અમૃત જેવું સ્વાદિષ્ટ અને સુમધુર દુગ્ધ પીધું છે.. તેનું મારે વમન કરવું છે...માટે તું એક પાત્ર નીચે ધરી રાખ...માતાજી, આજનો દિવસ ઉત્તમ છે. મને બીજે ઠેકાણેથી પણ આમંત્રણ આવ્યું છે. અને ત્યાં દક્ષિણા પણ મળવાની છે. જો હું પીધેલા દૂધનું વમન નહિં કરું...તો ત્યાં કંઈ પણ ખાઈ શકીશ નહિ...દક્ષિણા લીધા પછી અહીં આવીને

મેં વમન કરેલું દૂધ હું જ પાછો પી જઈશ...આપણું જ એઠું જમવામાં ક્ષોભ શેનો ?'

બ્રાહ્મણીએ કહ્યું: 'પુત્ર, તારી વાત સાંભળીને ખરેખર આશ્ચર્ય થાય છે. વમન કરેલું આરોગતા તને ધિક્કાર છૂટશે...આવું ધિક્કારવા યોગ્ય કોઈ પણ કાર્ય કરવું તે ઉચિત નથી...'

આ વાત ભવદેવ મુનિ સાંભળી રહ્યો હતો. ભવદેવને પણ બ્રાહ્મણના પુત્રની વાત અજુગતુભરી લાગી. આથી ભવદેવ મુનિએ ખૂબ જ પ્રસન્ન ભાવે કહ્યું: 'હે બટુક, તું વમન કરેલાને ખાઈશ તો શ્વાનથી પણ નિમ્ન કોટીનો ગણાઈશ. આમ કરવું તે જરા પણ યોગ્ય કે ઉચિત નથી... '

ત્યારે નાગિલાએ કહ્યું: 'મુનિવર, આપ આવું જાણો છો અને કહો છો તો પછી મારું વમન કર્યા પછી મને ભોગવવાની ઇચ્છા કેમ રાખો છો ? હું તો માંસ, ચરબી, હાડકાં અને મળમૂત્રથી ભરેલી અધમમાં અધમ અને વમનથી પણ વધારે નિંદ્ય છું... તો આપ મને પામવાની ઇચ્છા રાખતાં કેમ લજ્જા પામતાં નથી...?'

ભવદેવના અંતરમાં ચમકાર થયો... નાગિલાની વાત અંતરમાં, રગેરગમાં વિદ્યુતની માફક રમવા લાગી...ઝબકારો થયો...પરિણામની દિશા સુધી પહોંચશે... ? એ તો ભાવિ કહેશે.

# ૫ : : મોહ છૂટે તો...!

સંસારમાં માનવી જ્યારે દિશાહીન થઈ જાય છે ત્યારે તેજીનો ટકોરો પડતાં જ તેના હૈયામાં હલચલ મચી જાય છે. ભવદેવ મુનિ ઘણા સમય થયા દીક્ષા ગ્રહણ કરીને મુનિજીવન પાળતા હતા, પરંતુ હૈયામાં તો વિષયસુખ પામવાની ભાવના રમતી હતી, પોતાની પ્રિયા નાગિલાનું શું થયું હશે ? તેવા પ્રશ્નો હૈયાને બાળતા હતા... જ્યાં સુધી હૈયું શાંત ન બને, સ્થિર ન રહે ત્યાં સુધી મુક્તિની મંગલમાળા ધારણ કરી શકાતી નથી. જો હૈયું સ્વચ્છ હોય તો ત્યાગનો માર્ગ દીપી ઊઠે છે...મન સ્થિર ન હોય ત્યાં ગમે તેવો ત્યાગ, તપ, આરાધના કશું ફળદાયી નિવડતું નથી...

ભવદેવ મુનિ સુગ્રામ ગામે આવીને નાગિલાને પામવાની ઇચ્છા સેવી રહ્યાં હતા. પરંતુ નાગિલાના આંતરસૂઝભર્યા ઉત્તરથી ભવદેવનું હૈયું હચમચી ઉઠયું...અંતરમાં ઝબકાર થયો...

નાગિલાએ મધુર સ્વરે ભવદેવ સામે જોઈને કહ્યું : 'મુનિવર, આપ તો ધર્મના જ્ઞાતા છો...પર્વત પર બળતા અગ્નિને જોઈ શકો છો તો પછી પગની નીચે અગ્નિ બળે છે તેને કેમ જોતાં નથી .. ?

આપ અન્યને જે સમજાવો છો, જણાવો છો તે વાત આપ કેમ શીખતા નથી ? આપ આપે કહેલી વાતનું અનુસરણ કરો અને લીધેલા ભવ્ય ત્યાગમાર્ગને દીપાવો... '

નાગિલાના મધુર વચનોથી ભવદેવનો આત્મા જાગૃત બની ગયો અને મનમાં વિચારવા લાગ્યો કે ઓહ...મોહ, માયા, સ્નેહને મેળવવા આવ્યો...પણ સર્વત્યાગનો માર્ગ, વ્રતને ભૂલી ગયો.

ભવદેવમુનિએ વિનયભર્યા સ્વરે કહ્યું : ' હે ભદ્રે, સંસારમાં માનવી ઘણી વાર ભૂલ કરી બેસતો હોય છે. જો તેને યોગ્ય દૃષ્ટા મળી જાય તો તે ભૂલ કરતાં બચી જવા પામે છે. તારી સદ્‌વાણીથી, મધુર વચનોથી, તારી વાતથી હું નર્કાગારમાં પડતાં પડતાં બચી જવા પામ્યો છું...તેં મને દૃષ્ટિ આપી છે. જન્માંધની જેમ ઉન્માર્ગે જતો હતો, તેમાં તેં મને સન્માર્ગે આણ્યો છે. હવે તો હું સ્વજનોને મળીને પાછો ગુરૂદેવ પાસે ચાલ્યો જઈશ...અને વ્રતમાં લાગેલા અતિચારને આલોચીને દુષ્કર તપની આરાધના કરીશ... '

ભવદેવની વાત સાંભળીને નાગિલાએ ફરી કહ્યું : ' મુનિવર, જેણે છોડયું છે તેને મળવાનો, જાણવાનો મોહ તજી દેવો જોઈએ. આપ સ્વજનોને મળીને શું કરશો ? આપ આપે લીધેલા વ્રતને વળગી રહીને આત્મકલ્યાણની સાધનામાં લાગી જાઓ... કદાચ સ્વજનો પાસે જશો તો આપને ગુરૂદેવના દર્શન માટે વિક્ષેપરૂપ થઈ શકે... આથી મારી આપને વિનંતિ છે કે આપ ગુરૂદેવ પાસે જ જાઓ અને ઈન્દ્રિઓને વશમાં રાખીને વ્રત આચરો.. અને હું પણ સાધ્વીજી પાસે જઈને દીક્ષા અંગીકાર કરીશ... '

નાગિલાની વાત સાંભળીને ભવદેવ મુનિએ વિદાય લીધી. ભવદેવ મુનિ સીધા ગુરૂમહારાજ પાસે આવ્યા. ગુરૂ પાસે આલોચનાદિ ક્રિયા કરી.

નાગિલાએ સાધ્વીજી પાસે જઈને દીક્ષા અંગીકાર કરી.

ભવદેવ મુનિ અતિચાર રહિત ચારિત્રનું પાલન કરતાં કાળધર્મને પામ્યા ભવદેવ મુનિ પ્રથમ દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવ રૂપે ઉત્પન્ન થયા.

* * *

હવે આ તરફ ભવદત્ત મુનિ કઠિન તપશ્ચર્યા કરી સૌધર્મ દેવલોકને વર્યાં હતા, તેમનો જીવ સ્વર્ગથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્પકલાવતી વિજયમાં, પુંડરીકિણી નામની નયનોરમ્ય નગરીમાં વજ્રદત્ત નામના ચક્રવર્તીની યશોધરા નામની સ્ત્રીની કુક્ષિમાં અવતર્યો.

'સ્વામી, મને સમુદ્રમાં નહાવાનો દોહદ ઉત્પન્ન થયો છે...' યશોધરાએ સ્વામી સામે જોઈને કહ્યું.

વજ્રદત્તે કહ્યું: 'પ્રિયે, તારી કુક્ષિએ સુંદર પુત્રરત્નનો જન્મ થશે...તારો દોહદ અવશ્ય પૂર્ણ થશે.'

સરોવરમાં જેમ હંસ શોભા આપે છે તેમ યશોધરાની કુક્ષિમાં તે જીવ આવ્યાથી યશોધરા રાણીને સમુદ્રમાં સ્નાન કરવાનો દોહદ ઉત્પન્ન થયો તે સ્વામીને જણાવ્યો.

આથી વજ્રદત્ત રાજાએ પોતાની પ્રિય રાણીને થયેલ દોહદ પૂર્ણ કરવા માટે સમુદ્ર જેવી સીતા નદીમાં રાણીને ક્રીડા કરાવી.

આમ યશોધરાનો દોહદ પૂર્ણ કરાવ્યો. દોહદ પૂર્ણ થવાથી યશોધરાનું રૂપ ખીલવા લાગ્યું. માતૃત્વની ઝંખના દરેક સ્ત્રી ઝંખતી જ હોય છે. વૃક્ષની લતાઓની જેમ લાવણ્યમાં વૃદ્ધિ પામવા લાગી.

પુરા દિવસે વજ્રદત્ત ચક્રવર્તીની પ્રિયરાણી યશોધરાએ ગંગા જે રીતે સુવર્ણ કમળને જન્મ આપે તેમ ઉત્તમ પુત્રને જન્મ આપ્યો.

સમગ્ર રાજ્યમાં ઉત્સવ રચાવવામાં આવ્યો. સર્વત્ર આનંદ પ્રસરી ગયો. સૌ નગરજનો રાજભવનમાં આવીને રાજાને વધાઈ આપવા લાગ્યા, ભેટ–સોગાદ સોંપવા લાગ્યા.

મહારાજા વજ્રદત્તે દાનશાળા ખુલ્લી મૂકી, કારાગારમાં બંધન-ગ્રસ્ત કેદીઓને મુક્ત કર્યા.

યશોધરા રાણી અને વજ્રદત્ત મહારાજાએ રાજભવનમાં સર્વ દાસદાસીઓને પુત્રજન્મની ખુશાલીમાં અનેક ભેટો આપી. વજ્રદત્ત રાજાએ પોતાના પુત્રનું નામ સાગરદત્ત પાડયું. સમય જવા લાગ્યો.

સાગરદત્ત બાળવય પસાર કરીને યુવાનવયે પહોંચ્યો. સર્વ શાસ્ત્રોમાં પ્રવિણ થયો. અભ્યાસ માટે સર્વશ્રેષ્ઠ પંડિતો રાખવામાં આવ્યા હતા. સાગરદત્તની જ્યારે પરીક્ષા લેવાયી ત્યારે તે સૌ વિદ્યાર્થીઓમાં સર્વ પ્રથમ જાહેર થયો. યુવરાજ સાગરદત્ત અભ્યાસ પૂર્ણ કરીને રાજભવનમાં આવ્યો.

મહારાજા વજ્રદત્તે અને યશોધરા રાણીએ પોતાના વહાલસોયા પુત્રનું સ્વાગત કર્યું. રાજભવનમાં યુવરાજના આગમનથી સર્વ દાસ-દાસીઓ પ્રસન્ન બન્યા. સાગરદત્તે રાજભવનમાં આવીને સર્વ પ્રથમ માતાપિતાને પ્રણામ કર્યાં અને શુભ આશીર્વાદ માગ્યા.

ત્યારે રાજા-રાણીએ પ્રસન્ન સ્વરે આશીર્વાદ આપતાં કહ્યું: 'સાગર, સંસારમાં હંમેશા માતાપિતા પોતાના સંતાનો પ્રત્યે સ્નેહ, પ્રેમ, લાગણી ધરાવતાં હોય છે. તેમજ તેનું ભલું જ ઇચ્છતાં હોય છે.'

યુવરાજ સાગરદત્તે ઉત્તર ન આપ્યો પરંતુ માતાપિતાના ચરણમાં નમી પડ્યો. વજ્રદત્ત રાજાએ મધુર સ્વરે કહ્યું: 'સાગર, આજ રાત્રે રાજભવનના રંગમંડપમાં તારો વીણાવાદનનો કાર્યક્રમ નક્કી કર્યો છે, તારો અભ્યાસ અપૂર્વ છે તેમ તારા ગુરુદેવ કહેતા હતા....'

'પિતાજી, હું વીણા બજાવી જાણું છું. મને સંગીત પ્રત્યે મમતા છે, સંગીત ચિત્તને એકાગ્રતા બક્ષે છે. સંગીતના સ્વરોમાં

ખોવાયેલો માનવી વાસ્તવિકતાને ભૂલી જઈને સ્વરોમાં જ રમવા લાગે છે...'

'સાગર, જ્યારે કલાકાર સ્વરોમાં લીન બને, એકાગ્ર બને ત્યારે જ તેની સાધના દીપી ઉઠે છે.' વજ્રદત્ત રાજાએ કહ્યું.

'પિતાજી, આપની વાત સાચી છે...' યુવરાજ સાગરદત્તે કહ્યું.

'હવે આપ બન્ને આમ વાતો કર્યા કરશો તો ભોજન લેવામાં વિલંબ થશે... આપણે ભોજનખંડ તરફ જઈએ.' યશોધરાએ આછા હાસ્ય સાથે વચ્ચે બોલતાં કહ્યું.

'સાગર, ચાલો...આપણે તારી માતાની આજ્ઞા પાળવાની જ રહી...' વજ્રદત્તે પણ હળવાશથી કહ્યું.

સૌ આછું હાસ્ય રેલાવતાં ભોજનકક્ષમાં આવ્યા.

ભોજનકક્ષમાં પાત્રો ગોઠવાઈ ગયા હતા. પાકશાસ્ત્રીએ અને અન્ય સેવકોએ ભોજન પીરસવાનું શરૂ કર્યું વજ્રદત્ત રાજા, યશોધર-રાણી અને યુવરાજ સાગરદત્ત સુવર્ણના આસન પર બીરાજ્યા હતા.

રાજા, રાણી અને પુત્રએ આનંદપૂર્વક ભોજન કર્યું. ભોજન સમાપ્ત થયા પછી ત્રણેય ઊભા થયા. સૌએ મુખવાસ લીધો અને આરામખંડમાં આવ્યા.

યુવરાજ સાગરદત્ત માતાપિતાની રજા મેળવીને પોતાના ખંડમાં આવ્યો. વજ્રદત અને યશોધરારાણી શય્યા પર બેઠા.

યશોધરાએ સ્વામી સામે જોઈને કહ્યું: 'સ્વામી, હવે ઢીલ કરવી તે યોગ્ય નથી...'

'તું કઈ બાબત અંગે જણાવે છે?'

'આપણા પુત્રની વાત કરૂં છું...'

'શું.. ?' વજ્રદત્તરાજાને કશું યાદ નહોતું રહ્યું.

'પ્રિયત્તમ, આપ જલ્દી ભૂલી જાઓ છો. આપણો સાગર હવે

યૌવનવય પામ્યો છે, તે દરેક શાસ્ત્રોમાં પ્રવિણ છે. આપણે ત્યાં અનેક રાજ્યોની કુંવરીના કહેણ આવે છે. આ માટે હવે શાંતિથી વિચારીને સાગરને યોગ્ય કન્યા મેળવીને તેના વિવાહ કરી નાખવા જોઈએ...'

'પ્રિયે, તારી વાત સાચી છે. હું એક બે દિવસમાં મહામંત્રીને કાને આ વાત નાખીશ, પણ હજુ આપણો પુત્ર તો નાનો છે...!'

'સ્વામી, દરેક માતાપિતાને તેના સંતાન હંમેશા નાના જ લાગતા હોય છે પરંતુ મહામંત્રીને વાત કરવામાં જરા પણ ઢીલ કરતા નહિ... !'

'નહિં...હું આ વાત યાદ રાખીને ત્વરિત નિર્ણય થાય તેવા પ્રયત્નો કરીશ...' વજ્રદત્ત રાજા પ્રિયાને નજીક લેતા હતા અને મુખ પર ચુંબન ચોડવા જતા હતા ત્યાં યશોધરાએ કહ્યું: 'સ્વામી, ખંડનું દ્વાર અર્ધખુલ્લું છે...અને હવે આપણો પુત્ર યુવાન થયો છે.'

'પ્રિયે, પ્રેમમાં વયનો બાધ નથી...' વજ્રદત્ત રાજાએ રાણીના ઉત્તરની અપેક્ષા રાખ્યા વિના પ્રિયાને મુખ પર ચુંબન ચોડી દીધું.

'સ્વામી, હવે હું આપની પાસે વધુ વાર બેસીશ તો રસકવિની માફક કવિતાઓ છેડવા માંડશો...' કહીને યશોધર ઊભી થઈ અને સ્વામીની આજ્ઞા લઈને તેના ખંડમાં આવી.

એ જ દિવસે રાત્રિના પ્રથમ પ્રહર પછી રાજભવનના રંગમંચ પર યુવરાજ સાગરદત્તનું વિણાવાદન રાખવામાં આવ્યું છે તે નગરીના મુખ્ય નાગરિકો, મંત્રીવર્ગ અને રાજભવનના દાસદાસીઓ જાણતાં હતાં. નિશ્ચિત સમયે નગરીના આગેવાન નાગરિકો રંગમંડપમાં યોગ્ય સ્થાને બેસી ગયા. મંત્રીવર્ગ પણ આવી ગયો. યુવરાજ સાગરદત્તના ગુરુદેવ પણ પોતાના શિષ્યનું વિણાવાદન સાંભળવા આવ્યા હતા.

ચારે તરફ દીપમાલિકાઓ પ્રગટાવવામાં આવી હતી જેથી પ્રકાશ

પૂર્ણપણે મળી રહ્યો હતો. રંગમંડપમાં એક નાના મંચની રચના કરી હતી જ્યાં સાગરદત્ત અને મૃદંગવાદક કમલભદ્ર બેસવાના હતા મંચની જમણી કોર મહારાજા વજ્રદત્ત અને યશોધરાની બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મહામંત્રી, ગુરુદેવ, રાજપુરોહિત વગેરેની વ્યવસ્થા જ્યાં મહારાજાની બેઠક વ્યવસ્થા હતી તે હરોળમાં અગ્રભાગે કરવામાં આવી હતી. જ્યારે મંચની ડાબી બાજુ સેનાનાયકો, સામંતો, ભાયાતો, ચારણો, કલારસિકો, મુખ્ય નાગરિકોની બેઠક વ્યવસ્થા કરવામાં આવી હતી.

રાજપરિવારના અન્ય સભ્યોની વ્યવસ્થા મહારાજાની હરોળમાં જ કરવામાં આવી હતી.

યુવરાજ સાગરદત્તનું વીણાવાદન સાંભળવા માટે સૌ આમંત્રિતો આવી ગયા હતા. મહાદેવી પણ આસન પર બેસી ગયા હતા. સૌની દૃષ્ટિ મંચ પર બેઠેલા યુવરાજ સાગરદત્ત પર હતી.

પરંતુ સાગરદત્ત કંઈ કહે તે પહેલાં મહામંત્રી પોતાના આસન પરથી ઊભા થયા અને સમગ્ર સભામંડપમાં દૃષ્ટિ ફેરવીને મધુર સ્વરે કહ્યું : 'મહારાજા, મહાદેવી, યુવરાજશ્રી તેમજ આમંત્રિત ગણ, આપ સૌ યુવરાજશ્રીનું વીણાવાદન સાંભળવા માટે આતુર બન્યા છો તે આપના મુખભાવ પરથી જાણી શકાય છે. યુવરાજશ્રી સર્વ શાસ્ત્રોમાં પારંગત બનીને આજે જ રાજભવનમાં આવ્યા છે અને તેમની કલાની પ્રસાદી આપણને સૌને મળે તે હેતુથી મહારાજના કહેવાથી આ કાર્યક્રમનું આયોજન થયું. આજ રાજભવનમાં યુવરાજશ્રી પાસે નગરીના અનેક લોકો વધાઈ આપવા ગયા હતા. તેથી યુવરાજશ્રી શ્રમિત બન્યા હશે...પરંતુ જ્યારે સંધ્યા સમયે મેં તેઓશ્રીને કાર્યક્રમ બાબત પૂછ્યું ત્યારે અત્યંત આનંદ સાથે વીણા બજાવવાની વાત કરી...તેઓએ કહ્યું કે સંગીતની સાધના કે બજાવવાથી થાક ઉતરી જાય છે. મન શાંત

થાય છે...હવે મહારાજા આજ્ઞા આપે એટલે કાર્યક્રમની શરૂઆત થાય...' મહામંત્રી બેસી ગયા.

યુવરાજ સાગરદત્તે માતાપિતા અને ગુરુદેવને નમન કરીને કહ્યું : ' મહારાજ, મહાદેવી તેમજ આમંત્રિતો, આજ આપની સમક્ષ હું રાગ ' ચંદ્રકિરણાવલી ' બજાવીશ...શૃંગાર પ્રધાન રાગ આપ સૌને પ્રિય થઈ પડશે. રાગમાં આવતાં મધુર સ્વરો આપના હૈયાને આનંદ પમાડશે મારી સાથે મૃદંગ પર કમલભદ્રજી સાથ આપી રહ્યાં છે. હું કોઈ મોટો કલાકાર નથી છતાં મેં જે શિક્ષા પ્રાપ્ત કરી છે તે હું આપની સમક્ષ રજૂ કરું છું...'

યુવરાજ સાગરદત્તે તરત જ વીણા હાથમાં લીધી અને વીણાના સ્વરો મેળવ્યા. મૃદંગવાદક કમલભદ્રે પણ મૃદંગ મેળવ્યા.

હર્ષનાદ વચ્ચે યુવરાજ સાગરદત્તે ' ચંદ્રકિરણાવલી 'ને શ્રોતાજનો સમક્ષ બીછાવી.

ચંદ્રકિરણાવલી...!

સુમધુર રાગ અને સુમધુર સ્વરોનો સમૂહ !

શ્રૃંગારપ્રધાન રાગ હોવાથી દરેક શ્રોતાજનોને પ્રસન્ન કરી મૂકે તેવો રાગ હતો.

સાગરદત્ત ચંદ્રકિરણાવલીનો આલાપ વીણા પર શરૂ કર્યો... આલાપમાં રાગનું રૂપ, બંધારણ અને મર્યાદા રજૂ થાય છે.

ચંદ્રકિરણાવલીનો આલાપ...!

સર્વ શ્રોતાજનો રસમગ્ન બનીને ચંદ્રકિરણાવલીનો આસ્વાદ માણી રહ્યા હતા.

સાગરદત્ત ખૂબ જ ધૈર્યથી અને લીન બનીને ચંદ્રકિરણાવલીને આલાપ દ્વારા પ્રકાશિત કરતો હતો. કોઈકોઈ વાર મૃદંગવાદક પણ ધન્ય ધન્ય પોકારી ઊઠતો હતો.

મહારાજા, મહાદેવી તેમજ અન્ય રાજકર્મચારી વર્ગ પણ પ્રસન્ન બનીને રાગનો આનંદરસ પી રહ્યા હતા.

સાગરદત્ત ચંદ્રકિરણાવલી વીણા પર એકાગ્ર બનીને બજાવી રહ્યો હતો. જ્યારે કલાકાર સંગીતમાં એકાગ્રતા કેળવે છે ત્યારે જ રાગ ખીલી ઊઠે છે. રાગનું અનુપમ સૌંદર્ય પ્રસારિત થાય છે.

લગભગ અર્ધઘટિકા પર્યંત ચંદ્રકિરણાવલીનો આલાપ ચાલ્યો. ત્યારબાદ સાગરદત્તે વિલંબિત લયની ધૂન શરૂ કરી...

શ્રોતાજનો નાચી ઊઠ્યા.

સૌના હૈયાં પ્રસન્ન બની ગયા. વચ્ચે વચ્ચે ધન્ય ધન્ય કહેવા લાગ્યા.

વિલંબિત લયમાં રાગનું સ્વરૂપ અતિ સુંદર રીતે સાગરદત્તે રજૂ કર્યું. સાગરદત્તના ગુરુદેવ પણ પ્રસન્ન બની ગયા હતા.

ત્યારબાદ મધ્યલય શરૂ થઈ. 'જયતાલ' મૃદંગ પર વાગતો હતો. કમલભદ્ર પણ યુવરાજશ્રીને બરાબર સાથ આપી રહ્યો હતો.

અને અતિ દ્રુતલય સાગરદત્તે વીણા પર બજાવવી શરૂ કરી .. કમલભદ્ર પણ યુવરાજની સાથે મૃદંગ બજાવવા તૈયાર થયો.

અને યુવરાજશ્રીએ વીણા પર જમાવટ કરી.

કમલભદ્રે મૃદંગ પર જમાવટ કરી...

શ્રાતાઓ હર્ષ વ્યક્ત કરવા લાગ્યા અને સૌના મનમાં એમ જ થતું હતું કે હજુ સુધી આટલું સુંદર વીણાવાદન સાંભળ્યું નથી. યુવરાજશ્રીની વીણા પરની સાધના ખરેખર અપાર છે...! તેઓએ કઠિન સાધના કરી છે...!

થોડી વારમાં ચંદ્રકિરણાવલી રાગ પૂરો થયો.

શ્રાતાજનોએ યુવરાજની કલાને બીરદાવીને ધન્યવાદ આપવા લાગ્યા. યુવરાજ સાગરદત્તના ગુરુદેવ મંચ પર આવ્યા અને ખૂબ જ પ્રસન્ન બનીને કહ્યું : 'આજ મારી પ્રસન્નતા ખીલી ઊઠી છે...

યુવરાજશ્રીએ ચંદ્રકિરણાવલી બરાબર રીતે સમજીને આપની સમક્ષ રજૂ કર્યો છે. તેમની સાધના અપૂર્વ છે...'

સૌએ સાગરદત્તના ગુરુદેવની વાતને પ્રસન્નતાપૂર્વક વધાવી લીધી.

અને કાર્યક્રમની સમાપ્તિ થઈ. સૌ શ્રોતાજનો ચંદ્રકિરણાવલીના મધુર સ્વરોને હૈયામાં વાગોળતા પોતપોતાને સ્થાને જવા લાગ્યા.

રાજા વજ્રદત્ત અને યશોધરારાણીએ પુત્રને અભિનંદન આપ્યા. સૌ રાજભવન તરફ પાછા ફર્યા.

મહારાજા વજ્રદત્તે મહામંત્રીને સાગરદત્ત માટે યોગ્ય રાજકન્યાઓ પ્રાપ્ત થાય તે અંગે વાત કરી.

અને...થોડા દિવસોમાં ઉત્તમ રાજકન્યાઓ સાથે સાગરદત્તના વિવાહ થયા. સાગરદત્ત અનેક પ્રિયાઓ સાથે આનંદપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યો.

આમેય જ્યાં સમૃદ્ધિ હોય, સાહ્યબી હોય, સુખવૈભવ હોય ત્યાં દિવસો ક્યાં જતાં રહે છે તેની કલ્પના આવતી નથી.

એક વાર સાગરદત્ત પોતાની પ્રિયાઓ સાથે પોતાના મહેલના ઝરૂખે બેઠો હતો. સૌ આનંદભરી વાતો કરી રહ્યાં હતા.

ત્યાં સાગરદત્તની એક પ્રિયાએ સ્વામી સામે જોઈને કહ્યું: 'સ્વામી, આકાશ સામે જુઓ તો...મેરુ પર્વતના જેવો વાદળોનો સમૂહ જાણે આ તરફ જ આવી રહ્યો છે...'

સાગરદત્તે પ્રિયાની વાત સાંભળીને આકાશ તરફ દૃષ્ટિ કરી... અને મનમાં થયું કે ઓહ...શાસ્ત્રમાં જેવું મેરુ પર્વતનું વર્ણન કરવામાં આવ્યું છે તેવો જ આ વાદળોનો સમૂહ છે...એની રમણીયતા અને સૌંદર્ય અપૂર્વ જણાય છે...

આમ સાગરદત્ત તે મેરુ પર્વત જેવા દેખાતા વાદળોના સમૂહને નીરખવામાં જ મગ્ન બન્યો. તેવામાં એકાએક તે મેઘમાળા પાણીના પરપોટાની જેમ વિખરાઈને ક્યાંય જતી રહી...

સાગરદત્ત વિચારમગ્ન બન્યો. કેવું સૌંદર્ય હતું...! કેવી અલૌકિકતા જણાતી હતી પણ થોડી વારમાં બધું વિલિન થઈ ગયું...!

ઓહ...જેમ આ મેઘ ક્ષણિક છે તેવી જ રીતે આપણું આ શરીર પણ ક્ષણિક છે, તો પછી સંપત્તિ, સુખ, વૈભવ, વિલાસ બધું ક્ષણિક જ છે. જે વસ્તુ પ્રાત:કાળે જોઈએ છીએ તે મધ્યાહ્ન-કાળે જોઈ શકાતી નથી. અને જે મધ્યાહ્ને જોઈ શકાય છે તે સાયંકાળે જોવા મળતી નથી. ખરેખર આ સંસારમાં પદાર્થોની અનિત્યતા કેવી છે...!

તો પછી હું આ ભવભ્રમણ કરાવે, સુખોપભોગમાં વધુ આક-ર્ષણ કરાવીને વધુ કર્મો બંધાવે તેવા આ સંસારમાં મારું શું કામ છે ?

તો હું વિવેકરૂપ જળથી સીંચેલા મનુષ્યજન્મ રૂપી વૃક્ષના ફળ રૂપ સકામ નિર્જરાના સારવાળા વ્રતને ગ્રહણ કરું...

સાગરદત્તના હૈયામાં તોફાન મચી ગયું.

એક નાના એવા સામાન્ય પ્રસંગથી હૈયામાં ત્યાગનો દિપક જલી ઊઠ્યો. સંસાર પરથી મોહ દૂર થયો. સાગરદત્તની પ્રિયાઓ તો આશ્ચર્ય પામી ઊઠી અને મનમાં વિચારવા લાગી કે સ્વામીને એકાએક શું થયું.. ?

થોડી વાર પહેલાં આનંદભરી વાતો કરી રહ્યા હતા અને અચાનક તેમના ચહેરા પર, વાણીમાં, વર્તનમાં ફેરફાર શા કારણે થયો ?

એક પ્રિયાએ પૂછ્યું : 'સ્વામી, આપનું મૌન અમને સૌને અકળાવનારૂં બન્યું છે...આપ કયા વિચારે ચડી ગયા છો ?'

'પ્રિયે, સંસારની અનિત્યતા પર વિચાર કરી રહ્યો છું...' સાગરદત્તે કહ્યું,

'સ્વામી, આપની વાત સમજાણી નહિ...' બીજી પ્રિયાએ કહ્યું.

'પ્રિયે, આ દેહ ક્ષણભંગુર છે. આપણે જે ભૌતિક સુખમાં આનંદ માણીએ છીએ તે માત્ર સુખની ભ્રમણા જ છે...વધુ સમૃદ્ધિ, વૈભવ-વિલાસમાં રચ્યાપચ્યા રહીએ તો શારિરીક અને માનસિક આનંદની અનુભૂતિ થાય પરંતુ મેળવવા જેવો જે છે તે આત્મિક આનંદ પ્રાપ્ત થતો નથી. આત્મિક સુખ પ્રાપ્ત કરવા માટે, ભવ-સાગર પાર કરવા માટેનો એક જ માર્ગ છે...!'

'કયો માર્ગ છે?' એક પ્રિયાએ વચ્ચે બોલતાં કહ્યું.

'પ્રિયે, સર્વત્યાગનો માર્ગ સર્વોત્તમ છે. તપ, ધ્યાન, તપશ્ચર્યા, રત્નત્રયીની આરાધના કરવાથી આત્માનું કલ્યાણ થાય છે.'

'સ્વામી, શું આપ અમને છોડીને જશો?'

'પ્રિયે, સંસારમાં કોઈ અમર રહી શકયું નથી. સમય થતાં કોઈ પણ જીવે વિદાય લેવી પડે છે. સંસારમાં રહીને નિશ્ચિંત મને આરાધના થઈ શકતી નથી. આપની આંખોમાં આંસુ દેખાય છે તે મારા પ્રત્યેનો મોહ છે...મોહ માનવીના મનને પરવશ કરી મૂકે છે. જો મોહનું મૃત્યુ થાય તો જ માનવી આત્મકલ્યાણની સાધના કરી શકે છે. આ મારું છે...મેં કર્યું છે...વગેરે પ્રકારની લાગણીઓ જ્યાં સુધી હૈયામાં હશે ત્યાં સુધી આત્મવિજયી ન બની શકાય. એ માટે જ સર્વનો ત્યાગ દર્શાવવામાં આવ્યો છે. મોહ, માયા, વૈભવ, વિલાસને છોડીને ત્યાગના માર્ગને દીપાવવાનો હોય છે મુક્તિનો પંથ દેખાવમાં સુંદર જણાય પરંતુ પંથ પર પગ મૂકતાં અને તેમાં વિજયી બને તો જ તે માર્ગ ઉજ્જવળ બને છે. પ્રિયે, આપ સૌને પ્રથમ જણાવું છું અને આપ સૌની આજ્ઞા માંગુ છું. મને વિશ્વાસ છે કે આપ મારી આરાધનાના વિક્ષેપરૂપ નહિ બનો...'

'સ્વામી...' બધી રાણીઓની આંખમાં આંસુ હતા. આથી માત્ર સ્વામીનું સંબોધન કરી શકી.

'પ્રિયે, આમ આંસુ સારવાથી આપ સૌનું હૃદય દુઃખી

થાય છે. જે માર્ગ આવકારદાયક છે, કલ્યાણકારી છે, મહામંગલકારી માર્ગ છે તે માર્ગનો જેનો સ્વામી પથિક બને છે તે શુભ પ્રસંગે આંસુડાથી અભિનંદન અપાય...! આપ સૌ મારા પ્રત્યેનો મોહ ખંખેરી નાખશો તો અવશ્ય આપના હૈયામાં હર્ષ અને આનંદની લાગણી જન્મશે...આપ સૌને એક વાત સમજાવું...!'

સાગરદત્તની દરેક પ્રિયાઓ શાંત બનીને નતમસ્તકે સ્વામીના પ્રભાવશાળી, તેજસ્વી જણાતા ચહેરા સામે અપલક નયને નિહાળી રહી.

સાગરદત્તે કહ્યું : 'પ્રિયે, માનવભવ અપૂર્વ છે, જો માનવી આવેલી પળનો બરાબર ઉપયોગ ન કરે તો તેનો ફેરો સફળ થતો નથી. કાયા એક દિવસ જર્જરિત બનીને પડી જવાની છે. એ કાયાનો ધર્મ છે પરંતુ આત્મા પર વિજય ન મેળવીએ તો અનંત ભવના ફેરામાંથી પાર ન ઉતરીએ. આથી સર્વત્યાગનો માર્ગ જ આત્મા પર વિજય મેળવવાનો સહેલો અને સીધો માર્ગ છે... સરળ પ્રયત્ન છે...શ્રદ્ધા, ભક્તિ, વિશ્વાસ માનવીના કાર્યને વધુ વેગવંત અને પૂર્ણ બનાવવામાં સહાયક બને છે. પ્રિયે, આવા શુભ પ્રસંગે આવો શોક ન શોભે...જે પહેલાં કરવું જોઈતું હતું તે આજ કરું છું... અત્યાર સુધી મોહ, માયાના અંધકારમાં ગળાડૂબ હોવાથી આત્મકલ્યાણનો માર્ગ શોધી શકયો નહિ. પ્રિયાઓના વચનથી, માત્ર વાદળદળ જોવાથી, વિખેરાવાથી મારા હૈયામાં ખળભળાટ થયો અને મને મારો માર્ગ જડી ગયો... હું તો આપ સૌનો આભાર માનું છું કે આપે મને માર્ગ બતાવ્યો...આપ સૌ પ્રસન્ન હૃદયે રજા આપો...'

'સ્વામી, અમે તો આપને રજા આપીશું તે પહેલાં માતા-પિતાની રજા મેળવી લો...'

'પ્રિયે, મારા માતાપિતા મારો આ સુંદર અને સર્વશ્રેષ્ઠ નિર્ણય સાંભળીને આનંદ પામશે અને હર્ષપૂર્વક આજ્ઞા આપશે...' સાગરદત્તો કહ્યું.

'તો પછી અમે પણ રજા આપીશું...' એક પ્રિયાએ કહ્યું. સાગરદત્તની દરેક પત્નીઓના હૈયામાં એમ જ હતું કે સ્વામીને ક્યારેય ત્યાગમાર્ગ પર જવાની આજ્ઞા માતાપિતા આપશે જ નહિ... આથી ભલે તેઓ તેમની આજ્ઞા માગવા જાય...

સાગરદત્ત તરત જ આસન પરથી ઊભો થયો અને જ્યાં માતાપિતા બેઠા હતા તે ખંડમાં રજા લઈને દાખલ થયો.

# ૬ : બંધન અને મુક્તિ

માનવીના અંતરમાં જ્યારે વૈરાગ્યનો પ્રકાશ અને અને જ્ઞાનની જ્યોત પ્રગટી ઊઠે છે ત્યારે તે ક્ષણમાત્ર સંસારના સુખોપભોગમાં રાચવા ઇચ્છતો નથી. વૈભવ વિલાસને તિલાંજલિ આપીને મુક્તિનો માર્ગ સ્વીકારી લે છે અને આત્મકલ્યાણ અર્થે મંગલકારી આરાધના આરંભી દે છે.

સાગરદત્ત પત્નીઓ પાસેથી વિદાય થયો અને પોતાના પ્રત્યે અતિ સ્નેહ રાખતા માતાપિતા પાસે આવ્યો.

વજ્રદત્ત રાજાએ પોતાના પુત્રને ખંડમાં આવતો જોઈને હર્ષ-ભર્યા સ્વરે કહ્યું : 'આવ...પુત્ર...આવ અમે તારી જ વાતો કરી રહ્યા હતા...'

સાગરદત્તે જોયું તો માતાનું મુખ પણ પ્રસન્ન હતું. સાગરદત્ત હળવે પગલે માતાપિતા પાસે આવ્યો અને નમન કર્યાં.

'પિતાજી, મારી શું વાત કરતા હતા?' સાગરદત્તે એક આસન પર બેઠક લેતાં કહ્યું.

'મારા પ્રિય પુત્ર, તું સુખ, વૈભવવિલાસમાં આનંદથી રહે છે. તને કોઈ પણ જાતનું દુઃખ તો નથી ને...! પુત્રવધૂ પણ અતિ સ્નેહાળ અને પ્રેમાળ છે...એવી વાતો તારી માતા મને કહી રહી હતી...ખરેખર આ સમાચારથી અમને બન્નેને આનંદ થયો...'

'પિતાજી, આપને જે આનંદ થયો તે તો ક્ષણિક આનંદ આનંદ છે. અપૂર્વ આનંદ મેળવવા માટે હું આપની રજા લેવા આવ્યો છું.'

'મને તારી વાત સમજાણી નહિ...' માતા યશોધરાએ કહ્યું.

'માતાજી, હું આજે સુખ, વૈભવવિલાસ વચ્ચે રહું છું... તેમાં જે પ્રકારનો આનંદ મળે છે તેનાથી મન સંતોષ થાય પણ અંતરમાં અપૂર્વ આનંદની ધારા નથી વહેતી...આથી થોડી વાર પહેલાં આકાશમાં મેં નજર કરી તો વાદળોનું દળ જઈ રહ્યું હતું જે અત્યંત સુંદર અને આંખને ગમે તેવું હતું. રમણીયતા અપાર હતી...ત્યાં થોડી વારમાં તે મેઘમાળા પાણીના પરપોટાની જેમ વિખેરાઈને ક્યાંય જતી રહી. આથી મારા અંતરમાં પ્રશ્ન થયો કે આ સંસારનું સુખ પણ ક્ષણિક જ છે ને? આ શરીરનું સુખ પણ ક્ષણિક છે...તો પછી અનંત સુખ, અપૂર્વ આનંદ મેળવવા શું કરવું...? માતાજી, મેં ખૂબ વિચાર કર્યા પછી જ નિર્ણય લીધો કે સર્વત્યાગ વગર બીજો કોઈ માર્ગ નથી...આત્મકલ્યાણની આરાધના કરવા માટે ભૌતિક સુખ, વૈભવવિલાસનો ત્યાગ કરવો જ જોઈએ... માતાજી, પિતાજી, હું સર્વત્યાગના મંગલમય માર્ગે જવા ઇચ્છું છું...આપ આજ્ઞા આપો...'

માતા યશોધરા સાગરદત્તની વાત સાંભળીને બહાવરી બની ગઈ. તે ગળગળા સ્વરે રડતા રડતા બોલી : 'પુત્ર, તારો આ નિર્ણય યોગ્ય નથી...' માતા યશોધરા આગળ કશું ન બોલી શકી. આંખ- માંથી આંસુની ધારા વહેતી હતી...સંસારનું સ્વરૂપ જ એવું છે કે

જ્યાં મોહ છે ત્યાં સ્વાર્થ છે, બંધન છે અને આ બંધનમાંથી છૂટવું આકરું છે...જો મોહ છૂટે તો જ્ઞાનનો પ્રકાશ દૂર નથી. સાગરદત્તને થયું કે માતાપિતાને મારા પ્રત્યે પ્રેમ, લાગણીની સાથોસાથ મોહ પણ છે...જો હું મારા માતાપિતાને રાજી કરીશ તો મારો માર્ગ સ્વચ્છ બની જશે ..'

'માતાજી, આપના હૈયામાં સંતાન પ્રત્યેની અપૂર્વ લાગણી, સ્નેહને કારણે મારો આ નિર્ણય આપને યોગ્ય જણાતો નથી. દરેક માતાપિતાને પોતાના સંતાનો પર અપૂર્વ મમતાભાવ હોય છે.'

'સાગર, મારી એક વાતને ધ્યાનથી સાંભળજે...' વજ્રદત્તરાજાએ કહ્યું.

'પિતાજી, આપની વાત હું ધ્યાનથી સાંભળીશ... આપ શું કહેવા ઇચ્છો છો ?'

'સાગર, યુવાવસ્થામાં વ્રત લેવાનો આગ્રહ ન કરવો. ત્યાગનો માર્ગ સરળ નથી. દેખાવમાં ભલે સરળ લાગે પરંતુ જ્યારે ત્યાગમાર્ગ સ્વીકારવામાં આવે ત્યારે તે કઠિન થઈ પડે છે. તું હજુ નવયુવાન છો...સંસારનાં સુખો ભોગવ અને તારી સ્ત્રીઓને સુખ આપ...આવા સંસારત્યાગના વિચારોને જરા પણ સ્થાન અંતરમાં ન આપવું જોઈએ. હમણાં તું યુવરાજ છો અને હવે પછી રાજા થવાનો છે... આથી લાંબા સમય સુધી રાજ્યનું સંચાલન કરવાનું છે અને ત્યારબાદ જ્યારે એવી પળ આવી પડે ત્યારે અવશ્ય તું સર્વત્યાગના પંથે કદમ મૂકજે...'

માતાપિતાની વાત સાંભળીને સાગરદત્તે ખૂબ જ વિનયભર્યા સ્વરે કહ્યું : 'પિતાજી, મેં રાજ્યલક્ષ્મી ગ્રહણ ન કરવાનો નિયમ લીધો છે તો પછી શા માટે મને દીક્ષા લેવાની રજા આપતા નથી...?'

'પરંતુ હજી તારી ઉંમર નાની છે...તને હજુ સંસારના સ્વરૂપનો

ખ્યાલ નથી...દીક્ષા લીધા પછી તેના નીતિનિયમોને વળગી રહેવું આકરૂં થઈ પડશે...માટે સાગર, તું સંસારમાં ભાગ્યશાળીને મળે એવા રાજ્યસુખનો શા માટે ત્યાગ કરે છે...રાજલક્ષ્મીને સુખેથી ભોગવ...'

'પિતાજી, સર્વત્યાગનો પંથ આકરો અને તેના પર પગ મૂકનાર માટે આકરી કસોટીરૂપ છે તે વાત હું જાણું છું. પરંતુ આ માર્ગ આકરો તેને લાગે કે જે માત્ર ઉત્સુક બનીને આવતો હોય, હૈયામાં સંસારના રંગો ચોંટેલા હોય, ત્યારે જેને એક પળ પણ સંસારના સુખો ભોગવવામાં વેદના થતી હોય તેને માટે સર્વત્યાગનો કંટક સમાન જણાતો માર્ગ અંતરને સાતા આપનારો બની રહે છે. આપ બન્ને મને પ્રસન્ન હૃદયે રજા આપો...' સાગરદત્તે વિવેકભરી ભાષામાં કહ્યું.

આમ થોડી વાર ચર્ચા ચાલી.

અને સાગરદત્તના માતાપિતાને વાત સમજાણી અને પોતે જે ન કરી શકયા તો શા માટે પુત્રના માર્ગમાં વિઘ્નરૂપ થવું ? એ વિચારે વજ્રદત્ત અને યશોધરા રાણીએ સર્વત્યાગનો માર્ગ અજવાળવા માટે રજા આપી.

સાગરદત્ત તરત જ માતાપિતાને નમી પડયો. તે તરત જ પ્રિયાઓ પાસે આવ્યો અને માતાપિતાએ રજા આપી તે વાત કરી. ત્યારે દરેક પ્રિયાઓ પ્રસન્ન સ્વરે બોલી ઊઠી : 'સ્વામી, આપને ધન્ય છે...! આપ સર્વત્યાગનો માર્ગ અજવાળો...આપની આત્મચિંતનની આરાધના વિજયી બનો...' સૌની આંખમાં હર્ષના આંસુ હતા.

સાગરદત્ત પ્રિયાઓની વાત સાંભળીને પ્રસન્ન બન્યો.

બીજે દિવસે અનેક રાજપુત્રો સહિત સાગરદત્તે સાગર નામના આચાર્યની પાસે પ્રવજ્યા ગ્રહણ કરી.

સમય ચાલ્યો જાય છે. સમયને કોઈ રોકી શકતું નથી. તે તો નિરંતર ચાલ્યા જ કરે છે.

વિવિધ પ્રકારના અભિગ્રહોને ધારણ કરતાં અને ગુરુદેવની સેવામાં મગ્ન બનીને સાગરદત્ત મુનિ શાસ્ત્રમાં પારંગત થયા. રત્નત્રયીની આરાધનામાં મગ્ન બન્યા. તપશ્ચર્યાને કોઈ પણ વસ્તુ દૂર નથી એ વાત સાગરદત્ત મુનિએ સિદ્ધ કરી બતાવી. સાગરદત્ત મુનિને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું.

સાગરદત્ત મુનિ સર્વ જગ્યાએ વિહરવા લાગ્યા અને સર્વ જીવોને ધર્મોપદેશ આપીને સંસારના સ્વરૂપનો સાચો ખ્યાલ આપવા લાગ્યા.

જ્યારે આ તરફ ભવદેવનો જીવ આયુષ્ય પૂર્ણ થયે સ્વર્ગમાંથી ચ્યવીને તે જ વિજયમાં, વીતશોકા નામની સુંદર, મનોરમ્ય નગરીમાં પદ્મરથ નામના રાજાની રાણી વનમાળાની કુક્ષિએ શિવ નામે પુત્ર થયો.

રાજભવનમાં આનંદનો અપૂર્વ અવસર હતો. સમગ્ર નગરીમાં આઠ દિવસ સુધી ઉત્સવ ઉજવાયો. સૌ નાગરિકો, પ્રજાના આગેવાનો પુત્રજન્મની વધાઈ આપવા રાજભવનમાં આવવા લાગ્યા. મહારાજા પદ્મરથ સૌને ભવનમાં આવકારતો અને પ્રેમથી પોતાની પાસે બેસાડતો.

શિવકુમાર અનેક રાજસુખો વચ્ચે મોટો થવા લાગ્યો. તેની સારસંભાળ માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. રાજકુમારની દરેક ઇચ્છા સંતોષાય તે માટે પુરતું લક્ષ આપવામાં આવતું હતું.

શિવકુમાર પાંચ વર્ષનો થયો ત્યારે પાઠશાળામાં અભ્યાસ અર્થે બેસાડવામાં આવ્યો. શિવકુમાર શસ્ત્રસંચાલન, રાજનીતિ, કુટનીતિ, સંગીત, અંકશાસ્ત્ર, વ્યાકરણ, ધર્મ, તીરંદાજી, તલવારબાજી વગેરે અનેક વિદ્યાઓમાં પ્રવીણ બન્યો ત્યારે સોળ વર્ષનો ઉગતો

નવયુવાન બની ગયો. સુકુમાર શરીર, બલિષ્ઠ કાયા, વિશાળ વૃક્ષ-સ્થળ, વિશાળ કપોલપ્રદેશ, અપાર શક્તિનો સ્વામી બન્યો. શિવકુમાર દેખાવે પણ સુંદર અને સોહામણો લાગતો હોવાથી અનેક પ્રદેશના ઉત્તમ રાજવીઓની સુંદર, રૂપવતી, સંસ્કારી રાજકન્યાઓ સાથે પરણવાથી શોભવા લાગ્યો.

એક દિવસ શિવકુમાર પોતાની પ્રિયાઓ સાથે રાજમહેલમાં બેઠો હતો. તેવામાં તે નગરીની બહાર ઉપવનમાં સાગરદત્ત મુનિ પધાર્યા. સાગરદત્ત મુનિ આહાર માટે નગરી તરફ આવતાં. આમ તે નગરીમાં કામસમૃદ્ધ નામનો સાર્થવાહ રહેતો હતો. તે ઘણો ધર્મ પ્રત્યે આસ્થા રાખવાવાળો હતો...અંતરમાં અપાર ભક્તિ અને શ્રધ્ધા ભરી હતી. કામસમૃધ્ધે પોતાને આંગણે આહાર માટે આવેલા સાગરદત્ત મુનિને ભક્તિ વડે માસખમણને પારણે પ્રતિલાભ્યા.

એ પ્રસંગે સુપાત્રદાનના પ્રભાવથી કામસમૃદ્ધના ભવનમાં આકાશમાંથી ધનની વૃષ્ટિ થઈ.

આ અદ્‌ભુત અને અલૌકિક વૃત્તાંત જ્યારે રાજકુમાર શિવકુમારના કાને આવ્યું તેથી તે આશ્ચર્ય પામી ગયો અને મનમાં મુનિરાજ સાગરદત્ત મુનિના દર્શન કરવાની ભાવના જાગૃત થઈ.

શિવકુમાર તરત જ માતાપિતા પાસે આવ્યો અને સાગરદત્ત મુનિના દર્શને જવાની આજ્ઞા માગી.

રાજા પદ્મરથ અને રાણી વનમાળાએ પ્રસન્ન હૃદયે મુનિ ભગવંતના દર્શન કરવા જવાની રજા આપી.

શિવકુમાર તરત જ પોતાના ખંડમાં આવ્યો. સુંદર વસ્ત્રો પરિધાન કર્યા. શિવકુમારે એક સેવકને કહ્યું : 'રથ તૈયાર કરાવ...'

અને રાજભવનના મુખ્ય દ્વારે રથ તૈયાર થઈને ઊભો રહ્યો હતો. શિવકુમાર પ્રિયાઓને સમજાવીને તુરત જ પાછો ફરશે તેવી વાત કરી...શિવકુમાર તરત જ રાજભવનની બહાર નીકળ્યો.

રાજભવનની બહાર નીકળ્યો. રાજભવનના મુખ્ય દ્વાર પાસે સુવર્ણમય રત્નજડિત રથ તૈયાર ઊભો હતો. શિવકુમારે રથમાં બેઠક લીધી અને નગરી બહારના સુંદર ઉદ્યાનમાં લઈ જવાની રથિકને આજ્ઞા કરી.

રથિકે તરત જ શિવકુમાર સામે મસ્તક નમાવીને રથને આગળ હંકાર્યો. થોડી વારમાં નગરી બહારના ઉદ્યાનમાં આવી ગયા. ઉદ્યાન અતિ સુંદર અને મનોરમ્ય હતું. પુષ્પલતાઓ અને વિવિધ પ્રકારના વૃક્ષોથી શોભી ઊઠયું હતું. ઉદ્યાનમાં કૃત્રિમ જળાશયની પણ રચના કરવામાં આવી હતી. પંખીઓના મધુર નાદથી વાતાવરણ પ્રસન્ન બન્યું હતું. વાતાવરણમાં મંદમંદ વાયુ વહી રહ્યો હતો. શિવકુમારે ઉદ્યાનમાં એક જગ્યાએ રથ ઊભો રખાવ્યો અને તે નીચે ઉતરી ગયો.

શિવકુમારે ઉદ્યાનમાં નજર કરી...ત્યાં તેની દૃષ્ટિમાં સાગરદત્ત મુનિ નજરે ચડયા. આ જ એ મુનિ હોવા જોઈએ...તેવું શિવકુમારના મનમાં થયું. શિવકુમાર આગળ વધ્યા અને મુનિરાજ પાસે આવીને વંદન કર્યા.

શિવકુમાર મુનિરાજના ચરણકમળ પાસે રાજહંસની જેમ બેઠો.

ચૌદ પૂર્વધારી સાગરદત્ત મુનિએ શિવકુમારને ધર્મલાભ કહ્યાં અને આર્હત્ ધર્મનો ઉપદેશ આપ્યો.

સાગરદત્ત મુનિએ સંસારની અસારતાનો ખ્યાલ આપતાં પ્રસન્ન ભાવે જણાવ્યું: 'ભદ્રે, સંસારમાં રાગની આરાધના કરતાં લોકો કયારેય આત્મિક સુખ મેળવી શકતાં નથી. જયાં સુધી હૈયામાં ભોગ-વિલાસ, મોહમાયાના પડ બાઝેલા હશે ત્યાં સુધી વિરાગની આરાધના થઈ શકતી નથી. વિરાગની મસ્તી લાગતી નથી. વિરાગનો પંથ પકડવો અઘરો છે પરંતુ છોડવો સહજ છે. તે રીતે રાગના બંધનમાં ઝકડાઈ જવું સહેલું છે પરંતુ તેમાંથી મુકત થવું દુષ્કર છે. એક દિવસ એક નગરીના રાજાએ રાજભવનમાં ભોજન સમારંભ ગોઠવ્યો,

રાજાએ અનેક સ્નેહીઓને, સંબંધીઓને આમંત્રણ આપ્યું. મંત્રી પણ હાજર હતો. ભોજનમાં અત્યંત સ્વાદિષ્ટ અને રસપ્રચુર વાનગીઓ પીરસવામાં આવી. સૌ કોઈ રસોઈના વખાણ કરતા હતાં. પરંતુ મંત્રી કશું બોલતા નહોતા, તે મુંગા બનીને જોયા કરતાં હતા પરંતુ રાજાને થયું કે મહામંત્રી કશું ન બોલે તેનું શું કારણ... ? પણ મંત્રી ન બોલ્યા તે રાજાને ગમ્યું તો નહિ જ. પરંતુ રાજાએ બધાની વચ્ચે કહ્યું: 'ભાઈઓ, મંત્રીશ્વર તો કેવળ રાજકાજમાં રસ ધરાવે છે એમને બીજામાં શું ખબર પડે ?'

મહામંત્રી કશું બોલ્યા નહિ ..સહુ પોતપોતાના સ્થાને વિદાય થયા. વળી એક દિવસ મહારાજ અને મહામંત્રી અશ્વ પર બેસીને નગરભ્રમણ અર્થે નીકળ્યા. ત્યાં આગળ જતાં માર્ગમાં એક જગ્યાએ ભયંકર બદબૂ છોડતી ખાળ આવી. મહારાજા અને મહામંત્રીની પાછળ રાજકર્મચારીઓનો વર્ગ હતો તે સૌએ નાકે ડૂચા લગાવ્યા. રાજાએ નાક પાસે લૂછણ રાખ્યું પરંતુ મંત્રી તો એમને એમ બેસી રહ્યા, આથી રાજાને આશ્ચર્ય થયું. બધા તો આવી બદબૂ આવવાથી છીછીછી કરવા લાગ્યા.

અને એ દિવસે મહામંત્રીને થયું કે મારે ગમે તેમ રાજા વગેરે સહુને સત્ય સમજાવવું જોઈએ અને સાચો માર્ગ દેખાડવો જોઈએ.

બીજે દિવસે મહામંત્રીએ એક પાત્રમાં એજ ખાળનું ગંધાતું જળ સેવક મારફત મંગાવ્યું. એકની નીચે એક એમ સાત પાત્રો ઉપર નીચે ગોઠવ્યા. દરેકમાં રેત નાખીને જળને ગાળી લીધું. ત્યારબાદ મહામંત્રીએ કનક નામની ઔષધિ ઉમેરીને સાત દિવસ સુધી ગાળીને જળને નિર્મળ કર્યું. ત્યારબાદ સુગંધિત દ્રવ્યોનું મિશ્રણ કરીને સાત સાત દિવસ રાખ્યું.

આમ દોઢ મહિના બાદ એ ગંધાતા જળના રૂપરંગ અને

રસ બધુંય બદલાઈ ગયા. એ જળમાં સાવ અનોખી જ રસમયતા અને ગંધમયતા ઉત્પન્ન થઈ ગઈ.

અને એક દિવસ મહામંત્રીએ રાજાથી માંડીને દરેક સંબંધીઓને પોતાને ત્યાં ભોજન અર્થે આમંત્ર્યા.

વાનગીઓ અત્યંત રસમધુર અને સ્વાદિષ્ટ બની હતી પરંતુ જ્યાં દરેક પેલા સુગંધિત જળના ભરેલા પાત્રો ગોઠવાયા ત્યાં તો આખા ખંડની હવા જ જાણ્યે પલટાઈ ગઈ. ચારે તરફ સુગંધ જ પ્રસરી ગઈ. સૌના હૈયા સુગંધની માદકતાથી તરબતર બની ગયા.

અને જ્યાં સહુએ જળગ્રહણ કર્યું ત્યારે મુખમાંથી ન સમજાય તેવો આનંદનો ધ્વનિ નીકળી ગયો. સહુ બોલી ઊઠયા. ' ઓહ...આવું જળ તો જીવનમાં ક્યારેય પીધું નથી...ખરેખર સર્વશ્રેષ્ઠ, અદ્‌ભુત જળ છે...'

રાજાએ કહ્યું : ' ઓહ...આજ મેં સર્વશ્રેષ્ઠ જળ પીધું, મંત્રીશ્વર, આજ સુધી આપે મને કેમ આવા અનુપમ જળની વાત ન કરી ? શું આપણી નગરીમાં જ આ જળ વહી રહ્યું છે ? '

' જી...કૃપાળુ, પેલી ખાળમાં જ, જેની દુર્ગંધથી આપે મોં પર વસ્ત્ર ઢાંકી દીધું હતું ' મંત્રીએ કહ્યું.

' અસંભવ...અસંભવ...' સહુ બોલી ઊઠ્યા.

ત્યારે મંત્રીશ્વરે પ્રસન્ન સ્વરે વિનયપૂર્વક કહ્યું : ' રાજન, મને ક્ષમા કરજો...આ તે જ ખાળનું જળ છે, સખ્ત ગંધ મારતું બદબૂ જળ છે તે જ મેં આપને આપ્યું છે...'

ત્યારપછી મંત્રીશ્વરે જળનું આ રીતે રૂપાંતર કેવી રીતે કર્યું તેની વાત કરી. અને છેવટે કહ્યું : ' રાજન, હવે આપ જાણી ગયા હશો કે આપના રસવંતા ભોજન સમારંભમાં અને ખાળની દુર્ગંધમાં હું કેમ સ્થિતપ્રજ્ઞ બની રહ્યો હતો...! જે દ્રવ્યને જ જુએ છે તેને જ રાગ અને ધિક્કાર જાગે છે પરંતુ જે દ્રવ્યના પર્યાયોને

જુએ છે, તેના પર દૃષ્ટિપાત કરે છે તેને તો સર્વત્ર વિરાગ જ પ્રાપ્ત થાય છે...'

'તો પછી આપ સંસારને શા માટે વળગી રહ્યાં છો?' રાજાએ કહ્યું.

'રાજન, સંસારના કાર્યોમાં મને રસ નથી. હું સામેથી આપની રજા માગું તો આપ મને દીક્ષા લેવા માટે રજા ન આપત...પણ આજ આપે મને સંસારના બંધનોમાંથી મુક્ત થવાની રજા આપી... ખરેખર મારું હૃદય પ્રસન્ન બન્યું છે.' મહામંત્રીએ કહ્યું.

અને એ જ ઘડીએ મહામંત્રીએ દીક્ષા અંગીકાર કરીને વિરાગનો પંથ પકડી લીધો અને આત્મકલ્યાણની આરાધના કરવા ચાલી નીકળ્યા. ભદ્રે, સંસારમાં મોહને લીધે બંધન થાય છે. બંધનમાં ઝકડાયેલો જીવ જલ્દી છૂટી શકતો નથી. જ્યારે મુક્તિનો આનંદ અપૂર્વ અને અવર્ણનીય છે. મુક્તિનો આનંદ સર્વત્યાગ વગર સાંપડતો નથી. જ્ઞાનની આરાધના માટે મોહનો ત્યાગ કરવો જ પડે છે. સાગરદત્ત મુનિએ મંત્રીનું સુંદર દૃષ્ટાંત આપીને રાગ–વિરાગનો તફાવત સમજાવ્યો.

શિવકુમાર મુનિરાજના ચરણમાં ફરી વાર નમી પડ્યો. તે અત્યંત પ્રસન્ન બની ગયો. શિવકુમારે પ્રસન્નભાવે વિનયપૂર્વક મુનિરાજ સામે જોઈને કહ્યું : 'હે મુનિવર, આપને જોતાં જ મારા હૈયામાં અપૂર્વ હર્ષ, આનંદ ઉત્પન્ન થાય છે તો શું મારે આપની સાથે પૂર્વભવમાં ઉત્પન્ન થયેલો કોઈ સંબંધ છે?'

શિવકુમારની વાત સાંભળીને સાગરદત્ત મુનિએ તરત જ અવધિજ્ઞાનના ઉપયોગ વડે જાણીને મૃદુ સ્વરે કહ્યું : 'ભદ્રે, તેં પ્રશ્ન કર્યો એટલે તેનો ઉત્તર આપું છું. તારા હૈયામાં જે મને મળ્યાનો આનંદ થાય છે તેની પાછળની વાત જણાવું છું. પૂર્વજન્મમાં તું મારો પ્રાણથી પણ અધિક પ્રિય નાનો ભાઈ હતો. મેં દીક્ષા ગ્રહણ

કરી હતી અને તને પણ તારી ઇચ્છા વગર, માત્ર તારા પરલોકના હિતની ખાતર યુક્તિ વડે મેં દીક્ષા લેવડાવી હતી. આમ દીક્ષા લીધા બાદ સંયમ પાળતાં કાળધર્મ પામીને આપણે બંને સૌધર્મ દેવલોકમાં ઋદ્ધિવાળા મોટા દેવ થયા. ત્યાં પણ આપણા વચ્ચે પ્રીતિ હતી. હવે આ ભવમાં હું મારા પોતાના તેમજ પારકા પર સમાન દૃષ્ટિવાળો, રાગરહિત સાધુ થયો છું. મોહના અંધકારમાંથી મુક્ત બનીને જ્ઞાનની આરાધના કરી રહ્યો છું. જ્યારે તું તો હજુ પૂર્વભવ અનુસાર મારા પ્રત્યે સ્નેહ, મમતા, અનુરાગ રાખી રહ્યો છે...'

આ વાત સાંભળીને શિવકુમારે કહ્યું: 'મહાત્મન, આપની વાત સાંભળીને મારું હૈયું પુલકિત બન્યું છે. ગયા ભવમાં મેં વ્રત લીધું તો દેવ થયો હતો. તો આ ભવમાં પણ મને પ્રથમની જેમજ વ્રત આપો...હું અત્યારે મારા માતાપિતાની પાસે જાઉં છું અને તેમની પાસેથી આજ્ઞા મેળવીને આપની પાસે આવું છું અને આપ મને વ્રત આપજો...જ્યાં સુધી હું ન આવું ત્યાં સુધી આપ અહીં જ રોકાજો...ક્યાંય ચાલ્યા જતા નહિ...'

સાગરદત્ત મુનિએ મૌન રાખ્યું. તે કશું બોલ્યા નહિ. ભાવિને તે જાણતાં હતા, તેમણે કેવળ શિવકુમાર સામે પ્રસન્ન આછું હાસ્ય ફરકાવ્યું.

શિવકુમાર ફરીને સાગરદત્ત મુનિને વંદન કરીને રથમાં બેસીને રાજભવન પર આવ્યો. રાજભવન પર આવીને શિવકુમાર સીધો માતાપિતા પાસે આવ્યો, ભાવપૂર્ણ વંદન કર્યાં. માતાએ કહ્યું: 'આવ...તું મુનિરાજના દર્શન કરી આવ્યો?'

'હા...' શિવકુમારે કહ્યું.

'શું તેઓ નગરી બહારના ઉદ્યાનમાં ઉતર્યા છે?' પદ્મરથે પૂછ્યું.

'હા...'

'તેઓ ઘણા પ્રભાવશાળી અને દૃઢ મનોબળ વાળા મુનિરાજ છે, કેમ...?' પદ્મરથ રાજાએ કહ્યું.

'હા...પિતાજી, તેઓ ખૂબ જ જ્ઞાની અને પ્રભાવશાળી છે...'

'તેં તેમની પાસે જઈને શું કર્યું ?' માતાએ પ્રશ્ન કર્યો.

'માતાજી, હું એ વાત કરવા માટે જ આવ્યો છું. આજે મુનિરાજનો સંસર્ગ થવાથી અપૂર્વ લાભ પ્રાપ્ત થયો છે. સાગરદત્ત મુનિ પાસે ધર્મદેશના સાંભળીને મારા અંતરમાં ધર્મ પ્રત્યે અપાર રૂચિ પ્રગટ થઈ...અને તેમના આશીર્વાદથી સંસારનું સ્વરૂપ જાણ્યું, સંસારની અસારતા જાણી, તેથી જેમ વજન ઉપડવાથી કાષ્ઠના ભારવાળો વિરક્ત થાય તેમ હું આ ભૌતિકસુખ, માયા મરિચિકાથી સભર એવા સંસારથી વિરક્ત થયો છું. આપ મને કોઈ પણ ઉપાયે દીક્ષા અંગિકાર કરવા માટેની રજા આપો... પિતાજી, મોહરૂપી અંધકારનો નાશ કરવામાં પ્રાતઃકાળ સમાન સાગરદત્ત મુનિનું મને શરણ છે...આપ મને પ્રસન્ન હૃદયે રજા આપો...'

પુત્રની વાત સાંભળીને માતાપિતાએ કહ્યું: 'હે પુત્ર, તું હજુ નાનો છે. યૌવનમાં પ્રવેશ કર્યો છે. યૌવનકાળમાં સંસારથી વિરક્ત થઈ જવાના સોણલાં ન સેવાય...આવા કાળમાં તો સુખોપભોગમાં રચ્યાપચ્યા રહેવું જોઈએ. વૈભવ, વિલાસમાં જે સુખ છે તેવું સુખ બીજે ક્યાંય નહિ પ્રાપ્ત થાય. હજુ અમે તારી ક્રીડા જોવા ઇચ્છતા હતા ત્યાં તું આટલો બધો મમતા રહિત કેમ થઈ ગયો. શું તું બીજાની જેમ તારા અતિ સ્નેહાળ માતાપિતાને છોડી જવા માગે છે. સંસારમાં પણ કર્તવ્ય અને ફરજ હોય છે. માતાપિતાની સેવા કરવી અને તેમના અંતરને ખુશ રાખવું તે ગુણી પુત્રોનું પ્રથમ લક્ષણ છે...જો તું અમને સ્નેહ કરતો હો, અમારા પ્રત્યે લાગણી ધરાવતો હો, તેમજ અમારી પરવાનગી લઈને જ જવાનો

હોય તો અમારી જીભે કયારેય તને હકાર નહિ થાય પણ નકાર જ કહેશે...'

શિવકુમાર મૌન રહ્યો.

આમ શિવકુમારને દીક્ષાના માર્ગે જવા માટે પરવાનગી ન આપી. આથી શિવકુમાર દીક્ષિત થઈ શકયો નહિ. પરંતુ શિવકુમાર સર્વ સાવદ્ય યોગના પચ્ચખ્ખાણ કરીને ભાવયતિ થયો અને મનમાં વિચાર્યું કે હું સાગરદત્ત મુનિનો શિષ્ય છું...'

આવું મનમાં ધારીને શિવકુમારે નિશ્ચય કરીને ત્યાં જ મૌન ધારણ કરીને બેસી ગયો.

મૌન સર્વ કાર્યને સાધનાર છે. ઘણું મૌન અકળાવનારૂં હોય છે તો ઘણા પ્રકારના મૌન મીઠાં હોય છે. પરંતુ જે મૌનની પાછળ આત્મચિંતન રહેલું હોય તે ધ્યેયને વળગીને માનવી આગળ વધે તો તેનું મનોબળ દૃઢ બને છે.

મધ્યાહ્ન થયો. માતાએ પુત્ર સામે જોઈ ને કહ્યું : 'ચાલ... ભોજનનો સમય થઈ ગયો છે...તારી પ્રિયાઓ પણ વાટ જોતી બેઠી છે. તું સમજુ થઈને આવું કાર્ય કરે તે શું તને શોભે છે?'

શિવકુમાર મૌન જ રહ્યો.

માતાપિતાની આજ્ઞા માનવા ખાતર શિવકુમાર તેમની સાથે ભોજનકક્ષમાં આવ્યો. ત્યાં પાત્રો ગોઠવાયેલા હતા. શિવકુમાર શાંત ચિત્ત દાખવીને ભોજન અર્થે બેઠો. શિવકુમારની પ્રિયાઓ સ્વામીની આ પ્રકારની વર્તણુંકથી ખૂબ જ તાજ્જુબ બની પણ તે કશું બોલી નહિ.

સૌ ભોજન કરવા લાગ્યા. પરંતુ શિવકુમારે ભોજન કર્યું નહિ અને સૌની સામે જોઈ ને કહેવા લાગ્યો : 'મને કશી રૂચિ થતી નથી...'

આમ શિવકુમારના શબ્દો સાંભળીને પદ્મરથ રાજા ઉદ્વેગ પામ્યા. પદ્મરથ રાજાને થયું કે જો પુત્રને અત્યારે સંસારના રસમાં

નહિ ડૂબાડું તો પછી તેનું ચિત્ત સંસારથી વિરક્ત થઈ જશે. આથી એક સેવકને આજ્ઞા કરીકે દૃઢધર્મને બોલાવી લાવ... દૃઢધર્મ શ્રેષ્ઠિપુત્ર હતો.

શ્રેષ્ઠિપુત્ર દૃઢધર્મ મહારાજાની આજ્ઞા સાંભળી કે તરત જ રાજભવન તરફ દોડી આવ્યો અને મહારાજને વંદન કરતાં કહ્યું : ' કૃપાનાથ, આપે મને યાદ કર્યો ? '

' હા...મારે તારું અગત્યનું કામ છે...'

' હુકમ કરો મહારાજ...' દૃઢધર્મે કહ્યું.

' દૃઢધર્મ, સંસારમાં ઘણી વાર ન બનવાના કાર્યો બનતાં હોય છે ત્યારે દુઃખ થાય છે. મારા પુત્ર શિવકુમારને સંસારના રાગબંધનો-માંથી રસ ઊડી ગયો છે અને દીક્ષા ગ્રહણ કરવી છે. તે મારી પાસે રજા લેવા માટે આવ્યો. મેં અને તેની માતાએ દીક્ષા માટેની પરવાનગી ન આપી. આથી પથ્થરથી પણ કઠોર ચિત્ત કરીને મૌન ધારણ કર્યું છે. તેને હવે કશા પર રૂચિ થતી નથી. તે ભોજન કરતો નથી...વાતો કરતો નથી...હવે તું કોઈ પણ પ્રકારે યુક્તિ વાપરીને મારા પુત્રને ભોજન કરાવ...અને અમારા દુઃખી હૃદયને આશ્વાસન આપવાનો પ્રયત્ન કર.. મને વિશ્વાસ છે કે તું જરૂર એને મનાવી લઈશ...મારો જીવરૂપી પંખી માળામાંથી ઊડી જવા તત્પર થઈ રહ્યો છે, તેને આશા રૂપી પાશના બંધન વડે બાંધી લેવા માટે તું પ્રયત્ન કર...'

મહારાજાની વાત સાંભળીને દૃઢધર્મ ઊભો થયો અને શિવ-કુમારની પાસે આવ્યો. ખંડમાં આવીને નિસ્સીહિ કહ્યું. ત્યારબાદ તે બુદ્ધિવાન શ્રેષ્ઠિપુત્રે ઈરિયાવહી પડિક્કમી પછી દ્વાદશાવર્ત વંદન કરી ભૂમિ પુંજીને '' અણુ જાણહ ' એમ કહીને તે શિવકુમારની પાસે બેઠો.

આ પ્રમાણે જોઈને શિવકુમારે કહ્યું : ' હે શ્રેષ્ઠિપુત્ર, આપ આ શું કરો છો ? સાગરદત્ત મુનિવર પાસે તેમના સાધુઓનો વિનય મેં નીહાળ્યો હતો તેવો જ વિનય આજ આપે મારા પર દર્શાવ્યો છે. તે શું આપને યોગ્ય લાગે છે ? આપના માટે યોગ્ય છે ? '

શ્રેષ્ઠિપુત્રે કહ્યું : ' કુમારશ્રી, જે માનવીનું હૃદય કે અંતર સમભાવ દૃષ્ટિ રાખતું હોય તે વિનયને યોગ્ય છે. તેમને પ્રણામ કરવા યોગ્ય છે. હું તો આપને એ પૂછવા આવ્યો હતો કે રસજ્વરથી પીડાતા માનવીની જેમ આપે ભોજનનો ત્યાગ શા કારણે કર્યો ? '

શિવકુમારે કહ્યું : ' મારા માતાપિતા મને સર્વત્યાગના માર્ગે જવાની આજ્ઞા આપતાં નથી આથી ગૃહસ્થાશ્રમથી વિરક્ત થયેલો હું ભાવયતિ બનીને રહ્યો છું. મારા અંતરમાં એક જ ભાવના રમતી હતી કે જો હું ભોજનનો ત્યાગ કરીશ તો ઉદ્‌વેગ પામેલા મારા માતાપિતા મારા પરની મમતા ત્યજીને મને દીક્ષા લેવાની પરવાનગી આપે.'

આ વાત સાંભળીને શ્રેષ્ઠિપુત્રે કહ્યું : ' કુમારશ્રી, આપની વાત બરાબર છે. પરંતુ આપે જે નિર્ણય લીધો છે તેમાં થોડો ફેરફાર કરવો ઘટે છે. આપે ભોજન અવશ્ય ગ્રહણ કરવું જોઈએ.'

' શા માટે...? ' શિવકુમારે કહ્યું.

' કુમારશ્રી, ધર્મદેહને આધીન છે અને દેહ આહારથી જ ટકી શકે છે. મહર્ષિઓ, મુનિરાજો પણ નિર્વદ્ય આહાર ગ્રહણ કરે છે...શરીરને નિરાહાર રાખવાથી કર્મની નિર્જરા થવી દુષ્કર છે...'

શિવકુમારે કહ્યું : ' શ્રેષ્ઠિપુત્ર, અહીં મને નિર્વદ્ય આહાર પ્રાપ્ત થઈ શકે તેમ નથી. રસપ્રચુર અને તમતમતો, શરીરમાં કામવાસના પ્રગટાવે તેવો ઉષ્ણ આહાર જ અહીંથી મળી શકે તેમ છે. એથી આહાર ન કરવો એજ શ્રેષ્ઠ છે...'

દૃઢધર્મે કહ્યું : 'કુમારશ્રી, આજથી આપ મારા ગુરુ છો...હું આપનો શિષ્ય છું...આપને જે કંઈ જોઈશે તે હું લઈ આવીશ...'

શિવકુમારે કહ્યું: 'શ્રેષ્ઠિપુત્ર, તારી ભાવનાને સત્કારું છું...જો એમ હોય તો હું નિરંતર છઠ્ઠનું તપ કરીશ અને તેને પારણે આયંબીલ કરીશ...'

'ભલે...' દૃઢધર્મ આનંદ પામ્યો. તે તરત જ મહારાજા પદ્મરથને કહેવા ગયો. મહારાજા પણ આ વાતમાં સહમત થયા.

આમ ભાવયતિ શિવકુમારનો નિરંતર તે શ્રેષ્ઠિપુત્ર વિનય કરવા લાગ્યો. બાર વર્ષના વહાણા આ રીતે તપ, સાધનામાં પસાર થયા. પરંતુ માતાપિતાએ મોહને કારણે ગુરૂ પાસે જઈને શિવકુમારને દીક્ષા લેવાની રજા ન આપી.

અને છેવટે શિવકુમાર મૃત્યુ પામીને બ્રહ્મ દેવલોકમાં ઉત્કૃષ્ટ કાંતિવાળો વિદ્યુન્માળી નામનો ઇંદ્રનો સામાનિક દેવ થયો.'

* * *

શ્રી મહાવીરદેવ પ્રભુ શ્રેણિક મહારાજાને જણાવે છે, 'હે રાજન, તે જ આ દેવ છે. તે પુણ્યાત્માનું ચ્યવન નજીક આવ્યું છે. એને કારણે જ તેની આવી અપૂર્વ કાંતિ છે. પરંતુ આ પહેલા તો એની કાંતિ બ્રહ્મ દેવલોકના ઇંદ્ર જેવી હતી. આ દેવ આજથી સાતમે દિવસે ચ્યવીને આ જ નગરમાં ઋષભદત્ત શેઠનો પુત્ર જંબૂ નામે છેલ્લો કેવળી થશે.'

સર્વજ્ઞ ભગવંતના મુખે આવી અમૃત વાણી સાંભળીને શ્રેણિક મહારાજા અતિ પ્રસન્ન બન્યા.

ત્યારબાદ તે વિદ્યુન્માળી દેવ રાજર્ષિ પ્રસન્નચંદ્ર પાસે ગયો. એ સમયે વિદ્યુન્માળી દેવની ચાર પ્રિયાઓએ મહામુનિની સામે જોઈને, નમન કરીને ભાવભર્યા સ્વરે પૂછ્યું : 'પ્રભુ, આ દેવભવથી વિયોગી

થયેલી અમને વિદ્યુન્માળી દેવનો ફરીને સમાગમ કોઈ પણ ઠેકાણે થશે કે નહિ?'

શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિએ મધુર સ્વરે કહ્યું: 'આ જ નગરમાં સમુદ્રપ્રિય શ્રેષ્ઠિ, સમુદ્રદત્ત શ્રેષ્ઠિ, કુબેરદત્ત શ્રેષ્ઠિ અને સાગરદત્ત શ્રેષ્ઠિ નામના ચાર શ્રેષ્ઠિઓ વસે છે તે ચારેની તમે ચાર પુત્રીઓ થશો અને ત્યાં મનુષ્યભવ પામેલા આ વિદ્યુન્માળી દેવની સાથે તમારો સંગમ થશે...'

વિદ્યુન્માળી દેવ અને તેની પ્રિયાઓએ ફરી વાર શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિને નમન કરીને વિદાય લીધી.

આ તરફ જેમ સૂર અને અસૂર વર્ગ જેમના ચરણની સેવા કરે છે અને પોતાની જાતને ભાગ્યવંત સમજે છે, એવા ભવ્ય જીવો રૂપી કમલ પુષ્પોને સૂર્ય સમાન, અતિશય ઋદ્ધિના સ્થાનરૂપ કૃપાસિંધુ સર્વજ્ઞ ભગવંત શ્રી મહાવીર દેવ પ્રભુ ત્યાંથી બીજે સ્થળે વિહાર કરી ગયા.

# ૭ : : પુત્રઝંખના

સંધ્યા વીતી ગઈ છે. રાજગૃહી નગરીના શ્રેષ્ઠિ ઋષભદત્તનું ભવન દીપમાલિકાઓના પ્રકાશથી દેવભુવન સમો શોભી રહ્યો છે. ભવનમાં ચારે તરફ અનેક દાસદાસીઓ કંઈ ને કંઈ કાર્યમાં ગુંથાયેલા નજરે પડે છે. ભવનના દ્વારે રક્ષકો પણ ખડે પગે ચોકી કરી રહ્યા છે.

શ્રેષ્ઠિ ઋષભદત્તની જાહોજલાલી અપાર હતી. અઢળક સમૃદ્ધિના તે સ્વામી હોવાથી નગરીમાં તેની ગણના શ્રેષ્ઠ હતી. ઋષભદત્તાની પત્નિ ધારિણી ભવનમાં આવેલા વિશાળ કલાત્મક સ્નાનાગારમાં પોતાની પરિચારિકાઓ સાથે ગયેલ છે. વસ્ત્રખંડમાં ચાર દાસીઓ વિવિધ પુષ્પોની માળાઓના પાત્ર લઈને ઊભી છે અને શેઠાણી સ્નાન કરીને બહાર આવે તેની પ્રતિક્ષા કરી રહ્યાં છે.

સ્નાનાગારમાં ધારિણી તૈલમર્દન, ઉબટન આદિથી નિવૃત્ત થઈને સુગંધી જળથી ભરેલા હોજમાં નયનો અર્ધ મીંચ્યાં રાખીને સ્નાનનો આસ્વાદ માણી રહેલ છે. સ્નાનાગારના કિનારા પાસે ધારિણીની પાંચ

દાસીઓ ઊભી છે. સ્નાનાગૃહમાં ચારેય ખૂણે ચાર તેજોમય દીપમાલિકાઓ ભરપૂર પ્રકાશ વેરી રહી હતી. એ પ્રકાશમાં ધારિણીની નિરાભરણ કાયા અપૂર્વ રીતે મહેંકી ઊઠી હતી.

એક દાસીએ પ્રસન્ન સ્વરે કહ્યું: 'દેવી, આપને સ્નાન કરવામાં ધાર્યા કરતાં વધારે સમય પસાર થયો છે...હવે આપ...' આગળ ન બોલી.

'ઓહ...મને ખાત્રી જ હતી કે તું મને કહ્યા વગર નહિ રહે...પરંતુ તું જાણે છે કે સ્નાનથી હું હળવી ફૂલ જેવી બની જાઉં છું...' ધારિણીએ આછા હાસ્ય સાથે કહ્યું.

'દેવી, આપની વાત સાચી છે. પરંતુ હમણાં જ શેઠજી પધારશે અને આપને નહિ જુએ તો ભારે વ્યાકુળ બની જશે.'

'ઓહ...તારી વાત બરાબર છે ..' ધારિણી આટલું કહીને તરત જ હોજની બહાર આવી ગઈ અને આખા દેહને આવરી લે તેવું અંગલુછણુ ધારિણીની કાયા ફરતું વીંટી લીધું.

બીજી દાસી બીજું અંગલુછણુ લઈને ઊભી હતી, તેણે તરત જ ધારિણીની કાયાને કોરી કરીને ધારિણીની કાયાને આવૃત્ત કરી.

'હવે જરા પણ વિલંબ ન થાય...' ધારિણીએ કહ્યું.

'દેવી, આપ હવે વસ્ત્રાગૃહમાં પધારો... ' એક પરિચારીકાએ કહ્યું. ધારિણી તરત જ સ્નાનગૃહમાંથી નીકળીને વસ્ત્રગૃહમાં આવી. વસ્ત્રગૃહ પણ અત્યંત સુંદર હતો, અનેક દીપમાલિકાઓના પ્રકાશથી દૈદિપ્યમાન જણાતો હતો.

વસ્ત્રાગૃહમાં અનેક દાસીઓ ઊભી હતી.

ધારિણીની માનીતી દાસો કામિની, દેવિકા અને પદ્મા આગળ આવી. કામિનીએ ધારિણી દેવીને પહેરવાના વસ્ત્રોનો થાળ એક બાજઠ પર મૂકાવ્યો. બીજા બાજઠ પર અલંકારોનો થાળ હતો. અંગરાગના દ્રવ્યોનો થાળ બીજા બાજઠ પર હતો.

ધારિણી એક વિરાટ દર્પણ સામે એક આસન ગોઠવેલું હતું તેના પર બેઠી અને બેસતાં બેસતાં કહ્યું : 'પદ્મા, શેઠજી ચાર દિવસ પછી પ્રવાસેથી પાછા ફરી રહ્યા છે. તેઓ હવે આવવા જ જોઈએ...'

'હા...દેવી, મને થોડી વાર પહેલાં જ મહેતાજીએ શેઠજી સંધ્યા પછી આવવાના છે તે સમાચાર આપ્યા હતા અને તે વાત મેં આપને કરી હતી.' પદ્માએ કહ્યું,

પદ્માએ સુંદર મજાનો લીલા રંગનો કમ્મરપટ્ટક ધારિણીને પહેરાવ્યો. ત્યારબાદ ગુલાબી રંગના કંચુકીબંધ વડે દેવીના ઉન્નત ઉરોજને કસીને બાંધ્યા. દેવિકાએ શ્વેતરંગનું ઉત્તરીય દેવીના અંગ પર ગોઠવ્યું. ત્યાર પછી અલંકારોનો થાળ આવ્યો. ધારિણીના ચરણમાં રત્નમંડિત નૂપુર પહેરાવ્યા. વજ્રરત્નોથી સુશોભિત કટિમેખલા પહેરાવી કાંડામાં રત્નકંકણ, હિરકવલય ધારણ કરાવ્યા. કંઠમાં અમૂલ્ય રત્નોની માળા ધારણ કરી. અતિ દીર્ઘ કેશકલાપને વેણીબંધ કર્યો. તેને ફરતી સુંદર માલતી પુષ્પોની વેણી ધારણ કરાવી.

'દેવી, આપના કપોલપ્રદેશ પર કયો ચંદ્રક કરું...?' કામિનીએ કહ્યું.

'કામિની, મને લાગે છે કે સ્વામીને પદ્મચંદ્રક વિશેષ પસંદ છે...તું પદ્મચંદ્રક કર.'

'જી...' કામિનીએ કહ્યું. તરત જ કામિનીએ બંને નયનોની મધ્યમાં પદ્મચંદ્રક કર્યો. અન્ય ત્રણ–ચાર દાસીઓ સુગંધી સત્વાર્ક છાંટવા લાગી. ધારિણીની કાયા અને વસ્ત્રો પર સત્વાર્ક પડવાથી કાયા મહેંકી ઊઠી.

અનાદિકાળથી સ્ત્રીઓ પોતાનો વિશેષ સમય અંગરાગ અને પ્રસાધન પાછળ ગાળતી હોય છે.

ત્યાં એક દાસીએ સમાચાર આપ્યા કે શેઠજી આવી ગયા છે અને પ્રતિક્ષા કરી રહ્યાં છે.

'હવે તું ઝડપ કરજે...હવે જરા પણ વિલંબ થાય તે યોગ્ય નથી.' ધારિણીએ કહ્યું.

એમ જ થયું. ત્રણેય સખીઓ ધારિણીને તૈયાર કરવામાં ઝડપ કરવા લાગી. થોડીવારમાં ધારિણી મંથર ગતિએ ખંડ બહાર નીકળી અને તે સીધી સ્વામી જ્યાં બિરાજમાન હતા ત્યાં આવી. સ્વામી જે ખંડમાં બીરાજ્યા હતા ત્યાં અનેક દીપકોનો પ્રકાશ ખંડને શોભાવી રહ્યો હતો. શેઠ ઋષભદત્ત એક આસન પર બેઠા હતાં. તેમના ચહેરા પર પ્રવાસનો શ્રમ વરતાઈ આવતો હતો. તેઓ સ્નાન અર્થે જતાં પહેલાં પ્રિયાને મળી લેવા માગતા હતા. આથી તેઓએ જોયું કે ધારિણી આવી રહી છે તે ઊભા થઈ ગયા અને પ્રિયાનો સત્કાર કરતાં કહ્યું: 'આવ પ્રિયે, હું તારી જ પ્રતિક્ષા કરી રહ્યો હતો. શ્રૃંગારમાં બહુ વાર લાગી.'

'સ્વામી, સ્ત્રીઓને અંગરાગ અને પ્રસાધનમાં જ સમય વધારે વ્યતિત થતો હોય છે...' ધારિણી રૂપની માધુરી છલકાવતી સ્વામી પાસે આવી...

ખંડનું દ્વાર અટકાવ્યું.

ઋષભદત્ત શેઠે પ્રિયાને બાહુબંધનમાં ઝકડી લેતાં પ્રસન્ન સ્વરે કહ્યું: 'પ્રિયે, ચિત્ત તો પ્રસન્ન છે ને?'

'સ્વામી, આપ જ્યારે જ્યારે પ્રવાસે જાઓ છો ત્યારે મારું ચિત્ત ક્યારેય પ્રસન્ન રહેતું નથી. હવે આપ જ્યારે પ્રવાસે જાઓ ત્યારે મને આપની સાથે લેતા જાઓ.'

'પ્રિયે, પ્રવાસ સુખરૂપ અને આનંદમય હતો પરંતુ રાત્રે તારી યાદ ભારે સતાવતી હતી. પરંતુ પુરુષોમાં એ દર્દ પી જવાની શક્તિ પડી છે.'

'સ્વામી, પુરૂષના સ્વભાવમાં જ એ દર્દની વ્યથા પી જવાનું બળ રહેલું છે સ્ત્રીમાં ધૈર્યનું બળ હોય છે પરંતુ વિરહવ્યથા તે સહી શકતી નથી. સ્ત્રીની વ્યથા આગળ પુરુષની વ્યથા ગૌણ બની જાય છે. સ્ત્રીની વિરહવ્યથા શાંત ત્યારે જ થાય કે જ્યારે સ્ત્રીને માતૃત્વનું અમૃત પ્રાપ્ત થયું હોય, તો સ્ત્રી વિરહવ્યથાને પચાવી જાણે છે...'

ઋષભદત્તાને થયું કે હમણાં જ પ્રિયા સંતાનનો પ્રશ્ન ઊભો કરશે અને તેના પ્રસન્ન ચહેરા પર વેદનાની રેખા ટપકી પડશે, પ્રસન્નતા વિષાદમાં પલટાશે. આથી વાતને બદલી લેતાં ઋષભદત્તે કહ્યું : 'પ્રિયે, હું ચાર દિવસ બહાર રહ્યો તે દરમ્યાન કશી મુશ્કેલી પડી નહોતીને ?'

'ના...સ્વામી...' ધારિણી સ્વામીના બાહુમાં ઝકડાઈ ગઈ. ઋષભદત્તે પ્રિયાના ખભા પર હળવે હળવે હાથ પ્રસરાવતાં મધુર સ્વરે કહ્યું : 'પ્રિયે, તારું રૂપ, યૌવન અને તારો પ્રેમ મારા પ્રત્યે અપાર છે...તું અત્યંત સુંદર અને અપરૂપ છે. તને પામીને મારું જીવન ધન્ય બની ગયું...'

ધારિણી શું બોલે ? તે સ્વામીના શબ્દો સાંભળીને અત્યંત પ્રસન્ન બની ગઈ.

સ્ત્રીને જ્યારે તેનો સ્વામી પ્રેમભર્યા, પ્રસંશાભર્યા શબ્દો કહે છે ત્યારે તેને તે શબ્દો અતિ પ્રિય લાગે છે ઋષભદત્તે ધારિણીને એક દીર્ઘ ચુંબન આપ્યું.

ત્યારપછી બન્ને એક આસન પર બેઠા.

ઋષભદત્તે પ્રવાસ દરમ્યાન બનેલી વાતો કરી. પૂરી વાત સાંભળી લીધા પછી ધારિણીએ મધુર સ્વરે કહ્યું : 'સ્વામી, આપ મેં કહેલી વાત ભૂલી ગયા... ?'

'ના...પ્રિયે, એ માટે મેં તપાસ કરી હતી પરંતુ તે નગરીનો રાજવૈદ્ય પરિવાર સહિત તીર્થયાત્રા નિમિત્તે નીકળી ગયો હતો...'

'ઓહ...સ્વામી, મારા હૈયાની વાત કરું...!'

'કહે...' ઋષભદત્ત સમજી ગયો કે પ્રિયા શું કહેવા ઇચ્છે છે?

'સ્વામી, જ્યારે જ્યારે વસ્ત્રો ધારણ કરું છું, દર્પણ સામે બેસીને શ્રૃંગાર કરું છું. ત્યારે અંતરમાં એક જ પ્રશ્ન જાગૃત થાય છે કે આ સુખ, આ સંપત્તિ, આ સમૃદ્ધિ, રૂપયૌવન વગેરે શું નિષ્ફળ જશે?'

'પ્રિયે, આમ હતાશ ન થા...' ઋષભદત્ત આગળ કશું બોલી શક્યો નહિ.

ધારિણીના રૂપકડા મુખ પર મોતી જેવા બે બિંદુ આંખમાંથી સરી પડ્યા. ઋષભદત્તે સાંત્વન આપતાં કહ્યું: 'પ્રિયે, આવા વિચારો તને શોભતા નથી. હું સમજું છું કે પુત્રરત્ન વગર આ સમૃદ્ધિ, સંપત્તિ નિષ્ફળ છે પરંતુ માનવીએ આવા પ્રસંગે ધૈર્ય રાખવું જોઈએ કારણકે સંતતિ થવી એ પૂર્વકર્મના યોગનું જ કોઈ ફળ હોય છે. એમાં ચિંતા કરવાથી શું વળે?'

ધારિણીએ સ્વામીના હસ્ત પકડી લીધા અને ગળગળા સ્વરે કહ્યું: 'સ્વામી, આપ સ્ત્રીના હૃદયને શી રીતે જાણો? પરિણિત સ્ત્રીના હૈયામાં માતૃત્વની મંગલ કામના હંમેશા રમતી હોય છે જ્યારે સ્ત્રી માતૃત્વ ધારણ કરે છે ત્યારે તેના અંગે અંગમાં આનંદ, વાત્સલ્ય, પ્રેમ છવાય જાય છે. આથી જ તો સ્ત્રીને વાત્સલ્યની મૂર્તિ કહેવામાં આવે છે. પૂર્વકર્મના કોઈ દોષો ઉદય પામ્યા હોય તો આમ બને છે તે વાત હું બરાબર સમજું છું પરંતુ દરેક દોષના નિવારણનો ઉપાય તો મળતો જ હોય છે.'

'પ્રિયે, તારી ભાવના, તારી લાગણી હું બરાબર સમજું છું. સંસારમાં સામાન્ય દોષોનું નિવારણ થઈ શકે પરંતુ પૂર્વકર્મના

દોષનો માર્ગ મળવો દુર્લભ હોય છે. આ માટે અહીંના વૈદ્યોને પૂછ્યું તો તેઓએ જણાવ્યું કે બીજ તથા ભૂમિમાં કોઈ પ્રકારનો શારિરીક દોષ નથી. હવે તો પૂર્વકર્મના દોષ દૂર થાય ત્યાં સુધી ધૈર્ય જ રાખવું રહ્યું.'

'સ્વામી, ધૈર્યની પણ એક મર્યાદા હોય છે, સ્ત્રી ક્યાં સુધી ધૈર્ય રાખી શકે ?'

'પ્રિયે, તારા મનને શાંત કર...આ અંગે ફરીને વિચારીશું. તારા હૈયામાં જે વેદના છે તે મારી વેદના છે. તારું અશાંત ચિત્ત જોઈને હું પણ વિચારમાં પડી જાઉં છું...મારા અંતરમાં પણ એવી ભાવના રમે છે કે આ વિશાળ ભવનમાં એક જ ખોટ સાલે છે...સુખ, સમૃદ્ધિની છોળો ઊડે છે પરંતુ ભવનમાં પુત્રના કલરવ વગર આ સમૃદ્ધિ શા કામની...?'

'સ્વામી...' ધારિણી આગળ ન બોલી શકી. તે સ્વામીના અંકમાં છૂપાઈ ગઈ. ઋષભદત્તને થયું કે પ્રિયાની આંખમાંથી આંસુ સરી રહ્યા છે...ઋષભદત્ત ફક્ત પ્રિયાના મસ્તક પર હાથ ફેરવવા લાગ્યો અને સાંત્વન આપવા લાગ્યો.

'સ્વામી, મને માફ કરો...' ધારિણીએ કહ્યું.

'કેમ...?'

'આપનો વિચાર કર્યા વિના હું મારા દુઃખ સંભળાવવા બેસી ગઈ. આપ તો શ્રમિત બન્યા છો...ચાલો હવે આપ ઝડપથી સ્નાનકાર્યથી નિવૃત્ત થાઓ...'

એમ જ થયું.

ઋષભદત્ત તરત જ સ્નાન અર્થે સ્નાનગૃહ તરફ વિદાય થયો. થોડી વારમાં સ્નાનકાર્યથી નિવૃત્ત થઈને વસ્ત્રો ધારણ કરીને જ્યાં ધારિણી બેઠી હતી ત્યાં આવ્યો.

'પ્રિયે, તું હજુ અહીં જ બેઠી છે ?' ઋષભદત્તે કહ્યું.

'સ્વામી, આપની પ્રતિક્ષા કરી રહી હતી...આપ વાળુ નહિ કરોને ?'

'ના...તેં વાળુ કરી લીધું...?'

'મારી ઇચ્છા નહોતી...' ધારિણીએ કહ્યું. પતિપત્ની સાયંકાળ પહેલાં વાળુ કરી લેતા હતા. ત્યારબાદ ધર્મક્રિયામાં મગ્ન બનતાં.

'પ્રિયે, તારા હૈયામાં રમતી અર્પણ ભાવના જોઈ રહ્યો છું. ખરેખર તારા ખાતર મારે કંઈક કરવું પડશે.'

'સ્વામી, આપની વાત સમજાણી નહિ...' ધારિણીએ આશ્ચર્ય વ્યક્ત કરતાં કહ્યું.

'પ્રિયે, આપણા ભવનમાં જેની ખોટ સાલે છે અને તારા હૈયામાં જે પુત્રઝંખના જાગી છે તેથી તે અંગે કોઈ પણ ઉપાય વિચારવો જરૂરી લાગે છે. મને તો એક વિચાર આવી ગયો...!'

'કયો વિચાર સ્વામી...?'

'પ્રિયે, મારા અંતરમાં એવો વિચાર સ્પર્શી ગયો કે કોઈ પણ ઇષ્ટદેવનું આરાધન કરવાથી પૂર્વભવના કર્મના દોષો નીવારી શકાય છે. જો તું મને રજા આપે તો આવતીકાલે જ આ નગરીથી દૂર વનપ્રદેશમાં જઈને ઈષ્ટદેવની આરાધના કરું અને જ્યાં સુધી સફળતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી દેવની આરાધના કરું...'

'સ્વામી...' ધારિણી સ્વામીની બાજુમાં આવીને વળગી પડી અને દર્દભર્યા સ્વરે બોલી : 'સ્વામી, આપનો વિયોગ મારાથી સહી શકાય તેમ નથી.' ઋષભદત્તો જોયું તો ધારિણીની આંખમાંથી આંસુ ટપકી પડ્યા.

ઋષભદત્તો પત્નીના મસ્તકે હાથ ફેરવતાં કહ્યું : 'પ્રિયે, તારી આજ્ઞા વગર હું કશેય જવાનો નથી...'

અને પતિ-પત્ની વાતોમાં મશગુલ થઈ ગયા.

ચાર દિવસના પ્રવાસ પછી પતિપત્ની ભેગા થતા હતા તેથી

અનેક વાતો કહેવાની-સાંભળવાની હતી. આમેય પતિપત્નીની વાતોનો ક્યારેય અંત આવતો જ નથી.

આમ વાતોમાં ને વાતોમાં મધ્યરાત્રિ પૂરી થઈ ગઈ.

થોડી વાર પછી બન્ને નિદ્રાધીન થયા.

રાત્રિકાળ પૂરો થયો.

પ્રાતઃકાળ શરુ થયો. પ્રભાતનો સમય હોવાથી પંખીઓનો મધુર કલરવ વાતાવરણમાં પ્રસન્નતા બક્ષી રહ્યો હતો. ગગનમાં મુક્તવિહારી બનીને વિહરી રહ્યાં હતાં. પંખીઓના મધુર કલરવથી જાણ્યે એમ જણાતું હતું કે ઉષાને વંદના કરી રહ્યાં છે.

પૂર્વ ગગનમાં સૂર્ય ઉષાનો ત્યાગ કરીને જગતના હિત ખાતર અવની પર આવી રહ્યા હતા.

'સ્વામી, જાગૃત થાઓ... પૂર્વ આકાશ તરફ દૃષ્ટિ કરો...' ધારિણીએ સ્વામીને જગાડતાં કહ્યું.

'ઓહ... આજ જાગૃત થવામાં વિલંબ થઈ ગયો...' કહીને ઋષભદત્તે વાતાયન તરફ દૃષ્ટિ કરી. ઋષભદત્ત સુંવાળી શય્યા પરથી ઊભો થયો.

બન્ને પ્રાતઃકાર્યની વિધિમાં આટોપાઈ ગયા.

થોડીવારમાં બન્ને શીરામણ કરવા ભોજનકક્ષમાં બેઠા ત્યાં પેઢીનો મુખ્ય મુનિમ આવ્યો અને ઋષભદત્ત સામે જોઈને ભાવભર્યા સ્વરે કહ્યું: 'શેઠજી, હું આપને એક વાત જણાવવા આવ્યો છું...'

'શું...? પેઢી તો બરાબર ચાલે છે ને ? ચાર દિવસમાં કશી મુસ્કેલી નહોતી પડીને ?'

'ના... શેઠજી, પેઢીનો વ્યવહાર બરાબર રીતે ચાલે છે પરંતુ મેં હમણાં જ સાંભળ્યું કે સુધર્મા સ્વામી નગરી બહાર પધાર્યા છે અને નગરીના ટોળેટોળા તેમના દર્શનાર્થે અને અમૃતભરી વાણી

સાંભળવા જઈ રહ્યા છે...જો આપને જવું હોય તો...એથી અહીં વહેલો કહેવા માટે આવ્યો છું...' મુનિમજીએ કહ્યું.

'મુનિમજી, આપે ઉત્તમ સમાચાર આપ્યા. હવે અમે રથમાં બેસીને તે તરફ જ જઈશું... કેમ પ્રિયે ?'

'સ્વામી, જેવી આપની ઇચ્છા.' ધારિણીએ ઉત્તર આપ્યો. પરંતુ તે કંઈક વિચારતી હોવી જોઈએ તેવું ઋષભદત્તને લાગ્યા વગર ન રહ્યું. તે કશું બોલ્યો નહિ.

'પ્રિયે, આપણે વૈભારગિરિ ઉપર જઈશું ત્યાં સુંદર ઉદ્યાનમાં ક્રીડા કરીશું.'

'ભલે...આપની વાતનો અનાદર નહિ કરું...' ધારિણીએ શાંત ભાવે કહ્યું.

'પ્રિયે, તારા હૈયામાં જે રંજ છે, જે દુઃખ છે તેવું જ દુઃખ મને પણ છે...પરંતુ આમ દુઃખી થવાથી તેનો કોઈ માર્ગ મળવાનો માર્ગ નથી. આપણે તો સમજીએ છીએ છતાં હૈયાને શા માટે દુઃખી કરવું જોઈએ ?'

'પ્રાણનાથ, આ...પ...નારીની મનોવેદનાને શી રીતે જાણો...? સ્ત્રીનું હૈયું અતિ કોમળ હોય છે.' ધારિણીની આંખમાં આંસુ આવી ગયા. ઋષભદત્તે સાંત્વન આપ્યું.

થોડીવાર પછી ઋષભદત્ત શેઠે કહ્યું: 'પ્રિયે, હવે તું તુરત જ શુભ્ર વસ્ત્રો ધારણ કરીને બહાર આવ... આપણને ત્યાં પહોંચતા સમય લાગશે... હવે વિલંબ કરવો પાલવો તેમ નથી...'

'સ્વામી, આજ મને વસ્ત્ર પરિધાન કરવામાં વાર નહિ લાગે... હું ત્વરિત આપની સમક્ષ આવી જઈશ.' ધારિણી ઊભી થઈ અને કામિની, દેવિકા અને પદ્મા સાથે ચાલી નીકળી.

લગભગ અર્ધ ઘટિકા બાદ ઋષભદત્ત શેઠ અને ધારિણી દેવી ભવનની બહાર નીકળ્યા.

ભવનની બહાર સુવર્ણમય રત્નજડિત રથ તૈયાર ઊભો હતો. રથિક શેઠજીની પ્રતિક્ષા કરતો રથના અગ્રભાગે બેસી રહ્યો હતો. શેઠ અને શેઠાણીને આવતાં જોઈને તે સ્વસ્થ થયો.

ઋષભદત્ત શેઠ અને ધારિણીદેવીએ રથમાં સ્થાન લીધું અને રથિકને રથ હંકારવાની સૂચના કરી.

આજ નગરીના ટોળેટોળાં વૈભારગિરિ તરફ જઈ રહ્યાં હતાં. દરેક પ્રજાજનોના ચહેરા પર પ્રસન્નતાનું સ્મિત ફરકતું હતું. આર્ય સુધર્મા સ્વામીની અમૃત સમી મંગલવાણીથી સૌ કોઈ પોતાન હૈયાને શાંત કરવા ઈચ્છતું હતું. નગરજનો, આજ જાણે મંગલો-ત્સવ હોય એ રીતે શુભ્ર વસ્ત્રો અને શ્રેષ્ઠ અલંકારો ધારણ કરીને વૈભારગિરિ તરફ જઈ રહ્યાં હતા.

આર્ય સુધર્મા સ્વામી સર્વજ્ઞ ભગવંત શ્રી મહાવીરદેવ પ્રભુના પાંચમા ગણધર હતા. શ્રી મહાવીર પ્રભુની વાણી, ઉપદેશને સર્વ લોકો જાણે, રાગ–વિરાગનું સ્વરૂપ જાણે, મુક્તિનો માર્ગ પામવાની વાતો જાણે તે હેતુથી આર્ય સુધર્મા સ્વામી લોકોને આ વાત પ્રસારિત કરી રહ્યા હતા. આર્ય સુધર્મા સ્વામીની વાણી અનુપમ અને મંગલમય હતી. તેમની દિવ્ય અને અલૌકિક વાણીથી પ્રેરાઈને અનેક જીવાત્માઓ આત્મમંગલના માર્ગને આવકારી રહ્યાં હતાં.

આજ નગરીના અનેક લોકો વૈભારગિરિ તરફ પ્રસન્ન ચિત્તે જઈ રહ્યાં હતા. સૌના મુખ પર કંઈક મેળવવાની, કંઈક પામવાની જિજ્ઞાસા રમતી હતી.

ઋષભદત્ત શેઠ અને ધારિણી દેવીનો રથ નિશ્ચિંત માર્ગે જઈ રહ્યો હતો. ઋષભદત્તને થયું કે પત્નીનું મન હજુ અશાંત છે તેથી તેનું ચિત્ત પ્રસન્ન બને તેવું કંઈક કહેવું જોઈએ.

આમ ઋષભદત્ત વિચારીને પ્રિયા સામે જોઈને કહ્યું: 'પ્રિયે, સંસારમાં ઘણા પ્રસંગો એવા બનતાં હોય છે કે જે માનવી

સહી શકતો નથી. એ વખતે માનવી ધૈર્ય રાખે તો જ પ્રસંગને પચાવી શકે છે...આપણું જીવન હજુ પૂરું થયું નથી.. જીવનની શરૂઆત છે ત્યાં તારા ચિત્તમાં જે વિચારોએ તેનો કાબુ જમાવ્યો છે તે તારા માટે જ અહિતકર નીવડશે કારણ કે તેનાથી તારું સ્વાસ્થ્ય બગડવાનો પૂરો સંભવ છે...આથી હૈયું પ્રસન્ન રાખ અને મારી સાથે આનંદથી વાતો કર...જો આ બહારની ભૂમિ દેખાય છે. નગરીના સીમાડે આવેલા જુદા જુદા વૃક્ષો રાજાના મદોન્મત્ત હાથી· ઓને બંધનગ્રસ્ત કરવાના સાધન રૂપ છે. કારણ કે તેના બંધનથી તે વૃક્ષોના સ્કંધની છાલ ઉખડી ગયેલી જણાય છે.. જો તને બરાબર દેખાય છે ને...?' ઋષભદત્તે પત્ની સામે જોયું.

ધારિણીએ તો સ્વામીએ કહ્યું તે તરફ નજર કરી તો મુખ પર પ્રસન્નતા છલકાણી.

ઋષભદત્તે ફરીને કહ્યું : 'પ્રિયે, બળદોના ભાંકાર શબ્દ વડે મનોહર એવા આ ગોકુળો છે. રથના મોટા અવાજથી, નાના વાછરડાઓ તેના કાન ઊંચા કરી રહ્યાં છે...માર્ગમાં આ તરૂણ આમ્રવૃક્ષો છે જેના પલ્લવો કોકિલને મધુર કહેવાને ઔષધ સમાન છે...જો જો આ રથના અવાજ માત્રથી ભયભીત થયેલા મૃગો જાણે પૃથ્વીનો ત્યાગ કરવાની ઇચ્છાથી જાણે વાયુ પર ન બીરાજયા હોય...! તેમ તે પ્રાય: આભમાં જ ચાલે છે...' ઋષભદત્તે જોયું કે પત્નીનું હૈયું શાંત પડયું છે તેના ચહેરા પર પ્રસન્નતા છલકાણી છે...આથી ઋષભદત્તને પૂર્ણ સંતોષ થયો.

આમ વિવિધ વાતો કરતાં કરતાં ઋષભદત્તનો રથ વૈભારગિરિ પહોંચ્યો.

ગિરિએ એક સુંદર, સ્વચ્છ જગ્યાએ રથ ઊભો રાખ્યો. ઋષભ-દત્ત અને ધારિણી રથમાંથી ઊતર્યાં. તેમની સાથે બીજા રથોમાં દાસદાસીઓ હતાં તે પણ નીચે ઊતર્યાં.

'સ્વામી, આ સ્થળ મને ખૂબ જ પસંદ છે...ખરેખર અહીં આવીએ છીએ ત્યારે અપાર શાંતિ મળે છે...' ધારિણીએ પ્રસન્ન સ્વરે કહ્યું.

'પ્રિયે, તારી વાત સાચી છે...આ ઉદ્યાનમાં રંગબેરંગી લતાઓ, ફૂલો, અનેક વૃક્ષો તેમજ પંખીઓના મધુર કલરવથી વાતાવરણ અત્યંત સુંદર ભાસે છે.' ઋષભદત્તે કહ્યું.

ઋષભદત્ત અને ધારિણી બન્ને ચાલતાં ચાલતાં આગળ વધ્યાં. ધારિણી તો દરેક વૃક્ષોને તેના નામ પૂછવા લાગી ઝરાઓનાં સ્વાદિષ્ટ જળનું આચમન કરવા લાગી.

ધારિણી ગાઢ તરૂની છાયામાં પગલે પગલે વિસામો લેતી, કેળના શિતળ પાંદડાઓના સુખકર મધુર સ્પર્શને અનુભવતી, શુકરાજના શબ્દો સાંભળીને હર્ષ પામતી, પ્રસન્નતા વેરતી, મૃગબચ્ચા પર અત્યંત વાત્સલ્યભાવ વરસાવતી આગળ જતી હતી. ઋષભદત્ત પ્રિયાની પ્રસન્નતામાં જ પોતાની પ્રસન્નતા છે તેમ માનતો હતો. છતાં ય ક્યારેક ક્યારેક ઋષભદત્ત પ્રિયાને પર્વતના ઉદ્યાનની શોભા આંગળી વડે બતાવતો હતો.

ઋષભદત્તે અંગુલિનિર્દેષ કરતાં ધારિણી સામે જોઈને કહ્યું: 'પ્રિયે, ફળના ભારથી જામી ગયેલી આ માતુલિંગીઓ તરફ તું દૃષ્ટિ કર...રાતા પુષ્પોએ કરીને જાણ્યે સંધ્યાના વાદળો વિશ્રાંતિ લેતા હોય, એવી આ દાડમડી તો જો...સૂર્યના કિરણોને પણ પ્રવેશવા દેતાં નથી એવા આ દ્રાક્ષનાં માંડવા તરફ દૃષ્ટિપાત કર...તાલવૃક્ષો જાણ્યે નૃત્ય કરવા મયુરના પીછાં જેવા પાંદડાવાળાની શોભા અનુપમ છે. આ વિવિધ જાતના પુષ્પો, અરસપરસ સુગંધ આવવાથી ભ્રમરોના શબ્દના મિષ વડે સ્વજનપણાને જાહેર કરે છે. જંબૂ, કદમ, માકંદ અને પારિભદ્ર વગેરે વૃક્ષોએ પોતાની છાયા રૂપી ચોલક પહેરાવ્યો હોય તેવો આ પર્વત શોભી રહ્યો છે.'

આમ ઋષભદત્ત પ્રિયાને પર્વતની શોભા વર્ણવે છે ત્યાં જ જાણ્યે આકાશમાંથી કોઈ ટપકી પડયું હોય તે રીતે સિદ્ધપુત્ર યશોમિત્રને પોતાની તરફ આવતા જોયો.

ઋષભદત્તે અજાણી વ્યક્તિ સામે જોતાં કહ્યું : 'હે સિદ્ધપુત્ર, તું અમારો સાધાર્મિક લાગે છે...તારું નામ શું ?'

'મારું નામ યશોમિત્ર છે...' યશોમિત્રે નજીક આવીને ઉત્તર આપ્યો.

'યશોમિત્ર, તું અત્યારે સુંદર વસ્ત્રો ધારણ કરીને કઈ તરફ જાય છે...?'

'શેઠજી, આ ઉદ્યાનમાં ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુના શિષ્ય આર્ય શ્રી સુધર્મા સ્વામી પધાર્યા છે તેમને વાંદવા જઉં છું. જો આપને વંદન કરવાની ઇચ્છા હોય તો મારી સાથે ચાલો...'

'અરે...મિત્ર, તેં તો અમારા મનની વાત કરી...અમે શ્રી સુધર્મા સ્વામી પાસે આવવા માટે જ નીકળ્યા હતા...પરંતુ પ્રિયાના અશાંત મને બીજા વિચારોમાં મન ચડી ગયું...ચાલો આપણે ત્યાં જ જઈએ...'

અને યશોમિત્રની સાથે ઋષભદત્ત, ધારિણી અને અન્ય સેવકો જ્યાં આર્ય શ્રી સુધર્મા સ્વામી બીરાજ્યા હતા તે તરફ ગયા.

ત્યારે દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો.

દિવસનો બીજો પ્રહર શરૂ થયો હતો. સૂર્યના પ્રોજ્વલ કિરણોથી ધરતી પ્રસન્ન બની ચૂકી હતી. વૈભારગિરિ પર નગરજનો આર્ય સુધર્મા સ્વામીની વાણીનું પાન કરવા જઈ રહ્યા હતા.

શ્રેષ્ઠિ ઋષભદત્ત અને ધારિણી બન્ને યશોમિત્ર સાથે આર્ય સુધર્મા સ્વામીના દર્શનાર્થે જઈ રહ્યા હતા. ત્રણેય જણાં શ્રી સુધર્મા સ્વામીએ પવિત્ર કરેલા સ્થાન પાસે આવી પહોંચ્યા. નગરજનો હારબંધ બેસી ગયા હતા અને તેઓના ચહેરા પર અમૃતમય વાણી સાંભળવાની જિજ્ઞાસા વરતાતી હતી.

ત્રણેય જણાં શ્રી સુધર્મા સ્વામીની નજીક આવ્યા અને વિધિપૂર્વક ભાવભર્યાં વંદન કર્યાં અને ત્યાં નજીકમાં જ બેસી ગયા.

આર્ય શ્રી સુધર્મા સ્વામીના ચહેરા પર તપ, આરાધનાની છાયા દૈદિપ્યમાન બની હતી. વિશાળ, બલિષ્ઠ કાયા નિર્બળ નહોતી જણાતી પરંતુ તપનું તેજ સ્પષ્ટપણે નીહાળી શકાતું હતું. તેમની વાણી સાંભળવા ગામ-પરગામના અનેક લોકો વહેલા આવીને બેસી

જતાં. તેમના ઉપદેશથી અનેક લોકોના આત્માનું કલ્યાણ થવા માંડયું. અનેક લોકો સર્વત્યાગના માર્ગે ચાલવા લાગતા.

આજની ધર્મસભામાં અનેક જિજ્ઞાસુઓ, શ્રેષ્ઠિવર્યો, જ્ઞાનપિપાસુઓ વગેરે આવી ગયા હતા. આર્ય શ્રી સુધર્મા સ્વામીએ સભા તરફ આછી દૃષ્ટિ કરીને ભાવપૂર્ણ સ્વરે કહ્યું: ‘ સંપૂર્ણ અપરિગ્રહનું વ્રત તો ત્યાગી પુરુષો જ સત્કારી શકે. સંસારી જીવો માટે પરિગ્રહની મર્યાદા અવશ્ય નિશ્ચિત કરવી જોઈએ. કારણ કે પરિગ્રહના બોજ વડે કોઈ પણ સંયોગોમાં સુખ છે જ નહિ. પરિગ્રહની મર્યાદા એ માત્ર આધ્યાત્મિક પ્રકાશ તરફ લઈ જનારું વાહન છે એમ નથી પરંતુ જીવનની અનેક વિષમતાઓનો વૈજ્ઞાનિક, અનુભવસિદ્ધ અને એક માત્ર સર્વોત્તમ ઉકેલ છે. સુખોપભોગમાં માનવી રાચવા લાગે છે, માયા મરિચિકાના આકર્ષણમાં માનવી લોભાતો જાય છે તેથી રસવૃત્તિને જ વધુ ઉત્તેજન મળે છે. સંસારના ભૌતિક સાધનોને મેળવવાની વધુ ખેવના ધરાવતો થઈ જાય છે. પરંતુ જેમ ભૌતિક સુખ વિશેષ તેમ તેમ ઉપાધિ વધુ. ભૌતિક સુખ એ સાચું સુખ નથી. ક્ષણિક સુખના આનંદ કરતાં આત્મિક સુખનો આનંદ અપૂર્વ અને અલૌકિક હોય છે. અનંત સુખની પ્રાપ્તિ માટે પહેલાં મનને મારવું પડશે... રાગની આરાધનામાંથી મુક્ત થઈને વિરાગની આરાધના કરવી જોઈએ...’

આમ આર્ય શ્રી સુધર્મા સ્વામીએ પ્રેરકવાણીમાં સંસારની અસારતાનો ખ્યાલ આપ્યો. સર્વ જીવોનું કલ્યાણ થાય તે માટેનો માર્ગ બતાવ્યો.

ધર્મસભા પૂરી થઈ.

સૌ નગરજનો આર્ય શ્રી સુધર્મા સ્વામીને વંદન કરીને વિદાય થવા લાગ્યા.

ત્યારબાદ યોગ્ય સમયે યશોમિત્રે શ્રી સુધર્મા સ્વામી સામે જોઈને

નમ્ર સ્વરે કહ્યું: 'ભગવંત, જેના નામ ઉપરથી જંબૂદ્વીપ એવું નામ ધારણ થયેલું છે તે જંબૂવૃક્ષ કેવું છે?'

શ્રી સુધર્મા સ્વામીએ મધુર સ્વરે જણાવ્યું: 'ભદ્રે, તે જંબૂવૃક્ષની આકૃતિ સુવર્ણ અને રત્નમય છે. તેનો પ્રભાવ અદ્વિતીય છે. ખરે-ખર તે વૃક્ષ અલૌકિક અને અદ્‌ભુત છે. જે નિહાળતાં જ મનને અપૂર્વ શાંતિ પ્રાપ્ત થાય...તેનું સ્વરૂપ પણ સર્વશ્રેષ્ઠ છે.' કહીને જંબૂવૃક્ષનું પ્રમાણ, પ્રભાવ અને સ્વરૂપ વિષે યશોમિત્રને જણાવ્યું.

ઋષભદત્ત શેઠ અને ધારિણી દેવી અંતરમાં આર્ય સુધર્મા સ્વામીના મંગલદર્શનથી ખૂબ જ શાંતિ અનુભવી રહ્યા હતા. જ્યારે આર્ય સુધર્મા સ્વામીએ ધર્મદેશના આપી ત્યારે શેઠ–શેઠાણી બધું ભૂલી જઈને પ્રેરકવાણીનો આસ્વાદ માણવામાં મગ્ન બન્યા હતા.

ધારિણીના અંતરમાં પ્રશ્ન રમી રહ્યો હતો, શું ગણધર ભગ-વંત મારી મનોવેદનાને શાંત કરશે? મારા તડપતાં હૈયામાં રમતી પુત્રની ઝંખના વિષે કંઈ જણાવશે?

પણ કહેવું શી રીતે?

આ વાત સ્વામીને કરૂં...!

ના...ના... મારે જ ગણધર ભગવંતને મને પુત્ર થશે કે નહિ તે અંગેનો પ્રશ્ન કરવો જોઈએ...!

મારે ગણધર ભગવંત પાસેથી અવશ્ય જાણવું જોઈએ અને એમના મંગલમય આશીર્વાદ પ્રાપ્ત કરવા જોઈએ...આર્ય સુધર્મા-સ્વામી અવશ્ય મારી વેદનાને વાચા આપશે... અને અમારું જીવન ધન્ય બની જશે. મારી અભિલાષા મૂર્તિમંત થશે...

ત્યારબાદ પ્રસંગ જોઈને ધારિણીએ અતિ મધુર સ્વરે ગણધર ભગવંત આર્ય સુધર્મા સ્વામી સામે જોઈને કહ્યું: 'ભગવંત, મને પુત્ર થશે કે નહિ...?'

ત્યારે યશોમિત્રે ધારિણી સામે જોઈને કહ્યું: 'આપે ગુરૂ

મહારાજને સાવદ્ય પ્રશ્ન કરવો ઉચિત નથી. કારણ કે મહર્ષિઓ જાણતાં હોવા છતાં સાવદ્ય પ્રશ્નનો ઉત્તર આપતાં નથી. પરંતુ શ્રી જિનેશ્વરદેવના પ્રેરણાત્મક ઉપદેશથી હું નિમિત્ત જ્ઞાનમાં પંડિત થયો છું એથી આપના પ્રશ્નનો ઉત્તર હું જ આપું છું...આપ ધ્યાનથી સાંભળજો...'

ધારિણી તરત જ સ્વસ્થ બનીને યશોમિત્રની વાત સાંભળવા માટે ઉત્સુક બની ગઈ. ઋષભદત્ત શેઠ પણ યશોમિત્રની વાત સાંભળવા માટે મનથી સ્વસ્થ થયા.

યશોમિત્રે ભાવભર્યા સ્વરે કહ્યું: 'આપે જે મન વડે ધીર ગંભીર સ્વભાવવાળા છે, કાયા વડે પરાક્રમી છે, અતિ તેજસ્વી અને તપસ્વી છે, જે શિલા પર બીરાજ્યા છે તે સુધર્માસ્વામી પાસે જે પુત્રજન્મ સંબંધી પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે તેનો ઉત્તર એ છે કે આપને એક સ્વપ્ન આવશે તે સ્વપ્નમાં ખોળામાં બેઠેલા સિંહને જોશો. અને તે દિવસથી આપની કુક્ષીમાં સિંહ સમાન પરાક્રમી અને તેજસ્વી પુત્રને ધારણ કરશો. થોડીવાર પહેલાં ગણધર ભગવંતે જંબૂ-વૃક્ષ વિષે જે ખ્યાલ આપ્યો હતો તે પ્રમાણે જંબૂવૃક્ષની માફક ગુણરત્નવાળો અને જેનું હંમેશા દેવતાઓ રક્ષણ કરશે એવો સુંદર પુત્રરત્નનો જન્મ થશે... '

યશોમિત્રની વાત સાંભળીને ધારિણીએ કહ્યું : 'હું જંબૂદેવની આરાધના કરીશ. તેમને ઉદ્દેશીને એકસો ને આઠ આયંબીલ કરીશ.'

'આપની ભાવના શ્રેષ્ઠ છે.' યશોમિત્રે કહ્યું.

થોડી વારમાં સૌ પોતપોતાના સ્થાને વિદાય થયા.

આજ ધારિણીના હૈયામાં હરખ માતો નથી. ધારિણીના હૈયામાં વાત્સલ્ય, પ્રેમ, મમતા અને સ્નેહનું ઝરણું વહેવા લાગ્યું.

પોતાની મનોકામના જરૂર પૂરી થશે તેથી ચહેરા પર અને અંગે-અંગમાં આનંદ વ્યાપ્ત બન્યો.

સંસારમાં પરિણિત સ્ત્રીને જ્યારે માતા થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય ત્યારે સ્ત્રીના હૈયાનો આનંદ અવર્ણનીય અને અનુપમ હોય છે.

'સ્વામી, આજ મારા હૈયાને શાંતિ થઈ...' ધારિણીએ ભવનમાં પ્રવેશતાં સ્વામી સામે જોઈને કહ્યું.

'પ્રિયે, તારી મનોકામના પૂર્ણ થાય તેનાથી વિશેષ આનંદ અન્ય કયો હોઈ શકે ?' ઋષભદત્તે આનંદમાં સથવારો આપ્યો.

'સ્વામી, જંબૂદ્રીપના અધિપતિ અનાધૃત દેવની આરાધના જ કરીશ.'

'પ્રિયે, અનાધૃતદેવની આરાધના કરવાથી તારી મનોકામના અવશ્ય પૂર્ણ થશે...' ઋષભદત્તે કહ્યું.

એમ જ થયું.

ધારિણી દેવીએ જંબૂદ્વીપના અધિપતિ દેવ અનાધૃત દેવની આરાધના શુદ્ધ ભાવથી કરી. જ્યારે શુધ્ધભાવથી આરાધના કરવામાં આવે ત્યારે તેનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ધારિણીએ જંબૂદ્રીપના અધિપતિના નામ પર એકસો ને આઠ આયંબિલ કર્યાં. ધારિણીના ચહેરા પર શ્રદ્ધા, વિશ્વાસનું તેજ દિવસે દિવસે વધવા લાગ્યું.

શ્રદ્ધા અને વિશ્વાસ બન્ને અલગ હોવા છતાં પૂરક છે. શ્રદ્ધા એ માનવીના જીવનનું પ્રેરકબળ છે. વિશ્વાસ એ ભક્તિ છે. અંતરમાં શ્રધ્ધા ન હોય તો ભક્તિ શા કામની ? આથી શ્રદ્ધા અને ભકિત માનવીના અંતરની અભિલાષાને પૂર્ણ કરવામાં સહાયક બને છે.

ધારિણીના મન પર શ્રધ્ધા અને ભક્તિએ આસન જમાવ્યું હતું. આથી તો તે શુધ્ધ ભાવથી અનાધૃત દેવની મંગલમય ભક્તિ કરી રહી હતી...

સમય ચાલ્યો જાય છે. કાળની ગતિ વણસ્થંભિત છે. જ્યાં વરસો વીતતાં વાર લાગતી નથી ત્યાં દિવસો પસાર થતાં શી વાર લાગે ? ઘણાં દિવસો આનંદમાં પસાર થઈ ગયા.

ધારિણી તેનો સમય આરાધના અને સંગીતમાં જ પસાર કરતી. તેને સુખ, સમૃદ્ધિ વિશેષ પ્રિય થવા લાગ્યા. તેના અંતરમાં પહેલાં સુખ સમૃદ્ધિમાં અસારતાના જ દર્શન થતા હતા તેજ ભૌતિક સુખ આજ પ્રિય થઈ પડયું હતું.

ધારિણીએ પોતાનો ખંડ સુંદર રીતે સજાવ્યો હતો. સુંદર કલાત્મક આસનો બીછાવ્યા હતા જે સુવર્ણયુક્ત હતા. વિવિધ પ્રકારની ત્રિપદીઓ ગોઠવવામાં આવી હતી. એક તરફ શય્યા રાખવામાં આવી હતી. ભીંત પર આકર્ષક, મનને મોહી જાય તેવા ચિત્રો મૂકવામાં આવ્યા હતા. દરરોજ ખંડને સુંદર સુગંધી પુષ્પોથી મઢી દેવામાં આવતો જાણે એમ જ લાગે કે આ ખંડ ફૂલઘર છે. વાયાતનમાંથી મંદ મંદ વહેતો વાયુ જાણે ધારિણીના ચિત્તને હરીને પ્રસન્નતા બક્ષી રહ્યો હતો.

એ દિવસે રાત્રિનો ત્રીજો પ્રહર પૂરો થયો હતો. પરોઢિયું શરૂ થયું ત્યારે ધારિણી તેના ખંડમાં વિશાળ શય્યા પર સુખની નિદ્રા માણી રહી હતી. મન તો સુખની કલ્પનામાં જ વિહરતું હતું. મનની ગતિને કોઈ ઓળખી શકતું નથી...

ત્રીપદી પર દીપકોનો આછો પ્રકાશ ખંડને અજવાળી રહ્યો હતો. ખંડનું દ્વાર બંધ હતું. ધારિણીની સુકોમળ કાયા શય્યા પર અસ્તવ્યસ્ત પડી હતી. તેના વસ્ત્રો પણ અવ્યવસ્થિત રીતે ગોઠવાયા

હતા. દીપકોના આછા પ્રકાશમાં તેના ચહેરા પર સુરખીભર્યું યૌવન જાણ્યે નવજીવનના ગીત ગાતું હોય તેમ જણાતું હતું.

અને ધારિણીના મનપ્રદેશમાં સ્વપ્નલોકની સૃષ્ટિ રચાવા લાગી. ઘણી વાર સ્વપ્નો મીઠાં અને મધુર ભાસતાં હોય છે. નવયુગલો માટે સ્વપ્નાઓ મીઠાં સ્પંદનો સમાન થઇ પડે છે. જ્યારે આશામાં કે ઈચ્છામાં રાચતા લોકો માટે સ્વપ્ન એક વિસામો થઈ પડે છે.

ધારિણીના મનપ્રદેશમાં ઉપસેલું સ્વપ્ન અત્યંત મધુર અને સુંદર જણાવા લાગ્યું. અર્ધનિદ્રિત ધારિણીએ સ્વપ્નમાં શ્વેતસિંહના દર્શન કર્યાં. ધારિણી શ્વેતસિંહને જોઈને અશાંત ન બની કે ન ડરી.

સ્વપ્ન વિહારમાં રાચતી ધારિણીનું મન આગળ ચાલવા લાગ્યું. ત્યાં નિરભ્રમાંથી એક લીલા ઘટાદાર વૃક્ષને નીચે ઉતરતું જોયું. સુંદર સુંદર પાંદડાઓથી યુક્ત આ વૃક્ષ તદ્દન નજિક આવ્યું અને વૃક્ષને જોતાં જ ધારિણીએ હર્ષભર્યો અવાજ કર્યો.

'ઓહ...આ તો જાંબુનું વૃક્ષ છે... કેટલું સુંદર અને મનને ગમે તેવું છે...! શ્યામ રંગના સુંદર ફળોથી સુશોભિત છે...આવું સુંદર વૃક્ષ અને મોટા જાંબુના ફળ જીવનમાં ક્યારેય જોયા નથી...'

ધારિણી જોઈ જ રહી.

અને સુંદર ફળોથી યુક્ત જાંબુનું વૃક્ષ એકદમ નજીક આવીને મુખમાર્ગે તેના પેટમાં પહોંચી ગયું છે તેમ ધારિણીને લાગ્યું. ધારિણીને તેનો અનુભવ પણ થયો.

આ એ જ પળ હતી જ્યારે વિદ્યુન્માલી દેવની બ્રહ્મલોકમાં રહેવાની મર્યાદા પૂરી થઈ ગઈ હતી. અને વિદ્યુન્માળીનો જીવ ધારિણીના ગર્ભમાં સ્થાપિત થઈ ગયો હતો.

ધારિણીના ચહેરા પર આનંદ છવાયો. તે તરત જ જાગૃત થઈ ગઇ અને નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી. તે તરત જ સ્વામીને

જગાડવા ગઈ. ઋષભદત્તે જાગૃત થઈને કહ્યું : 'પ્રિયે, આજ તેં વહેલાં નિદ્રાત્યાગ કર્યો...?'

'સ્વામી, આજ મેં સુંદર અને અનુપમ સ્વપ્ન જોયું છે...' ધારિણીએ કહ્યું.

'પ્રિયે, સ્વપ્નમાં તેં શું નિહાળ્યું...! રાત્રિના અંતિમ પ્રહરે તને સ્વપ્ન લાધ્યું તેથી તે અવશ્ય ફળદાયી થશે...'

'સ્વામી, મેં સ્વપ્નમાં શ્વેતસિંહને જોયો, તેમજ સુંદર જાંબુનું વૃક્ષ જોયું અને તે વૃક્ષ મારા મુખવાટે ઉદરમાં ચાલ્યું ગયું.'

'પ્રિયે, તારું સ્વપ્ન શ્રેષ્ઠ છે. યશોમિત્રે જે કહ્યું હતું તેવું જ સ્વપ્ન તને આવ્યું છે. આથી તેનું કથન સત્ય છે. તું મહાભાગ્યવાન છો. તારી કુખે પવિત્ર આચરણવાળો, સર્વ લક્ષણોથી યુકત પુત્રરત્ન જન્મશે.'

'ઓહ...આજ મારું હૈયું અપાર આનંદ અનુભવે છે...' કહીને ધારિણી સ્વામીને વળગી પડી. ઋષભદત્તે પ્રિયાને આલિંગનમાં લીધી અને મુખ પર ચુંબન કર્યું.

ઋષભદત્તને થયું કે આજ મારી પ્રિયાની મનોકામના પૂરી થશે...તેની ઇચ્છા સાકાર બનશે...ખરેખર અમે ભાગ્યશાળી છીએ...

ઋષભદત્તે મધુર સ્વરે કહ્યું : 'પ્રિયે, તારી પુત્રઝંખના પૂરી થશે તું પુત્રવતી બનીશ. તું તેજસ્વી, આરોગ્યનિષ્ઠ, પરાક્રમી, ધર્મ પ્રત્યે આસ્થા રાખવાવાળા પુત્રની માતા થઈશ... આજ ઘણા સમય પછી તારા ચહેરા પર આનંદ નીહાળી શકું છું...છતાં આજે જ નગરીના શ્રેષ્ઠ નિમિત્તકોને બોલાવી લાવીશ.'

'સ્વામી, પેલા આપના મિત્ર યશોમિત્રને જ બોલાવી લાવો ને...!'

'ભલે...જેવી તારી ઇચ્છા...' ઋષભદત્તે કહ્યું.

પછી બન્ને પ્રાતઃકાર્યની વિધિમાં મગ્ન બન્યા. ધારિણીના અંગમાં આનંદનો સંચાર સ્પષ્ટપણે વરતાતો ઋષભદત્ત શેઠ જોઈ શક્યા હતા. પ્રિયાને હવે કશા પ્રકારનું દુઃખ ન પડે, તેનું ચિત્ત હંમેશા પ્રસન્ન રહે તે માટે પોતાની રીતે પ્રયત્નો કરવા જોઈએ તેમ લાગતું હતું.

ઋષભદત્ત શેઠે દિવસના પ્રથમ પ્રહર પછી શુભ ઘડીએ મુનિમને યશોમિત્રને ત્યાં મોકલ્યો અને અત્રે લઈ આવવાની વાત કરી. લગભગ અર્ધ ઘટિકામાં યશોમિત્ર ઋષભદત્તની વિશાળ હવેલી પર આવી પહોંચ્યો. મિત્રને આવતો જોઈને ઋષભદત્ત પોતાના આસનેથી ઊભો થઈને સ્વાગત કરવા ખંડ બહાર આવ્યો...

'આવો...આપનું સ્વાગત કરું છું...' ઋષભદત્તે મધુર સ્વરે કહ્યું.

'શેઠજી, આપે આજ વહેલાં યાદ કર્યો...મારું શું કામ આવી પડયું ? આપની સેવામાં હાજર થઈ ગયો છું...' યશોમિત્રે પ્રસન્ન સ્વરે કહ્યું.

'ભાઈ, મારી પત્નીને આપે કહ્યું તે પ્રમાણેનું સ્વપ્ન રાત્રિના અંતિમ પ્રહરે આવ્યું હતું. આપ અંક મૂકીને તેનું ફળ કહો...' કહીને ઋષભદત્તે સ્વપ્નની બધી વાત કરી. ધારિણી ત્યારે સ્વામીની બાજુમાં જ બેઠી હતી.

યશોમિત્રે અંક મૂકયા અને થોડી વાર વિચાર કરીને કહ્યું : 'શેઠજી, આપ ભાગ્યવંત છો...આપને ત્યાં સુંદર પુત્રરત્નનો જન્મ થશે. ધારિણી દેવીએ જે સ્વપ્ન નીહાળ્યું છે તેનું ફળ સર્વોત્તમ છે. તે સ્વપ્ન ઘણું જ શ્રેષ્ઠ છે, દિવ્ય છે...પરિણામ રૂપે આ ભવનમાં દેવીની કુખે ધર્મ પ્રત્યે શ્રદ્ધા રાખનારો, તેજસ્વી, પરાક્રમી, ધીરગંભીર પુત્રનો જન્મ થશે...શેઠજી, આપને ધન્ય છે

કે આવું ઉત્તમ પુત્રરત્ન આપને ત્યાં જન્મ લેશે...સૌભાગ્યવંતી ધારિણી દેવીની કુખે જન્મ લેનાર આ પુત્ર સંસારને કલ્યાણનો માર્ગ બતાવશે...ખરેખર સર્વશ્રેષ્ઠ રત્ન આપને ત્યાં જન્મ લેશે...'

થોડી વાર આ અંગે વાત કરી.

ઋષભદત્તે તરત જ સેવકોને અલ્પાહાર લાવવાની આજ્ઞા કરી.

થોડી વારમાં સેવકો યશોમિત્ર માટે અલ્પાહારની અનેકવિધ વાનગીઓ લઈ આવ્યા.

યશોમિત્રે કહ્યું : 'શેઠજી, હું અલ્પાહાર કરીને જ આવ્યો છું છતાં આપના અંતરની ભાવનાને ઠેસ ન પહોંચે તેથી માત્ર દુગ્ધ લઈશ ..'

તરત જ દુગ્ધનું પાત્ર હાજર કરવામાં આવ્યું.

યશોમિત્રે દુગ્ધાનુપાન કર્યું.

ઋષભદત્તે સુંદર ઉપહાર ધરતાં યશોમિત્ર સામે જોઈને કહ્યું: 'મિત્ર, આપે મારી ભાવનાને સત્કારી તે બદલ હું ધન્યતા અનુભવું છું. હવે મારા અંતરમાં જાગૃત બનેલી ભાવનાને હડસેલશો નહિ...નાનો એવો ઉપહાર આપ ગ્રહણ કરો...આપની વિદ્વતાને પૂરતો ન્યાય તો મારા જેવો નિમ્ન માણસ શી રીતે આપી શકે...?'

યશોમિત્રે જોયું તો પાંચ પાત્રો પડયા હતાં. એક પાત્રમાં સુંદર, ઉત્તમકોટિના વસ્ત્રો પડયા હતા. બીજા પાત્રમાં સુવર્ણમુદ્રાઓ પડી હતી. ત્રીજા પાત્રમાં રત્નો, હીરા, માણેક વગેરે હતા. એ રીતે બીજા બે પાત્રોમાં પણ અમૂલ્ય સામગ્રી હતી.

'શેઠજી, ઉપહાર આપ મને કયાં આપો છો ? જે છોડવું છે તેને લઈને હું શું કરું...! આ બધી માયા રૂપી સંપત્તિ માનવીને રાગમાં અંધ બનાવે છે...હું તો મુક્તિની આરાધનામાં મસ્ત રહેવા ઈચ્છું છું...સાચું સુખ સંપત્તિમાં નથી પરંતુ સંપત્તિ,

સમૃદ્ધિ તજવામાં છે...આપની ભાવનાને ઠેસ ન પહોંચે તેથી એક વસ્તુ લઈશ. બાકીની સામગ્રી, ધન, રત્નો વગેરે દાનમાં આપી દેજો...'

ઋષભદત્ત તો યશોમિત્રની વાત સાંભળીને તાજ્જુબ બની ગયા અને હર્ષ અનુભવવા લાગ્યાં કે જેણે માયા છોડી છે તેનું મન આમાં કઈ રીતે લાગે...? યશોમિત્રને હું આગ્રહ કરીશ તો પણ મારી વાતનો સ્વીકાર કરશે નહિ તેથી આગ્રહ કરવો યોગ્ય નથી.'

આથી ઋષભદત્તે યશોમિત્રના કહેવા પ્રમાણે સઘળો ઉપહાર દાનમાં આપી દેવાનું કબુલ્યું.

યશોમિત્ર થોડી વાર બેસીને પોતાના ભવન તરફ વિદાય થયો.

દિવસો પસાર થવા લાગ્યા.

ધારિણીના અંગમાં માતૃત્વની લાગણી રમી રહી હતી. જ્યારે માતૃત્વ ધારણ કરે છે ત્યારે સ્ત્રીના રૂપમાં તેજસ્વીતા અને પ્રસન્નતા છવાઈ જાય છે. સ્ત્રીનું રૂપ ખીલી ઊઠે છે.

વિદ્યુન્માળી દેવનો જીવ ધારિણી દેવીની કુખમાં પ્રવેશ્યા પછી ક્રમશઃ ગર્ભ વિકાસ પામવા લાગ્યો.

ધારિણીના મુખ પર અનુપમ સૌંદર્ય ખીલી ઊઠયું. ધર્મ પ્રત્યે રૂચિ પેદા થઈ...

ઋષભદત્ત પ્રિયાની પૂરી સંભાળ લેતો હતો. તેના હૈયાને કોઈ પણ પ્રકારનું દુઃખ ન પહોંચે તેની કાળજી રાખવા લાગ્યો.

નગરીના રાજવૈદ્ય બે-ત્રણ દિવસે એક વાર ઋષભદત્તના ભવન પર આવી જઈને ધારિણીની નાડી પરીક્ષા કરી જતાં અને પથ્યાપથ્યનું સૂચન કરતાં.

ધારિણીના અંતરમાં અન્ય પ્રત્યે સદ્‌ભાવની લાગણી જન્મી, આથી સ્વામીને કહીને દાનની સરિતા વહેવડાવવી શરૂ કરી.

ધારિણીદેવીને સાતમો મહિનો ચાલતો હતો આથી ઋષભદત્તે પત્નીની સારસંભાળ યોગ્ય રીતે લેવાય તે માટે સુંદર પ્રબંધ કર્યો હતો. કામિની, દેવિકા અને પદ્મા ધારિણીની સેવામાં તત્પર રહેતા હતા.

નવમો મહિનો ધારિણીને ચાલતો હતો એ સમયે વૈદ્યરાજ દરરોજ સવારે ધારિણીની નાડી–પરીક્ષા કરી જતાં અને જણાવતાં કે અંદર બાળક તંદુરસ્ત છે. કશી અડચણ નહિ આવે ..

અને પૂરા દિવસે ધારિણીએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો... આ સમાચાર ઋષભદત્તને આપવામાં આવ્યા. ઋષભદત્ત આનંદિત બની ગયો. ભવનમાં સંગીતના વાદ્યો બજાવવા શરૂ થયા. માંગલિક સ્વરોથી વાતાવરણ ગુંજી ઊઠયું. પુત્રજન્મની વધાઈ નિમિત્તે તરત જ મીઠાઈની લ્હાણી કરવામાં આવી.

ઋષભદત્ત પ્રિયાના ખંડમાં પ્રવેશી શકતો નહોતો છતાં ખંડ બહારથી પ્રિયાની અને પુત્રની પૃચ્છા કરતો...

અક્ષત ભરેલા સુવર્ણના થાળો લઈને સ્નેહીઓ ઋષભદત્તના ભવન પર વધાઈ આપવા આવવા લાગ્યા.

સર્વકલ્યાણમાં અગ્રેસર એવાં અનેક પ્રકારના વાજિંત્રોના સ્વરોથી વાતાવરણ આનંદભર્યું અને ઉલ્હાસજનક બન્યું.

નવિન કુમકુમના સાથીઆઓ વડે પૂરેલાં સેંથાવાળી અને સુમધુર સ્વરે ગીતો ગાતી કુળ બાલિકાઓ પ્રસન્ન હૃદયે ઋષભદત્તના ભવન પર નૃત્ય કરવા લાગી.

આ સમયે ઋષભદત્તે દેવગુરુની પૂજા કરી.

દાનની સરિતા વહેતી કરી. નગરીમાં જ્યારે સર્વ લોકોએ આ સમાચાર જાણ્યા ત્યારે દરેક લોકો પુત્રની વધામણી અર્થે ઋષભદત્તને ત્યાં આવવા લાગ્યા અને પ્રસન્નતા વ્યક્ત કરવા લાગ્યા.

સોળ સોળ દિવસ સુધી પુત્રના જન્મનો ઉત્સવ ભવનમાં ચાલુ રહ્યો.

સર્વત્ર આનંદની છોળો ઊઠી રહી હતી. ત્યાં એક દિવસ અંગ પ્રદેશનો બંસરીવાદક આર્ય સુદર્શન ઋષભદત્ત શેઠને ત્યાં વધાઈ આપવા આવી પહોંચ્યો.

ઋષભદત્તે બંસરીવાદકનો આદરભર્યો સત્કાર કર્યો અને ઉત્સવમાં, આનંદમાં સામેલ થવાને માટે ભવનમાં જ બંસરીવાદનનો કાર્યક્રમ યોજાય તો આ મંગલ પ્રસંગ દીપી ઉઠે...તેવી વાત કરી.

બંસરીવાદક આર્ય સુદર્શને ઋષભદત્તની વાતનો સ્વીકાર કર્યો અને એજ રાત્રે ભવનના પ્રાંગણમાં જ સુદર્શનનો બંસરી-વાદનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.

ઋષભદત્તે પુત્રજન્મની ખુશાલીમાં પોતાના ભવનમાં આર્ય સુદર્શનનો બંસરીવાદનનો કાર્યક્રમ યોજ્યો છે એ માટે નગરીના આગેવાનો અને શ્રેષ્ઠિવર્યોને આમંત્રણ પાઠવ્યા.

યથા સમયે સૌ આમંત્રિતો ઋષભદત્ત શેઠના ભવન પર હાજર થઈ ગયા અને ભવનના વિશાળ પ્રાંગણમાં જ બેઠક વ્યવસ્થા કરી હતી ત્યાં સૌએ સ્થાન લીધું.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો.

આર્ય સુદર્શન અને મૃદંગવાદક નકુલ ત્યાં ગોઠવાયેલા મંચ પર બેસી ગયા હતા. ઋષભદત્તે કલાકારનો પરિચય આપ્યો. સૌ આમંત્રિતો આ ખુશાલીમાં અને સંગીતના આ કાર્યક્રમમાં પધાર્યા તે બદલ આભાર માન્યો. ત્યારબાદ ઋષભદત્તે કલાકારને પોતાની કલા દર્શાવવાની વિનંતિ કરી.

અને...!

આર્ય સુદર્શને બંસરી પર રાગ ચંદ્રમાધુરી રજૂ કર્યો.

ચંદ્રમાધુરી રાગ શ્રંગાર પ્રધાન રાગ છે. ચંદ્રના મધુર અને શીતળ, શાંત, તેજસ્વી કિરણો સમો, માધુરી છલકાવતો ચંદ્ર માધુરી રાગનો આલાપ શ્રોતાજનો સમક્ષ રજૂ કર્યો.

ચંદ્રમાધુરીના આલાપમાં કલાકારે રાગનું રૂપ, રાગનું બંધારણ અને રાગની પ્રસન્નતા રજૂ કરી...

સર્વ પ્રેક્ષકો આલાપ સાંભળીને પ્રસન્ન બની ગયા અને ધન્ય ધન્ય પોકારવા લાગ્યા.

લગભગ અર્ધઘટિકા પર્યંત ચંદ્રમાધુરીનો આલાપ ચાલ્યો... આર્ય સુદર્શન ચંદ્રમાધુરીના માધુર્યમાં ખોવાઈ ગયો હતો. આમેય કલાકાર જ્યારે કલામાં મગ્ન બને છે, એકાગ્રતા કેળવે છે ત્યારે તેની સાધના સફળ થાય છે.

થોડી વાર પછી વિલંબીત લય શરૂ કરી.

ચંદ્રમાધુરી રાગમાં તાલ અને લયનો સમન્વય પ્રેક્ષકોને આનંદ પમાડી ગયો. મૃદંગવાદક નકુલે મૃદંગ પર શ્રીતાલ બજાવવો શરૂ કર્યો.

શ્રોતાજનો રસમગ્ન બનીને કલાનો આસ્વાદ માણતા હતા.

ચંદ્રમાધુરીએ સર્વના હૈયા હરી લીધા. વાતાવરણમાં પ્રસન્નતાની માધુરી છલકાવી દીધી.

આર્ય સુદર્શને દ્રુતલય શરૂ કરી... ચંદ્રમાધુરીમાં દ્રુતલયની શરૂઆત થતાં જ શ્રોતાગણ નાચી ઊઠયો.

ઋષભદત્તના ચહેરા પર પ્રસન્નતા સ્પષ્ટપણે તરવરી ઊઠી હતી. અને થોડી વારમાં સૌના આશ્ચર્ય વચ્ચે ચંદ્રમાધુરીએ વિદાય લીધી.

કાર્યક્રમ પૂરો થયો ત્યારે ત્રણ ઘટિકા પસાર થઈ ગઈ હતી... સર્વ શ્રોતાજનોએ કલાકારને અભિનંદન આપ્યા.

અને સૌ પોતપોતાના સ્થાને જવા વિદાય થયા.

સુખમાં દિવસો ક્યાં પસાર થઈ જાય છે તેની માનવીને

કલ્પના આવતી નથી. જ્યારે ઋષભદત્ત શેઠને ત્યાં પુત્રના નામકરણ સંસ્કારનો સમય આવ્યો ત્યારે તે પ્રસંગ ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો.

આ પ્રસંગે નગરીના અગ્રણીઓ, સ્નેહીજનો સંબંધીઓ હાજર રહ્યા હતા.

માતા ધારિણી દેવીએ સ્વપ્નમાં જાંબુનું વૃક્ષ નીહાળ્યું હતું અને જંબૂદ્વિપના દેવ અનાધૃત દેવની આરાધનાની કૃપાને કારણે જ ઋષભદત્ત અને ધારિણી દેવીને પુત્રરત્નની પ્રાપ્તિ થઈ હતી.

આથી પ્રભાવશાળી, સ્વસ્થ, સુંદર અને તેજસ્વી પુત્રરત્નનું નામ પાડવામાં આવ્યું જંબૂકુમાર.

સમયનો પ્રવાહ નિરંતર વહ્યા જ કરે છે. તે પ્રવાહને કોઈ રોકી શક્તું નથી. સુખમાં દિવસો ક્યાં જતા રહે છે તેની માનવીને કલ્પના આવતી નથી. રાજગૃહી નગરીના શ્રેષ્ઠિવર્ય ઋષભદત્ત શેઠને ત્યાં સુંદર, સ્વસ્થ પુત્રનું આગમન થવાથી ભવનની રોનક બદલાઈ ગઈ હતી. ધારિણીના હૈયાને સંતોષ મળ્યો હતો. તેનું માતૃહૃદય પ્રસન્ન બની ગયું હતું. ભવનના દાસદાસીઓ પણ નાના બાલકુમારને રમાડવા માટે ક્યારેક લડી પડતાં...બાલકુમાર જંબૂએ કાલી કાલી ભાષામાં બોલીને સૌના ચિત્ત પ્રસન્ન કરી દીધા હતા.

જંબૂકુમારની ઉંમર પાંચ વર્ષની થઈ ત્યારે સુંદર દિવસ જોઈને પાઠશાળામાં મૂકવામાં આવ્યો.

આ પ્રસંગને ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યો. ઋષભદત્ત શેઠે પાઠશાળાના તમામ બાળકોને એ વખતનું સ્વાદિષ્ટ અને મધુર ભોજન કરાવ્યું...સૌ બાળકોને ઈનામ આપ્યું.

અને જંબૂકુમાર નિયમિત પાઠશાળાએ જવા લાગ્યો.

વાતવાતમાં ધારિણીએ કહ્યું : 'સ્વામી, આપણો પુત્ર જંબૂ ખૂબ જ નાનો છે છતાં ભારે સમજદાર છે...'

'પ્રિયે, પાઠશાળાના ગુરુ પણ આપણા પુત્રની પ્રસંશા કરતા હતા. તેઓએ મને જણાવ્યું હતું કે જંબૂકુમારની પ્રકૃતિ અતિ પ્રેમાળ છે, અતિ દયાળુ છે. પાઠશાળાના બાળકોને જ્યારે કંઈ પણ વસ્તુ આપવામાં આવે ત્યારે જંબૂકુમાર તેનો ભાગ બીજાને આપી દે...ધારિણી, ખરેખર આપણે ભાગ્યવંત પુત્રના માતાપિતા છીએ...'

'પ્રાણનાથ, હમણાં જ આપનો પુત્ર પાઠશાળાએથી આવવો જોઈએ. તે પાઠશાળામાં ખૂબ જ ધ્યાનથી અભ્યાસ કરે છે અને ગુરુદેવની આજ્ઞાનું પાલન બરાબર કરે છે.'

'પ્રિયે, પાઠશાળામાં શિક્ષણ જ એ રીતે અપાય છે કે વડિલોની આમાન્યા રાખવી, વિવેક, વિનય, સ્નેહ, પ્રેમ, લાગણી, દયાભાવ જેવા સદ્‌ગુણો જીવનમાં ઉતારવાની વાતો શીખવાડવામાં આવે, જો નાનપણથી જ આવા સંસ્કાર આપવામાં આવે તો તેનું જીવનઘડતર મજબૂત અને સુંદર બને છે.'

'સ્વામી, આપની વાત સાચી છે...' ધારિણીએ કહ્યું.

ત્યાં જ એક દાસીએ આવીને કહ્યું : 'શેઠજી, કુમારશ્રી આવી ગયા છે...'

'તું કુમારને લઈને અહીં આવ...' ધારિણીએ કહ્યું.

દાસી તરત જ પાછી ફરી. થોડીવારમાં જંબૂકુમારને લઈને ધારિણી અને ઋષભદત્ત જ્યાં બેઠા હતા ત્યાં આવી. જંબૂકુમારને ત્યાં મૂકીને ચાલી ગઈ.

'આવ કુમાર, અમે તારી જ રાહ જોતા હતા...' ધારિણીએ વહાલથી જંબૂકુમારને પોતાની બાજુ તાણીને મસ્તક પર હાથ ફેરવતાં કહ્યું.

'માતાજી, આજે પાઠશાળામાં મજા પડી...' જંબૂકુમારે કાલી કાલી ભાષામાં કહ્યું.

'કેમ...? આજે શું હતું ?' ધારિણીએ પ્રશ્ન કર્યો.

'માતાજી, આજે પાઠશાળામાં એક સુંદર મજાનું નાટક ભજવાયું, એમાં મેં ભાગ લીધો હતો...' જંબૂકુમારે ખુશી વ્યક્ત કરતાં કહ્યું.

'જંબૂકુમાર, તું મને જણાવીશ કે નાટક કયા વિષય પર હતું ?' ઋષભદત્તે કહ્યું.

'પિતાજી, અમે જે નાટક ભજવ્યું તે ખૂબ જ ભાવવાહી હતું. એમાં કહેવાનું એમ થતું હતું કે સર્વ જીવો પ્રત્યે પ્રેમભાવ રાખવો, કોઈ પણ જીવને દુઃખી ન કરવા જોઈએ...એ નાટકનું મુખ્ય પાત્ર ભજવવા માટે મને ગુરુદેવે કહ્યું એથી મુખ્ય પાત્ર મેં ભજવ્યું...'

'સરસ...તેં નાટકમાં કયું પાત્ર ભજવ્યું ?' ધારિણીએ વહાલથી પૂછ્યું.

'માતાજી, મને ગુરુદેવે રાજાનો પાઠ ભજવવા આપ્યો હતો. રાજા એક નગરીમાં રાજ્ય કરતો હતો. પરંતુ તે અતિક્રૂર હતો. પ્રજા તેનાથી ત્રાસી ગઈ હતી...આથી તે ગામમાં એક સાધુ આવે છે. સાધુ સાથે સત્સંગ થવાથી રાજાની આંખો ઉઘડી જાય છે. સાધુ મહારાજ તે રાજાને સર્વ જીવો પ્રત્યે પ્રેમભાવ, સદ્‌ભાવ રાખવાનું શીખવે છે આથી રાજાના જીવનમાં પલટો આવી જાય છે. છેવટમાં રાજા સંસાર ત્યાગીને આત્મકલ્યાણના માર્ગે વનમાં ચાલ્યો જાય છે. એમાં છેલ્લે તો ઘણું જ કરુણ હતું...' જંબૂકુમાર નાટકની વાત કરતાં કરતાં રડી પડયો.

'અરે...જંબૂ...તારી આંખમાં આંસુ...!' ધારિણીએ કહ્યું.

'માતાજી, મેં નાટકમાં રાજાનું પાત્ર ભજવ્યું અને સુંદર

અભિનય કર્યો તે બદલ ગુરુદેવે પ્રસન્નતા વ્યક્ત કરી, મને ઈનામ આપ્યું. પરંતુ તે ઈનામ મેં બીજાને આપી દીધું...'

'એ સારું કર્યું. આપણે હંમેશા અન્યને મદદ કરવી. સુપાત્રને મદદ કરવાથી આપણા અંતરને શાતા મળે છે.' ધારિણીએ જણાવ્યું.

નાનો બાળ જંબૂકુમાર માતાપિતાના ચહેરા સામે જોઈ રહ્યો.

માતાપિતાએ પુત્રને વહાલ કર્યું.

ઋષભદત્તો મધુર સ્વરે પૂછયું : 'જંબૂ, પાઠશાળામાં સંગીતની આવૃતિ કરાવે છે ?'

'પિતાજી, સંગીતમાં અત્યારે અમને સ્વરોનો અભ્યાસ કરાવે છે. મારા ગુરુદેવ કહે છે કે જ્યાં સુધી અંતરમાં સ્વરો ન પેસે ત્યાં સુધી આગળ વધવું વ્યર્થ છે...આથી અમે સ્વરાભ્યાસ કરીએ છીએ...'

'સ્વરાભ્યાસ પછી તું ગાયન શીખવાનો છે કે વાદ્ય...?' ધારિણીએ પૂછ્યું.

'માતાજી, મને મહાર્ઘ વીણા બજાવવાનો રસ છે...પણ ગુરુદેવ કહે છે કે હજુ તારી ઉંમર નાની છે...! પિતાજી, શું મારી ઉંમર નાની છે...?'

'હા...થોડા સમય પછી તું અવશ્ય મહાર્ઘ વીણા શીખજે... તને વ્યવસ્થિત તાલિમ મળે તે માટે અન્ય પણ પ્રબંધ કરીશું...' ઋષભદત્તો કહ્યું.

'ભલે...' જંબૂકુમારે કહ્યું.

'ચાલો...આપણે ભોજનકક્ષ તરફ જઈએ...મધ્યાહ્ન થયો છે...ભૂખ પણ લાગી છે...' ઋષભદત્તો કહ્યું.

'ચાલો...' ધારિણીએ જંબૂકુમારની અંગુલિ પકડતાં કહ્યું.

ત્રણેય જણાં ભોજનખંડમાં ગયા અને બીછાવેલા આસન પર બેઠા. સેવકો ભોજનસામગ્રી પાત્રમાં મૂકવા લાગ્યા. ધારિણી અતિ સ્નેહથી પુત્રને જમાડવા લાગી.

થોડીવારમાં ભોજનકાર્ય પૂર્ણ કરીને બેઠકખંડમાં આવ્યા. જંબૂકુમાર તરત જ એક સેવક સાથે પાઠશાળાએ ગયો.

'સ્વામી, આપણા પુત્રના હૃદયમાં કરુણાભાવ છે તેથી તે દુઃખદ પ્રસંગો જોઈ શકતો નથી...દીન–દુઃખીયાને જોઈ શકતો નથી...'

'પ્રિયે, આપણા પુત્રની એ ભાવના શ્રેષ્ઠ છે. મેં તને પહેલાં પણ કહ્યું હતું કે જંબૂકુમારના આવ્યા પછી આપણી રિદ્ધિસિદ્ધ વધતી જ જાય છે. તે પુણ્યશાળી છે. સાત પેઢી સુધી ખૂટે નહિ તેટલી સમૃદ્ધિ છે, તેમાંય વધારો થતો જાય છે...'

'સ્વામી, આપની વાત સાચી છે. આપણો પુત્ર પુણ્યશાળી તો છે...' ધારિણીએ કહ્યું.

આમ આનંદમાં દિવસો જવા લાગ્યા.

એક દિવસ જંબૂકુમાર પાઠશાળાના ચોગાનમાં અન્ય સાથીઓ સાથે રમત રમતો હતો ત્યાં સામેના રાજમાર્ગ પર એક અતિ વૃદ્ધિ માનવી ચાલ્યો આવતો હતો. તે વૃદ્ધ માનવી અશક્ત હતો. તે બરાબર રીતે ચાલી પણ શકતો નહોતો. આથી અમુક નાના મોટાં બાળકો તે વૃદ્ધજનની મશ્કરી કરી રહ્યાં હતાં. વૃદ્ધજનનો ચહેરો દયામણો હતો...સાધારણ સ્થિતિનો હોય તેમ લાગતું હતું.

આ વૃદ્ધ પુરુષને જંબૂકુમારે દૂરથી જોયો. વૃદ્ધ માણસની થતી મજાકમશ્કરીથી જંબૂકુમારનું હૃદય દ્રવી ઊઠ્યું. તે તરત જ પાઠશાળાની બહાર આવ્યો અને જે બાળકો મજાક કરી રહ્યા હતા તેમની પાસે જઈને પ્રેમથી કહ્યું : 'તમે સૌ શા માટે આ વૃદ્ધ વડિલની મશ્કરી કરી રહ્યાં છો ?'

'અમે ગમે તે કરીએ...! તું વચ્ચે કેમ આવે છે ?' એક મોટા બાળકે કહ્યું.

'ભાઈ, જો વૃદ્ધ પુરુષે કંઈ પણ ભૂલ કરી હોય તો તેના વતી

હું ક્ષમા માંગુ છું...આપને નમ્ર વિનંતિ કરૂં છું કે એ વૃદ્ધને જવા દો...એ અશક્ત છે, એની શક્તિ હણાઈ ગઈ છે...એમના પર દયા-ભાવ લાવવો જોઈએ, એમને માન આપવું જોઈએ..તેને બદલે આપ સૌ વડિલની ઉપેક્ષા કરો છો અને ગમે તેવા શબ્દો કહો છો...? આ શોભાસ્પદ નથી...'

'અમને આ વૃદ્ધ પુરુષની મજાક કરવામાં આનંદ મળે છે...' બીજો બાળક બોલ્યો.

'ઓહ...વડિલની મશ્કરી કરતાં આપને આનંદ મળે છે...તે વૃદ્ધ પુરુષનું સ્વમાન ઘવાય છે તે તરફ કેમ લક્ષ આપતાં નથી...?' જંબૂકુમારે કહ્યું.

ત્યાં પેલા વૃદ્ધ પુરુષે કહ્યું : 'હે નાના બાળ, મને તારું નામ ખબર નથી...પરંતુ તારી લાગણી, સ્નેહ જોઈને મારું અંતર આનંદ અનુભવે છે. આ તોફાની બાળકોએ મને પજવવામાં બાકી નથી રાખ્યું...પરંતુ મને પજવતાં એને આનંદ મળે છે તેથી ક્રોધ કરવો યોગ્ય નથી. આજ સુધી નગરીમાં કોઈએ તારા જેવું મીઠું આશ્વાસન આપવાનો પ્રયત્ન કર્યો નથી..પરંતુ તારા મારી પ્રત્યેના લાગણી-ભર્યા, પ્રેમથી સભર શબ્દો સાંભળીને આનંદ થાય છે. આજ દિવસ સુધી મારા હૈયામાં ધિક્કારની લાગણી નગરજનો પ્રતિ જન્મી હતી. પરંતુ તારા આજના શબ્દોથી અંતર સ્વચ્છ બન્યું. હવે તો મૃત્યુ આવે તો પણ કશો ડર નથી...આજે તેં મારા અંતરના બીડાયેલા દ્વારો ખોલી નાખ્યા...હું હવે આ નગરીમાં નહિ રહું...આત્મકલ્યાણ અર્થે સાધનામાં મસ્ત બનીશ...' તે વૃદ્ધ પુરુષની આંખમાં આંસુ ટપકી પડયા.

હા...જંબૂકુમારના શબ્દોથી તે વૃદ્ધ પુરુષનું જીવન પરિવર્તન

થઈ ગયું. જંબૂકુમાર તે વૃધ્ધ પુરુષના આંસુ સ્પષ્ટપણે જોઈ શક્યો. પજવતા બાળકો પણ એ ઘડી શાંત બની ગયા.

અને મશ્કરી કરતાં બાળકોએ વૃધ્ધ માનવીની ક્ષમા માંગી. તે વૃધ્ધ પુરુષ જંબૂકુમારને આશીર્વાદ આપતો આગળ ચાલ્યો ગયો.

પાઠશાળામાં જ્યારે ગુરુદેવે જંબૂકુમારની આ વાત સાંભળી ત્યારે અતિ પ્રસન્ન બન્યા. જંબૂકુમારને આશીર્વાદ આપ્યા.

આમ જંબૂકુમાર એક ચિત્તે અભ્યાસ કરવા લાગ્યો. જંબૂ-કુમાર કુશાગ્ર બુદ્ધિનો હોવાથી વિદ્યાને ઝડપથી અંતરમાં વસાવી લેતો હતો. જંબૂકુમારની પ્રતિભા જોઈને ગુરુદેવ આશ્ચર્યમુગ્ધ બની ગયા હતા. જંબૂકુમારે વ્યાકરણ, વ્યાપાર, રાજનિતિ, ધર્મ-જ્ઞાન, સંગીત, ચિત્ર વગેરે અનેક કળાઓમાં પ્રાવીણ્ય મેળવી લીધું.

જંબૂકુમાર કિશોરાવસ્થામાં પ્રવેશ પામ્યો ત્યારે સર્વશાસ્ત્રોમાં પારંગત બન્યો.

જ્યારે પાઠશાળામાં વાર્ષિક પરીક્ષા થતી ત્યારે તેમાં જંબૂકુમાર પ્રથમ વિજેતા થયો હતો. નગરીના લોકો જંબૂકુમારની વાતો કરતાં થાકતાં નહિ. સૌ કોઈ ઋષભદત્તને પેઢી પર આવીને અભિનંદન આપી જતાં.

એક વાર મગધ રાજ્યમાં દુકાળનું ભયંકર તાંડવ નાચી ઊઠયું. ચારેકોર લોકો દુકાળના પંજા નીચે ચગદાવા લાગ્યા. પશુપક્ષીઓ, માનવો દુકાળના આગમનથી ધ્રૂજી ઊઠયા. અન્નના અભાવે ચારે તરફ હાહાકાર મચી ગયો.

રાજગૃહી પણ દુકાળના તાંડવમાંથી બચી શક્યું નહિ. ક્યાંય અન્ન મળે નહિ... લોકો પણ ભૂખ્યા પેટે ક્યાં સુધી જીવી શકે? અનેક જીવો મૃત્યુને આધિન થવા લાગ્યા.

તેમાં જંબૂકુમાર નગરભ્રમણ અર્થે નીકળ્યા. નગરીના લોકોની આવી કપરી સ્થિતિ જોઈને હૈયામાં કરુણા પ્રગટી...નજર સામે

ભૂખથી ટળવળતાં લોકોને જોઈને આંખમાંથી આંસુ સરી પડ્યા. તેઓ તરત જ ભવન પર આવ્યા અને અન્નના ભંડારો ખોલી નાખ્યા. ભવનના કામદારે ત્યારે કહ્યું હતું: 'કુમારશ્રી, આપ આ રીતે બધું અનાજ દાનમાં આપી દેશો તો આપણું શું થશે?'

'કામદારકાકા, આપણું જે થવાનું હોય તે થશે પરંતુ અત્યારે આ ભૂખથી ટળવળતા લોકો મૃત્યુને આધિન થઈ રહ્યાં છે તેનું વિચારવું યોગ્ય લાગે છે...'

કામદાર કશું બોલ્યો નહિ.

જંબૂકુમારે અન્નના વિશાળ ભંડારો ખોલી નાંખ્યા.

નગરીમાં ચોરેચૌટે ખબર પડી ગઈ કે ઋષભદત્ત શેઠને ત્યાં તેમના પુત્ર જંબૂકુમાર છુટ્ટા હાથે અન્નદાન કરી રહ્યાં છે.

અને નગરીના લોકો અન્ન પ્રાપ્ત કરવા ઋષભદત્ત શેઠના ભવન પર જવા લાગ્યા.

જંબૂકુમારે ઘણી જ પ્રસન્નતાથી સૌને અન્ન આપ્યું.

થોડા સમયમાં વિશાળ અન્ન ભંડાર ખાલી થઈ ગયો. જંબૂકુમારના હૈયામાં સંતોષની રેખા ઉપસી આવી. મનમાં થયું કે મેં મારાથી બનતું કર્યું છે. દુખી હૃદયના માનવીઓ, ભૂખ્યા માનવીઓ જંબૂકુમારને આશીર્વાદ પાઠવતા જતા હતા કારણ કે જંબૂકુમારે જ તેઓનો જીવ બચાવ્યો હતો. આથી જંબૂકુમાર પ્રત્યે નગરીના લાખો લોકોને પ્રેમભાવ પ્રગટ્યો હતો. સર્વ માટે જંબૂકુમાર જીવનદાતા બની ગયા હતા.

પરંતુ જંબૂકુમારે આ વાત મનમાં જરા પણ લીધી નહોતી. તે તો સ્વાભાવિકપણે જ આચરણ કરતા હતા.

હા, આ વાતની ઋષભદત્ત શેઠને ખબર નહોતી. પરંતુ જંબૂકુમારને પિતાનો ડર નહોતો. જંબૂકુમારને મનમાં શ્રદ્ધા અને અટલ વિશ્વાસ હતો કે મારા આ કાર્યથી પિતાજી અવશ્ય પ્રસન્ન થશે...

જંબૂકુમાર આ પ્રમાણે વિચારે છે ત્યાં ઋષભદત્ત શેઠનો સુવર્ણ-યુક્ત રત્નજડિત રથ ભવનના પ્રાંગણમાં આવ્યો.

'નાના શેઠજી, મોટા શેઠજી ભવનમાં આવ્યા છે...' એક દાસે જંબૂકુમારને સમાચાર આપ્યા.

'ઓહ... પિતાજી આવી ગયા... હું આવું છું...' જંબૂકુમારે સેવકને જણાવ્યું.

જંબૂકુમાર આસનપરથી ઊભો થઈને પિતાજીને મળવા બેઠક-ખંડમાં આવ્યો ત્યારે પિતાજી કામદાર સાથે વાતો કરી રહ્યા હતા. જંબૂકુમારે ખંડમાં પ્રવેશ કર્યો ત્યારે ઋષભદત્ત શેઠને કામદાર કહી રહ્યો હતો કે 'શેઠજી, અન્નના ભંડારો ખાલી થઈ ગયા છે. નાના શેઠે લાખો લોકોને અન્ન આપ્યું છે...'

'ભલે...આપ જાઓ...' ઋષભદત્ત શેઠે કહ્યું. જંબૂકુમારને જોતાં જ ઋષભદત્ત શેઠે કહ્યું: 'આવ... પુત્ર આવ...'

જંબૂકુમાર ધીમે પગલે પિતાજીની પાસે આવ્યો અને ભાવપૂર્વક નમન કર્યાં.

'કુમાર, તું સ્વસ્થ છે ને?'

'હા...પિતાજી, હું આપને વાત જણાવવા આવ્યો છું...'

'શું?'

'પિતાજી, સંસારમાં ઘણી વાર અનાયાસે એવા કાર્યો આવી પડે છે જેમાં સંમતિ મેળવવા જવાનું થાય તો અનેક જીવો મૃત્યુને શરણે થાય...'

'જંબૂકુમાર, મને તારી વાત સમજાણી નહિ...!'

'પિતાજી, આજ હું નગરીમાં ભ્રમણ અર્થે ગયો હતો. આપણા રાજ્યમાં ભયંકર દુકાળનો ઝંઝાવાત જોઈને મારું હૃદય દ્રવી ઊઠ્યું...

રાજગૃહી નગરીના લોકોનું દુઃખ જોઇને હું રડી પડયો... ઓહ... દુકાળના પંજામાં ભલભલા આવી ગયા છે... એમની અસહાય દશા મારાથી જોઈ શકાઈ નહિ.. મારા અંતરમાં કરુણાનો પોકાર થવા લાગ્યો અને આપણાં જ ભાંડુઓને થોડી ઘણી મદદ કરી છે. પિતાજી, મારાથી થઇ શકે તેટલું કાર્ય કર્યું છે.'

'જંબૂકુમાર, તું નિઃસંકોચ રહીને મને જણાવ...' ઋષભદત્તે અતિ વહાલથી કહ્યું.

'પિતાજી, મેં કામદારકાકાને વાત કરીને આપણા અન્ન-ભંડારોમાંથી અન્ન લઇને અસહાય, નિરાધાર લોકોને આપ્યું છે. અન્ન મેળવતી વખતે તે નિરાધાર લોકોના ચહેરા પરની પ્રસન્નતા એ જ સાચું મૂલ્ય હતું. જો આવા ભયંકર દુકાળમાં આપણે નિરાધાર લોકોને મદદરૂપ ન થઇએ તો આ અન્ન શા કામનું ? પિતાજી, જો આને આપ અપરાધ લેખતા હો તો આપ મને ક્ષમા આપજો...' જંબૂકુમારે ગળગળા સ્વરે કહ્યું.

'જંબૂકુમાર, તેં સર્વશ્રેષ્ઠ કાર્ય કર્યું છે. જે કાર્ય મારે કરવું જોઈતું હતું તે તારા હાથે થયું...તારી કરુણાને ધન્ય છે...સર્વ જીવ પ્રત્યે તું આટલો કરુણાભાવ દર્શાવે છે તેં મારા માટે આનંદની વાત છે...તારી ભક્તિને ધન્ય છે...તેં અપરાધ કર્યો નથી. અપરાધી તો હું છું કે અનાજ ભંડારોમાં ભરેલું રાખ્યું અને લોકોનો સહાયક ન બન્યો...તું મને ક્ષમા આપ..'

એ પળ તો જંબૂકુમાર પિતાની સામે જોઈ જ રહ્યો. જંબૂકુમારે જોયું તો પિતાની આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં.

'પિતાજી...' જંબૂકુમાર આગળ કશું બોલી શકયો નહિ. તે તરત જ પિતાને વળગી પડયો.

ત્યાં ધારિણીએ ખંડમાં પ્રવેશ કર્યો અને ગંભીર સ્વરે કહ્યું : ' આજ પિતાપુત્રની આંખમાં આંસુ કેમ આવી ગયા...? '

' આવ પ્રિયે, સંસારમાં ઘણી વાર એવી ઘટનાઓ બની જતી હોય છે કે પળવારમાં માનવીની આંખો ઉઘાડી દે છે. જંબૂકુમારે આપણા અનાજના ભંડારોમાંથી અન્ન લઈને નિરાધાર લોકો કે જે દુકાળના કારમા પંજામાં સપડાયા છે તેને વહેંચી દીધું. જે સત્કાર્ય આપણા પુત્રે કર્યું તે મારે કરવું જોઈતું હતું...આથી પુત્રે પિતાની આંખો ખોલી...આ વાત પર મારી આંખમાં આંસુ આવી ગયા...'

' સ્વામી, હવે આપ આમ વાતો કરતાં જ રહેશો કે ભોજન અર્થે આવવું છે ? ' ધારિણીએ વાતાવરણ હળવું કરવા ખાતર કહ્યું.

સૌ ભોજન અર્થે ભોજનકક્ષ તરફ વળ્યા. ભોજનકાર્ય પૂર્ણ થયા પછી ઋષભદત્તે જંબૂકુમાર સામે જોઈને કહ્યું : ' જંબૂ, તારો સંગીતનો અભ્યાસ ક્યાં સુધી પહોંચ્યો ? '

' પિતાજી, મહાર્ઘવીણામાં અમુક રાગો બજાવી શકું છું. રાગનું રૂપ, રજૂઆત અને કલાકારની કલા કેવા પ્રકારની છે તે અંગે મને શી ખબર પડે ? હજુ સુધી જાહેરમાં બજાવ્યું નથી.'

' જંબૂકુમાર, વીણા બજાવતી વખતે તારા અંતરમાં કયા પ્રકારના સ્પંદનો જાગૃત થાય છે ? ' ઋષભદત્તે પ્રશ્ન કર્યો.

' પિતાજી, જ્યારે વીણા બજાવું છું ત્યારે મારું ચિત્ત તેમાં એકાગ્ર થઈ જાય છે. મને તો સંગીતના સ્વરોમાં મુક્તિનું સંગીત દેખાય છે. જેવી સંગીતમાં એકાગ્રતા આવે છે તેવી એકાગ્રતા આત્મખોજમાં આવે તો જીવન ધન્ય બની જાય...' જંબૂકુમારે પોતાના વિચારો દર્શાવ્યા.

'જંબૂકુમાર, તારી વિચારશ્રેણી ઉચ્ચ છે. આજ તું મને અને તારી માતાને વીણાવાદન સંભળાવીશ...?'

'પિતાજી, આપની ઇચ્છા છે એટલે જરૂર વીણા બજાવીશ...'

એમ જ થયું.

એ રાત્રે બેઠકખંડમાં જ જંબૂકુમારે વીણાવાદન કર્યું. સંગીતના આ જલસામાં બહારની વ્યક્તિ કોઈ પણ નહોતી. હતા માત્ર ભવનના મુખ્ય પરિચારકો જે બેઠકખંડની બહાર બેઠા હતા. ઋષભદત્ત અને ધારિણી દેવી જંબૂકુમારની સામે બીરાજ્યા હતા. મૃદંગવાદક પણ નહોતો.

જંબૂકુમારે ભાવભર્યા સ્વરે કહ્યું: 'પિતાજી, હું કલાનો સાધક છું. કલાકારની કલાસાધના ક્યારેય પૂરી થતી નથી...અજ આપને અને મારી માતાને પસંદ પડે તેવો રાગ મધુકૌંશ બજાવીશ. આ રાગ શ્રૃંગાર પ્રધાન છે. રાગની મધુરતા આપના હૈયાને સ્પર્શી જશે. વીણા બજાવવામાં હું કેટલે અંશે સફળ થયો છું તે આપના પર છોડું છું...' કહીને જંબૂકુમારે માતાપિતાને પ્રણામ કર્યાં.

ઋષભદત્તો અને ધારિણી દેવીએ મંગલ કામના વાંચ્છી અને આશીર્વાદ આપ્યા.

જંબૂકુમારે તરત જ બેઠક પર બેસી જઈને હાથમાં વીણ લીધી. વીણા પર મધુકૌંશનો સ્વરમેળ કર્યો.

અને...

જંબૂકુમારે મધુકૌંશ રાગ બજાવવાની શરૂઆત કરી.

મધુકૌંશનો આલાપ બજાવવો શરૂ કર્યો. આલાપમાં રાગનું રૂપ, રાગની છાયા અને માધુર્ય દર્શાવી શકાય છે. જંબૂકુમારે ખૂબ જ સહજતાથી થોડીવારમાં મધુકૌંશની છાયા સમગ્ર ખંડમાં માલતી પુષ્પની સુગંધની માફક પ્રસરાવી દીધી.

જંબૂકુમાર મધુકૌંશનો આલાપ સુંદર રીતે બજાવી રહ્યો હતો. ઋષભદત્ત અને ધારિણીએ જોયું તો જંબૂકુમારના ચહેરા પર અપૂર્વ આનંદ વરતાતો હતો. રાગના માધુર્યમાં મગ્ન બન્યો હતો. રાગને બહેલાવવામાં પ્રયત્નશીલ થયો હતો.

આલાપ પૂરો થયો.

મધુકૌંશની વિલંબીત લય શરૂ થઈ. મૃદંગ વગર વીણા પર મધુકૌંશ અત્યંત સુંદર રીતે શોભી રહ્યો હતો.

ઋષભદત્ત અને ધારિણી દેવી પોતાના પુત્રની કલા પર આફરિન થઈ ગયા. ઓહ...! મારો પુત્ર જંબૂકુમાર વીણા આટલી સરસ રીતે સહજતાથી બજાવી શકે છે...! ખરેખર તેનો અભ્યાસ અપૂર્વ છે. તેની લગન પણ પ્રસંશનીય છે.

જંબૂકુમારના માતાપિતા વારંવાર પુત્રના વાદનથી પ્રભાવિત થઈને ધન્ય ધન્ય પોકારી ઉઠતાં હતાં.

જંબૂકુમારે દ્રુતલય શરૂ કરી.

વાતાવરણમાં સમગ્ર જગ્યાએ મધુકૌંશે નિશ્ચિંત સ્થાન લઈ લીધું હતું. સૌનાં હૈયાં પ્રસન્ન બન્યાં હતાં. ખંડ બહાર પરિચારક વર્ગ પણ પ્રસન્નતા અનુભવી રહ્યો હતો.

અને મધુકૌંશે ભાવભરી વિદાય લીધી.

સૌ જંબૂકુમારની સંગીત સાધનાને બીરદાવવા લાગ્યા. ઋષભદત્ત અને ધારિણીએ પુત્રને શુભ આશીર્વાદ આપ્યા.

અને સૌ વિખેરાયા. રાગનું પ્રભુત્વ સૌના હૈયાના સિંહાસન પર અકબંધ રહ્યું. તો એ રાગનું માધુર્ય કેવું અનુપમ અને અલૌકિક હશે...!

જંબૂકુમારની કલાસાધના પ્રત્યેનો પ્રેમ તેને મુક્તિના પંથે તો નહિ દોરી જાયને...!

ભાવિ નિર્માણ શું હોય તે કેમ ખબર પડે..!

## ૧૦ : : ત્યાગ વગર મુક્તિ નથી

સંસારનું સ્વરૂપ જ ઉપાધિઓથી ભરેલું છે. સુખ સાહ્યબીની રેલમછેલ ઉડતી હોય ત્યાં પણ સંપત્તિ કેમ સચવાશે તે પ્રશ્નની ચિંતા રહ્યા કરતી હોય છે. જ્યાં સમૃધ્ધિ નથી તેને મેળવવાની આશા, ઈચ્છા અને અરમાન મનમાં થયા કરે છે. કોઈ જગ્યાએ સુખ છે તો કોઈ જગ્યાએ દુ:ખ છે. અપાર સંપત્તિનો સ્વામી હોય છતાં તેને ભોગવનાર કોઈ હોતું નથી. એવું પણ બને છે. ચિંતા, ભય, વૈર, ઈર્ષ્યા, અહંકાર, ક્રોધ, લોભ જેવા તત્ત્વો પણ સંસાર જીવનમાં પોષાતા જ રહે છે. આવા તત્ત્વો જ માનવના કલ્યાણમાર્ગને રોકતા હોય છે. મોહ, માયા, સ્નેહ, મમતા જેવા ગુણો ઉત્તમ હોવા છતાં માનવીના આત્મકલ્યાણની સાધના માટે બાધારૂપ થતાં હોય છે. જંબૂકુમાર યૌવનવય પામ્યો એથી માતાપિતા ઋષભદત્ત અને ધારિણીને પુત્રના લગ્ન થાય, આંગણામાં વહુ આવે તેવી ઇચ્છા રમતી હતી. આમ વિવાહનો પ્રશ્ન રમતો હતો.

એક રાતે ધારિણીએ જ સ્વામીને પ્રશ્ન કર્યો : 'નાથ, આપે મારી વાત પર લક્ષ્ય આપ્યું જણાતું નથી...'

પ્રિયે, મને તારી વાત સમજાણી નહિ. મેં કઈ વાત પર લક્ષ્ય ન આપ્યું ?' ઋષભદત્તે કહ્યું.

'સ્વામી, આપણો પુત્ર જંબૂ હવે પરણવાને લાયક થયો છે. હમણા હમણાં તે ખૂબ જ વિચારમગ્ન રહે છે આથી મેં આપને તેને માટે સુંદર કન્યા ગોતવાનું કહ્યું હતું...'

'પ્રિયે, તારી વાતને બરાબર યાદ રાખીને આ અંગે તપાસ કરીશ અને નગરીમાં શ્રેષ્ઠ કન્યાઓની તપાસ કરાવીશ...' ઋષભદત્તે કહ્યું.

'સ્વામી, હવે આ વાતમાં જેટલો વિલંબ થશે એટલો ગેરલાભ આપણને જ થશે. જંબૂ પેઢીએથી આવીને તેના ખંડમાં વીણા બજાવવા બેસી જાય છે અને એકાંત વધુ ગોતે છે...તેના અંતરમાં કંઈક પ્રશ્નો રમી રહ્યા છે.'

'તો તારે જંબૂને સીધેસીધું પૂછી લેવું જોઈએને...'

'સ્વામી, આપ તો કેવલ વાતો કરી જાણો. મેં આ અંગે જંબૂને પૂછ્યું હતું ત્યારે તેણે એવું કશું નથી એમ કહ્યું...'

'ઓહ...તો પછી તેના વિવાહ ઝડપથી ઉકેલવા રહ્યાં...' ઋષભદત્તે કહ્યું.

'સ્વામી, આપણો પુત્ર જંબૂ ખૂબ જ સાવધ રહીને પોતાના કાર્યો કરે છે. કોઈ પણ જીવને દુ:ખ ન થાય તે રીતે વ્યવહાર રાખે છે. જ્યારથી આપણા રાજ્યમાં દુકાળ પડ્યો ત્યારથી જાણે પુત્રનું મન પલટાઈ ગયું હોય એમ લાગ્યા કરે છે...'

'પ્રિયે, જંબૂકુમારની પ્રસંશા નગરીના મહારાજા પણ કરતાં હતા. સમગ્ર મગધ પ્રદેશમાં આપણા પુત્રની પ્રસંશા થઈ રહી છે. તેણે દુકાળ સમયે કરેલા કાર્યની મુક્તકંઠે લોકો પ્રસંશા કરી રહ્યાં છે.'

'સ્વામી, આ વાતથી હું અજાણ નથી...' ધારિણીએ કહ્યું.

'પ્રિયે, રાત્રિ ઘણી વીતી ચૂકી છે...હવે આપણે નિદ્રાધીન થવું જોઈએ...'

'હા...' ધારિણીએ ટૂંકમાં ઉત્તર આપ્યો.

અને બન્ને શય્યાને આધિન થયા.

માનવીના જીવનમાં યૌવનનો કાળ મહત્ત્વનો ગણાય છે. જો આ કાળમાં લપસી પડયા તો અંધકારમાં સપડાઈ જવાનો ભય રહે છે. જો યૌવનને પચાવી જાણ્યાં તો જીવતરનો સાચો આનંદ માણવા મળે છે.

યૌવનના અજવાળા સૌ કોઈને પ્રિય હોય છે. યૌવનનો મદમાતો રંગ રસવિહિન છે એમ કોઈ કહી શકતું નથી. યૌવનના થનગનાટમાં રમતી આશાઓ, ઇચ્છાઓ, ઊર્મિઓ અણગમતી લાગતી નથી.

યૌવનકાળના આંદોલનો ભલે આકરાં કહ્યાં હોય પરંતુ આકર્ષક તો રહ્યાં જ છે. સંસારમાં પ્રત્યેક જીવ યૌવનને ઝંખે છે. યૌવન ચીરકાળ પર્યંત જીવંત રહે તેવી ઝંખના કરતાં રહ્યાં છે. આમેય ખુમારી ભરેલા યૌવનનો અનાદર શી રીતે થઈ શકે?

યૌવન એ જીવનની પ્રગતિનું પહેલું પગથીયું છે. યૌવનના વેગવંત પ્રવાહને હૈયામાં સાચવી લેવો એમાં જ જીવનની મહત્તા છે. યૌવન તો પ્રકૃતિનું અમૃત છે. જીવનવિકાસનો પાયો છે.

ઋષભદત્ત અને ધારિણી વચ્ચે પોતાનો પુત્ર યુવાન થયો છે માટે તેને માટે યોગ્ય ઠેકાણું શોધીને વિવાહ કરી નાંખીએ તેવી વાતો થતી હતી.

રાજગૃહી નગરીમાં અને આસપાસના પ્રદેશોમાં જંબૂકુમારને લોકો માનની અને પ્રેમભરી દૃષ્ટિથી જોવા લાગ્યા. દુકાળના સમયે જંબૂકુમારે લોકો પ્રત્યે મમતાભરી દૃષ્ટિ રાખીને અન્ન આપ્યું હતું.

કરુણા દર્શાવીને અનેક જીવોને પ્રાણ આપ્યા હતા તે વાત રાજ-ગૃહીમાં જ નહિ પરંતુ સમગ્ર મગધ રાજ્યમાં પ્રસરી ગઈ. આથી રાજગૃહીના લોકો જંબૂકુમારને પ્રેમ, મમતા અને સ્નેહ દર્શાવવા લાગ્યા. જ્યાં સત્કર્મો કરવામાં આવે છે ત્યાં તેની સુવાસ ફેલાતાં વાર લાગતી નથી.

જંબૂકુમારને ચરણે સમૃદ્ધિની રેલમછેલ હતી. સુખ, સમૃદ્ધિ, વૈભવ, વિલાસ તો ચરણો ચૂમતા હતા. એ રીતે ઋષભદત્ત શેઠનું નામ પણ રાજગૃહીમાં અત્યંત લોકપ્રિય હતું.

આથી રાજગૃહીમાં રહેતા અન્ય શ્રેષ્ઠિવર્યો પોતાની ગુણી, સંસ્કારી કન્યાનો જંબૂકુમાર સાથે સંબંધ થાય તેમ ઇચ્છતા હતા, પરંતુ જંબૂકુમાર ગુણી, અનુપમ સૌંદર્ય ધરાવનાર, વિવેકી, વિનયી છે તે વાતથી અજાણ નહોતા. ઋષભદત્ત શેઠની સમૃદ્ધિ અપાર હતી. રાજા મહારાજાનું રાજભવન હોય તેવું તો તેમનું વિશાળ ભવન હતું. આથી શ્રેષ્ઠિવર્યોને વિચાર થતો કે શું અમે પ્રસ્તાવ મૂકીશું તો ઋષભદત્ત શેઠ સ્વીકારશે ખરા? એ પ્રશ્ન રમતો હતો.

એક સપ્તાહ પસાર થઈ ગયું.

તે દિવસે ઋષભદત્ત શેઠ પેઢી પર બેઠા હતા. જંબૂકુમાર ભવન પર હતો. પેઢી પર વાણોતરો કાર્યમાં મગ્ન બન્યા હતા.

એક સેવકે આવીને ઋષભદત્ત શેઠને કહ્યું : 'શેઠજી, નગરીના શ્રેષ્ઠિવર્ય સમુદ્રપ્રિય શેઠ આપને મળવા આવ્યા છે, અહીં મોકલું...?'

'હા...અહીં જ મોકલ...' ઋષભદત્તે કહ્યું.

થોડીવારમાં સમુદ્રપ્રિય શેઠ ઋષભદત્ત પાસે આવ્યા અને કુશળ પૂછીને બેઠા. ઋષભદત્ત શેઠે કહ્યું : 'આપના દર્શન ઘણા વખતે થયા...આપ કુશળ છો ને?'

'હા...હું એક વાત કરવા આવ્યો હતો...' સમુદ્રપ્રિયે કહ્યું.

'કહો...વિના સંકોચે જણાવો...મારાથી થઈ શકશે તો જરૂર કાર્ય પૂરું કરીશ.'

'શેઠજી, આપનાથી થઈ શકે તેવું છે...'

'જણાવો...' ઋષભદત્ત શેઠે અપલક નયને સમુદ્રપ્રિય સામે જોયું.

'મારી કન્યા સમુદ્રશ્રી સંસ્કારી, ગુણી અને ધર્મ પ્રત્યે આસ્થા રાખનારી છે...જો આપ. સહમત થતાં હો તો. આપના પુત્ર જંબૂકુમાર સાથે સંબંધ કરીએ.'

'હું આપને બે–ચાર દિવસમાં જણાવું તો...! કારણ કે મારે આ વાત મારી પત્નીને કરવી પડશે...'

'ભલે...' સમુદ્રપ્રિય શેઠે કહ્યું.

થોડીવાર વાતો કરીને સમુદ્રપ્રિય શેઠ વિદાય થયા.

એજ દિવસે ઋષભદત્ત શેઠે ધારિણીને સમુદ્રપ્રિય શેઠની વાત કરી. ધારિણીએ તપાસ કરીને પછી નક્કી કરવાનું વિચાર્યું.

પરંતુ...

બીજા ચાર દિવસમાં ઋષભદત્ત શેઠની પાસે નગરીના શ્રેષ્ઠિ સાગરદત્ત શેઠ તેની પુત્રી પદ્મસેનાનો સંબંધ જંબૂકૂમાર સાથે થાય તે પ્રસ્તાવ લઈને આવ્યા હતા.

નગરીના બીજા શ્રેષ્ઠિવર્ય સમુદ્રદત્ત શેઠ પોતાની પદ્મશ્રી નામની ગુણી, સંસ્કારી અને ચતુર કન્યાનું માગું લઈને આવ્યા હતા.

રાજગૃહીમાં કુબેરદત્ત નામના શ્રેષ્ઠિ રહેતા હતા તેઓ પણ ઋષભદત્ત પાસે જંબૂકુમાર જોડે પોતાની પુત્રી કનકસેનાનો સંબંધ થાય તે વાત કરવા આવ્યા હતા.

ચારેય કન્યાઓના માતાપિતા ઇચ્છતા હતા કે તેમની પુત્રીઓના વિવાહ જંબૂકુમાર સાથે જ થાય.

જંબૂકુમાર પોતાના પૂર્વજન્મમાં બ્રહ્મલોકમાં જ્યારે વિન્દ્યુમાલી

દેવ હતા ત્યારે તેમને ચાર પ્રિયાઓ હતી. થોડા સમય પછી આ ચારેય પ્રિયાઓનો જન્મ રાજગૃહી નગરીના શ્રેષ્ઠિવર્યોને ત્યાં થયો.

તેમાંની સમુદ્રશ્રીનો જન્મ સમુદ્રપ્રિય શેઠને ત્યાં થયો. સમુદ્રશ્રીની માતાનું નામ પદ્માવતી હતું.

જ્યારે પદ્મસેનાનો જન્મ સાગરદત્તને ત્યાં થયો. પદ્મસેનાની માતાનું નામ વિનયશ્રી હતું.

તે રીતે પદ્મશ્રીનો જન્મ સમુદ્રદત્તને ત્યાં થયો. પદ્મશ્રીની માતાનું નામ કનકમાલા હતું.

આમ કનકસેનાનો જન્મ કુબેરદત્ત નામના સમૃધ્ધ શ્રેષ્ઠિને ત્યાં થયો. સુંદર કન્યા કનકસેનાની માતાનું નામ ધનશ્રી હતું.

ચારેય શ્રેષ્ઠિઓની કન્યા સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના અને કનકસેના અત્યંત રૂપવતી, સંસ્કારી, ગુણી હતી.

ઋષભદત્ત શેઠ પાસે રાજગૃહી નગરીના અન્ય શ્રેષ્ઠિ કુબેરસેન આવ્યા અને પોતાની પુત્રી નભસેનાનું પાણિગ્રહણ જંબૂકુમાર સાથે થાય તેમ ઇચ્છવા લાગ્યા. નભસેનાની માતાનું નામ કનકવતી હતું.

નગરીમાં શ્રમણદત્ત શેઠનું પણ નામ લોકપ્રિય હતું. તેઓની ભાવના હતી કે મારી પુત્રી કનકશ્રીનું પાણિગ્રહણ જંબૂકુમાર સાથે થાય. કનકશ્રીની માતાનું નામ શ્રીષેણા હતું.

તે રીતે વસુસેન શેઠને કનકવતી નામની સુંદર અનુપમ સૌંદર્ય ધરાવતી કન્યા હતી. તેઓ પણ ઋષભદત્ત શેઠ પાસે આવ્યા અને કન્યાનો પ્રસ્તાવ મૂકયો. કનકવતીની માતાનું નામ વીરમતી હતું.

જંબૂકુમાર સાથે પોતાની કન્યા વરે એવી ભાવનાથી વસુપાલિત નામના શ્રેષ્ઠિ ઋષભદત્ત શેઠ પાસે આવ્યા અને સંસ્કારી, ગુણી, રૂપવતી પોતાની કન્યા જયશ્રીની વાત કરી. જયશ્રીની માતાનું નામ જયસેના હતું.

આમ આઠ જગ્યાએથી જંબૂકુમાર માટે પ્રસ્તાવ આવ્યો. ઋષભદત્ત શેઠે ભવન પર આવીને ધારિણીને કહ્યું: 'પ્રિયે, આઠ કન્યાઓના માતાપિતાના પ્રસ્તાવ આપણા પુત્ર માટે આવ્યા છે... આમાં શું કરવું...? મને તો કશી સમજ પડતી નથી.'

'સ્વામી, આઠેય કન્યાઓ અતિ સુંદર, રૂપવતી, સંસ્કારી અને ગુણી છે. ખરેખર આવા ઉત્તમ રત્નો પ્રાપ્ત થવા એ પણ સદ્‌ભાગ્યની નિશાની છે...'

'તો શું આઠેય કન્યાઓના માતાપિતાના પ્રસ્તાવનો સ્વીકાર કરવો છે?' ઋષભદત્તે શેઠે કહ્યું.

'સ્વામી, આપે મને જ્યારે આ વાત કરી ત્યારે મેં તપાસ કરાવી હતી. આઠેય કન્યાઓ સુંદર છે...આપણા પુત્ર માટે યોગ્ય છે...અત્યંત સુશીલ, પ્રેમાળ અને ધર્મ પ્રત્યે સ્નેહભાવ દાખવનારી છે. તેમજ કન્યાઓ ચતુર, જ્ઞાની અને વિદુષી છે. જો મારું માનો તો દરેકનો પ્રસ્તાવ સ્વીકારી લો...'

'પ્રિયે, મારા મનમાં પણ આવી જ ભાવના રમે છે. કારણ કે આઠેય શ્રેષ્ઠિઓને જાણું છું...તેઓની સ્થિતિ જાણું છું...આથી કોઈને નારાજ ન કરવા તેમ મારું મન કહે છે...' ઋષભદત્તે કહ્યું.

'સ્વામી, તો પછી આવતી કાલે જ સંમતિ દરેકને મોકલી આપવાની ગોઠવણ કરજો... '

'ભલે...' ઋષભદત્તે કહ્યું.

બીજે દિવસે ઋષભદત્ત શેઠે આઠેય કન્યાઓના માતાપિતાને તેમના પ્રસ્તાવની સ્વીકૃતિના મંગલમય સમાચાર મોકલી આપ્યા.

આઠેય કન્યાઓના માતાપિતાના ચહેરા પર હર્ષ અને આનંદનો આવેગ જોવા મળ્યો.

ધારિણી અને ઋષભદત્ત પણ જંબૂકુમાર માટે સુયોગ્ય અને સંસ્કારી કન્યારત્નો મળવાથી આનંદ અનુભવવા લાગ્યા.

થોડા સમયમાં બન્ને પક્ષે તૈયારી થવા લાગી...

આ ગાળામાં શ્રી સુધર્મા સ્વામી વિહાર કરતાં કરતાં રાજગૃહી પધાર્યા, રાજગૃહીના ઉદ્યાનમાં સમવસર્યા.

આ સમાચાર જંબૂ કુમાર માટે હર્ષ અને આનંદ ભર્યા હતા. જંબૂ કુમાર શ્રી સુધર્મા સ્વામીના દર્શન માટે તલપાપડ થયા. કારણ કે છેલ્લા થોડા સમયથી જંબૂ કુમાર આત્મચિંતનમાં મગ્ન બન્યા હતા અને ખૂબ જ ગંભીર બનીને આત્મખોજનો માર્ગ શોધી રહ્યા હતા. સર્વજીવોની દુ:ખદ પરિસ્થિતિથી દ્રવિત થઈને તેમના પર કરુણા દર્શાવી છતાં આવી સ્થિતિમાંથી પ્રાણીમાત્ર બહાર રહી શકતો નથી. જે સુખ નથી છતાં તે મેળવવા માટે દોડાદોડ કરે છે... અને જ્યાં અનંત સુખ છે...ત્યાં પહોંચવાનો માનવી પ્રયત્ન કરતો નથી... ! આમ કેમ... ? એ પ્રશ્ન જંબૂ કુમારના અંતરમાં વલોવા લાગ્યો. સમગ્ર સંસારમાં ભૌતિક સુખના આનંદને જ પરમસુખ માનીને ચાલીએ, માયા–મરિચિકાના બંધનમાં ઝકડાઈ જવું અને તેને સુખ માનવું... ! ના...ના... માનવી રાગની આરાધનામાં મસ્ત બને છે પરંતુ તેમાં ક્ષણિક સુખ જ પ્રાપ્ત થાય છે. સુખનો સંતોષ થતો નથી. માત્ર સુખની ભ્રમણા જ છે...

જંબૂ કુમારના અંતરમાં આત્મખોજનો પ્રશ્ન પડયો છે. આથી જંબૂ કુમાર સમગ્ર દિવસ ચિંતનમાં જ પસાર કરતાં... હું કશુંક પામવા ઈચ્છું છું...હું કશુંક મેળવવા ઇચ્છું છું... એવી લાગણી સતત જંબૂ કુમારને થવા લાગી.

અને આવા સંજોગોમાં આર્ય શ્રી સુધર્મા સ્વામીનું આગમન જંબૂ કુમાર માટે પ્રેરણા રૂપ બની ગયું.

જંબૂ કુમારને થયું કે હવે મારા અંતરમાં જે જે પ્રશ્નો ઉદ્‌ભવ્યા છે તેનો ઉકેલ મળી જશે...મને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થશે...

આર્ય શ્રી સુધર્મા સ્વામી પોતાના વિશાળ શિષ્ય સમુદાય સાથે ગુણશીલ ચૈત્યમાં ઉતર્યા.

દરરોજ નગરીના અનેક લોકો શ્રી સુધર્મા સ્વામીની વાણીનું પાન કરવા વહેલાસર પહોંચી જતાં. તેમના દર્શન માત્રથી આત્મ-સંતોષ થતો.

જંબૂકુમાર ભવનમાં આજ વહેલા તૈયાર થઇ ગયા. અંતરમાં ઉમંગ હતો. આર્ય શ્રીસુધર્મા સ્વામીની વાણી સાંભળવાનો ઉત્સાહ હતો. ઋષભદત્ત અને ધારિણી પાસે આવીને કહ્યું : 'પિતાજી, હું ગણધર ભગવંત ગુણશીલ ચૈત્યમાં પધાર્યા છે તો તેમની અમૃતભરી વાણીનું પાન કરવા જાઉં છું.'

'જંબૂ કુમાર, તું ખુશીથી જા...શ્રીસુધર્મા સ્વામીની દિવ્ય-વાણી સંસાર પાર કરી આપનારી છે. તેમની વાણીમાં જાદુ છે...' ઋષભદત્તે કહ્યું.

જંબૂ કુમાર તરત જ રથમાં બેસીને જ્યાં શ્રીસુધર્મા સ્વામી ઉતર્યા હતા ત્યાં આવ્યો.

દિવસના પ્રથમ પ્રહરની પ્રથમ ઘટિકા ચાલી રહી હતી...

સૂર્યના તેજસ્વી કિરણોથી ધરતી થનગની ઊઠી હતી. મંદમંદ વહેતો વાયુ અંગને રોમાંચ આપતો હતો. ગુણશીલ ઉદ્યાન વિશાળ અને અનુપમ હતું...આજની ધર્મસભામાં નગરીના અનેક લોકો આવીને યોગ્ય સ્થાને બેસી ગયા હતા. જંબૂકુમારના હૈયામાં અનેક પ્રશ્નો ઉદ્ભવ્યા હતા અને તેના ઉત્તર ગણધર ભગવંત પાસેથી મળી જશે એ ભાવનાથી આગળના ભાગે બેસી ગયા.

શ્રીસુધર્મા સ્વામીની ભવ્ય આકૃતિ, તેજસ્વી વદન, ભવ્ય લલાટ પર તપનું તેજ જોઈને જંબૂકુમારનું મસ્તક આપોઆપ નમી પડયું.

જંબૂકુમારે ભાવપૂર્ણથી શ્રીસુધર્માં સ્વામીને નમન કર્યાં. નમન કરતાં કરતાં જંબૂકુમાર ભાવવિભોર બની ગયા કે તેમની આંખમાંથી આંસુ સરવા લાગ્યા. જાણયે જંબૂકુમારના અંતરમાં એમ જ થતું હતું કે હું જે માર્ગ શોધવાનો પ્રયત્ન કરૂં છું તે માર્ગના પ્રણેતા મને મળી ગયા...હવે હું સાચો માર્ગ જાણી શકીશ ..'

અને વિશાળ ધર્મસભામાં આર્ય શ્રીસુધર્માં સ્વામી જીવ, અજીવ, સંવર, નિર્જરા, મોક્ષાદિ, પાપપુણ્ય વગેરેની તાત્ત્વિક ચર્ચા કરી રહ્યા હતા. સર્વજ્ઞ ભગવંત ભગવાન મહાવીર સ્વામીના પ્રશ્નોની ચર્ચા કરી રહ્યા હતા. અને જંબૂ કુમાર આ ચર્ચા રસપૂર્વક સાંભળી રહ્યો.

આર્ય શ્રીસુધર્માં સ્વામીએ દેશનાની દિવ્ય કવિતા લલકારી.

'હે ભદ્રજનો, ઘટવા અને વધવારૂપ કાર્યોથી પણ ભયંકર એવી લક્ષ્મીના ચંચળરૂપ મોજાં ન હોત તો આ સંસાર સમુદ્ર લોકોને તરવો ઘણો સરળ રહેત પરંતુ ભૌતિક સુખ, માયા-મરિચિકાના આકર્ષણમાં માનવી વધુ આનંદ પ્રાપ્ત કરે છે, વધુ સુખ મેળવે છે તે માત્ર ભ્રમણા જ છે. અન્ય કશું નથી. આ ભવસાગરને વિષે માનવીનું આયુષ્ય મેઘની જેમ ગળ્યા કરે છે. લક્ષ્મી ચંચળ છે એ વાત ભૂલવા જેવી નથી. આથી આયુષ્ય અને લક્ષ્મી અર્થે સ્થિરાત્મા એવા વિવેકી પુરૂષે ચિરકાળ સ્થિર છે એવા ત્રણ રત્નો ગ્રહણ કરવા જોઈએ. રત્નત્રયીની આરાધના કરવી જોઈએ.'

'હે ભદ્રજનો, ઉપાશ્રય, ઔષધ, પુસ્તક અને આહાર, વસ્ત્ર આદિથી જ્ઞાનીઓની ભક્તિ કરવાથી ગૃહસ્થ જ્ઞાનને આરાધે.

સ્વામીવાત્સલ્ય, શ્રી જિનમંદિર, યાત્રાપૂજા શ્રી જિનેશ્વર ભગવંતના તીર્થની પ્રભાવના કરવાથી ગૃહસ્થ સમકિતનું ઉપાર્જન કરે છે.

ચારિત્રના પાત્ર એવા ઉત્તમ સાધુ ભગવંતોની ભક્તિ કરવાથી તપશ્ચર્યા કરીને ગૃહસ્થ ચારિત્ર્યનું ઉપાર્જન કરે...

આમ રત્નત્રયીની આરાધના કરવી જોઈએ. માનવી મોહવશ બનીને આત્મકલ્યાણનો માર્ગ મેળવી શકતો નથી. પ્રમાદ ખંખેરવાની જરૂર છે. જે પ્રમાદમાં અને મોહાંધ બનીને રહે છે તેઓ અશરણ એવી ભવરૂપી અટવીમાં ભ્રમણ કર્યા કરે છે....

આ અનાદિ સંસારમાં જન્મ, કર્મ અને કષાયની રૌદ્ર ભૂતાવળમાં અટવાતા આત્માઓને માનવજન્મ, આર્યત્વ તેમજ શ્રીવીતરાગ દેવ પ્રણીતશ્રુત ચરિત્ર ધર્મની પ્રાપ્તિ કરવી અતિશય દુર્લભ છે. કારણ અનંત પુણ્યરાશિની કમાણી પર તે સાધનો નિર્ભર છે. આથી આ સાધનોનું મહત્ત્વ વચનાતીત છે. સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્ર્યને દૃઢ તેમજ સમૃદ્ધ શ્રી સમ્યગ્ જ્ઞાન બનાવે છે.

શ્રદ્ધા સમ્યકત્વનું પવિત્ર બીજ છે. તેનાથી મુક્તિ થાય છે. ધર્મશ્રદ્ધા પ્રગટાવવા માટે ધર્મજ્ઞાનની આવશ્યકતા છે. કેવળ માનવભવ મળવાથી આત્મવિકાસ સાધી શકાતો નથી. તેને માટે પ્રયત્ન કરવો જોઈએ.

આત્મકલ્યાણના માર્ગને ગ્રહણ કરવા માટે સંસારના સુખોને ત્યજવા પડે છે. સંસાર ત્યાગ કરવો પડે છે. જ્ઞાન ગમે તેટલું લઈએ પરંતુ સાચા જ્ઞાન માટે શ્રદ્ધા ન જન્મે તો એ જ્ઞાન શા કામનું ? આથી શ્રદ્ધા એ સંયમ દ્વાર છે.

સંયમની ભાવના જાગતાં પ્રત્યાખ્યાનની શરૂઆત છે. એનાથી સંવર થાય છે એટલે કર્મોને આવવાના દ્વાર બંધ થાય છે. આત્મા પર જે મલિન રજ લાગે છે તે રોકાઈ જાય છે. એ રોકાયા પછી આત્મા પર લાગેલા પહેલાંના કર્મોને દૂર કરવા માટે નિર્જરા કરાય છે.

હે ભદ્રજનો, નિર્જરાની પ્રક્રિયા તપ દ્વારા કરવામાં આવે છે. તપથી જ્યારે આત્મા પર લાગેલા પહેલાંના કર્મો વિખરાય જાય છે ત્યારે આત્મા નિર્મળ બને છે. આત્માની આવી નિર્મળતાને જ મુક્તિ કહેવામાં આવે છે. સઘળા કર્મોનો નાશ કરીને આત્મા જે સ્થળે જાય અને ફરી વખત જન્મ ન લેવો પડે તે મુક્તિનું સ્થાન.

માનવજીવનનો સાચો અને મંગલ માર્ગ ત્યાગ સિવાય અન્ય કોઈ નથી. ત્યાગ વગર મુક્તિ નથી અને મુક્તિ વગર શાશ્વત સુખની પ્રાપ્તિ નથી. ત્યાગ પાછળ જ્ઞાન, વિશ્વાસ અને શ્રદ્ધાનો પ્રદીપ પ્રગટવો જોઈએ એ વગરનો ત્યાગ શું કામનો..? ભૌતિક સુખની લાલસામાં મગ્ન બનેલા જીવોને ત્વરિત ત્યાગનો માર્ગ દેખાતો નથી... તેઓ તો સુખની ભ્રમણામાં રચ્યાપચ્યા રહે છે...રાગની આરાધનામાં જ પોતાનું જીવન પસાર કરતા રહે છે..પરંતુ જ્યારે વિરાગની મસ્તી અંતરમાં જાગી ઊઠે છે ત્યારે સંસારના બધા સુખોને પળમાત્રમાં ત્યજીને કલ્યાણકારી સંયમના પંથે પ્રયાણ કરે છે અને રત્નત્રયીની આરાધનામાં મન પરોવે છે...

મુક્તિની ઝાંખી અને પ્રાપ્તિ ત્યાગ સિવાય અન્ય સંભવિત નથી. મોહ, માયા, પ્રેમ, અહંકાર, સ્નેહ, ક્રોધ, વૈરથી ભરેલા આ સંસારના રસોને ત્યજીને આત્મમંગલ અર્થે સર્વ જીવોએ પ્રયત્ન આદરવો જોઈએ...'

આર્યશ્રી સુધર્માસ્વામીના ધર્મબોધથી દરેકના અંતરમાં શાંતિ પથરાઈ ગઈ અંતર આનંદ અનુભવવા લાગ્યું.

જંબૂકુમાર શ્રીસુધર્મા સ્વામીની પ્રેરક વાણીથી પ્રભાવિત થયો. તેના અંતરમાં રમતા દરેક પ્રશ્નોનો ઉત્તર તેમની વાણીમાંથી મળી ગયો હતો...જે અંતરમાં જિજ્ઞાસાઓ જન્મી હતી તે સ્પષ્ટ થઈ અને અંતરમાં અપૂર્વ જ્ઞાનનો પ્રકાશ પથરાઈ ગયો. તેમના હૈયામાં

ભાવિ જીવનનું સ્વરૂપ નક્કી થયું. આજ દિવસ સુધી એકાંતમાં કરેલા ચિંતનને પૂર્ણ સહારો પ્રાપ્ત થયો હતો.

જંબૂકુમાર ગણધર ભગવંતની વાણી સાંભળીને નાચી ઊઠયા અને આંખમાંથી આંસુ સરવા લાગ્યા અને મનમાં થયું કે ઓહ... હું આ માયા–મરિચિકાથી ભરેલા, ખદબદતા કાદવમાં ક્યાં લપેટાયો, લક્ષ્મીની મોહજાળમાં ક્યાં સપડાયો. મને મારો માર્ગ મળી ગયો... સર્વત્યાગ...

જંબૂકુમારના અંતરમાં એક જ શબ્દ ગુંજવા લાગ્યો.

સર્વત્યાગ...સર્વત્યાગ...સર્વત્યાગ...

સર્વત્યાગ વગર મુક્તિ નથી. મુક્તિ મેળવવા માટે રત્નત્રયીની આરાધના કરવી જરૂરી છે...

મેં મારો માર્ગ નક્કી કરી લીધો છે...સર્વત્યાગ...જંબૂ કુમારના હૈયામાં સંસારના બંધનો તોડીને આત્મકલ્યાણના પંથે જવા માટેનો સર્વોત્તમ માર્ગ સંસારત્યાગ શોભી રહ્યો હતો.

જંબૂકુમારના તેજસ્વી વદન પર જાણ્યે જ્ઞાનનો પ્રકાશ પથરાઈ ગયો હોય તેમ જણાતું હતું.

આર્યશ્રી સુધર્મા સ્વામીનું મંગલમય પ્રેરક પ્રવચન પૂર્ણ થયું.

ધર્મસભામાં પધારેલ શ્રોતાગણ, ધર્મીજનો પોતપોતાના સ્થાને જવા વિદાય થવા માંડયા પરંતુ જંબૂકુમાર તો ગણધર ભગવંતના ચરણો પાસે બેઠા હતા.

ગણધર ભગવંત આર્યશ્રી સુધર્મા સ્વામીને થયું કે આ નવયુવાન કેમ બેસી રહ્યો છે ? આ નવયુવાન અત્યારે ધ્યાનમગ્ન સ્થિતિમાં બેઠો છે.

થોડી વાર રહીને ગણધર ભગવંતે જંબૂકુમાર સામે દૃષ્ટિ કરીને મધુર સ્વરે કહ્યું : ' હે વત્સ, તું જાગ...'

'જંબૂકુમાર તરત જ ધ્યાનમુદ્રામાંથી જાગૃત થયો અને શ્રી સુધર્મા સ્વામીને ફરી વાર વંદન કરીને વિનમ્ર સ્વરે કહ્યું : 'હે ભગવંત, આપની પ્રેરક વાણીથી મારું અંતર ખૂબ જ સંતોષ અનુભવે છે. આપની વાણીમાં મને મારા અંતરમાં ઉદ્‌ભવેલા દરેક પ્રશ્નોનો ઉકેલ પ્રાપ્ત થયો...ઘણા સમયથી મારા હૈયામાં અનંત સુખની પ્રાપ્તિ માટેનો પ્રશ્ન રમતો હતો...આજે આપના દર્શન અને વાણીથી એ પ્રશ્ન સમજાઈ ગયો...આપની કૃપાથી જ હું ધર્મના અર્થને બરાબર રીતે જાણી શકયો છું. હે ભગવંત...હવે મને આ ભૌતિક માયા, સુખમાં જરા પણ રસ રહ્યો નથી...મારું અંતર પ્રશસ્તના માર્ગે જવા માટે તલસી રહ્યું છે. આપ મારા આ વિચારને જાણીને સર્વત્યાગ જેવા મંગલમય માર્ગનો આરાધક બનું અને એ ત્યાગમાર્ગને અજવાળું, તેવા આપના શુભ આશિષ મારા પર ઉતરો...' જંબૂકુમારે ભાવવાહી સ્વરે કહ્યું.

'વત્સ, તું હજુ બાળક છે અને સાધુ જીવન અત્યંત કઠોર છે તે વાતથી તું અજાણ છો...તારું નામ શું છે ? તારા માતાપિતા કોણ છે ?'

'ભગવંત, મારું નામ જંબૂકુમાર છે. મારા પિતાનું નામ ઋષભદત્ત અને માતાનું નામ ધારિણી દેવી છે...'

'ભાઈ, તારા અંતરમાં ધર્મ પ્રત્યેનો અનુરાગ સવિશેષ છે તે જાણીને મારું હૈયું હર્ષ અનુભવે છે. પરંતુ તારે તારા માતાપિતાની આજ્ઞા પ્રાપ્ત કરવી પડશે...' શ્રીસુધર્મા સ્વામીએ કહ્યું. ગણધર ભગવંતને થયું કે આ કોમળ અને અત્યંત સુખી કુટુંબનો બાળક કઠોર સાધુજીવન કઈ રીતે ગાળી શકશે ?

આર્યશ્રી સુધર્મા સ્વામીએ જંબૂકુમારને વિવિધ પ્રશ્નો કરીને તેના મનનો તાગ લીધો. પછી જાણ્યું કે બાળક જંબૂકુમાર ખરેખર

સર્વત્યાગના માર્ગ પર જવા ઇચ્છે છે. જંબૂકુમારની દઢતા, નિશ્ચય જોઈ લીધો.

ગણધર ભગવંતે કહ્યું : 'જંબૂ, તારી ભાવના સંસારત્યાગ કરવાની હોય તો તું તારા માતાપિતાની અનુમતિ લઈ આવ...'

'પરંતુ ભગવંત, મારી અંતરની ઇચ્છાને વાચા આપોને...!'

'ના..સર્વત્યાગના માર્ગે આવતાં પહેલાં તારે તારા માતાપિતાની અનુમતિ તો મેળવવી જ પડશે. એ પહેલાં હું દીક્ષા અંગિકાર નહિ કરાવું...'

'ઓહ...' જંબૂકુમાર સામે એક પ્રશ્ન ઊભો થઈ ગયો. જંબૂકુમારને થયું કે સ્નેહાળ અને મારા પ્રત્યે અતિ લાગણી અને પ્રેમ દર્શાવતા માતાપિતા મને અનુમતિ આપશે ખરા ?

નહીં આપે...!

પરંતુ મારે ગમે તે રીતે સમજાવીને પણ તેમની અનુમતિ પ્રાપ્ત કરવી જ પડશે.

જંબૂકુમાર મનમાં અડગ નિશ્ચય કરીને, ગણધર ભગવંત શ્રી સુધર્મા સ્વામીને વંદન કરીને માતાપિતાની આજ્ઞા મેળવવા રથમાં બેસીને નગરી તરફ જવા વિદાય થયા.

ત્યાં...!

## ૧૧ : : સંકલ્પ સિદ્ધ થશે ?

માનવીના જીવનમાં જ્યારે જ્ઞાનનો પ્રકાશ લાધે છે ત્યારે તે પળવાર પણ સંસારમાં રહેવા ઇચ્છતો નથી. તેનું અંતર વૈરાગ્ય પામી ગયું હોય છે અને તે સર્વત્યાગનો પંથ અજવાળવા કટિબદ્ધ થાય છે.

ગણધર ભગવંત આર્ય શ્રીસુધર્મા સ્વામીને વંદન કરીને રથમાં બેસીને જંબૂકુમાર નગરી તરફ રવાના થયો. માર્ગમાં જંબૂકુમારના અંતરમાં માતાપિતા સંમતિ આપશે કે નહિ... ન આપે તો શું કરવું ? તેવા પ્રશ્નો ઉપસ્થિત થયા હતા.

સારથિએ રથને ઉદ્યાનની બહાર લાવીને રાખ્યો. જંબૂકુમારે સારથિને પૂછ્યું: ' રથિક, શા માટે રથને અહીં ઊભો રાખ્યો છે ? '

' નાના શેઠજી, આજ નગરના માર્ગો પર ભારે ભીડ જામી હોય તેમ જણાય છે... આથી રથ ઝડપથી ચાલી શકશે નહિ. આપને જલ્દી ભવન પર પહોંચવું છે. આપ આજ્ઞા કરો તે પ્રમાણે હું રથને લઉં... '

'તું બીજા માર્ગેથી લઈ લે... આજ આ દરવાજે આટલી બધી ભીડ શા માટે છે? માણસોની અવરજવર ઘણી છે... કંઈક પ્રસંગ જણાય છે.'

'હા... એવું જ કંઈક લાગે છે...' રથિકે ટૂંકમાં ઉત્તર આપ્યો.

'આ દરવાજેથી પ્રવેશ કરવાની પ્રતિક્ષા કરીશું તો સમય ઘણો વ્યતિત થઈ જશે અને હું તો ગણધર ભગવંતને હમણાં આવું છું કહીને નીકળ્યો છું. આથી મારે ત્વરીત ભવન પર માતાપિતા પાસે પહોંચવું જોઈએ. રથિક, અહીં આપણને સમય બગાડવો પાલવે તેમ નથી, તું રથને ઝડપથી દોડાવીને બીજે દરવાજેથી જ લઈ જા...ત્યાંથી નગરપ્રવેશ કરીશું...'

'જેવી આજ્ઞા...' રથિકે કહ્યું.

અને રથિકે રથ તરત જ બીજા દરવાજાની પાસે ઊભો રાખ્યો. ત્યાં જંબૂકુમારે જોયું તો નગરપ્રવેશનો દરવાજો યંત્રો વડે બંધ હતો અને તેના પર આકાશમાંથી વજ્રના ગોળા પડે તેવી મહા-શીલાઓ લટકાવેલી જોઈ.

'ઓહ...આ સઘળી તૈયારીઓ શત્રુના સૈન્યના ડરને કારણે કરવામાં આવી હોય તેમ જણાય છે. આમ તેમાં પ્રવેશ કરું અને કંઈક અનર્થ થઈ જાય તો શું લાભ...? હું આ દ્વારમાંથી જાઉં અને મારા પર શીલા પડે તો હું, રથ, અશ્વો અને સારથિ બધાય મરણને આધીન થઈએ...ના...ના.. ના. આ માર્ગ યોગ્ય નથી. જો આમ બને તો હું અવિરતિપણે મૃત્યુ પામું, તો તો મારે જરૂર દુર્ગતિમાં જ જવું પડે. કારણ કે કમોતે મૃત્યુ પામેલા જીવોને સદ્ગતિ પ્રાપ્ત થતી નથી. આકાશના ફૂલો જેવી દુર્લભ છે અને મારે કોઈ પણ સ્વાર્થથી ભ્રષ્ટ થવું ન જોઈએ...' જંબૂકુમારે મનમાં વિચાર્યું.

તો મારે શું કરવું ?

હા...હવે તો મારે શ્રીસુધર્મા સ્વામીના ચરણકમળમાં મસ્તક નમાવવું જોઈએ. તેમની સેવા કરવી જોઈએ... ' જંબૂકુમારે આ પ્રમાણે વિચાર્યું.

જંબૂકુમારે રથિકને રથ પાછો વાળવાનું કહ્યું.

સારથિએ નાના શેઠજીની આજ્ઞા અનુસાર રથને પાછો ગુણશીલ ચૈત્ય તરફ વાળ્યો. સારથિને મનમાં થયું કે આજ નાના શેઠજી આમ કેમ કરે છે ? તેઓ વિચારમાં પડી ગયા છે...કંઈ સમજાતું નથી.

સારથિએ રથને ઉદ્યાનમાં લાવીને રોક્યો. જંબૂકુમાર રથમાંથી ઉતરી ગયા અને ઝડપથી જ્યાં આર્ય શ્રીસુધર્મા સ્વામી બીરાજ્યા હતા ત્યાં આવીને નમ્રતાપૂર્વક ઊભા રહ્યા. જંબૂકુમારે ભાવપૂર્ણ વંદન કર્યાં.

શ્રીસુધર્મા સ્વામી જંબૂકુમાર સામે જોઈ જ રહ્યાં અને વિચારવા લાગ્યા કે જંબૂકુમાર આટલી ઝડપથી માતાપિતાની આજ્ઞા મેળવીને કેવી રીતે આવી ગયો ?

ગણધર ભગવંતનુ આશ્ચર્ય શમે તે પહેલાં જ જંબૂકુમારે વિનયભર્યા સ્વરે કહ્યું : ' ભગવંત, આપની પાસેથી નીકળીને માતાપિતા પાસે અનુમતિ મેળવવા જઈ રહ્યો હતો ત્યાં નગરીના મુખ્ય દરવાજા પાસે કોઈ પ્રસંગ હોવાથી માણસોની અવરજવર વિશેષ લાગી. મારો રથ ત્યાંથી નીકળી શકે તેમ નહોતો. આથી સારથિને મેં બીજે દરવાજેથી રથ હંકારવાનું કહ્યું. અમે બીજા દરવાજા પાસે આવ્યા ત્યારે તે દરવાજો યંત્રો વડે બંધ હતો અને દરવાજા પર મહાકાય શીલાઓ લટકાવેલી હતી. આ જોતાં જ મારા મનમાં વિચાર આવ્યો કે મારો રથ આ દરવાજામાંથી પસાર થાય અને

મહાકાય શીલાઓ રથ પર પડે તો મારું, સારથિનું અને અશ્વોનું એ જ ક્ષણે કમોતે મૃત્યુ થાય...અનર્થ સર્જાઈ જાય. હે પ્રભુ, આથી મારું અંતર અહીં આવવા પ્રેરાયું. જે શુભ કાર્ય કરવાનું છે તે તત્કાળ કરી લેવું જોઈએ. આથી આપની પાસે હાજર થઈ ગયો. આપ મને આપના શરણમાં લઈ લો...હજુ મને મારા માતાપિતા મળ્યા નથી તેથી તેમની અનુમતિ પ્રાપ્ત થઈ નથી. છતાં હું જીવન પર્યંત મન, વચન અને કાયાથી બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરવા ઇચ્છું છું...આપ મારા પર કૃપા વરસાવો...મારા ત્યાગમાર્ગની ભાવનાના પ્રથમ મંગલને દીપાવવા આપની કૃપાદૃષ્ટિ ફેંકો...'

આર્યશ્રી સુધર્મા સ્વામી જંબૂકુમારની શ્રદ્ધા, ભક્તિ અને વિશ્વાસને જોઈ જ રહ્યા. ઓહ...ખરેખર આ બાળકમાં ધર્મ પ્રત્યેનો અનુરાગ સવિશેષ છે. તે સાચી સમજથી જ ત્યાગમાર્ગને વંદી રહ્યો છે. આથી જંબૂકુમારની ભાવનાનો સત્કાર કરવો અને તેના મંગલ ચરણમાં સહાયક થવું યોગ્ય છે.

આમ આર્યશ્રી સુધર્મા સ્વામીએ જંબૂકુમારને અનુજ્ઞા આપી. જંબૂકુમારે બ્રહ્મચર્યવ્રતનો નિયમ અંગીકાર કર્યો.

જંબૂકુમારના ચહેરા પર પ્રસન્નતા ફેલાઈ ગઈ...તેનું અંતરમન હર્ષિત બન્યું.

જંબૂકુમારને આજ પ્રથમ સફળતા પ્રાપ્ત થઈ હતી. આથી તેનુ અંતર સંતોષ પામ્યું હતું.

જંબૂકુમારે ફરીથી શ્રી સુધર્મા ગણધરને વંદન કર્યા.

થોડી વાર ત્યાં બેસીને જંબૂકુમાર ભવન પર આવ્યા ત્યારે દિવસનો ત્રીજો પ્રહર ચાલતો હતો.

મધ્યાહ્નનો સમય હતો.

જંબૂકુમારે ભવનમાં આવીને માતાપિતાને વંદન કર્યા. ઋષભદત્તે અને ધારિણીએ પુત્રને ક્ષેમકુશળ પૂછ્યા.

'જંબૂકુમાર, આજ તને અહીં આવતા વધારે સમય થયો...!' ધારિણીએ કહ્યું.

'માતાજી, આજે શ્રી સુધર્મા સ્વામીની વાણી અત્યંત મધુર અને ભવસાગરને તારી દેનારી હતી. મારા અંતરમાં ઉદ્ભવેલા પ્રશ્નોના ઉત્તર તેમની વાણીમાં હતા...'

'જંબૂકુમાર, શ્રી સુધર્મા સ્વામીની વાણી જ અમૃતભરી છે. ભાગ્યવંતોને જ તેમના દર્શનનો લાભ મળે છે. તેમની વાણી સાંભળવાથી અંતર શાંતિ અનુભવે છે ..'

'માતાજી, આપની વાત સાચી છે. ગણધર ભગવંતની વાણી સાંભળવાથી મને ન કલ્પી શકાય તેટલી શાંતિ પ્રાપ્ત થઈ છે. ચિત્ત પ્રસન્ન બની ગયું છે. તેમની દેશના પૂરી થયા પછી મેં તેઓશ્રીની પાસે ભવસાગરને તારનારી, મુક્તિના પંથને અજવાળનારી દીક્ષા અંગીકાર કરવાની ભાવના વ્યક્ત કરી, પરંતુ ગણધર ભગવંતે મને આપની અનુમતિ લઈ આવવા જણાવ્યું. હું રથમાં બેસીને આપની પાસે અનુમતિ લેવા માટે આવતો હતો ત્યાં નગરીના મુખ્ય દરવાજા પર માણસોની અવરજવર સવિશેષ હતી. રથ ત્યાંથી નીકળી શકે તેમ નહોતો, આથી મેં રથિકને નગરીના બીજા દરવાજેથી રથને લઈ જવાની આજ્ઞા કરી પરંતુ બીજો દરવાજે યંત્રથી બંધ હતો. દરવાજાના તોરણે મહાકાય શીલાઓ લટકાવેલી હતી. જ્યારે દુશ્મનો નગરી પર હુમલો કરવા આવે ત્યારે તેના પર આ શીલાઓ ફેંકવામાં આવે છે. આથી હું તે દરવાજેથી ન આવતાં પાછો ગણધર ભગવંત પાસે ગયો. મેં તેમને વાત કરી કે જો તે શીલાઓ મારા પર, રથિક પર અને અશ્વો પર પડે તો મૃત્યુને શરણ થઈ જઈએ...અને સદ્ગતિ પ્રાપ્ત ન થાય, એ કરતાં આપની છાયામાં રહીને સેવા કરું...'

'પછી શું થયું ?' ઋષભદત્તે પ્રશ્ન કર્યો.

'પિતાજી, હું ગણધર ભગવંતના ચરણકમળમાં નમી પડયો અને કહ્યું કે, ભગવંત, હું જીવન પર્યંત મન, વચન, કાયાથી બ્રહ્મચર્ય અંગીકાર કરવા માગું છું અને ગણધર ભગવંતે પ્રસન્ન હૃદયે બ્રહ્મચર્ય વ્રતનો મંત્ર આપ્યો.'

ઋષભદત્ત અને ધારિણી દેવી પુત્રની વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યાં હતા.

'પિતાજી, માતાજી, હવે તો મારે આપને વિનંતિ કરવાની છે. જો આપ મારા પર કૃપા કરો ને પ્રવજ્યા અંગીકાર માટેની મને સહર્ષ અનુમતિ આપો...જે સુખ નથી તેની પાછળ મોહવશ બનીને વાસનાથી જીવન વીતાવવું યોગ્ય લાગતું નથી. ભૌતિક સુખ સાહ્યબી ગમે તેટલી ભવ્ય અને અપાર હોય છતાં તેમાં આત્મસંતોષની રેખા જોવા મળતી નથી, જ્યારે આત્મસુખનો આનંદ અપૂર્વ અને અલૌકિક હોય છે. આ સંસાર અનેક દુઃખોથી ભરેલો છે. સંસારના ચળકાટ મારતા સુખો છે તે માત્ર ભ્રમણા છે. આ વાત મને બરાબર રીતે સમજાઈ ગઈ છે. મારા મનનું સમાધાન થઈ ગયું છે. આપ મને પ્રેમપૂર્વક શુભ આશીર્વાદ આપો કે હું મારા માર્ગને દીપાવું, આત્મકલ્યાણના માર્ગને અજવાળું, સંસારના અન્ય દુઃખી જીવો છે તેઓનો સહાયક બનું...' જંબૂકુમારે કહ્યું.

જંબૂકુમાર આટલું જણાવીને શાંત બનીને બેસી રહ્યાં.

ઋષભદત્ત અને ધારિણીના હૈયા પર જંબૂકુમારની પ્રવજ્યાની વાત સાંભળીને જાણયે વજ્રપાત થયો.

ધારિણીની આંખમાં આંસુ આવી ગયા. માતાનું હૈયું અતિ કોમળ હોય છે. સંસારમાં માની મમતાને કોઈ જાણી શકયું નથી. ધારિણીને મનમાં થયું કે હજુ મારા પુત્ર જંબૂકુમારે યૌવનના

પ્રાંગણમાં પ્રવેશ માત્ર કર્યો છે. સંસારના સુખોનો અનુભવ કર્યો નથી સંસારની લીલાને નિહાળી નથી. અને આજ તે દીક્ષા લેવા માટેની અમારી પાસે અનુમતિ માંગી રહ્યો છે...ઓહ...મારા હૈયાના ટુકડાને હું શી રીતે રજા આપી શકીશ. હજુ તેણે ધરતી પર પગ મૂક્યો નથી...અનેક સુખસાહ્યબી વચ્ચે ઉછરેલો મારો બાળ કઠોર સાધુજીવન શી રીતે ગાળી શકશે...? ના...ના...ના...હું મારા પુત્રને ક્યાંય નહિં જવા દઉં...હું અનુમતિ આપીશ જ નહિ...હજુ તેના વિવાહ કરવાના છે. આઠ કન્યાઓ સાથે તેના વિવાહ થવાના છે...ના... જંબૂકુમાર તો હજુ બાળક છે...તેને સંસારના સુખોની શી ખબર પડે? એ અણસમજુ કહેવાય...

ઋષભદત્ત શેઠની હાલત પણ પુત્રની વાત સાંભળીને દયાનજનક બની ગઈ હતી છતાં તેમણે સ્થિરતા ધારણ કરી લીધી હતી. ઋષભદત્ત શેઠે પત્નીને આશ્વાસન આપ્યું અને કહ્યું: 'પ્રિયે, તું આમ આંસુ સારવા લાગે તે યોગ્ય છે? તારી અનુમતિ વગર આપણો પુત્ર ક્યાંય નહિ જાય...તું ધીરજ રાખ.'

'સ્વામી, આપ મને ધીરજ રાખવાનું કહો છો...પરંતુ આપનું કઠણ હૃદય પણ રડી રહ્યું છે ને...? કયા પુત્રની મા આ રીતે અનુમતિ આપશે? પહેલા હું પુત્રઝંખના માટે ઝુરી રહી હતી જ્યારે મારા ભાગ્યમાં પુત્ર આવ્યો ત્યારે હવે તે અમને છોડીને ચાલ્યો જવા માંગે છે...! સ્વામી, મારા ભાગ્યમાં પુત્રસુખ જ નથી કે શું?' ધારિણીએ અંતરની મનોવેદના ઠાલવતાં કહ્યું. ધારિણી રડી રહી હતી...એક મા રડી રહી હતી..પુરુષ સ્ત્રીની વેદના ક્યાંથી જાણી શકે?

'જંબૂકુમાર, શું તું મને ત્યાગીને જઈ શકીશ...માની મમતાને કચડીને સર્વત્યાગના માર્ગે જઈ શકીશ...મારા આંસુઓના તોરણ નીચેથી તું જઈ શકીશ? જંબૂ, તું કહે...તું મને જણાવ...તું જઈ

શકીશ ખરો...માની વેદનાને ધુતકારીને જઈ શકીશ ખરો...! જંબૂ, તું કેમ કંઈ કહેતો નથી...ધારિણી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી...

જંબૂકુમાર સાંત્વન આપવા લાગ્યો.

ઋષભદત્તે પણ પ્રિયતમાને શાંત રહેવા જણાવ્યું.

અને ધારિણી મૂચ્છિત બની ગઈ...ઋષભદત્તે તરત જ ઉપચાર કર્યા, થોડીવારમાં ધારિણી સભાન અવસ્થામાં આવી અને જંબૂકુમાર પાસે એજ પ્રશ્નોનું રટણ ચાલુ રાખ્યું.

જંબૂકુમારે પિતાને કહ્યું: ' પિતાજી, સંસારમાં મોહ, પ્રેમ, સ્નેહ, મમતા, વૈર, લોભ, ક્રોધ, અહંકાર જેવા તત્ત્વો અને ગુણો સ્વાર્થથી બદબદતાં છે...જેમાં મારાપણાની ભાવના રહેલી છે ત્યાં સુધી સત્ય સમજાતું નથી.. મારી માતાના હૃદયમાં મારા પ્રત્યેનો મોહ, સ્નેહ અને મમતા રહેલી છે. આવું મમત્વ જ માનવીને સન્માર્ગે જતાં રોકે છે. '

' જંબૂકુમાર, તું શાંતિ રહે તારા શબ્દો જો તારી માતા સાંભળશે તો અર્થનો અનર્થ થઈ જશે...તારી માતા અતિ પ્રેમાળ અને તારા પ્રત્યે અનુરાગવાળી છે. માની મમતા જગતમાં શ્રેષ્ઠ છે. એક સત્ય વાત કરું...! ' ઋષભદત્તે કહ્યું.

' કહો પિતાજી.' જંબૂકુમારે કહ્યું.

' જંબૂકુમાર, તું ગણધર ભગવંતના દર્શને અને વાણીનું પાન કરવા ગયો તે આનંદની વાત છે. સંસારમાં જેમ અનેક કર્તવ્યો કરવાના હોય છે. તેમ પ્રવજ્યા સ્વીકારીને આત્મકલ્યાણના પંથે જવાનું કર્તવ્ય પણ માનવીએ બજાવવું જોઈએ...પરંતુ સંસારના અનેક કર્તવ્યો, ફરજો છે તેને ઠોકર મારીને કોઈ પણ કાર્ય કરવામાં આવે તે શોભે નહિ...હું તારા અંતરને, તારા મનને કે તારી ભાવનામાં બાધારૂપ બનવા માગતો નથી, તારા

હૈયામાં જે વૈરાગ્યનો દીપક પ્રજળે છે તે મારા અને તારી માતા માટે અતિ સૌભાગ્યની વાત છે. આપણા કુળમાં શ્રી જિનશાસનની પરંપરા દૃઢતાથી ચાલી આવે છે. ચુસ્ત નિયમોનું પાલન થાય છે પરંતુ કોઈએ દીક્ષા અંગીકાર કરી નથી. હું અને તારી માતા બન્ને ધર્મ પ્રત્યે અગાધ રૂચિ રાખીએ છીએ. ધર્મ પ્રત્યે અપૂર્વ ભાવના રાખીએ છીએ છતાં અમારા મનમાં પ્રવજ્યાનો વિચાર આવ્યો નથી.' ઋષભદત્તે વિરામ કર્યો.

જંબૂકુમાર શાંતભાવે પિતાની વાત સાંભળતો જ રહ્યો.

ઋષભદત્તે ફરીને કહ્યું : 'જંબૂકુમાર, આવી પરિસ્થિતિમાં, આવડી નાની વયે તું દીક્ષાનો માર્ગ ધારણ કરે તે ક્યાં સુધી યોગ્ય જણાશે...? તારી માતા તો અનેક દીવાસ્વપ્નોમાં રાચે છે મારો પુત્ર પરણશે...વહુ આંગણામાં આવશે. આ કરીશ...પેલું કરીશ...વગેરે આશાભર્યા હૈયે દિવસો પસાર કરતી હોય છે. તારા આ નિર્ણયથી તેની આશાઓના મિનારા કડડડભૂસ થઈ જશે. એક કલ્યાણ કાર્ય કરવા જતાં બીજું અકલ્યાણ કાર્ય થઈ જશે...તો એ તારા કલ્યાણ માર્ગનો અર્થ શો? એ મને સમજાવીશ...તું આ કુળમાં એક માત્ર પુત્ર છો. તું જ આ વંશવેલને આગળ વધારીશ. પરંતુ જ્યાં તારા મુખે જ સંસારત્યાગની વાતો સાંભળવા મળે તો માતાપિતાનાં હૈયા વેદનાયુક્ત બની જાય, પુત્ર માટે રચેલી આશાઓ પડી ભાંગે...પ્રિય પુત્ર, તારી ભાવનાનો હું અસ્વીકાર કરતો નથી. તારી ભાવના ઉત્તમ અને સર્વશ્રેષ્ઠ છે, પરંતુ હજુ તને સંસારના સુખોનો અનુભવ નથી. મારી તો એવી ઇચ્છા છે કે પ્રથમ તું સમૃદ્ધિ, સુખ, વૈભવને પૂર્ણ રીતે ભોગવ...અને આનંદપૂર્વક જીવન વીતાવ.' ઋષભદત્તે વચ્ચે અટકીને કહ્યું.

જંબૂકુમાર શાંત બનીને બેસી રહ્યો.

'જંબૂકુમાર, હંમેશાં માતાપિતા તેના સંતાનનુ પ્રિય જ ઈચ્છતા હોય છે. તું પ્રવજ્યા સ્વીકારે તો આ વિપુલ પ્રમાણ જે સંપત્તિ છે તેનો કોઈ અર્થ નહિ રહે. જંબૂકુમાર, તારા ભાવ સુંદર હોવા છતાં આ વયે તારે દીક્ષા અંગીકાર ન કરાય, જ્યારે સમય આવશે ત્યારે જરૂર અમે સહર્ષપૂર્વક અનુમતિ આપીશું. તેં સંસારને પુરી રીતે જાણ્યો નથી...આથી હમણાં અંતરમાં દીક્ષાના ભાવ લાવવા દઈશ નહિ.' ઋષભદત્તે ગંભીરતાથી જંબૂકુમાર સામે પોતાના હૈયાની વાત રજૂ કરી.

પિતાની વાત સાંભળીને અને માતાની લાગણી નિહાળીને જંબૂકુમારનું હૃદય ભરાઈ ગયું અને અંતરમાં તો એ જ વિચાર ચાલી રહ્યો હતો કે ખરેખર સંસાર મોહથી જ ભરેલો છે. જે આપણું માને છે તે આપણું નથી આ શરીર પણ આપણું રહેતું નથી... પણ આ સત્ય કઈ રીતે કહેવું ?

છતાં જંબૂકુમારે શાંત ચિત્તે કહ્યું : 'પિતાજી, આપની વાત સાચી છે. સંસારજીવનમાં માનવીએ અનેક કર્તવ્યો કરવાના હોય છે. પરંતુ એ કર્તવ્યોમાં સ્વાર્થ, મોહ, માયા જ દેખાય છે. એ કર્તવ્યો સંસારની દૃષ્ટિએ સર્વોત્તમ લાગતાં હોય પરંતુ તેમાં અહંભાવ છૂપાયેલો પડયો હોય છે. મોહ, મમતાનું આવરણ વરતાઈ આવે છે. આથી સર્વત્યાગનો અર્થ મોહ, મમતા, સ્વાર્થ, અહંકારને અંતરમાંથી નાશ કરીને સર્વ જીવો પ્રત્યે સમભાવ કેળવવો તે છે. આત્મકલ્યાણ થાય, આત્મશુદ્ધિ થાય. પ્રવજ્યા લેવા માટે ઉંમરનો બાધ ન હોય...જ્યારે હૈયામાં પ્રકાશ પથરાય છે ત્યારે તે જીવ સંસારમાં રહેતો હોવા છતાં ત્યાગને જ વરેલો છે ત્યાગ વિના મુક્તિ નથી એ પરમ સત્ય છે....'

'તારી માતાની મમતાનો અનાદર કરીને જવું યોગ્ય લાગશે ?' ઋષભદત્તે કહ્યું.

'ના પિતાજી, આપની અને માતાજીની અનુમતિ વગર હું જઈશ નહિ પરંતુ આ ભવનમાં રહીને કઠોર તપની આરાધના કરીશ...મારી માતાજીની મમતા, મારા પર અપાર છે તે સ્વાભાવિક છે. મમતા, સ્નેહના આવરણને એક તરફ મૂકીને મારા લીધેલા નિર્ણયને સમભાવ દૃષ્ટિથી જુઓ તો મારો માર્ગ આપને ભવ્ય અને સર્વશ્રેષ્ઠ જણાશે. આપ પ્રસન્ન હૃદયે રજા આપો તો મારો માર્ગ ઉજ્જવળ બનશે...પિતાજી, ગણધર ભગવંતની પ્રેરક અને અમૃતભરી વાણીથી મારો ભાવિ માર્ગ નક્કી થઈ ગયો છે. મારા અંતરના સુશુપ્ત બનેલા સ્પંદનો જાગૃત થઈ ગયા છે. મારા હૈયામાં વૈરાગ્યનો દિપક પ્રજળી ઊઠ્યો છે...'

ઋષભદત્ત પુત્રની વાતો સાંભળી રહ્યા.

જંબૂકુમારે સંસારનું રહસ્ય સમજાવતાં કહ્યું : 'પિતાજી, જીવમાત્ર સુખની ઝંખના કરે છે. માયા-મરિચિકાથી ભર્યું સુખ, વૈભવ-વિલાસથી યુક્ત વિપુલ સુખને માનવી પૂર્ણ સુખ મળ્યાનું અંતરથી માને છે. પરંતુ તે સુખ નથી, માત્ર સુખની ભ્રમણા છે. આત્મ-સુખનો આનંદ અપૂર્વ છે. અનંત સુખ પ્રાપ્ત કરવા માટે સંસારના ભૌતિક સુખોને ત્યાગ્યા વગર બીજો કોઈ માર્ગ નથી. રત્નત્રયીની આરાધના કરવા માટે ત્યાગ જ મહામંત્ર બને છે. આત્મા અનાદિકાળથી કર્મના કારણે જુદી જુદી ગતિઓમાં ભટક્યા કરે છે...પરંતુ જ્યારે આધ્યાત્મિક વિકાસ કરીને, સર્વત્યાગના માર્ગને અજવાળીને, તપ આરાધનામાં મગ્ન બનીને પરમપદ મોક્ષને પામશે ત્યારે આ આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જશે. અને પરિભ્રમણ નહિં કરે... આ માટે માનવીએ પ્રયત્નશીલ થવું આવશ્યક છે. આથી આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે સહેલો માર્ગ પ્રવજ્યા અંગીકાર કરવાનો છે. તપ આરાધના કરવાનો છે...'

ઋષભદત્ત શેઠે તો પોતાનો પુત્ર જંબૂકુમાર આત્મા વિષે, કર્મ વિષે આટલું બધું જાણે છે તે સાંભળીને સંતોષ અનુભવ્યો. આનંદ થતો હતો. ઋષભદત્ત શેઠને દુઃખ માત્ર પુત્ર વારંવાર પ્રવજ્યા માટેની અનુમતિ આપવાની માંગણી કરી રહ્યો હતો તેનું થતું હતું.

ઋષભદત્ત જંબૂકુમારની વાતનો ઉત્તર ન આપી શક્યા અને અનુમતિ પણ આપી શકતા નહોતા. ઋષભદત્તના હૈયામાં પિતનું હૃદય મમતાવશ બનીને અનુમતિ આપવાની ના પાડી રહ્યું હતું. પોતાનો વંશવેલો ચાલુ રહે તે ભાવના અંતરમાં રમતી હોવાથી અનુમતિ આપવાનું મન થતું નહોતું.

ઋષભદત્તે શાંતભાવે કહ્યું: 'જંબૂકુમાર, તારી જ્ઞાનભરી વાતો સાંભળીને મારું હૈયું આનંદ અનુભવે છે. તારી વાત સત્ય હોવા છતાં તારે અમારા અંતરની લાગણીઓ પ્રતિ જોવું જોઈએ... તું જે માર્ગ ગ્રહણ કરવા ઇચ્છે છે તે શ્રેષ્ઠ છે, આત્મજાગૃતિ માટે સર્વશ્રેષ્ઠ માર્ગ છે. આ માર્ગે તો જેના હૈયામાં વૈરાગ્યનો પ્રદીપ જલતો હોય તે જ જાય છે આથી અમને તારા આ નિર્ણયનો ગર્વ છે, પરંતુ અમારી વિનંતિ છે કે હમણાં તું તારા પ્રશસ્ત માર્ગના વિચારને મુલત્વી રાખ... અમારી ઇચ્છાઓને સંતોષવા માટે થોડો સમય સંસારના સુખોપભોગમાં આનંદપૂર્વક જીવન વીતાવ. તું અમારી સાથે થોડો વધુ વખત રહે...તારી માતાની સ્થિતિ તો તેં જોઈને... ! કોઈના હૈયાને દુઃખ આપીને જવું તે યોગ્ય તો નહિ ગણાય ને !'

ઓહ... વિધિ પણ મારી પરીક્ષા કરી રહી છે.

માતાપિતાનો આગ્રહ છે કે થોડો વધુ વખત રહીને સંસારના સુખોપભોગ ભોગવ...

અને મારું અંતર આત્મકલ્યાણ માટે પ્રવ્રજ્યાનો માર્ગ સ્વીકારવા માટે અધીર બન્યું છે...!

એક તરફ મોહનું આવરણ છે.

બીજી તરફ આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારવાનો શુભ ઉદ્દેશ.

સંસારમાં મમતા, સ્નેહનું બંધન એવું છે કે માનવી તેમાંથી સહેલાઈથી છૂટી શકતો નથી. ભૌતિકસુખમાં રચ્યાપચ્યા રહેતા લોકો પોતાના આત્માના કલ્યાણનો માર્ગ જોઈ શકતા નથી. રાગની આરાધનામાં મસ્ત બનીને પોતાનું જીવન પસાર કરે છે.

અત્યારે મારા માટે નિર્ણયની ઘડી આવી છે ત્યારે માતાપિતાની અનુમતિ સહેલાથી પ્રાપ્ત થશે નહિ. તેમની આજ્ઞા વગર જવું પણ યોગ્ય નથી...તેઓ મમતાવશ બનીને મને સંસારના દુઃખના દાવાનળમાં ખેંચી રહ્યા છે. જે ભૌતિકસુખમાં મારું ચિત્ત અસુખ અનુભવે છે તેમાં થોડો સમય પસાર કરવો પડશે શું ?

જંબૂકુમારના અંતરમાં વિચારોની વણઝાર ચાલી.

થોડી વાર પછી જંબૂ કુમારે ધીરજપૂર્વક કહ્યું : 'પિતાજી, આપ મારા વડીલ છો...પૂજ્ય છો...આપની આજ્ઞા વગર હું કંઈ કરી શકું નહિ. આપ મને પ્રસન્નતાપૂર્વક અનુમતિ આપો તો જ પ્રવ્રજ્યાનો માર્ગ સ્વીકારવો છે. મારી આપને નમ્ર વિનંતિ છે કે મારી પ્રાર્થનાને, મારી ભાવના પર અંતર મનથી વિચાર કરજો... મારા અંતરમાં વૈરાગ્યનો ભાવ જાગૃત થયો છે. મારો સંકલ્પ આત્મકલ્યાણના સુખને પ્રાપ્ત કરવાનો છે. મારા સંકલ્પનું આપ બળ બનો...પ્રેરક બનો એવી ઇચ્છા હું દર્શાવું છું...આ દેહનું અનિશ્ચિત છે ક્યારે ઢળી પડે તે કંઈ કહેવાય નહિ..એ પહેલાં મંગલ માર્ગનો પથિક બની શકું તેથી નાની વયમાં જ સાધના શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આપ મારી વાત, મારા સંકલ્પને આનંદથી સ્વીકારીને અનુમતિ આપો...'

## સંકલ્પ સિદ્ધ થશે?

ઓહ...પુત્રની ફરીવાર અનુમતિ માટેની પ્રાર્થના...! શું ખરેખર મારો પુત્ર સંસારના અપૂર્વ સુખોને ત્યાગીને જવા ઇચ્છે છે! હા...એ વગર આ રીતે વારંવાર પ્રાર્થના ન કરે...' ઋષભદત્તના હૈયા પર વિચારોએ કબ્જો જમાવ્યો.

ધારિણી તો મૌન બનીને પિતાપુત્રનો સંવાદ સાંભળી રહી હતી. ધારિણીના મુખ પર વિષાદની છાયા ફરી વળી હતી. પળવારમાં તેની વય દશ વર્ષ વધી ગઈ હોય તેમ જણાતું હતું. અતિ સુંદર મુખકમળ વેદનાના વમળથી કરમાઈ ગયું. આંખોમાંથી આંસુ ટપકી રહ્યા હતા.

ઋષભદત્તનું મન અત્યાર સુધી કઠણ રહ્યું હતું તે પણ રડી ઊઠ્યા...

હા...જંબૂકુમારના પિતા રડી ઊઠયા...! જંબૂકુમારના પ્રવજ્યાના નિર્ણય પર માતાપિતા બંનેની આંખમાં અશ્રુધારા વહેવા લાગી.

ઋષભદત્ત અને ધારિણીના હૈયામાં એક જ વાત રમતી હતી ઓહ...વિધિ...તેં આવી પળ કયાંથી લાવીને મૂકી? અમારા હૈયાની વેદના કોને કહીએ...? અમારો એકનો એક પુત્ર અમને છોડીને દીક્ષાનો માર્ગ ગ્રહણ કરવા પ્રાર્થના કરી રહ્યો છે...જેણે ભવનની બહાર પગ મૂકયો નથી...અનંત સુખોપભોગ વચ્ચે આરામમય જીવન પસાર કર્યું છે તે સાધુનું કઠોર જીવન શી રીતે પસાર કરી શકશે? પુત્રના આ નિર્ણયથી અમારા હૈયા ફાટી કેમ જતાં નથી અમારા હૈયાને હવે કોણ સાંત્વન આપવા આવશે? ના...ના...ના ...અમે પુત્રને અનુમતિ આપવા માંગતા નથી. સ્નેહ, મમતા, લાગણીને કચડીને અમે પુત્રને પ્રવજ્યાના માર્ગે જવાની આજ્ઞા શી રીતે આપીએ...! મમતાનું ગળું દબાવીને કયા મોઢે એમ કહીએ કે જા પુત્ર, અમારી અનુમતિ છે. ના...ના...ના...

'ઓહ...' ધારિણીને વિચારનો વેગ આવવાથી ફરીને મૂર્ચ્છિત થઈ ગઈ.

જંબૂ કુમાર તરત જ માતાની સારવારમાં પડ્યો. ભોજનનો સમય ક્યારનો વીતી ગયો હતો છતાં ત્રણેયમાંથી કોઈને ભોજન કરવાનું યાદ નહોતું રહ્યું.

આનું નામ સંસાર છે. આત્મસુખ પ્રાપ્ત કરવા માટે મમતા, મોહ, પ્રેમ, લાગણી જેવા અનેક ગુણો પર પ્રથમ વિજય મેળવવો પડે છે. જો મમતાને વશ થયા તો આત્મકલ્યાણ સાધી શકાતો નથી. એ માટે અડગ નિશ્ચય, શ્રદ્ધા અને હૈયામાં ભક્તિ ભરી હોવી જોઈએ. ગમે તેવા ઉપાલંભો આવે છતાં માનવીના અંતરમાં જે ધ્યેય સ્થપાયેલું હોય તે ધ્યેયને સિદ્ધ કરવા ભલે ગમે તે બલિદાન આપવું પડે પરંતુ ધ્યેયથી ચલિત ન થવું જોઈએ.

પોતાનો સંકલ્પ ક્યારે સિદ્ધ થશે...? એ પ્રશ્ન જંબૂકુમારના હૈયામાં રમવા લાગ્યો.

માનવીના અંતરમાં આત્મવિશ્વાસ અને શ્રદ્ધા હોય તો તેનો સંકલ્પ જરૂર પૂરો થાય છે. એ સંકલ્પ પૂરો કરવા માટે માનવીએ થોડું ધૈર્ય રાખવું પડે છે. જંબૂકુમારે ધૈર્ય રાખીને માતાપિતાને સમજાવવાનું નક્કી કર્યું.

જંબૂ કુમાર અને ઋષભદત્તના તત્કાળ ઉપચારથી ધારિણી બેઠી થઈ અને થોડી ઘણી સ્વસ્થ થઈ ત્યાં તેણે કહ્યું: 'હે પુત્ર, તારે અમારા મનની લાગણીઓ ધ્યાનમાં લેવી જોઈએ...તું જે માર્ગે જવા ઇચ્છે છે તે સર્વશ્રેષ્ઠ છે પરંતુ માતાપિતાની મમતા પરથી ચાલીને જવામાં તને શું લાભ મળશે? જ્યારે આ ભવનમાં પુત્ર નહોતો ત્યારે દેવની આરાધનાથી તારો જન્મ થયો. મારી પુત્રઝંખના પૂરી થઈ. તારા માટે મેં અનેક સ્વપ્નાઓ રચ્યાં, આજે એ શમણાંઓ જાણે ભાંગીને ભૂક્કો થઈ જતાં હોય તેમ લાગે છે...પ્રિય પુત્ર, માનું હૈયું અતિ કોમળ હોય છે...માની મમતા અપાર હોય છે...તારો નિર્ણય જલ્દી લેવાયો હોય તેમ મને જણાય છે. તેં હજુ સંસારના સુખોને માણ્યા નથી. તારા એક-એક શબ્દો અમને દુ:ખદાયક જણાય છે. તુ

અમારા પ્રત્યે આવો ઘા ન માર...અમારી લાગણીઓનો છેદ ન કર .. અમારાથી ભૂલ થઈ ગઈ હોય તો ક્ષમા માંગીએ...પરંતુ અત્યારે દીક્ષા લેવાના શબ્દો ન કહે...એવા વેણ ન સંભળાવ...અમારા કાળજા પર કારમો ઘા ન માર...આ સંપત્તિ, સમૃદ્ધિ તારા પિતાએ તારા માટે જ સંગ્રહિતકરી છે. અમે તો તું સુખી જીવન ગાળે તે જોવા ઇચ્છીએ છીએ. આટલી વિપુલ સંપત્તિને છોડીને તું શા માટે કઠોર જીવન જીવવા માગે છે? વૈભવવિલાસ તારા ચરણો ચૂમે છે તેને છોડીને જવાનો અર્થ શું? તું આનંદથી વૈભવ ભોગવ અને સુખેથી ભવનમાં રહીને જીવન વ્યતિત કર...તું સમૃદ્ધિ છોડીને ચાલ્યો જાય છે તો અમારું શું થશે? આ સંપત્તિનો ભોક્તા તારા સિવાય કોઈ નથી. માટે જંબૂકુમાર, તું અમારી વાત માનીને વૈભવ ભોગવ. તેં જે નિશ્ચય લીધો છે, જે સંકલ્પ ધારણ કર્યો છે તેનો ત્યાગ કરી દે...'

'મા, સંસારમાં મોહ, માયા અને મમતાના આવરણો જ માનવીના આત્મ ઉન્નતિના પંથને અવરોધે છે. આપની વાત આપના મત પ્રમાણે બરાબર હોઈ શકે પરંતુ આ સંપત્તિ, સમૃદ્ધિ હંમેશ ટકી રહેવાની નથી. બાહ્ય સુખના આનંદ માટે કદાચ આ સંપત્તિ અનિવાર્ય હોઈ શકે પરંતુ આંતરિક સુખ માટે આ સમૃદ્ધિ નિરર્થક છે. આત્મિક સુખ માટે વિરાગની આરાધના, ત્યાગ, તપની જરૂર પડે છે. એ આંતરિક સુખને માણવાની સમૃધ્ધિ છે. આપ આપના પુત્રને સુખી જોવા ઇચ્છતા હો તો તેનું સુખ ગૃહત્યાગમાં જ છે. આપ મારા પર અંતરના આશીર્વાદ વરસાવો અને અનંત સુખના માર્ગને અજવાળી શકું તેવા શુભ આશિષ આપો..'

'જંબૂકુમાર, તું જાણે છે તારા પિતાએ નગરીના અતિ ધનાઢ્ય ગણાતા, સમૃદ્ધિશાળી શ્રેષ્ઠિઓની સુંદર કન્યાઓ જોડે તારો સંબંધ બાંધ્યો છે. તારે ગૃહજીવન શરૂ કરવાનું છે ત્યાં તું મુક્તિની વાતો ક્યાંથી કરવા લાગ્યો? આ ભવનમાં અતિ સુંદર, સંસ્કારી અને

ગુણીયલ તારી પત્નીઓના આગમનથી આનંદ આનંદ પ્રવર્તી જશે... તારી પત્નીઓના આવવાથી હું અને તારા પિતા આનંદ પામીશું. આ વિશાળ ભવનમાં બાળકોનો મીઠો, મનગમતો અવાજ અમારા હૈયાને સાંત્વન આપશે...મને અને તારા પિતાને શા માટે આવા આનંદથી વિમુક્ત રાખે છે? તારી માતાની લાગણીને સમજવાનો પ્રયત્ન કર...તું મને આ રીતે છોડીને ન જઈશ...અમારી વાતનો સ્વીકાર કરીને રાજ્યસુખ જેવો વૈભવ ભોગવ અને અમારા ચિત્તને પ્રસન્ન કર...'

જંબૂકુમાર માતાની વાત સાંભળીને વિચારમાં પડી ગયા. જંબૂકુમારને માતા પ્રત્યે સ્નેહ અને આદરભાવ હતો એથી એક પળ ચલિત બન્યા પરંતુ તરત જ અંતરમાં મોહને હટાવી દઈને માતાને કહ્યું : 'માતાજી, આપ મને શા માટે મૃગજળ સમાન જણાતા ભૌતિક સુખ તરફ ખેંચી જાઓ છો? જે ચિરસ્થાયી નથી તેના પર મમત્વ શા કામનું? આ સંસારમાં કોઈ અમરત્વ લઈને આવ્યું નથી. સૌએ એક દિવસ ચાલ્યા જવાનું છે. કાયાનો ગુણધર્મ છે કે સડવું, પડવું અને વિધ્વંશ થવું, ત્યારે આત્માનો ગુણ છે વારંવાર જન્મવું...જ્યાં સુધી મુક્તિના માર્ગી ન બનીએ ત્યાં સુધી જન્મ ધારણ કરવો. આ પરમ સત્ય હોવા છતાં શા માટે આપ આજે દુઃખજન્ય છે તેવા સંસારના સુખો વચ્ચે રોકવા માટેનો આગ્રહ કરો છો? મેં જે માર્ગ લીધો છે અને અંતરમાં જે સંકલ્પ કર્યો છે તેનું ધ્યેય સર્વોત્તમ છે અને તેમાં જ માનવજીવનની સફળતા રહેલી છે. આત્મકલ્યાણની ભવ્ય ભાવના સમાયેલી છે. આપ મને આ સંસારમાં રોકી રાખો છો તેમાં માત્ર મોહ જ વરતાય છે, મમતા જ દેખાય છે. માતાજી, આપ જરા વિચાર કરો...આપનો પુત્ર જેવા તેવા માર્ગને ગ્રહણ કરતો જ નથી...શ્રી જિનેશ્વર ભગવંતે કહેલા માર્ગને જ પકડે છે, જેમાં આત્મકલ્યાણનો શુભ આદર્શ

રહેલો છે. આ સંસારમાં સુખ ક્યાં છે? સુખ કોને કહેશો? સંપત્તિને સુખ કહેશો કે ભવનમાં બાળકોનો કલરવ થાય તેને સુખ કહેશો...! માતાજી, એ સુખ જ નથી. સુખ તો આપણે ત્યાગીને મેળવવાનું છે. સુખ મેળવવા માટે તો સાધના કરવી પડે છે. ભૌતિક સુખ પ્રાપ્ત કરવું સહેલું છે. પરંતુ આત્મિક સુખ પ્રાપ્ત કરવું કઠિન છે. આજ સંસારીજનો ભૌતિક સુખમાં જ પૂર્ણ સુખ મળ્યાનો આનંદ વ્યક્ત કરે છે અને તેમાં જ તેનું જીવતર પૂરું થઈ જાય છે. જે સુખ નથી તેને સુખ માને તે તો માત્ર સુખની ભ્રમણા જ કહેવાય ને! માતાજી, આપની વાતો મને સમજાતી નથી. સંસારના રાગમાં મને ધકેલશો નહિ. ત્યાં યાતના, કિકિયારી, વૈર, લોભ, ક્રોધ, અહંમ સિવાય કશું નથી. મેં જે આપને મારો નિર્ણય જણાવ્યો તે ખૂબ જ મનન કરીને, વિચાર કરીને જણાવ્યો છે. આપની અનુમતિ મળે તો આપને આપના પુત્રના કલ્યાણમાર્ગને અજવાળ્યાનો લાભ પ્રાપ્ત થશે..' જંબૂકુમાર શાંત રહ્યો અને માતા સામે જોવા લાગ્યો.

ધારિણીએ વિચાર્યું કે પોતાનો પુત્ર ખૂબ જ મક્કમ બનીને દલીલ કરી જાણે છે. અડગ નિશ્ચયબળ તેના ચહેરા પર જોવા મળે છે અને આમેય જંબૂકુમારની વાત અસત્ય તો નથી પરંતુ તે આ સંસારમાં રહે તે જ વ્યાજબી છે. ધારિણીએ છતાંય હિંમત છોડી નહિં તેણીએ કહ્યું: 'જંબૂકુમાર, તારી વય હજુ નાની છે...તે હજુ સાધુજીવનની મુશ્કેલીઓ જાણતો નથી. સાધુજીવન અતિ કઠોર અને કષ્ટદાયક હોય છે. આજ દિવસ સુધી તું આ ભવનમાં આનંદપૂર્વક ભોગ ભોગવતો રહ્યો છે. તો તું શું એવું કઠોર સાધુજીવન સહી શકીશ...એ માર્ગે જનારાને સર્વસ્વ ત્યાગી દેવું પડે છે. સૂવા માટેની વ્યવસ્થા પણ ન હોય...વર્ષાઋતુ હોય, ઠંડીના દિવસો હોય ત્યારે અનેક મુશ્કેલીઓ આવતી હોય છે...

સામાન્ય રીતે અન્ય સાધકો માટે આવી પરિસ્થિતિમાં રહેવું શક્ય છે પરંતુ તું તો અત્યંત સુખમાં મોટો થયો છે. તું આવી પરિસ્થિતિનો સામનો શી રીતે કરી શકીશ...? જંબૂકુમાર, તું બરાબર રીતે વિચારજે, સાધુજીવન તારા માટે અનુકૂળ હોય તેમ લાગતું નથી. જે વૈભવમાં તું ઉછર્યો છે ત્યાં તને કશું પ્રાપ્ત થશે નહિ... તારા અંતરમાં સાધુ થવાના જે વિચારો પ્રવેશ્યા છે તે મૂકી દે અને સુખપૂર્વક આ વૈભવ, સમૃદ્ધિ ભોગવ ..'

જંબૂકુમારે જોયું કે માતાએ સાધુજીવનમાં પડતી મુશ્કેલીઓનો ચિતાર આપીને મારા અંતરભાવને પલટાવવાનો નિષ્ફળ પ્રયત્ન કરી રહી છે. જો સાધુજીવનમાં આપત્તિ ન આવે તો સાધના કઈ રીતે થાય? વિપત્તિઓની વચ્ચે રહીને જ આત્મદર્શન કરવાનું છે.

જંબૂકુમાર માતાના જવાબથી જરા પણ ગભરાયા નહિ, વિચલિત થયા નહિ. જંબૂકુમારે શાંત ભાવે સમતા દર્શાવીને ભાવભર્યા સ્વરે માતા સામે જોઈને કહ્યું: 'સાધુજીવન કઠોર હોય છે. તે વાત આપની સાચી છે પરન્તુ માનવીનું જીવન મુશ્કેલીઓથી ભરેલું હોય છે તપશ્ચર્યા વિના સિદ્ધિ પ્રાપ્ત થતી નથી...જેનું મન નિર્બળ હોય તેને માટે પ્રશસ્તનો માર્ગ ભયરૂપ જણાય છે પરંતુ જેના હૈયામાં અડગ નિશ્ચય, શ્રધ્ધા અને વિશ્વાસ હોય છે તેને માટે આ માર્ગ કંટકરૂપ નથી જણાતો પરંતુ આત્મદર્શન પ્રાપ્ત કરવાનો પ્રેરક માર્ગ દેખાય છે. જો વિડંબનાઓ ન આવે તો આત્મદર્શન થતું નથી, સહેલાઈથી જો આત્મકલ્યાણનો માર્ગ મળી જતો હોય તો સંસારી કોઈ પણ જીવ તે પ્રાપ્ત કરવા લલચાય... પરંતુ આ માર્ગને ધારણ કરવો દુષ્કર છે પરંતુ છોડવો સહેલો છે. જ્યારે ભૌતિક સુખ, વૈભવનો માર્ગ ગ્રહણ કરવો સહેલો છે પરંતુ છોડવો અઘરો છે...જો માનવીનું મન કાબુમાં હોય તો સંસારની કોઈ તાકાત તેના નિશ્ચયને દૂર કરી શકતી નથી. માર્ગને વિઘ્નરૂપ

થઈ શકતી નથી...એથી તો ત્યાગનો માર્ગ ત્યાગી માટે આશીર્વાદરૂપ બને છે...માતાજી, આપે કેવળ મારી કોમળતાના જ દર્શન કર્યાં છે. મારા મનમાં જે આટલા સમયથી આંતરિક યુધ્ધ ચાલે છે તે જોયું નહિ. એકાંતમાં રહીને આત્મપરિચય પામવાની મારી કોશિષ આપે નિહાળી નહિ. મારા સ્વભાવમાં, વર્તનમાં જે અણધાર્યા ફેરફાર થયા તે જોયા નહિ. ભોજનાદિમાં સાત્ત્વિક ખોરાક લેવાનું શરૂ કર્યું જેથી રસનાને કાબુમાં રાખી શકાય એ વાત પર લક્ષ્ય આપ્યું નહિ...માતાજી, અત્યારે મારો પરિચય કઈ રીતે આપું કે હું આ માર્ગ માટે યોગ્ય નહિ દરૂં હું તો આપને એ જણાવવા માગું છું કે હું અવિરામ ગતિથી ત્યાગ માર્ગને અજવાળવાની આરાધના કરીશ. મારા પર આવનારા કોઈ પણ કષ્ટ મને કશું નહિ કરી શકે...કોઈ પણ શક્તિ, ભય મને ગભરાવી શકશે નહિ...મુશ્કેલીઓને જ ઉપસર્ગ માનુ તો મને કશું થશે નહિ...હું મારા માર્ગને જ વળગી રહીશ. આરાધના, તપ, ત્યાગ જ મારા જીવનનાં અંગ બની જશે ..અને એક દિવસ જરૂર મારું લક્ષ્ય સિધ્ધ થશે...જે મેળવવા માટે મથી રહ્યો છું તે અવશ્ય પ્રાપ્ત થશે. મારા હૈયામાં જે સંકલ્પ છે તે અવશ્ય વિજય પામશે...પરંતુ આ બધું ક્યારે શક્ય બને...! આપના શુભ આશીર્વાદ મને પ્રાપ્ત થાય તો જ મારો સંકલ્પ સિદ્ધ થાય...' જંબૂકુમારે કહ્યું.

ઋષભદત્ત શેઠ અને ધારિણી દેવી વિચારમાં પડી ગયાં કે હવે પુત્રને શી રીતે સમજાવવો. બન્ને જણા જેમ જેમ જંબૂકુમારને પોતાના પક્ષમાં લેવા માટે પ્રયત્ન આદરતાં રહ્યાં તેમ તેમ જંબૂકુમારની માર્મિક દલીલો અને સચોટ ઉત્તરોથી માતાપિતાનો ઉત્સાહ મંદ પડવા લાગ્યો.

જંબૂકુમારનો જાણે વિજય થતો હોય તેમ ઋષભદત્ત અને ધારિણીને લાગ્યું. ધારિણીએ ઋષભદત્ત સામે જોયું. ઋષભદત્ત

શાંત બનીને બેસી રહ્યાં હતાં.. તેઓના મનમાં થયું કે અરે કોઈ છે મારા પુત્રને સમજાવનાર...!

ધારિણીને થયું કે હવે કંઈક એવી યુક્તિથી વાત કરું કે જેથી જંબૂકુમાર જવા માટે વિચારે જ નહિ. ધારિણીને આશા હતી કે પુત્ર મારી વાતને ટાળશે જ નહિ.

સંસારમાં માનવી આશા કે ઇચ્છા રહિત હોતો જ નથી. માનવી મનમાં અનેક આશાઓના મિનારા રચે છે અને આશા સફળ થશે તેવી ભાવનાથી જ જીવન પસાર કરતાં હોય છે. પરંતુ માનવીની દરેક આશા, આકાંક્ષા સફળ થાય તેવું બનતું નથી. આશા માનવીને જીવન જીવવાનો સહારો છે. જો માનવીના જીવનમાં આશા કે ઇચ્છાનું સ્થાન ન હોત તો માનવી જીવી શકત નહિ.

ધારિણીએ નિષ્ફળતાઓ પ્રાપ્ત કરી, જંબૂકુમારના ઉત્તરો પણ યોગ્ય રીતે આપી ન શકી, જંબૂકુમારને સંસારમાં ભૌતિક સુખો, વૈભવ વગેરે આકર્ષણો રજૂ કર્યાં છતાં જંબૂકુમાર ચલિત ન થયો.

આથી ધારિણીએ જંબૂકુમારને તેના માર્ગે જતા રોકવા, મહાત કરવા માટે અત્યંત ગંભીર સ્વરે કહ્યું : 'જંબૂકુમાર, તું કોઈ પણ મુશ્કેલી વિના સાધુજીવન વીતાવી શકે તે વાત ઘડીભર માની લઈએ...પરંતુ તેં એ વિચાર કર્યો કે તારા સંસારત્યાગ પછી તારા પિતાનું શું થશે ? તારી માતાનું શું થશે ? તારા પિતાની પ્રતિષ્ઠા, માન, સન્માનનું શું થશે ? આજ રાજગૃહી નગરીમાં જ નહિ પરંતુ સમગ્ર ભારતવર્ષમાં એક સર્વશ્રેષ્ઠ શ્રેષ્ઠિ તરીકે તારા પિતાનું નામ અગ્ર છે. તારા પ્રવજ્યા ગ્રહણ પછી લોકો શું કહેશે એ અંગે તને જરા પણ ચિંતા થતી નથી...! તારા પિતાનો માનમરતબો જોખમમાં મૂકાશે તેનો તેં વિચાર કર્યો છે ખરો ? જંબૂકુમાર, તારા પિતાને, આ વંશને હાનિ પહોંચે તેવું

તો હું નહિ જ થવા દઉં...' ધારિણીએ ખૂબ જ ધૈર્ય રાખીને જણાવ્યું.

જંબૂકુમારને માતાજીની આ નવા પ્રકારની વાતથી આશ્ચર્ય થયું. જંબૂકુમારના મનમાં વિચાર આવ્યો કે માતાજી આ જે કંઈ જણાવી ગયાં તેને મારી પ્રવજ્યા સાથે સંબંધ શો છે?

અને જંબૂકુમારને આ વાતથી આશ્ચર્ય થાય તે સ્વાભાવિક હતું. થોડી વાર પછી જંબૂકુમારે કહ્યું: 'માતાજી, મને આપની વાત સમજાણી નહિ....મારા કારણે મારા પિતાજીના માન–સન્માનને હાનિ પહોંચે તેવું કાર્ય કોઈ પણ પરિસ્થિતિમાં નહિં કરૂં...પરંતુ આમ શી રીતે બને તે પ્રશ્ન મારા મનને મુંઝવી રહ્યો છે.'

'જંબૂકુમાર, આ સંસારમાં કોઈ પણ માનવી સત્યકાર્યના માર્ગે જાય તો આનંદ લોકોને થાય તે સ્વાભાવિક છે પરંતુ અમુક લોકોને આ સત્કાર્ય ગમતું નથી તેથી ટીકા કર્યા વગર રહી શકતા નથી. મારી વાત ઘણી સ્પષ્ટ છે અને ચોખ્ખી છે.'

'આપ મને જણાવો...' જંબૂકુમારે કહ્યું.

'જંબૂકુમાર, તારા પિતાએ આ નગરીના આઠ શ્રેષ્ઠિવર્યોની સુંદર કન્યાઓ જોડે તારો સંબંધ નક્કી કર્યો છે. તે શ્રેષ્ઠિવર્યોએ આ સંબંધનો સ્વીકાર કર્યો છે. અત્યારે કન્યાપક્ષવાળા લગ્નની તૈયારી કરી રહ્યાં છે. થોડા દિવસોમાં જ ધામધૂમપૂર્વક લગ્ન થવાનાં છે. આખી નગરીમાં તારા લગ્ન અંગેની વાતો ચાલે છે. ત્યારે આવી સ્થિતિમાં તું પ્રવજ્યા ગ્રહણ કરે તો અમારે કન્યાપક્ષ-વાળાઓને મોઢું શી રીતે બતાવવું? સ્નેહી, સંબંધીઓને શું ઉત્તર આપવો? અમે સૌને સત્ય હકિકત જણાવીશું તો કોઈ પણ વ્યક્તિ અમારી વાતને માનવા તૈયાર થવાનો છે? ત્યારે તારા પિતાની આબરૂ, કીર્તિનું લિલામ જ થશેને! સૌ એમ જ કહેવાના છે કે જંબૂકુમારના પિતા વચનથી ચલિત થયા છે. અને ન કહેવા જેવા

શબ્દો સાંભળવા મળશે...આ બધું થશે તે તને ગમશે ખરું..! તારા પિતાએ આજ દિવસ સુધી જે માન–સન્માન પેદા કર્યું છે તે ધૂળમાં મળી જશે અને અમારા ભાગે તો લોકોના કડવા વેણ જ સાંભળવાના આવશે. હું તો એ પળ આવશે ત્યારે કેવી રીતે જીવી શકીશ તે કલ્પનાથી જ મને ધ્રૂજારી છૂટે છે...અને તારા પિતાજીની દશા તો કેવી ય હશે...!' ધારિણીએ ગળગળા સ્વરે કહ્યું.

'ના...ના...ના...માતાજી, હું એમ નહિ થવા દઉં...હું આપને અને મારા પિતાજીને દુઃખી નહિ થવા દઉં...' જંબૂકુમારના ચિત્તતંત્રમાં લાગણીઓએ હૂમલો કર્યો. લાગણીઓના આવેશમાં જંબૂકુમાર બૂમ પાડી ઊઠ્યો.

'માતાજી, જો મારા વિવાહના નિમિત્ત માત્રથી આવી સ્થિતિ ઊભી થાય તો મારો માર્ગ શ્રેયકર ન બને...! હું આપના કોઈ પણ અહિતનું નિમિત્ત બનવા માંગતો નથી. આપે મારા વિવાહ નક્કી કર્યા છે અને તે ન થાય તો મારા પિતાજીની આબરૂને ધક્કો પહોંચે તેવી પરિસ્થિતિ ઊભી નહિ થવા દઉં...'

જંબૂકુમારના હૈયામાં લાગણી અને સંસારત્યાગના વિચારોનું યુદ્ધ શરૂ થયું.

એક તરફ સંકલ્પ અને બીજી તરફ મમતાનું બંધન.

શું કરવું ?

એ પ્રશ્ન જંબૂકુમારના હૈયામાં રમવા લાગ્યો.

માતાપિતાની લાગણીને સ્વીકારું, તેઓની વાતને સ્વીકારું તો મારો સંકલ્પ, મારો સંસારત્યાગનો નિર્ણય, આત્મકલ્યાણની ભાવના વગેરેનું શું થાય ?

જો માતાપિતાનું કહ્યું નહિ કરું તો અવશ્ય નગરીના લોકો પિતાને દોષ દેવાના છે અને પિતાએ જમાવેલી આબરુ પર પાણી

ફરી વળે તેવું નિંદ્ય કાર્ય મારાથી શી રીતે થાય ? એ કાર્યનો હું નિમિત્ત શા માટે બનું ?

જંબૂકુમારે થોડી વાર સુધી વિચારીને માતાપિતા સામે જોઈ ને કહ્યું : 'પિતાજી, આપ નિશ્ચિંત રહેજો. આપની લાગણી, સ્નેહને મારીને માર્ગ નહિ અપનાવું. હું મારા કુળનો નાશ નહિ થવા દઉં. માતાજી અને આપની આજ્ઞા મારા માટે આશીર્વાદ સમાન છે. અને આપની આજ્ઞાનું પાલન કરવું તે મારું કર્તવ્ય છે...આપની ઈચ્છાને પરિપૂર્ણ કરવા માટે હું તૈયાર છું...આપના અંતરમાં રમતી આશાઓને સાકાર કરવા હું તૈયાર છું...પિતાજીનું વચન જરૂર સચવાઈ જશે. તેમની આબરૂને ડાઘ નહિ પાડવા દઉં...પરંતુ મારી એક પ્રાર્થના છે...'

'શી પ્રાર્થના છે ? જંબૂકુમાર...!' ઋષભદત્તે પૂછ્યું.

'પિતાજી, આપની આજ્ઞા અનુસાર વિવાહ તો કરી લઈશ પછી મારા માર્ગનો હું નિર્ણય લઈ લઉં તેવી સ્વતંત્રતા આપના અને માતાજી તરફથી મળવી જોઈએ...'

'એટલે...? તારી વાત સ્પષ્ટ કર...' ધારિણીએ કહ્યું.

'માતાજી, આપની ઇચ્છા અનુસાર હું લગ્નના બંધનમાં જોડાઈશ. લગ્ન બાદ તરત જ હું દીક્ષાનો માર્ગ ધારણ કરીશ. ત્યારપછી કોઈ પણ જાતનું બંધન નહિ સ્વીકારું...આ વાત આપે સ્વીકારવી જોઈએ...' જંબૂકુમારે કહ્યું.

ધારિણી દેવીએ અને ઋષભદત્તે જંબૂકુમારની વાતનો સ્વીકાર કરી લીધો અને કહ્યું : 'જંબૂકુમાર, તારી વાત અમને સ્વીકાર્ય છે. લગ્ન કર્યા પછી તું તારા માર્ગે જવા માટે મુક્ત છે...'

જંબૂકુમારે હર્ષ વ્યક્ત કર્યો અને માતાપિતાના ચરણમાં નમી પડ્યો.

ઋષભદત્ત શેઠ અને ધારિણી દેવીને થયું કે જંબૂકુમારે લગ્ન કરવા માટે હા તો પાડી દીધી. લગ્નની બેડીમાં જોડાયા પછી સ્ત્રીઓના આકર્ષણમાં એવો ગુંચવાઈ જશે કે તેને સર્વત્યાગનો માર્ગ યાદ નહિ રહે...જ્યારે સુંદર સ્ત્રીઓનો સંગ મળે ત્યારે તે કઈ રીતે દીક્ષા અંગીકાર કરવાનો હતો ? જંબૂકુમારના માતાપિતાને આ વાત રૂચિ ગઈ એથી જંબૂકુમારની વાતનો સ્વીકાર કર્યો.

ઋષભદત્ત અને ધારિણીના હૈયામાં જે ચિંતાનો ભાર હતો, હૃદય ઉદ્વેગ પામ્યું હતું તેમાં શાંતિ પ્રાપ્ત થઈ. બન્ને પ્રસન્નતા અનુભવવા લાગ્યા.

જંબૂકુમાર થોડીવાર માતાપિતા પાસે બેસીને તેના ખંડ તરફ વળ્યો. ઋષભદત્તે પત્ની સામે જોઈને કહ્યું : ‘ પ્રિયે, જંબૂકુમારના અંતરમાં સંસારત્યાગની વાતો કેવી રીતે પેસી ગઈ તેની ખબર જ પડતી નથી...હવે તો તેના લગ્ન ઘણી ધામધૂમપૂર્વક થઈ જાય, આઠેય પુત્રવધૂઓ આપણે આંગણે આવે...પછી તો આપણો પુત્ર સંસારની માયામાં લપેટાઈ જશે...’

‘ સ્વામી મને વિશ્વાસ છે કે જંબૂકુમાર માટે શોધેલી આઠેય કન્યાઓ સુશીલ, ગુણી અને સંસ્કારી છે, ચતુર પણ છે. તે તેની ચાતુરી વડે આપણા પુત્રને અવશ્ય સંસારની માયામાં લપેટી લેશે...’

‘ પ્રિયે, મને પણ એવું જ લાગે છે...’ ઋષભદત્તે કહ્યું.

‘ સ્વામી, ભોજનનો સમય હવે રહ્યો નથી...આજ તો પુત્રને સંસારમાં રોકી રાખવા માટે ખૂબ જ ચર્ચા થઈ...તેમાં ભોજનનું યાદ જ ન રહ્યું.’

‘ પ્રિયે, મને જરા પણ ભૂખ નથી...’ ઋષભદત્તે કહ્યું.

‘ અહં...આપને કંઈ સંભળાય છે...! ’ ધારિણીએ પૂછ્યું.

‘ મને લાગે છે કે જંબૂકુમારના ખંડમાંથી વીણાનો સુમધુર ધ્વનિ આવતો જણાય છે...’

'હા...જંબૂકુમાર જ વીણાવાદન કરતો જણાય છે. વીણા પર આવા સુમધુર સ્વરોનો ધ્વનિ તેના સિવાય કોણ પ્રગટ કરી શકે...! તેના સંગીતમાં પણ મુક્તિનું જ સંગીત સંભળાયા કરે છે. હવે તે શૃંગારપ્રધાન રાગો બજાવતો જ નથી પરંતુ ભક્તિભર્યું સંગીત બજાવે છે...'

'પ્રિયે, આપણે અત્યારે તો તેના મનને શાંત પાડયું છે. પરંતુ આપણો પુત્ર અડગ નિશ્ચયી છે તે તેનું ધાર્યું જરૂર કરશે આથી તે અંગે પણ આપણે વિચારવું પડશે...'

'સ્વામી, મને એવો વિચાર આવે છે કે આપ આઠેય કન્યાઓના પિતાને મળીને જંબૂકુમારે લીધેલા નિર્ણયની વાત જણાવો અને તેનો શું પ્રતિભાવ પડે છે તે જુઓ...' ધારિણીએ કહ્યું.

'પ્રિયે, તારી વાત બરાબર છે. આ અંગે હું તને આ જ પ્રમાણે જણાવવાનો હતો. એક બે દિવસમાં જ હું બધી જગ્યાએ જઈ આવીશ અથવા કંઈક ગોઠવણ કરીશ...કન્યાઓના પિતાઓને કાને આપણા પુત્રની વાત નાંખવી તો જરૂરી છે જ...'

'સ્વામી, આ વાત જણાવવામાં જરા પણ ઢીલ કરશો નહિ કારણ કે કન્યાઓના પિતા લગ્નની તૈયારી કરી રહ્યા છે. થોડા દિવસોમાં જ વિવાહ થશે, આથી તેઓને મનદુઃખ ન થાય તે જોવું જરૂરી છે અને આવશ્યક પણ ખરું...' ધારિણીએ સહજ સ્વરે કહ્યું.

'પ્રિયે, હું આ અંગે આવતી કાલે જ જઈ આવીશ...' ઋષભદત્તે કહ્યું.

ત્યારે જંબૂકુમારના ખંડમાંથી વીણાના સુમધુર સ્વરો વાગી રહ્યા હતા. જંબૂકુમાર વીણા પર વૈરાગી રાગની આરાધના કરી રહ્યા હતા. મનને સાંત્વન આપે, હૈયાને દિલાસો આપે અને મુક્તિની આરાધનાને વેગ આપે તેવો આ રાગ ભક્તિથી પૂર્ણ હતો.

ઋષભદત્ત અને ધારિણી દેવી જંબૂકુમારના ખંડ તરફ ગયા અને વીણાવાદન સાંભળવા માટે ખંડમાં પાથરેલાં આસનો પર બેઠા.

જંબૂકુમાર વૈરાગી રાગનો આલાપ બજાવી રહ્યો હતો.

વૈરાગી રાગ...! આલાપ...!

કોઈ પણ રાગના આલાપમાં રાગનું રૂપ, બંધારણ રજૂ થાય છે. સ્વરોને અમુક પ્રકારેથી લેવાથી રાગની મધુરતા દર્શાવી શકાય છે. આલાપ એ રાગનો પ્રાણ છે. અંતરની છબી રજૂ થાય છે. વીણા પરથી સ્વરો જાણે અંતરમાંથી ઘૂંટાઈ ઘૂંટાઇને આવતા હોય. તેમ જણાતું હતું.

થોડી વાર બાદ જંબૂ કુમારે વિલંબિત લય શરૂ કરી. મૃદંગના સાથ વગર વિલંબિત લય સુંદર રીતે શોભી રહી હતી.

લગભગ અર્ધ ઘટિકા પર્યંત વિલંબિત લયમાં રાગને બહેલાવ્યો. ત્યાર પછી દ્રુતલયમાં રાગનો પ્રવેશ થયો.

વૈરાગી રાગ દ્રુતલયમાં જામ્યો.

આમ બે ઘટિકા પર્યંત વૈરાગી રાગ ચાલ્યો. જંબૂકુમારે વીણા એક તરફ મૂકીને ઊભો થયો. માતાપિતાને પોતાના ખંડમાં જોતાં આનંદ પામ્યો. જંબૂકુમારે પિતા સામે જોઈને કહ્યું: 'ચાલો પિતાજી, અને માતાજી આપ પણ...સંધ્યાટાણું થાય તે પહેલાં વાળુ કરી લઈએ...ત્યાર પછી ધર્મક્રિયા કરીશું...'

'ચાલો...' ઋષભદત્તે કહ્યું. ધારિણી આસન પરથી ઊભી થઈ.

ત્રણેય ભોજનખંડ તરફ વળ્યા.

## ૧૩ : લગ્નની સંમતિ

બીજે દિવસે ઋષભદત્ત શેઠે પોતાની પેઢી પર સમુદ્રપ્રિય શેઠ, સમુદ્રદત્ત શેઠ, સાગરદત્ત શેઠ, કુબેરદત્ત શેઠ, કુબેરસેન શેઠ, શ્રમણદત્ત, વસુસેન અને વસુપાલિત શેઠને બોલાવ્યા. આઠેય કન્યાઓના પિતા તરત જ ઋષભદત્ત શેઠની પેઢી પર આવ્યા.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો હતો. રાજગૃહીની બજારો શરૂ થઈ ગઈ હતી. પરગામના વેપારીઓની અવરજવર શરૂ થઈ ગઈ હતી.

'આવો....આવો...શેઠીયાઓ....પધારો....' ઋષભદત્ત શેઠે આઠેય શ્રેષ્ઠિઓને આવકાર આપતાં કહ્યું.

દરેક શ્રેષ્ઠિઓએ સામે અભિવાદન કર્યું.

સામસામા કુશળ પૂછ્યા.

'કહો શેઠજી, આપે આજ અમને અત્યારે યાદ કર્યા. અમે તો સૌ લગ્નની તૈયારીમાં પડ્યા છીએ...' સમુદ્રપ્રિય શેઠે કહ્યું.

'શેઠ, એક પ્રશ્ન ઊભો થયો છે તેથી આપ સૌને યાદ કર્યા

છે. મારી ભાવના આપ સૌને ત્યાં આવવાની હતી. પરંતુ પછી વિચાર થયો કે મારા આઠેય વેવાઈઓને પેઢી પર જ બોલાવી લઉં અને વાત કરી લઉં...'

આઠેય શ્રેષ્ઠિઓના અંતરમાં સવાલ પેદા થયો કે ઋષભદત્ત શેઠ શું કહેવા માગતા હશે? કયો પ્રશ્ન આવી પડયો હશે?

કુબેરદત્ત શેઠે પૂછયું, 'શેઠજી, આપના અંતરમાં જે પ્રશ્ન છે તે અમને જણાવો... આપણે સાથે બેસીને વિચાર કરીશું અને યોગ્ય ઉકેલ મેળવીશું...'

'ત્યારે સાંભળો...આપ સૌ મારી વાત સાંભળ્યા પછી જે નિર્ણય લેવો હોય છે લઈ શકો છો. ગઈ કાલે મારો પુત્ર જંબૂ કુમાર ગુણશીલ ચૈત્યમાં બિરાજમાન આર્યશ્રી સુધર્મા સ્વામીની મંગલમય વાણી સાંભળવા અને દર્શનાર્થે ગયો હતો. ત્યાં ગણધર ભગવંતના પ્રવચનથી તેની ભાવના દીક્ષા અંગીકાર કરવાની થઈ છે. આ અંગે અમે તેને ગઈ કાલે ખૂબ જ સમજાવ્યો. તે તો મારી અનુમતિ લેવા આવ્યો હતો પરંતુ મેં અનુમતિ આપી જ નથી. શ્રેષ્ઠિઓ, અમારો પુત્ર જંબૂ આપની કન્યાઓ સાથે વિવાહ કરશે પરંતુ વિવાહ કર્યા બાદ તરત જ દીક્ષા અંગીકાર કરવાનો છે. જંબૂકુમાર વિવાહ પણ અમારા આગ્રહથી જ કરી રહ્યો છે. આ વાત કરવા મેં આપને બોલાવ્યા હતા. પાછળથી આપના અંતરને દુઃખ થાય તે કરતાં પહેલેથી જ વાત સ્પષ્ટ જણાવી દેવી સારી એમ માનીને મેં આપને મારા પુત્ર વિષેની વાત કરી અને હા પાછળથી જો પશ્ચાતાપ થાય તેમ હોય તો આપ અત્યારે જ લગ્ન કરવાની ના કહી દો. મેં આપને જંબૂકુમારની ભાવના અને દીક્ષા અંગીકાર વિષે સ્પષ્ટ વાત કરી દીધી. પાછળથી મને દોષ આપશો નહિ...'

આઠેય શ્રેષ્ઠિઓ વિચારમાં પડી ગયા.

શું કરવું ? એ પ્રશ્ન મુંઝાવા લાગ્યો.

ત્યારે સાગરદત્ત શેઠે કહ્યું : ' શેઠજી, અમે બે ઘટિકામાં પાછા ફરીએ છીએ. અમે અમારા કુટુંબમાં આ વાત કરીએ... કન્યાને આ વાતથી માહિતગાર કરીએ પછી શો નિર્ણય લેવાય છે તે આપને અમે આઠેય જણાં જણાવી જઈશું...'

' બરાબર છે...સંસારમાં ઘણી વાર એવી ઉપાધી આવી જાય છે કે જેમાં માનવી મુંઝવણ અનુભવતો હોય છે...' ઋષભદત્ત શેઠે કહ્યું.

' શેઠજી, આપ મન પર જરાય લાવશો નહિ.' સમુદ્રપ્રિય શેઠે કહ્યું.

અને આઠેય શ્રેષ્ઠિઓએ પોતપોતાના ભવન પર જઈને એક જગ્યાએ મળવાનું નક્કી કર્યું.

એમ જ થયું.

આઠેય શ્રેષ્ઠિઓ, તેની પત્નીઓ અને કન્યાઓ એક જગ્યાએ ભેગા થયા અને વિગતવાર વાત રજૂ કરવામાં આવી.

એકબીજાનો વાર્તાલાપ થયો. અંતે કન્યાઓના પિતાઓએ નક્કી કર્યું કે આપણે આ અંગેનો નિર્ણય આપણી પુત્રીઓ પર છોડી દઈએ.

એ વાતમાં સૌ સહમત થયા.

આઠેય કન્યાઓનો સૂર એક જ નીકળ્યો. તેઓએ જણાવ્યું: ' પિતાજી, આપ સૌ શા માટે અમારા માટે આટલી લાંબી ચર્ચા કરો છો. આપ સૌ અમારો શો નિર્ણય છે તે જાણવા માગો છો ને, તો અમારા સૌની ભાવના છે અને નિર્ણય છે કે આપે અમને સૌને જંબૂકુમારને આપી છે આથી આ ભવમાં તે જ અમારા સ્વામી છે. આથી અમે બીજે દેવાને યોગ્ય નથી. અમે મનથી તેને વરી ચૂકયા છીએ. લોકમાં કહેવાય છે કે રાજાઓ એક જ વાર

બોલે છે, સાધુ મહાત્મા પણ એક જ વાર બોલે છે તે રીતે કન્યાઓ પણ એક જ વાર અપાય છે. પિતાજી, આપે અમારો સંબંધ જંબૂકુમાર સાથે બાંધ્યો છે, તે જ યોગ્ય છે. અમારું સમર્પણ પણ તેમને જ છે. જંબૂકુમાર દીક્ષા અંગીકાર કરે અથવા બીજું ગમે તે કાર્ય કરે, અમારે તેમના કાર્યને વંદવું તે અમારો ધર્મ થઈ પડે છે.'

'તો પછી આપ સૌ જંબૂકુમાર સાથે વિવાહ કરવા ઇચ્છો છો ?'

'હા...પિતાજી, એજ અમારા સ્વામી છે... એજ અમારું જીવન છે...' આઠેય કન્યાઓ બોલી ઊઠી.

આઠેય શ્રેષ્ઠિઓએ તરત જ નિર્ણય લઈ લીધો. તેઓ તરત જ શ્રેષ્ઠિવર્ય ઋષભદત્ત શેઠની પેઢી પર ગયા અને ઋષભદત્ત શેઠ સામે જોઈને કહ્યું: 'શેઠજી, આપે જે વાત કરી તે સ્વીકાર્ય છે. વિવાહ પછી ભલે જંબૂકુમાર દીક્ષાનો માર્ગ સ્વીકારે. અમે મનમાં જરા પણ દુઃખ ધારણ નહિ કરીએ...અમારી કન્યાઓ પણ જંબૂકુમારને સમર્પિત થયેલી છે...આથી આપ ધામધૂમપૂર્વક વિવાહની તૈયારી કરો...'

'આપની વાત સાંભળીને આનંદ થયો. હમણાં નિમિત્તકને બોલાવીને શુભ દિવસ કઢાવીએ...' ઋષભદત્ત શેઠે કહ્યું.

તરત જ ઋષભદત્ત શેઠે એક વાણોતરને નિમિત્તકને બોલાવી લાવવા કહ્યું. થોડી વારમાં નગરીનો શ્રેષ્ઠિ નિમિત્તક આર્ય શ્રીભદ્ર ઋષભદત્ત શેઠની પેઢી પર આવી ગયો.

'આવો પધારો... શ્રીભદ્રજી, અમે આપની જ પ્રતિક્ષા કરતા હતા...' ઋષભદત્ત શેઠે કહ્યું.

'કહો શેઠજી, આપે મને યાદ કર્યો ?' શ્રીભદ્રે કહ્યું.

'જુઓ, મારા પુત્ર જંબૂકુમારના વિવાહ કરવાના છે. આ

સામે બેઠા તે આઠેય વેવાઈઓ છે...આપ નજીકમાં જે સુંદર મુહૂર્ત હોય તે જણાવો...'

નિમિત્તકે તરત જ પ્રશ્ન માંડીને અંક મૂક્યા. થોડી વાર વિચાર કરીને નિમિત્તકે કહ્યું: 'આજથી સાતમે દિવસે વિવાહ રચાવો. ખૂબ જ સુંદર દિવસ છે...'

નિમિત્તકની વાતમાં સૌ સહમત થયા. નિમિત્તક શ્રીભદ્રને ઋષભદત્ત શેઠે પુરસ્કાર આપ્યો.

શ્રીભદ્ર તરત જ નમન કરીને વિદાય થયો.

ત્યારબાદ ઋષભદત્ત શેઠે આઠેય વેવાઈઓને સાતમે દિવસે વિવાહ થાય તે માટેની તૈયારી કરવાનું કહ્યું. થોડી વાર વિવાહ અંગેની વાતો કરીને સૌ પોતપોતાના સ્થાને વિદાય થયા અને વિવાહમંડપ એક જ રાખવો તેમ નક્કી કર્યું હોવાથી તેની તૈયારીઓ આદરી દીધી.

શ્રેષ્ઠિવર્ય ઋષભદત્તનું ભવન શણગારવામાં આવ્યું. જંબૂકુમારના વિવાહ આડે દિવસો માત્ર સાત હતા તેથી સાતેય દિવસો આનંદપૂર્વક ઉજવાય તેવી ઋષભદત્ત શેઠની ભાવના હતી. ભવનની અટારી પર વાદ્યમંડળી બેસાડવામાં આવી. વાદ્યમંડળી માંગલિક સ્વરો બજાવવા લાગી. વાતાવરણમાં પ્રસન્નતા છવાઈ ગઈ. ધારિણી દેવીના હૈયામાં આનંદ છવાઈ ગયો. ઋષભદત્ત શેઠ વિવાહના કાર્યમાં ગુંથાઈ ગયા. ઋષભદત્ત શેઠના ભવનમાં અનેક સ્નેહીજનો, સંબંધીઓ આવીને વિવાહોત્સવમાં આનંદપૂર્વક ભાગ લેવા લાગ્યા.

ત્યારે જંબૂકુમાર કેવળ માતાપિતાની ઇચ્છાને અને માતાપિતાનું અહિત ન થાય તે હેતુથી જ આ લગ્ન કરી રહ્યો હતો. જંબૂકુમાર ભવનમાં રહેતો હતો છતાં તેની હાજરી જ જાણે નથી તેવો ભાસ સૌને લાગી રહ્યો હતો.

ધારિણીએ તો એક વાર કહ્યું પણ ખરું ‘જંબૂકુમાર, તું આમ આવા સુંદર પ્રસંગથી અલિપ્ત રહે અને મૌન ધારણ કરીને ખંડમાં બેસી રહે તે શું શોભાસ્પદ છે?’

‘માતાજી, આપની પ્રસન્નતા એજ મારી પ્રસન્નતા છે. આપની આશા મૂર્તિમંત થઈ રહી છે. મારે તો આપનું અહિત ન થાય તે જોવાનું છે.’ જંબૂકુમારે કહ્યું.

‘જંબૂકુમાર, આપણા ભવન પર તારા વિવાહના પ્રસંગે પરગામથી અનેક સંબંધીઓ આવ્યા છે. તારા આ પ્રકારના વ્યવહારથી તેઓ મનમાં શું ધારે? તું આ દિવસો આનંદ, પ્રસન્નતાથી પસાર કર...મારી ભાવનાનો સ્વીકાર કરીને આનંદથી રહે...’

‘ભલે...માતાજી, આપની ઇચ્છા હશે તો તે પ્રમાણે જ રહીશ.’ જંબૂકુમારે કહ્યું. અને જંબૂકુમાર માતા ધારિણીની ઇચ્છા પ્રમાણે આનંદમાં રહેવા લાગ્યો.

ત્યારે આ તરફ કન્યાપક્ષમાં મંગળ ગીતો ગાવાના શરૂ થયા. લગ્નની તૈયારીઓ આરંભાઈ ચૂકી હતી. સર્વત્ર આનંદ અને ઉત્સાહ જણાવા લાગ્યો. શ્રેષ્ઠિઓની કન્યાઓ સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના, કનકસેના, નભસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રીના આનંદનો પાર નહોતો.

આઠેય શ્રેષ્ઠિઓએ નગરીની એક વિશાળ જગ્યા પર સાથે મળીને વિશાળ વિવાહમંડપ રચાવ્યો. તેમાં વિવિધ પ્રકારના ચંદરવા કરાવ્યા. તે જાણે નિરભ્રમાંથી સંધ્યા સમયના વાદળોના કટકાને નીચે ખેંચી લાવીને બનાવ્યા ન હોય તે રીતે શોભી રહ્યાં હતાં. તે શુભ્ર સુંદર ચંદરવામાં મોતીઓની માળાઓ લટકાવી હતી. જાણે ચંદ્રકિરણનું તેજ ચારે તરફ પથરાયું ન હોય તેમ લાગતું હતું.

તે વિવાહમંડપને અતિ સુંદર દૈદિપ્યમાન તોરણો બાંધેલા હતા. તેના પાન મંદમંદ વહેતા વાયુને કારણે હાલતા હતા. આથી મંડપ જાણ્યે આવનાર સમયને આવકારી રહ્યો હોય તેમ લાગતું હતું. ચારે તરફ મોતીના સાથીયા પૂર્યા હતા. તેમ લાગતું હતું કે મંગળ વૃક્ષોની આબાદીને અર્થે બીજની પંક્તિઓ ન વાવી હોય...તેમ તે મંડપ શોભતો હતો.

નગરીના લોકો આ વિવાહ જોવાને ઉત્સુક બન્યા હતા. કારણ કે બન્ને પક્ષ અતિ ધનાઢ્ય હોવાથી વિવાહના કાર્યમાં ખૂબ જ ધામધૂમ થશે તેમ જણાતું હતું. એ સિવાય ઋષભદત્ત શેઠને એક જ પુત્ર હોવાથી તેમના ભવન પર પણ ભારે ધામધૂમ થશે તેમ સૌને લાગતું હતું.

હવે વિવાહને આડા માત્ર ચાર દિવસ જ રહ્યા

એ દિવસે કુબેરસેન શ્રેષ્ઠિ ઋષભદત્ત શેઠને ત્યાં આવ્યા અને ખૂબ જ વિનમ્ર સ્વરે આમંત્રણ આપતાં કહ્યું : ' શેઠજી, અમે આપને નિમંત્રણ આપવા આવ્યા છીએ...'

' આપની વાત પછી સાંભળીશ, પહેલાં એ જણાવો કે આપ શું લેશો ? '

' અત્યારે કશું લઈશ નહિ...' કુબેરસેન શેઠે કહ્યું.

પરંતુ એક સેવક જળના પાત્રો મૂકી ગયો અને થોડી વાર પછી દુગ્ધના પાત્રો મૂકી ગયો. કુબેરસેનને ન છૂટકે દુગ્ધ લેવું પડ્યું.

' હવે આપ શું કહેવા ઈચ્છો છો તે દર્શાવો...તૈયારી તો બરાબર ચાલે છે ને ? ' ઋષભદત્તે પૂછ્યું.

' હા... તૈયારી બરાબર રીતે ચાલે છે. આજે અમે સમુદ્ર-પ્રિય શ્રેષ્ઠિને ત્યાં આ પ્રસંગને અનુલક્ષીને નૃત્યનો કાર્યક્રમ રાખ્યો છે. અમારા તરફથી ઉજવતા આ આનંદોત્સવમાં આપને, ધારિણી-

દેવીને અને જંબૂકુમારને પધારવાનું ભાવભર્યું આમંત્રણ આપવા આવ્યો છું...'

'શેઠજી, આપનું આમંત્રણ સ્વીકારું છું...હું કે મારી પત્ની આવી શકીશું નહિ. જંબૂકુમાર આવશે તો મોકલીશ...'

'ભલે...જંબૂ કુમારને જરૂર મોકલજો...' કુબેરસેને વિદાય લીધી.

ઋષભદત્ત શેઠે જંબૂકુમારને પોતાના ખંડમાં બોલાવ્યો અને સમુદ્રપ્રિય શેઠને ત્યાં નૃત્યનો કાર્યક્રમ રખાયો છે તે વાત કરી... તેમાં જવાનું છે તે જણાવ્યું.

ત્યારે જંબૂકુમારે કહ્યું: 'પિતાજી, મને નૃત્ય, નાટ્ય, સંગીતમાં હવે રસ રહ્યો નથી. હું ત્યાં જઈશ તો મારું મન ત્યાં લાગશે નહિ. છતાં આપની આજ્ઞા હશે તો જઈશ...'

'જંબૂ કુમાર, કુબેરસેન રૂબરૂ અહીં આવ્યા હતા એથી તું ન જા તો સારું ન લાગે...'

'ભલે હું રાત્રે જઈ આવીશ...' જંબૂ કુમાર ઉત્તર આપીને પોતાના ખંડ તરફ વળ્યો.

અને રાત્રે જંબૂકુમાર સમુદ્રપ્રિય શેઠના ભવને નૃત્યનો કાર્યક્રમ નીહાળવા આવ્યો. રાજગૃહીની પ્રસિદ્ધ નર્તકી રૂપસેનાનું નૃત્ય રાખવામાં આવ્યું. નર્તકી રૂપસેનાએ ભાવવાહી નૃત્ય રજૂ કર્યું. સમુદ્રપ્રિય શેઠને ત્યાં નગરીના અનેક લોકો નૃત્ય નીહાળવા આવ્યા હતા.

રૂપસેનાનું નૃત્ય રાત્રિના બીજા પ્રહરની સમાપ્તિએ પૂરું થયું. સૌએ હર્ષ વ્યક્ત કર્યો. સમુદ્રપ્રિય શેઠ જંબૂકુમાર પાસે આવ્યા અને ખૂબ જ પ્રેમથી કહ્યું: 'જંબૂકુમાર, આપને રૂપસેનાનું નૃત્ય ગમ્યું ને...!'

'હા...સુંદર હતું...' જંબૂકુમારે ટૂંકમાં જણાવ્યું.

થોડીવાર બેસીને જંબૂકુમાર ભવન પર પાછો આવ્યો.

આમ આનંદમાં બીજા બે દિવસ પસાર થઈ ગયા.

એક દિવસે આઠેય કન્યાઓ એક જગ્યાએ ભેગી થઈ. સમુદ્રશ્રીએ સાતેય બહેનોને આવકારી.

પદ્મસેનાએ કહ્યું : 'બે દિવસ બાદ આપણા લગન જંબૂકુમાર સાથે થશે...પરંતુ નૃત્યના કાર્યક્રમમાં આપણા સ્વામી સાવ મૌન રહ્યાં હતા, કશું બોલતા નહોતા તેથી તેમના અંતરને માપવું અશક્ય છે...'

કનકસેનાએ કહ્યું : 'મને પણ આશ્ચર્ય થયું કે આપણા સ્વામીને શું થયું છે. આટલું સુંદર યૌવન પ્રાપ્ત થયું છે તે શું એળે જવા દેવા માંગે છે...'

સમુદ્રશ્રીએ નમ્ર ભાવે કહ્યું : 'બહેનો, આપણા સ્વામીએ લગન બાદ દીક્ષા અંગીકાર કરવાનો નિર્ણય લીધો છે તે વાતની આપણને સૌને ખબર છે. મને તો એવું જ લાગે છે કે આ માત્ર દેખાવ જ હશે...'

'હા...આપણી પરીક્ષા તો નહિ કરતાં હોય ને...!' નભસેનાએ કહ્યું.

'પણ કદાચ વિવાહ પછી તરત જ દીક્ષા ધારણ કરે તો શું કરશું?' એ પ્રશ્ન પદ્મશ્રીએ કર્યો.

'આપ કોઈ ચિંતા કરશો નહિ...એ દીક્ષા અંગીકાર કરશે જ નહિ.' જયશ્રીએ કહ્યું.

'કેમ?' કનકશ્રીએ પૂછ્યું.

'બેન, આપણે જ્યારે તેના ભવન પર પરણીને જઈશું ત્યારે આપણા સાજશણગાર જોઈને...આપણું રૂપ જોઈને દીક્ષા અંગીકારની વાત ભૂલી જશે ..યૌવનને હંમેશા યૌવન પ્રિય હોય છે...તે આપણા રૂપમાં ભરમાઈ જશે...આપણા સૌંદર્યના પ્રભાવમાં મોહી જશે...' જયશ્રીએ કહ્યું.

'હા...જયશ્રીની વાત સાચી છે...આપણે સ્વામીને આપણા રૂપ અને યૌવનના આકર્ષણમાં બાંધી દઈશું. તેના મન પર આપણો જ અધિકાર રહેશે. જંબૂકુમાર આપણું કહ્યું જ માનશે. પુરુષને પ્રકૃતિ વિના ચાલતું નથી. પુરુષ ગમે તેટલું અભિમાન કરતો હોય પરંતુ સ્ત્રીના સૌંદર્ય અને મદભર્યા યૌવન પ્રત્યે લલચાતો હોય છે.' નભસેનાએ કહ્યું.

'તારી વાત સાચી છે.' કનકવતીએ કહ્યું.

'અરે... આપણા સ્વામીએ સાધુ થવાનું વ્રત લીધું હોય તો એમાં ગભરાવાનું કોઈ કારણ નથી. તેઓ આપણા રૂપની પાછળ પાગલ બની જશે...લીધેલું વ્રત એક તરફ રહી જશે.'

'મારી એક વાત સાંભળી લો...હવે બે દિવસ પછી આપણા સૌના વિવાહ જંબૂકુમાર સાથે થઈ રહ્યા છે ત્યારે આપણે સૌએ મનમાં એક જ ધારણા નક્કી કરવાની છે કે સ્વામી સાથે ભલે ચર્ચા કરવી પડે, દલીલો કરવી પડે, પરંતુ આપણે સ્વામીને સંસારના સુખોપભોગમાં જ રાખવાના છે...' પદ્મસેનાએ કહ્યું.

'એ તો એમ જ થશે...આપણે ચતુરાઈથી સ્વામીને રોકી પાડીશું...' કનકશ્રીએ કહ્યું.

'પણ એવી વેળા જ નહિ આવે...કારણ કે સ્વામી આપણા રૂપ સૌંદર્યમાં એવા લપેટાઈ જશે કે તેમને દીક્ષા લેવાનો વિચાર જ નહિ આવે...'

'છતાંય આપણે માથે આવનારી પરિસ્થિતિનો વિચાર તો કરવો જોઈએ ને... !' સમુદ્રશ્રીએ કહ્યું.

'આપણે સ્વામીને સંસારમાં રોકી રાખવા માટે પ્રયત્નો તો જરૂર કરીશું છતાંય આપણને આપણા કાર્યમાં સફળતા ન મળે તો શું કરવું ?' પદ્મસેનાએ સુંદર પ્રશ્ન રજૂ કર્યો.

સૌ મૌન થઈ ગયા.

પદ્મસેનાની વાત સૌને વિચારવા જેવી લાગી.

સમુદ્રશ્રીએ મૌન તોડયું અને ખૂબ જ ગંભીર સ્વરે કહ્યું: 'બેનો, પદ્મસેનાનો પ્રશ્ન ઉચિત છે. જંબૂકુમાર જે માર્ગે જવા ઇચ્છે છે તે શ્રેષ્ઠ છે તે આપણે સૌ જાણીએ છીએ. આ માર્ગે જવાની સ્વામીની અદમ્ય ઈચ્છા છે તો આપણે તેમની સાથે ચર્ચા કરીએ અને સ્વામી આપણી વાતમાં સહમત ન થાય તો આપણે સૌ સ્વામીના પગલે પગલે જઈશું...'

'સમુદ્રશ્રીની વાત યોગ્ય લાગે છે, કારણ કે આપણે સૌએ આપણું જીવન સ્વામીના ચરણોમાં સમર્પિત કરી દીધું છે. સ્વામી જે માર્ગને અપનાવે તે માર્ગને આપણે પણ અજવાળવો તેમાં જ આપણા સૌનું ગૌરવ છે.'

આમ આઠેય કન્યાઓએ વિચારવિમર્શ કર્યો અને નિર્ણય પણ લઈ લીધો.

અને...

લગ્નનો નિશ્ચિત દિવસ આવી પહોંચ્યો.

બન્ને પક્ષે ધામધૂમ થઈ રહી હતી.

એ લગ્નના દિવસે પ્રાતઃકાળે ઋષભદત્ત શેઠના ભવનમાં સૌ વહેલા તૈયાર થવા લાગ્યા. દોષરહિત શુભ મુહૂર્તે જંબૂકુમારને પીઠી ચોળવામાં આવી.

જંબૂકુમારે કસુંબી વસ્ત્રો ધારણ કર્યા હોવાથી તે પ્રાતઃકાળના ઉગતા રવિની જેમ શોભી રહ્યો હતો.

જ્યારે કન્યાપક્ષવાળાએ પોતપોતાની કન્યાઓને પીઠી ચોળી.

ત્યારબાદ પોતપોતાને સ્થાને રહેલ જંબૂકુમાર અને કન્યાઓને વિધિ પ્રમાણે મંગળ સ્નાન કરાવ્યું.

જંબૂકુમાર ભવનના સ્નાનાગારમાં સ્નાન અર્થે ગયા. તેની પાછળ બે સેવકો આવ્યા. જંબૂકુમારે બન્ને સેવકોને ચાલ્યા જવાનું કહ્યું. સ્નાનાગારમાં જળના પાત્રો ભર્યાં હતા.

જંબૂ કુમારે સ્નાનકાર્ય પૂર્ણ કર્યું ત્યારે મસ્તક પર રહેલા કેશમાંથી જળ ટપકતું હતું. તેના અંતરમાં પ્રશ્ન જાગૃત થયો કે ઓહ...આ સુંદર કેશનો થોડા સમયમાં લોચ થશે...જાણે અશ્રુપાત કરતા હોય તેમ કેશમાંથી જળ ટપકી રહ્યું હતું.

જંબૂકુમારે અંગલુછણ વડે અંગ સ્વચ્છ કર્યું. એક વસ્ત્ર અંગ પર ઢાંકીને તે સ્નાનગૃહની બહાર આવ્યા. ત્યાં નવયૌવના દાસીઓ જંબૂકુમારની સેવામાં હાજર થઈ ગઈ.

ત્યાં ઊભેલી દરેક દાસીઓના હાથમાં જુદી જુદી સામગ્રીઓના થાળ હતા. એકમાં વસ્ત્રો હતા તો બીજામાં અલંકારો હતા. ત્રીજામાં સત્વાર્કો હતા.

એક દાસીએ આગળ આવીને જંબૂકુમારના કેશને સુગંધી બનાવ્યા. બીજી સ્ત્રીઓએ સુંદર વસ્ત્રો ધારણ કરાવ્યા. અલંકારો ધારણ કરાવ્યા. કંઠમાં સુંદર મોતીની માળા શોભી રહી હતી. તેમજ અન્ય માળાઓ પણ ધારણ કરી હતી.

બે દાસીઓએ જંબૂ કુમારના મસ્તક પર પુષ્પની માળા સહિત જાતિવંત અશ્વની ડોક જેવો વક્ર ધમ્મિલ બાંધ્યો. ત્યારબાદ જંબૂકુમારને કર્ણમાં સુંદર રત્નથી જડિત કુંડળો ધારણ કરાવ્યા.

જંબૂ કુમારે સુંદર વસ્ત્રો ધારણ કર્યાં હતા તે જાણે કોઈ દેવકુમાર માફક શોભી રહ્યો હતો.

ઋષભદત્ત શેઠના ભવનમાં ચારે તરફ દોડધામ થઈ રહી હતી. ભવનના દાસદાસીઓ જુદા જુદા કાર્યોમાં ગુંથાયા હતા. અનેક લોકોની અવરજવર શરૂ થઈ ગઈ હતી. ભવનની બહાર વાદ્યમંડળી

માંગલિક સ્વરો રેલાવી રહી હતી. ભવનના દરેક દાસ-દાસીઓના ચહેરા પર પ્રસંગનો અપૂર્વ ઉત્સાહ જણાતો હતો.

ઋષભદત્ત શેઠે પોતાની પત્ની ધારિણીને કહ્યું: 'પ્રિયે, આપણો પુત્ર તૈયાર છે ને? હવે અહીંથી નીકળવાનું મુહૂર્ત વીતતું જાય છે, વિલંબ કરવો યોગ્ય નથી...'

'હું હમણાં તપાસ કરાવી દઉં...' ધારિણીએ એમ કહીને એક સેવકને જંબૂકુમારની તપાસ કરવા અર્થે મોકલ્યો. આજ ધારિણીએ પણ સુંદર વસ્ત્રાભુષણ ધારણ કર્યા હતા. આજ તેનું માતૃ-હૃદય આનંદ અનુભવી રહ્યું હતું.

'સ્વામી, જંબૂકુમાર લગ્ન પછી દીક્ષા ધારણ કરી લેશે તો?' ધારિણીએ ઋષભદત્ત સામે જોઈને પ્રશ્ન કર્યો.

'પ્રિયે, એ પ્રશ્ન અત્યારે વિચારવાનો નથી. ભાવિ નિર્માણ જે હશે તે થશે...અત્યારે આનંદના ઉત્સવમાં મગ્ન થા...' ઋષભદત્તે કહ્યું.

ત્યાં જંબૂકુમારની તપાસ અર્થે ગયેલો સેવક પાછો ફર્યો અને ધારિણી સામે જોઈને કહ્યું: 'નાના શેઠજી તૈયાર જ છે...તેઓ થોડી વારમાં અહીં આવશે...'

'ભલે...તું જા...' ઋષભદત્તે કહ્યું.

સેવક નમન કરીને વિદાય થયો.

થોડી વાર થઈ ત્યાં જંબૂકુમાર ધીમે પગલે માતાપિતા પાસે આવ્યો અને સૌ પ્રથમ તેણે બન્નેને વંદન કર્યાં. ધારિણી અને ઋષભદત્તે પુત્રનું મસ્તક સૂંઘ્યું અને આશીર્વાદ આપ્યા.

ધારિણીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયા.

ત્યાં મુનિમ આવ્યો અને ઋષભદત્ત સામે જોઈને કહ્યું: 'શેઠજી, હવે વિલંબ કરવો યોગ્ય નથી. બહાર આપની અને નાના શેઠજીની સૌ પ્રતિક્ષા કરી રહ્યાં છે...'

'ચાલો...અમે આવીએ છીએ...' ઋષભદત્ત શેઠ, ધારિણી બન્ને આસન પરથી ઊભા થયા. જંબૂકુમાર પણ ઊભો થઈને માતાપિતા સાથે ચાલવા લાગ્યો.

ત્રણેય ભવન બહાર આવ્યા. ભવન બહાર ઋષભદત્ત શેઠના સ્નેહીઓ, સંબંધીઓ વરઘોડામાં સામેલ થવા આવી પહોંચ્યા હતા. સૌથી આગળ વાદ્યમંડળી ગોઠવાઈ. ત્યારપછી સંબંધીઓ ઊભાં રહ્યાં. જંબૂકુમાર જાતિવંત અશ્વ પર આરૂઢ થયો. તેના મસ્તક પર મોરના પિંછાનું છત્ર ધારણ કરવામાં આવ્યું હતું. તેની ચારે તરફ સમાન વય અને વેષવાળા અનુચરો ઊભા હતા.

મંગળપાઠકો મંગલસૂત્રો બોલતા હતા.

અને વરઘોડો ચાલવા લાગ્યો.

વાદ્યમંડળી ખૂબ જ ઉત્સાહથી અને આનંદથી વાજિંત્રો પર સુમધુર સ્વરોની લહરી છેડી રહ્યા હતા.

માર્ગમાં નગરીના લોકો જંબૂકુમારના વિવાહ થઈ રહ્યાં છે તેથી પુષ્પો ઉડાડી રહ્યા હતા. અબીલ ગુલાલના છાંટણા કરી રહ્યાં હતા.

ઋષભદત્ત અને ધારિણી દેવી અત્યંત આનંદિત બન્યા હતા.

એક માત્ર જંબૂકુમારના મુખ પર ન તો આનંદ વરતાતો હતો કે ન તો કોઈ પણ પ્રકારનું દુ:ખ...! સમભાવ રાખીને થતી પ્રક્રિયાને નિહાળી રહ્યા હતા. જંબૂકુમારનું રૂપ ખીલી ઊઠયું હતું. તેઓ સાક્ષાત દેવકુમાર જેવા લાગી રહ્યાં હતા. માર્ગ પરની નગરીની સ્ત્રીઓ પણ એ પળ જંબૂકુમાર પ્રત્યે મોહિત બની ગઈ હતી.

સર્વત્ર આનંદ, ઉત્સાહ અને ઉમંગનું મંગલ વાતાવરણ સર્જાયું હતું.

નગરીના લોકો આ શોભાયાત્રા નીહાળવા નીકળી પડયા

હતા. કારણ કે રાજગૃહી નગરીમાં આવી સુંદર અને ભવ્ય શોભાયાત્રા ઘણા સમયથી નીકળી નહોતી. નગરજનો જંબૂકુમારને જોઈને શુભ આશીર્વાદ આપતા હતા.

જંબૂકુમારની શોભાયાત્રા ધીરે ધીરે લગ્નમંડપની નજીક પહોંચવા લાગી.

ભારે ઉત્સાહભર્યા વાતાવરણ વચ્ચે જંબૂકુમારની શોભાયાત્રા લગ્નમંડપના દ્વાર પાસે આવીને ઊભી રહી.

વિધિવત્ સ્વાગત થયું.

કન્યાપક્ષ તરફથી ભવ્ય સ્વાગત થયું. સાક્ષાત કામદેવ જેવા લાગતાં જંબૂકુમારને સૌભાગ્યવતી સ્ત્રીઓએ માંગલિક સામગ્રીઓ વડે પૂજાપો આપ્યો.

જંબૂકુમાર અગ્નિવાળા શરાવ સંપૂટને પગ વડે ભાંગીને માયરામાં ગયો.

અને...!

લગ્નમંડપના દ્વાર પાસે વાદ્યમંડળી બીરાજી હતી અને સુમધુર માંગલિક ધ્વનિ રેલાવીને વાતાવરણમાં પ્રસન્નતા અર્પતી હતી. નગરીના મુખ્ય મુખ્ય આગેવાનો તેમજ પ્રસંગને નીહાળવા નગરીના લોકો આવી ગયા હતા.

સૌના ચહેરા પર પ્રસન્નતાની માધુરી છલકાતી હતી. આનંદની અનુભૂતિ થઈ રહી છે તેનો સહેજે ખ્યાલ આવી જતો.

જંબૂકુમાર લગ્નમંડપમાં આવ્યા ત્યારે સૌના ચિત્ત હર્ષિત બની ગયા અને આનંદ વ્યક્ત કરવા લાગ્યા. મંડપમાં મંગલગીતો ગવાતા હતા ચારે તરફ ઉત્સાહનો આવેગ વરતાતો હતો.

નગરીના ધનાઢ્ય શ્રેષ્ઠિઓની આઠ રૂપવતી કન્યાનો જંબૂકુમાર આજ સ્વામી થવાનો હતો તે પ્રસંગને નિહાળવા નગરીની સ્ત્રીઓ ક્યારનીય આવી પહોંચી હતી. આમેય સ્ત્રી સ્વભાવ છે કે ઉત્સવ અથવા કોઈ પણ માંગલિક પ્રસંગ હોય ત્યારે તેના હૈયામાં અપૂર્વ ઉત્સાહ જોવા મળે છે.

અને અત્યંત ભવ્યતાથી, માંગલિક ધ્વનિ, મંગલ ગીતોના ભવ્ય વાતાવરણમાં જંબૂકુમારે પાણિગ્રહણ કર્યું.

જંબૂકુમાર આઠ આઠ સ્ત્રીઓનો સ્વામી બન્યો.

સર્વત્ર આનંદ પ્રસરી ગયો.

આઠેય કન્યાઓએ જંબૂકુમારને સૌની વચ્ચે કંઠમાં વરમાળા પહેરાવી. ધારિણી દેવીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં.

ધારિણી દેવી જ્યારે આઠેય કન્યાઓએ જંબૂકુમારને વરમાળા પહેરાવી ત્યારે સંભ્રમ પામી, ચોરીમાં ફેરા ફર્યા ત્યારે સંતોષનું સ્મિત રેલાવ્યું. જ્યારે કંસારનું જમણ થયું ત્યારે આનંદની અનુભૂતિ થઈ. પહેરામણીના સમયે સાવધાન રહી છેડાછેડી છોડતી વખતે કૃતાર્થ માનવા લાગી.

જંબુકુમારના વિવાહ આનંદથી અને ખૂબ જ હર્ષભર્યાં વાતાવરણ વચ્ચે પૂરાં થયાં.

વરકન્યા ધારિણીને તેમજ અન્ય વડિલોને ચરણ નમ્યા. ધારિણી અત્યંત સુખ પામી.

જંબૂકુમારને શ્વસુરગૃહેથી બધું મળીને નવાણું કોટી સુવર્ણ પ્રાપ્ત થયું. તેમજ સ્નેહીઓ, સંબંધીઓ તરફથી પણ પુષ્કળ દ્રવ્ય પ્રાપ્ત થયું.

અને કન્યાઓના પિતાઓએ વિદાય આપી.

વિદાયની પળ અતિ વસમી હોય છે. કન્યાઓને દરેક પિતાએ શિખામણ આપી કે શ્વસુરગૃહ એ જ સાચું ગૃહ છે. ત્યાં સાસુ સસરાની સેવા કરવી... સ્વામીની આજ્ઞા પ્રમાણે ચાલવું.

વિદાય વખતે માતાપિતાને છોડીને જતાં પુત્રી દુઃખી થાય તે સ્વાભાવિક છે. નાનપણથી આજ સુધી માતાપિતાની છત્રછાયા નીચે મોટી થઈ હોય ત્યારે અંતરમાં એ બધું છોડીને શ્વસુરગૃહે આવવું

તે પળ વસમી જણાય છતાંય સ્વામીના પ્રેમ, લાગણી, સ્નેહથી એકલતા અનુભવાતી નથી.

ધારિણી દેવીનું સ્વપ્ન સાકાર થયું. અંતરની ઇચ્છાઓ પૂરી થઈ... તેનું મન આજ ખૂબ જ પ્રસન્ન બની ગયું હતું.

અને આઠેય પ્રિયાઓ સાથે જંબૂકુમાર, અન્ય સ્ત્રીઓએ લીધેલા મંગલ દીવા સહિત, મનોહર ધવલ મંગલને ગાતી સ્ત્રીઓ સહિત લગ્ન મંડપેથી વિદાય લીધી.

અગ્રભાગે વાદ્યમંડળી સુમધુર માંગલિક સ્વરો રેલાવી રહી હતી. ગીત, નૃત્ય અને સંગીતના મધુર સ્વરોથી વાતાવરણ મધુર બની ગયું. શોભાયાત્રા ઋષભદત્ત શેઠના ભવન પર આવી.

ભવનના દ્વાર પાસે ધારિણી દેવીએ મંગલ આરતી ઉતારીને વરવધૂનું વિધિવત્ સ્વાગત કર્યું.

જંબૂકુમારે જોયું કે માતાજી ભારે હર્ષમાં આવી ગયાં છે... ચારે તરફ આનંદ છવાયો છે...મંગલ ગીતોનો અવાજ વાતાવરણને આનંદથી તરબોળ બનાવતું હતું.

ઋષભદત્ત શેઠે આ પ્રસંગની યાદી રૂપે સ્નેહીઓ, સંબંધીઓને વિવિધ ભેટ આપી. ઋષભદત્ત શેઠ આનંદિત થયા હતા.

સૌ ભવનમાં પ્રવેશ્યા.

થોડી વાર આરામ કરીને વરવધૂઓ પ્રથમ સર્વજ્ઞને ત્યારબાદ કુળદેવતાને પગે લાગ્યા. માતપિતાને નમ્યા. અન્ય સંબંધીઓને વંદન કર્યા. તે પછી મીંઢળ છોડવામાં આવ્યા.

ઋષભદત્ત અને ધારિણીએ જંબૂદ્વીપના અધિષ્ઠાતા દેવની ભાવભરી પૂજા કરી.

ધારિણી દેવીએ આઠેય પુત્રવધૂઓને એકાંતમાં બોલાવીને જંબૂકુમારના હૈયામાં જે સર્વત્યાગનો નિશ્ચય રહ્યો છે તે પલટાવીને રસમૂર્તિ બનાવવાની શીખ આપી.

ત્યારે સમુદ્રશ્રીએ મધુર સ્વરે કહ્યું: 'બાઈજી, આપ ચિંતા કરશો નહિ...અમે આઠેય એ પ્રયત્નમાં જરા પણ ખામી રાખીશું નહિ.'

આઠેય પુત્રવધૂઓએ સાસુજીને સાંત્વન આપ્યું.

રાત્રિ કાળ શરૂ થયો.

લગ્ન પછીની પહેલી રાત...!

રસકવિઓએ લગ્ન પછીની પ્રથમ રાતને જે મહત્ત્વ આપ્યું છે તે યોગ્ય છે. પ્રિયાના અંતરમાં નવી આશા, ઊર્મિના મીઠા રસ-ભાવ ખીલી ઊઠે છે. પ્રિયા પોતાના પ્રિયત્તમને સર્વસ્વ સોંપીને સમર્પણની ભાવના રજૂ કરે છે.

આજ જંબૂકુમારનો શયનકક્ષ ભવ્ય રીતે સજાવવામાં આવ્યો હતો. ભવનની સાતમી ભૂમિ પરનો શયનકક્ષ આજ સુંદર રીતે શોભી ઊઠયો હતો. સમગ્ર ખંડમાં સુગંધિત દ્રવ્યોની મહેંક પ્રસરી ઊઠી હતી.

જંબૂકુમારની આઠેય પ્રિયાઓ સર્વોત્તમ શુભ્ર વસ્ત્રો ધારણ કરીને શયનકક્ષમાં પિયુની વાટ જોતી બેઠી હતી.

શયનકક્ષમાં સુવર્ણના હિંડોળા ,પર બેસીને જંબૂકુમારની બે પ્રિયાઓ પ્રતિક્ષા કરી રહી હતી.

રાત્રિનો પ્રથમ પ્રહર સમાપ્ત થયાની ઝાલરી વાગી ચૂકી હતી. ભવનમાં ગુંજતા સંગીતના મધુર સ્વરો મિલનની પળને આવકારી રહ્યા હતા. બહાર આરસની જાળીમાંથી ચંદ્રના કિરણો વરસી રહ્યાં હતા. જાણે પિયુમિલનની પળને આશીર્વાદ વરસાવવા તલસી ન રહ્યા હોય...!

આઠેય પ્રિયાઓના સુવદન પર યૌવનની ગુલાબી માધુરી ચમકી રહી હતી. એના નયનોમાં મિલન-ઝંખનાના મધુર ગીતો જાણે છલકી રહ્યાં હતાં. સારાય અંગમાં ઉત્સાહ, આનંદ અને ઉમંગની ઊર્મિ નાચી રહી હતી.

શયનકક્ષમાં એક ત્રિપદી પર દીપમાલિકાનો આછો પ્રકાશ નવજીવનની આશાને સત્કારી રહ્યું હતું.

આઠેય પ્રિયાઓના હૈયે પિયુને પામવાની, વાતો કરવાની કામના પ્રબળ બની હતી. સ્નેહ નીતરતું હૈયું પ્રિયતમની પ્રતિક્ષામાં આતુર બન્યું હતું.

અને...!

ત્યાં કોઈના આગમનનો પદરવ સૌના કાને પડ્યો.

આઠેય પ્રિયાઓના હૈયા મીઠા સ્પંદનોથી ધડકવા લાગ્યા. અંતરમાં રમતા સઘળા વિચારો દૂર થયા.

તમન્નાનો, પ્રતિક્ષાનો ઉભરો શાંત પડ્યો. આઠેય પ્રિયાઓ એક તરફ વળીને લજ્જિત બનીને બેસી રહી.

આઠેય પ્રિયાઓએ દ્વારની વિરૂદ્ધ દિશામાં મુખ રાખ્યું.

જંબૂકુમારે શયનકક્ષમાં પગ મૂકયો. હળવેકથી દ્વાર ખોલ્યું હતું તેવી જ રીતે દ્વાર બંધ કર્યું.

જંબૂકુમાર મૌન રાખીને અંદર પ્રવેશ્યો.

થોડી વાર સુધી તો ખંડમાં મૌન છવાઈ ગયું. ઘણી વાર આવું મૌન મીઠું લાગે છતાં અસહ્ય તો જણાય...

જંબૂકુમારે જ વાત શરૂ કરી : 'આપને પ્રતિક્ષા કરવી પડી કેમ ?'

'સ્વામી, પ્રતિક્ષાનો આનંદ અપૂર્વ હોય છે. ચંદ્રના માદક કિરણો આપણા નૂતન જીવનને આવકારી રહ્યાં છે...' સમુદ્રશ્રીએ મધુર સ્વરે સ્વામી સામે જોતાં કહ્યું.

'આવો...આપણે થોડી વાતો કરીએ...' કહીને જંબૂકુમાર ત્યાં રહેલા એક આસન પર બેઠા.

આઠેય રૂપસુંદર, નમણી નવોઢાઓ સ્વામીની સામે વિનય ધરીને બેઠી.

યુવાન વય, રાત્રિનું એકાંત, લગ્નની પ્રથમ રાત, સુંદર રૂપ-રમણી જેવી પ્રિયાઓનો સંગાથ, છતાં જંબૂકુમારના ચિત્તમાં સમભાવ જ સ્થિર છે. જંબૂકુમારનું ચિત્ત યૌવનનો સુમધુર સાથ મળ્યો હોવા છતાં ચળતું નથી. પાણીમાં જેમ કમળ અળગું રહે તેમ તેઓ રહ્યાં.

ધન્ય જંબૂકુમાર ! ધન્ય તેમની અડગતા...!

જંબૂકુમારે ધીરગંભીર સ્વરે કહ્યું: 'આપ એ વાત જાણો છો કે આવતીકાલે પ્રાતઃકાળ પછી ગૃહત્યાગ કરીને સંયમના માર્ગે જવાનો છું...આ સંસાર માયા-મરિચિકાથી સભર છે. જેને આપણે સુખ માનીએ છીએ તે કેવળ ભ્રમણા જ છે. આ સત્ય સમજાઈ ગયા પછી મેં મારો માર્ગ નક્કી કરી લીધો કે સર્વત્યાગનો પંથ સ્વીકાર્યા વગર અનંત સુખની પ્રાપ્તિ નથી. સંયમનો માર્ગ ધારણ કરવાથી મુક્તિપંથના પથિક થવાય છે અને તપ, આરાધના કરવાથી આત્મકલ્યાણ થાય છે. આ સુખ ક્ષણજીવી છે તેથી તે સુખ મારે જોઈતું નથી પરંતુ મારે અનંત સુખ મેળવવું છે... હવે તો સંસારત્યાગ કરીને સંયમનો માર્ગ સ્વીકારીને કઠોર સાધુ-જીવન અપનાવવાનું મારું પ્રથમ મંગલ કર્તવ્ય છે. મારો આ નિશ્ચય અડગ છે અને કોઈ મને આ નિશ્ચયમાંથી ચલિત કરી શકશે નહિ. સાથોસાથ એવો પ્રયત્ન કરવો પણ ન જોઈએ...'

રાત્રિકાળ ચાલતો હતો...

જંબૂકુમારની આઠેય પ્રિયાઓ સ્વામીની વાણી એક ચિત્તે સાંભળી રહ્યાં હતાં. જંબૂ કુમાર સંસારની અસારતાનો વિસ્તૃત ખ્યાલ આપી રહ્યાં હતાં.

આ સમયે પ્રભવ નામનો એક ક્ષત્રિય પુત્ર ચૌર્યકલામાં નિપુણ હતો. તે અવસ્વાપિની અને તાલોદ્ઘાટિની નામની વિદ્યાઓ

જાણતો હતો. તે વિંધ્ય નામના રાજાનો મોટો પુત્ર હતો. ભરતક્ષેત્રમાં વિંધ્યાચળ પર્વતની પાસે જયપુર નામનું નગર હતું તેમાં વિંધ્ય નામે રાજા રાજ્ય કરતો હતો. રાજાને બે પુત્રો હતા મોટાનું નામ પ્રભવ અને નાના પુત્રનું નામ પ્રભુ હતું.

એકવાર કોઈ પણ કારણસર પ્રભવ મોટો પુત્ર હોવા છતાં નાના પુત્ર પ્રભુને રાજગાદી સોંપી. આથી પ્રભવનું સ્વમાન ઘવાયું. તે તરત જ રાજ્ય છોડીને ચાલ્યો ગયો. વિંધ્યાચળ પર્વતની વિષમ ભૂમિમાં એક પલ્લી વસાવીને રહ્યો. ત્યાં તે પોતાના પરિવાર સહિત ચોરી કરતો, લુંટફાટ પણ કરતો...પ્રભવ ત્રાસદાયક કાર્યો કરવા લાગ્યો. અને અન્ય ચોરો સાથે રહીને આજિવિકા ચલાવવા લાગ્યો.

તેવામાં એક બેપીયાએ આવીને પ્રભવને જણાવ્યું કે જો જીવનભરનું સુખ જોઈતું હોય, કાયમને માટે આ ચોરી લૂંટફાટમાંથી મુક્તિ મેળવવી હોય તો રાજગૃહી ચાલો ..આ ભવની રઝળપાટ મટી જશે...'

ત્યારે પ્રભવે પૂછ્યું : 'કેમ...? શું કોઈ મોટો દલ્લો હાથ લાગે તેમ છે?'

'હા...રાજગૃહી નગરીના શ્રેષ્ઠિ ઋષભદત્ત પાસે વિપુલ સમૃદ્ધિ છે. ઘડીભર તો કુબેરની સમૃદ્ધિની હાંસી થાય...અને તેના પુત્ર જંબૂકુમારના વિવાહ થવાના છે તેથી શ્વસુર પક્ષેથી પણ વિપુલ ધન મળશે...આવી તક વારંવાર મળતી નથી...'

'ભલે...અમે આવી જઈશું...' પ્રભવ ચોરે કહ્યું.

એમ જ થયું.

લગ્નની રાત્રે જ્યારે જંબૂકુમાર પ્રિયાઓને સંસારની અસારતાનો બોધ આપી રહ્યાં હતાં ત્યારે પ્રભવ તેના સાથીઓ સાથે જંબૂકુમારના ભવનમાં આવ્યો અને અવસ્વાપિની વિદ્યાના પ્રયોગ વડે એક જંબૂકુમાર સિવાય સૌને નિંદ્રાધીન કરી મૂક્યા.

અવસ્વાપિની વિદ્યાની અસર જંબૂ કુમાર પર ન થઈ. કારણ કે પુણ્યશાળી જીવોને પ્રાય: ઈંદ્ર પણ દુઃખ દેવાને સમર્થ થઈ શકતો નથી.

પ્રભવ ચોર આનંદિત થઈને જંબૂકુમારના શયનકક્ષમાં આવ્યો, ત્યારે પ્રભવે જોયું તો અવસ્વાપિની વિદ્યાની અસર જંબૂ કુમાર પર થઈ નહોતી...ઓહ, આ કોઈ શક્તિશાળી માનવી જણાય છે. તે જરૂર મંત્રો જાણતો હશે.

પ્રભવ અને તેના સાથીઓએ ધન એકઠું કરવા માંડયું હતું અને તેના સાથીદારો નિદ્રાવશ થયેલા લોકોના આલંકારો લૂંટવા લાગ્યા. જંબૂ કુમારે આ જોયું તો તેના અંતરમાં ક્રોધ થયો નહિ.

જંબૂ કુમારની આઠેય પત્નીઓને અવસ્વાપિની વિદ્યાની અસર થઈ હતી. આથી પ્રભવ અને તેના સાથીઓ જંબૂ કુમારની પ્રિયાઓના આભુષણો, અમૂલ્ય અલંકારો કાઢવા માટે યત્ન કરવા ગયા ત્યારે જંબૂ કુમારે વિનયપૂર્વક કહ્યું : 'ભાઈ, અહીં મારા વિવાહના પ્રસંગે આવેલા લોકોને સ્પર્શ ન કરો... હું તેમની રક્ષા કરું છું...'

પુણ્યપ્રભાવી જંબૂ કુમારના આ શબ્દો સાંભળતાં જ પ્રભવ સહિત સર્વ તેના સાથીઓ ભીંતે ચીતરેલા પુરુષની પેઠે સ્તંભિત થઈ ગયા.

'ઓહ...! આ શું થઈ ગયું...! આપણને શું થઈ ગયું...! પ્રભવ અને તેના સાથીદારોના હૈયામાં પ્રશ્ન રમવા લાગ્યો.

પ્રભવ ચારે તરફ જોવા લાગ્યો. પ્રભવે જંબૂ કુમારને આઠેય પ્રિયાઓ સાથે જોયો...પ્રભવ ચોરે પોતાનો પરિચય આપતાં કહ્યું : 'કુમારશ્રી, હું વિંધ્ય નામના રાજાનો પ્રભવ નામનો પુત્ર છું. આપ મારી સાથે મિત્રતા બાંધો. આપ પણ વિદ્યા જાણો છો તેથી હર્ષ થાય છે. પિતાએ મને દેશનિકાલ કર્યો તેથી ચૌર્યવૃત્તિથી મારું જીવન પસાર કરું છું. હે શ્રેષ્ઠિપુત્ર, મારા અંતરમાં

હજુ એ પ્રશ્ન શમ્યો નથી કે મારી અસ્વાપિની વિદ્યાની અસર આપને કેમ ન થઈ...! જરૂર આપ મારા કરતાં વધુ વિદ્યા જાણતા હશો...હું હવે આપની સંપત્તિ, ધન વગેરે કશું લઈ જઈશ નહિ. આપણે બન્ને મિત્રો બનીએ. હું અવસ્વાપિની અને તાલોદ્‌ઘાટિની નામની વિદ્યાઓ જાણું છું એ બન્ને વિદ્યા હું આપને શીખડાવી દઈશ. એના બદલામાં મને સ્તંભિની વિદ્યા શિખડાવી દો...જે આપ જાણો છો...'

જંબૂ કુમારે પ્રભવ ચોરની વાત શાંતિથી સાંભળી અને મધુર સ્વરે પ્રભવ ચોર સામે જોઈને કહ્યું : 'ભાઈ પ્રભવ, તારી વિદ્યાઓને હું શું કરું ? મારી પાસે એવી વિદ્યા નથી કે જે તને આપું...હું તો સવાર થતાં જ આ ધન, સંપત્તિનો ત્યાગ કરીને સંયમના માર્ગે ચાલ્યો જઈશ. આ સંસાર મોહ, માયા, લોભ, ક્રોધ, વૈરથી ભરેલો છે. જ્યાં સુખ નથી, જ્યાં શાંતિ નથી એ સંસારને ત્યાગીને ત્યાગનો માર્ગ સ્વીકારવો છે...સર્વત્યાગનો માર્ગ નિરાળો અને સર્વોત્તમ છે. ત્યાગ એ જીવનનો પરમમંત્ર છે... ત્યાગ એ તો આત્મદર્શન માટેનું પ્રથમ મંગલ ચરણ છે. આત્મસુખ પ્રાપ્ત કરવાનું પરમ સાત્ત્વિક ધ્યેય ત્યાગમાં જ છૂપાયેલું છે. મોહ, માયાથી ભરેલા સંસારજીવનમાં ક્યારેય સુખ પ્રાપ્ત થતું નથી, તેમાં મેળવવાની ભાવના છે ત્યારે ત્યાગમાં રસનાને છોડવાની ભાવના છે...જે આપણું છે જ નહિ...હતું જ નહિ... તેને આપણું માનીને રહીએ તેમાં સુખ નથી...પરંતુ જે લોકો પોતાનું માને છે અને પોતાનું કરી લેવા ફાંફાં મારે છે તે જીવ ક્યારેય સુખ પામતો નથી પણ ભવભ્રમણના ચક્કરમાં ભટક્યા કરે છે. તેને ક્યારેય સંતોષ થતો નથી...તેની લાલસા ક્યારેય પૂરી થતી નથી.'

જંબૂકુમારના ઉત્તરથી પ્રભવ ચોર સંતોષ પામ્યો અને વિચારમાં ગરકાવ થયો 'ઓહ...જેના આજે જ વિવાહ થયા છે...અતિ રૂપવતી, અનિંદ્ય સૌંદર્ય ધરાવતી, નમણી પ્રિયાઓનો સંગાથ છોડીને સાધુ થવા તૈયાર થાય છે. જેણે સંપત્તિ, વૈભવવિલાસને ઠોકર મારી છે તે આ કુમાર આવતી કાલે દીક્ષા અંગીકાર કરવા મક્કમ બન્યા છે. ધન્ય છે તેમના વિચારોને...ધન્ય છે તેમની નિષ્ઠાને.. પણ હું... ધનના લોભને વશ થઈને કેવા નિંદ્ય કાર્ય કરી રહ્યો છું. થોડું સુખ મેળવવા માટે કેવા અપકૃત્ય કરી રહ્યો છું...મેં મારા જીવનમાં કેટલીય ચોરીઓ કરી, લૂંટફાટો કરી...અનેક ઘર લૂંટયા...અનીતિનું ધન જ ભેગું કર્યું...ધનના લોભે તો મારું જીવન બરબાદ થઈ ગયું...હું કરણીય–અકરણીય કર્મોના ભેદોને ભૂલી ગયો...હું પાપી છું.. મેં અનેક પાપ કર્યા છે...' પ્રભવ ચોર રડી પડયો.

પ્રભવ ચોર શક્તિશાળી હોવા છતાં આજ તેની સામે કરેલા દુષ્કર્મો દેખાતા હતા...પ્રભવ ચોરની આંખમાં આંસુની ધારા વહેવા લાગી...તે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો...

જંબૂકુમારે પ્રભવ ચોરને શાંત પાડયો.

પ્રભવ ચોરે કહ્યું : 'કુમારશ્રી, આપની ત્યાગભાવના સુંદર હોવા છતાં આજ આપના આંગણે અપૂર્વ સૌંદર્ય ધરાવતી સ્ત્રીઓ પત્ની-રૂપે આવી છે. તેની આશા, ઊર્મિ વિના કારણે ચગદાઈ જશે... આપ હજુ યૌવનકાળમાં પ્રવેશી રહ્યા છો. આથી પત્નીઓ સાથે સંસાર માણીને યોગ્ય સમયે દીક્ષા લેશો તો તે વધુ શોભી ઉઠશે...'

જંબૂકુમારે ઘણી જ સ્વસ્થતાથી સમજાવતાં અને મધુબિંદુનું દૃષ્ટાંત આપતાં જણાવ્યું : 'ભાઈ પ્રભવ, વિષયભોગથી ઉત્પન્ન થતું સુખ ક્ષણિક છે. અને તેમાં દુઃખ અનંત છે. વિષયભોગથી માનવીની વાસના સંતોષાય છે, જેમાં સુખ મળતું હોય તેમ જણાય

છે. વિષયાંધની પાછળ મગ્ન બનેલો માનવી સ્ત્રીને કેવળ ઉપભોગનું જ સાધન માનતો હોય છે અને વિષય સેવનનું સુખ સરસવ કરતાં પણ ઓછું છે અને દુ:ખ મધના બિંદુવાળા પુરુષની માફક વિશેષ છે...તેની કથા હું જણાવું છું...'

જંબૂકુમારે બે પળ શ્વાસ ખાઈને મધુબિંદુ વિષે જણાવતાં કહ્યું : 'ભાઈ પ્રભવ, સંસારમાં માનવી ગમે તેટલો સુખી હોય અથવા તો પોતાની જાતને પરમ સુખી માનતો હોય તો તે માત્ર તેની ભ્રમણા જ છે. જ્યારે આત્મદર્શન થાય છે ત્યારે જ પરમ સુખનો આનંદ પ્રાપ્ત થાય છે. ભીમ નામના સાર્થવાહની સાથે એક પુરુષ એક ગામથી બીજે ગામ ભ્રમણ કરતો હતો. એક વાર તે સાર્થવાહ ભયંકર અટવીમાં પ્રવેશ્યો. આ અટવીમાં લૂંટફાટ વિશેષ થતી હતી. સાર્થવાહ આ વાત જાણતો હતો છતાં તે માર્ગેથી જવા પ્રેરાયો. સાર્થવાહની સાથે પેલો પુરુષ પણ જતો હતો. ત્યાં સામેથી દસ્યુની ટોળકી આવી. દસ્યુ લોકોએ સાર્થવાહને લૂંટી લીધો. પેલો પુરુષ ત્યાંથી નાસી છૂટયો, સાર્થમાં રહેલા અન્ય લોકો પ્રાણ બચાવવા ચારે તરફ જ્યાં ઇચ્છા પડે તે રીતે નાસી છુટયા. સાર્થથી છૂટો પડેલો પેલો પુરુષ ખૂબ જ ભય પામ્યો હતો. તે પુરુષે પાછળ નજર કરી તો એક હસ્તીને પોતાની પાછળ આવતો જોયો. આથી તે પુરુષ ખૂબ જ ભય પામ્યો. હાથીના ગંડસ્થળમાંથી મદ ઝરતું હતું. આકાશમાંથી જાણે વાદળોને ખેંચી લાવવા હોય તેમ તેણે પોતાની સૂંઢ ઊંચી કરી હતી. હાથીનું મુખ તપાપેલા ત્રાંબા જેવું રાતું હતું. ત્યાં હાથીએ મેઘગર્જના કરી. જાણે સાક્ષાત યમદૂત બનીને આવ્યો હોય તેવો ક્રોધિત થયો હતો. આથી પેલો પુરુષ ગભરાયો અને કઈ દિશાએ જવું તે નક્કી કરી શકતો નહોતો. તે પુરુષ પ્રાણ બચાવવા ભારે મહેનત

કરી રહ્યો હતો ત્યાં તે પુરુષે તૃણથી આચ્છિત એક કૂવો જોયો. તે પુરુષે વિચાર્યું કે આમ હું દોડતો રહીશ તો કદાચ હાથી મને મારી નાંખશે તે કરતાં આ કૂવામાં કુદી પડું તો વળી કદાચ બચી જવાય. આથી તે પુરુષે કૂવામાં ઝંપલાવ્યું. કૂવામાં પડતાં તેના હાથમાં તે કૂવાના કાંઠે જ ઉગેલા એક વડના ઝાડની શાખા આવી ગઈ. તે પુરુષ તે વડની શાખા પકડીને કૂવામાં અદ્ધર લટકી રહ્યો. પેલો હાથી પણ તેની પાછળ કૂવા પાસે આવ્યો. તે પુરુષને પકડી લેવા સૂંઢ કૂવામાં નાખી પરંતુ હાથી તે પુરુષને પકડી શકયો નહિ.'

થોડી વાર પછી ફરીને જંબૂકુમારે કહ્યું : 'તે કૂવામાં લટકી રહેલા તે નિર્ભાગી પુરુષે કૂવામાં નીચે દૃષ્ટિપાત કર્યો તો તે પુરૂષે કૂવાની અંદર એક વિશાળકાય અજગરને જોયો. અજગરને થતું હતું કે હમણાં જ મારો ભક્ષ મને પ્રાપ્ત થશે એ આશાએ અજગરે મોઢું ફાડયું હતું. ઉપરાંત ચારે ખૂણે ચાર સર્પને મુખ પ્રસારીને રહેલાં જોયાં દુષ્ટ બુદ્ધિવાળા તે સર્પો પણ તે પુરૂષને દંશ આપવાની ઇચ્છાએ ફણાઓ ઊંચી કરીને ફુંફાડા મારી રહ્યાં હતાં. અને ઉપરના ભાગે વડના ઝાડની તે ડાળ કાપતા એક શ્વેત અને એક કૃષ્ણ એમ બે ઉંદરોને જોયા. પેલો મદોન્મત હસ્તિ તે પુરૂષને પકડવામાં નિષ્ફળ થયો હોવાથી વધુ ક્રોધિત થયો હતો. તેથી આખા વડને ઉખેડી નાંખવાની ઇચ્છાથી તે વૃક્ષને હલાવી રહ્યો હતો. તે પુરૂષ ડાળી હલવાથી ગભરાયો. તેણે મજબૂત રીતે ડાળી પકડી.'

'હવે જે શાખાને પેલો હાથી હલાવતો હતો તે શાખા પર એક મધપૂડો હતો. તે હાલવાથી માખીઓ પણ ઊડી ઊડીને તે પુરૂષના શરીરે દંશ દેવા લાગી. ઊંચી પાંખવાળી માખીઓએ તેનું શરીર રૂંધી નાંખ્યું...આથી તે પુરૂષ કૂવાની બહાર આવવા અદમ્ય ઇચ્છા ધરાવવા લાગ્યો.

'આ પ્રમાણે હસ્તી વૃક્ષ હલાવતો હતો, ઉંદરો શાખા કાતરતા હતા, નીચે અજગર અને સર્પ તે પુરૂષને ભક્ષ્ય કરવા અને દંશ દેવા ઈચ્છતા હતા, આ બધું તેને ખૂબ જ ભયંકર લાગ્યું. એટલામાં ઉપર રહેલા મધપૂડામાંથી મધનું બિંદુ પડવા લાગ્યું. તે તેને સુખ-કારક જણાયું. મધનું એક એક બિંદુ વારંવાર તે પુરૂષના લલાટ પર પડતું હતું અને ત્યાંથી દડતું દડતું તે પુરુષના મોમાં જતું હતું. આ મધુબિંદુના સ્વાદમાં તે પુરૂષને અનહદ સુખ પ્રાપ્ત થયું હોય તેમ માનવા લાગ્યો. આ કારણે બીજા દુઃખો ભૂલી ગયો.

'જ્યાં સુધી હૃદયમાં મૂઢતાનો વાસ છે ત્યાં સુધી જ આ વિષયો પ્રાણીને પરમ સુખ આપે છે. પરંતુ તત્ત્વવિદ્ કે જે જાણે છે, જે સમજે છે તેવા પુરુષોના અંતરમાં નથી વિષય કે નથી કોઈ પણ પ્રકારનો પરિગ્રહ...ભાઈ પ્રભવ, તેવામાં કોઈ વિદ્યાધર આકાશ માર્ગેથી તે કૂવા પાસે થઈને જતો હતો તેના હૈયામાં પેલા પુરુષની દયનીય સ્થિતિ જોઈને કરુણા ઉપજી. તે વિદ્યાધરે નજીક આવીને તે પુરુષને કહ્યું: 'હે ભાઈ, તું મારો હાથ પકડી લે અને બહાર આવી જા...' વિદ્યાધરની વાત સાંભળીને પેલો પુરુષ બોલ્યો: 'એક ક્ષણ ઊભા રહો...એક મધુ બિંદુ મારા મુખમાં પડવા દો.' આમ વિદ્યા-ધરે ઘણી વાર ઉપર આવવા માટે કહ્યું પરંતુ તે પુરુષ મધુબિંદુના અલ્પ સુખને ત્યાગીને બહાર આવ્યો જ નહિ. આથી વિદ્યાધર તેના સ્થાને ચાલ્યો ગયો.' જંબૂ કુમારે કહ્યું.

થોડી વાર પછી જંબૂ કુમારે પ્રભવ સામે જોઈને કહ્યું: 'પ્રભવ, આ દૃષ્ટાંતનો અર્થ જાણી લે...જે પુરુષ કહ્યો તે સંસારી જીવ છે. વિકટ અટવી તે ભવ જાણવો, હસ્તી તે મૃત્યુ. જે કૂવો તે મનુષ્યભવ, અજગર તે નર્ક, ચાર દિશાએ જે ચાર સર્પ હતા તેને તું ચાર કષાય માનજે. ચાર કષાયો જેવાં કે ક્રોધ, માન, માયા અને લોભી, વડનું

વૃક્ષ તેને આયુષ્ય માનજે. બે શ્વેત અને કૃષ્ણ ઉંદર તે આયુષ્યને ક્ષય કરવામાં તત્પર શુકલપક્ષ અને કૃષ્ણપક્ષ. જે મધમાખીઓ કહી તે સંસારની વ્યાધિઓ જાણવી...મેં જે મધનું બિંદુ કહ્યું તે વિષય- જન્ય ક્ષણિક સુખ સમજવું. તેમજ વિદ્યાધર તે સદ્દગુરુ જાણવા. પ્રભવ, આવા અસાર સંસારમાંથી જે નીકળી જાય છે તેઓ મુક્તિને વરે છે. અને અન્ય પેલા પુરુષની માફક નરકાદિ દુ:ખના ભક્તો બને છે.'

પ્રભવે કહ્યું: ' ઓહ ..આવા અસાર જણાતાં સંસારમાં રહે- વાની કે ભૌતિક સુખ ભોગવવાની ઈચ્છા થાય જ નહિ...'

જંબૂ કુમારે કહ્યું: ' પ્રભવ, મને તો શ્રી સુધર્મા સ્વામી જેવા તાર- નાર ગુરુદેવ મળ્યા છે તો હું શા માટે આ અપાર અને દુ:ખજન્ય ભવસાગરમાં ડૂબું ? '

પ્રભવે અત્યંત પ્રસન્નતા દર્શાવીને કહ્યું: ' કુમારશ્રી, આપને ધન્ય છે. આટલી નાની ઉંમરમાં આપ સંસારને ઓળખી શકયા છો... આત્મા ઉન્નતિનો માર્ગ જાણી ગયા છો. આપની સરખામણીમાં હું કેટલો નિમ્ન કક્ષાનો પુરુષ છું. ખરેખર મને મારી જાત પર ધિકકાર થાય છે. પરંતુ આપની ત્યાગભરી અને દીર્ઘ દૃષ્ટિથી યુક્ત વાણીથી મારા અંતરને પરમ આનંદ થાય છે. હું મારો ચૌર્યકલાનો વ્યવસાય છોડી દેવા માંગુ છું. કુમારશ્રી, આપ મને જણાવો કે શું હું આપની જેમ આત્મકલ્યાણના પંથે જઈ શકું ખરો ? મને મળેલો માનવ ભવ તારી શકું ખરો ? આપ મને નવી દૃષ્ટિ આપો, હવે હું મારા જીવનનો રાહ બદલાવવા માંગુ છું...આપ મારા પર કૃપા કરીને જીવન માંગલ્યનો માર્ગ બતાવો...જ્ઞાનપિપાસુને જ્ઞાન આપવા કૃપા કરો...અમે આ ક્ષણે જ અમારો વ્યવસાય ત્યજીને ભવસાગર તરી જવા પ્રવ્રજ્યા અંગીકાર કરીશું...'

જંબૂકુમારને પ્રભવની વાત સાંભળીને અત્યંત આનંદ થયો.

જંબૂ કુમારે પ્રભવ અને તેના સાથીઓને મંગલમય વાણીમાં સંસારનું સ્વરૂપ જણાવ્યું. ત્યાગનું મહામાત્ય જણાવ્યું.

અને પ્રભવનું મન જિનશાસનમાં રમવા લાગ્યું. પ્રભવે જંબૂ-કુમારને જણાવ્યું: ' કુમારશ્રી, હું અને મારા તમામ સાથીદારો દીક્ષા અંગીકાર કરીને આત્મકલ્યાણના મંગલમાર્ગ તરફ પ્રયાણ કરીશું. આપ અમારા જીવનના દૃષ્ટા બન્યા છો. આત્મકલ્યાણનો મંગલમય માર્ગ દર્શાવ્યો છે...'

જંબૂ કુમારે પ્રભવ અને તેના સાથીઓની મંગલ કામના કરી.

પ્રભવ અને તેના સાથીદારો ધન્ય બની ગયા. તેઓ સૌએ જંબૂ કુમારનો સહૃદય આભાર માન્યો અને વિદાય લીધી.

પ્રભવ અને તેના સાથીઓ તુરત જ પોતાના સગાં-સ્નેહીઓની અનુમતિ મેળવવા ચાલ્યા ગયા. સૌના હૈયામાં સંયમનો મંગલમય હેતુ રહ્યો હતો અને આત્મકલ્યાણનું મંગલમય ધ્યેય સ્થપાઈ ગયું હતું.

જે પ્રભવ ચોરના નામથી લોકો ધ્રૂજી ઊઠતા અને ચોરી, લૂંટ-ફાટ જ તેનો વ્યવસાય હતો તે પ્રભવ ચોરના જીવનમાં એકમાત્ર નિમિત્ત મળી જવાથી ભવસાગર પાર કરવાનો મંત્ર મળી ગયો.

જ્યારે પ્રભવ ચોર તેના સાથીઓ સાથે જંબૂ કુમારના ભવનમાં ચોરી કરવા અર્થે આવ્યો હતો ત્યારે અખૂટ લૂંટ કરીને આ ભવની રઝળપાટ ટાળવી હતી ત્યારે પ્રભવ ચોરે તો ભવોભવની રઝળપાટ ટળે તેવું ધન મેળવ્યું. પ્રભવનું હૃદય પરિવર્તન થયું.

આજ પ્રભવનું અંતર આનંદ અનુભવતું હતું. જ્યારે હૈયામાં દુ:ખ, સુખ, ક્રોધ, મોહ, માન, માયા, લોભ જેવા તત્ત્વો ન રહે ત્યારે આત્મા અતિ પ્રસન્ન બની જાય છે.

પ્રભવ અને તેના સાથીઓ જે હેતુથી, જે ધ્યેયથી રાજગૃહી નગરીમાં જંબૂકુમારને ત્યાં ધન મેળવવા આવ્યા હતા તેનાથી અપાર

અને ક્યારેય પ્રાપ્ત ન થઈ શકે તેટલી સંપત્તિ લઈને જતાં હતાં ત્યારે કોઈના મુખ પર ભયની છાયા કે વૈરની ભાવના રમતી નહોતી પરંતુ સન્માર્ગે જવાનો આનંદ વરતાતો હતો.

આનું નામ જ સંસાર છે. જો માનવીને નિમિત્ત મળી જાય તો માનવી ભવોભવની રઝળપાટમાંથી મુક્ત થવા પ્રેરાય છે. અને આત્મ-ઉન્નતિના મંગલ ચરણે પગલાં પાડે છે.

જંબૂકુમારની વાણીથી, વર્તનથી, પ્રભવે અને તેના સાથીઓએ પોતાનો માર્ગ બદલ્યો અને સંયમનો માર્ગ ધારણ કરવાની ઇચ્છા મનમાં રાખીને અનુમતિ લેવા પોતાની પલ્લી તરફ વળ્યા.

ત્યારે રાત્રિનો પ્રથમ પ્રહર ચાલી રહ્યો હતો.

ચંદ્રનો પ્રકાશ જાણે જંબૂકુમારની પ્રતિભાને વંદી રહ્યો હતો. જંબૂકુમારની આઠેય પ્રિયાઓ પ્રભવની અવસ્વાપિની વિદ્યાથી ક્યાર-નીય મુક્ત બની ગઈ હતી.

આઠેય પ્રિયાઓના અંતરમાં સ્વામીને પોતાના કરવાની ભાવના રમતી હતી. અને આ માટે સ્વામી સાથે લાંબી ચર્ચા થશે તેમ સૌ જાણતાં હતાં. તેથી જંબૂકુમારની આઠેય પત્નીઓ સ્વામીને મહાત કરવા પૂરી તૈયારી કરી રહ્યા હતા અને તે અંગે વિચારી પણ લીધું હતું.

# ૧૫ : : સત્ય સમજાયું...!

રાત્રિકાળ ચાલી રહ્યો હતો.

જે મિલનની રાત હતી ત્યાં આજે રસ અને ત્યાગની ચર્ચા ચાલી રહી હતી. જંબૂકુમાર તેની આઠેય પ્રિયાઓને સંસારનું રહસ્ય સમજાવતો હતો. પ્રભવ ચોર તો જંબૂકુમારની ઉપદેશાત્મક વાણીથી પ્રભાવિત થઈને તેના પાંચસો સાથીદારો સાથે દીક્ષા લેવાની ભાવનાવાળો થયો. જંબૂકુમારની રજા મેળવીને તે તરત જ પોતાની પલ્લીમાં જઈને અનુમતિ મેળવીને પાછો ફરે છે તે જણાવતો ગયો.

ઋષભદત્ત શેઠના ભવનની સાતમી ભૂમિ પરના શયનખંડમાં જંબૂકુમાર અને તેની આઠ પ્રિયાઓ સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના, કનકસેના, નભસેના, કનકશ્રી, કનકવતી અને જયશ્રી રસપ્રદ ચર્ચામાં મગ્ન બન્યા હતા.

સમુદ્રશ્રીએ જંબૂકુમાર સામે જોઈને કહ્યું: 'સ્વામી, આપ જે કંઈ નિર્ણય લો છો તે પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે તેવો નથી ને! જો જો એવું કાર્ય ન કરતાં કે જેથી બગ ખેડૂત જેવી સ્થિતિ

ઊભી થાય...આપ જે માર્ગ ધારણ કરવા માગો છો તેની પ્રાપ્તિ માટે કેવી કઠોર સાધના અને તપ કરવું પડે છે? અમે આપના શુભચિંતક છીએ. સ્વામી, સંસારના સર્વોત્તમ સુખોને ત્યજીને માનવી સર્વત્યાગનો કંટાળાજનક માર્ગ પસંદ કરે છે. જે છે તેને માણી લેવું તે ડાહ્યા પુરુષનું કર્તવ્ય છે. આપને ત્યાગ પાછળ કેટલી મુશ્કેલીઓ છે તેનો ખ્યાલ નથી. આપ ત્યાગનો માર્ગ સ્વીકારશો તો શું મનને સ્થિર રાખી શકશો? આપ જે મેળવવા ઇચ્છો છો તે મળશે જ તેમ નક્કી થતું નથી. જ્યારે આ સંસારના ભૌતિક સુખો આપણા ચરણો ચૂમે છે. આટલી સમૃધ્ધિ, વૈભવ છોડીને આપને સર્વસ્વ ત્યાગવાનું કેમ મન થાય છે? આથી હું કહું છું કે આપની સ્થિતિ પેલા બંગ ખેડૂત જેવી ન થાય...!'

જંબૂકુમાર શાંતચિત્તે સમુદ્રશ્રીની વાતને સાંભળી રહ્યા હતા.

સમુદ્રશ્રીએ કહ્યું: 'નાથ, આપ બંગ ખેડૂત વિષે જાણો છો ને?'

'નહિ...બંગ ખેડૂતની વાત જણાવો...' જંબૂકુમારે ઉત્સુકતાથી પૂછ્યું. જંબૂકુમારની ઉત્સુકતા જોઈને સમુદ્રશ્રી હર્ષિત બની અને સ્વામીને રીઝવવામાં પોતાનો પ્રયત્ન સફળ થશે તેમ લાગ્યું.

સમુદ્રશ્રીએ મધુર સ્વરે કહ્યું: 'સ્વામી, ઘણા સમય પહેલાંની વાત છે. સુસીમ નામના ગામમાં એક કૃષિકાર રહેતો હતો. આ પ્રદેશમાં લગભગ દુકાળ જેવી જ પરિસ્થિતિ રહેતી. કૂવા ખોદી-ખોદીને કૃષિકારો શ્રમિત બની જતા છતાં જળ પ્રાપ્ત થતું નહિ. આથી ખેતીના કાર્યમાં પાણી વગર ચાલે નહિ. જળના અભાવે આ પ્રદેશમાં ખેતી બરાબર રીતે થતી નહિ. આ ક્ષેત્રમાં કંગુ, કોદ્રા ચણા, બંટી, ચોળા વગેરે ધાન્ય તે બંગ કૃષિકારે પોતાના ખેતરમાં વાવ્યા.

આ વિસ્તારમાં રહેતા પ્રજાજનોનું જીવન પણ નિરસ ભાસતું

હતું. જ્યાં નિરસતા હોય ત્યાં નવું જાણવાની તમન્ના શી રીતે ઊભી થાય ?

બંગ ખેડૂત પોતાના પરિવાર સાથે આ ગામમાં રહેતો હતો. એક દિવસ તે પોતાના શ્વસુરગૃહે ગયો, ત્યાં સ્વજનોએ તેને ગોળ મિશ્રિત માલપુડા જમાડયા.

બંગ ખેડૂત માલપુડાના સ્વાદથી ખૂબ જ હર્ષ પામ્યો. બંગ ખેડૂતે સ્વજનોને હર્ષપૂર્વક જણાવ્યું: 'ઓહ...આપના જીવનને ધન્ય છે...'

પુત્રીના સસરાએ કહ્યું : 'આપ કઈ રીતે કહો છો ?'

બંગ ખેડૂતે કહ્યું : 'જેમનો આવો અમૃત સમાન આહાર છે...સ્વપ્નમાં પણ મેં આવો આહાર જોયો નથી. સાચું જણાવું તો કાંગ અને કોદરા આરોગીને અમારા આંતરડા બળી ગયા છે. આપ મને જણાવો કે આ વસ્તુ શી રીતે બને છે? કઈ રીતે ઉત્પન્ન કરાય છે ?'

ત્યારે સ્વજનોએ બંગ ખેડૂતને શેરડી અને ઘઉંની ઉત્પત્તિની રીત જણાવી. બંગ ખેડૂતના અંતરમાં એવી લાલસા જાગૃત થઈ કે હવે કાયમ આ શેરડી અને ઘઉં વાવીને પરમ સુખ મેળવી શકશે.

બંગ ખેડૂત શેરડી અને ઘઉંનું બીજ લઈને પોતાને ગામ પાછો આવ્યો. બંગ ખેડૂને જોયું તો લોકો આનંદથી ખેતરમાં બેસીને વાતો કરી રહ્યાં હતાં. દરેકના ખેતરોમાં કંગુ, કોદ્રા, ચણા, બંટી, ચોળા, મગ આદિ ધાન્ય લહેરાતા હતા.

બંગ ખેડૂતે ગામના લોકોને પોતાની પાસે બોલાવ્યા અને ખૂબ જ પ્રેમથી કહ્યું : 'ભાઈઓ, આજ સુધી આપણે અંધકારમાં જ રહ્યાં. વર્ષોથી એકનું એક ધાન્ય પકાવીને જીવન પસાર કરીએ છીએ. જે જીભને સુંદર સ્વાદ આપે એવું તો ક્યારેય આપણે વાવ્યું નથી...'

'એટલે તું શું કહેવા માગે છે ?' એક વૃધ્ધ ખેડૂતે કહ્યું.

'બાપા, મારું કહેવું એમ છે કે આજ સુધી કાંગ અને કોદરા ખાઈને જીવન પસાર કર્યું. આપણા પ્રદેશમાં દુકાળની પરિસ્થિતિ છે તે વાતની મને ખબર છે પરંતુ જો શેરડી અને ઘઉં વાવવામાં આવે તો તેનો સ્વાદ દાઢે રહી જાય તેવો છે. આપણે આ કાંગ અને કોદરા વાવવામાં સમય અને મહેનતનો દુરુપયોગ કરીએ છીએ. આ બધી મહેનત કરવા છતાં આપણને સંતોષ થતો નથી. આપણે સૌ શેરડીની ખેતી કરીએ.. ઘઉં વાવીએ.. હું આપને શેરડીના બી આપીશ અને શેરડીનો સ્વાદ તો જીવનમાં યાદ રહી જશે. આથી આપ સૌ તુરત આ અર્ધ ઉગેલા પાકને કાપીને ફેંકી દો અને શેરડીનું વાવેતર કરો.'

'ના.. ભાઈ...ના...અમે એમ નહિ કરીએ...અરે...ઉગવા આવેલા પાકને કંઈ તોડી પડાતો હશે...બંગ, તું આવી મૂર્ખાઈ ભરી વાતો અમને ન કહે...પહેલા તું તારા ખેતરનો પાક કાપીને ફેંકી દે...' એક ખેડૂતે કહ્યું.

'હા...હા...હું તો એમ જ કરવાનો છું...આપ કોઈ મારું નહિ માનો તો કંઈ નહિ. જ્યારે મારા ખેતરમાં શેરડી થશે ત્યારે આપ સૌને બતાવી દઈશ...' બંગ ખેડૂત ક્રોધિત થયો. તેના મનમાં થયું કે મારા પક્ષમાં કોઈ નથી તો કંઈ નહિ. શેરડીના બી હું મારા ખેતરમાં વાળી દઈશ. જ્યારે શેરડીનો પાક ઉતરશે ત્યારે આ મૂર્ખ લોકો પસ્તાવાના છે અને મારી પ્રશંસા કરીને શેરડી ચાખવા માંગશે પરંતુ હું ત્યારે કહેવામાં બાકી રાખીશ નહિ.

આમ બંગ ખેડૂતની વાત કોઈએ સાંભળી નહિ. એથી તે તરત જ તેના પરિવાર પાસે ગયો. સૌને શેરડી અને ઘઉંની વાત જણાવી. પરિવારના સભ્યોએ શાંતિથી બંગ ખેડૂતની વાત સાંભળી.

બંગ ખેડૂતે આગ્રહ કર્યો કે આજને આજ અને અત્યારે જ આપણા કાંગ અને કોદરાનો પાક કાઢી નાંખીને ખેતરમાં શેરડી વાવવામાં આવે. મારે ગામલોકોને બતાવી આપવું છે કે મારી વાતમાં જરા પણ અસત્યનો અંશ નહોતો.

બંગ ખેડૂતના પરિવારના સભ્યો તેની ઉતાવળથી પરેશાની અનુભવવા લાગ્યા.

પરંતુ બંગ ખેડૂત હઠે ચડયો હતો. તે ખેડૂતના પુત્રોએ પિતાને સમજાવ્યા અને કહ્યું : 'પિતાજી, આ અર્ધ પાકેલી ખેતી આપણા કુટુંબની આજીવિકા છે. તને શા માટે તૃણની જેમ લણી નાંખવી જોઈએ ?'

ત્યારે બંગ ખેડૂતે કહ્યું : 'પુત્રો, તમારામાં વિચારવાની દૃષ્ટિ જ ક્યાં છે ? આ કોદરા અને કાંગ શા કામના છે ? આવું ખાઈખાઈને તો ધરાઈ ગયા છીએ. હું ખેતરમાં ઘઉં અને શેરડી વાવવાનો છું તે ઉગશે એટલે તેનાથી ગોળના માલપુડા ખવાશે...'

'પિતાજી, આપની વાત સાચી છે. પણ શેરડી વાવવાની આટલી ઉતાવળ શા માટે ? આપણે જે પાક વાવ્યો છે તે થોડા દિવસોમાં પાકી જશે. પાક ઉતારી લઈએ પછી આપ ખેતરમાં શેરડી વાવી દેજો...થોડો સમય રાહ જોવાની છે.'

'ના...મારામાં એટલી રાહ જોવાની ધીરજ નથી...' બંગ ખેડૂતે કહ્યું. પુત્રોએ પિતાને ઘણું સમજાવ્યું પણ બંગ ખેડૂત માન્યો નહિ.

આથી બંગ ખેડૂતે કાંગ અને કોદરાનું ખેતર લણી નાંખ્યું અને જમીન મેદાન જેવી સાફ કરી મૂકી.

ત્યારબાદ તે બંગ ખેડૂત કૂવો ખોદવા બેઠો. પરંતુ પાણી નીકળ્યું નહિ. બંગ ખેડૂત તો ભાવિ સુખની કલ્પનામાં રાચતો

હતો કૂવો ખોદતાં પાણી ન આવ્યું તો કંઈ નહિ પણ બંગ ખેડૂતે શેરડી વાવી દીધી. શેરડી વાવ્યા પછી સંતોષ થયો.

બંગ ખેડૂત તો આશાના તોરણો વચ્ચે ઝુલવા લાગ્યો. માનવી પણ આશાના મિનારા રચે છે. સંસારમાં પડેલો માનવી ઇચ્છા કે આશારહિત હોતો નથી. મારું કાર્ય સફળ થશે જ તેવી ઇચ્છા કે આશા અંતરમાં રમતી હોય છે. ઇચ્છા અને આશા એના જીવતરનું સ્વપ્ન હોય છે. એ સ્વપ્નને સિદ્ધ કરવા ખાતર માનવી જીવનભર પરિશ્રમ કરતો હોય છે છતાં સર્વની આશા સફળ થતી નથી.

બંગ ખેડૂતે ખેતરમાં શેરડી વાવી દીધા પછી જાણે નજર સમક્ષ શેરડીના પાકથી ખેતર લહેરાતું દેખાવા લાગ્યું અને નજર સામે માલપુડા દેખાવા લાગ્યા.

પરંતુ બંગ ખેડૂતનું દીવાસ્વપ્ન વધુ સમય સુધી ટકી શક્યું નહિ. તેની આશાઓનો અંત આવ્યો. શેરડી તો વાવી પરંતુ પાણી વગર કઈ રીતે પાક ફળે...?

બંગ ખેડૂતે બીજા અનેક કૂવાઓ ખોદ્યા

મળી માત્ર નિરાશા...!

ક્યાંયથી જળ પ્રાપ્ત ન થયું.

બંગ ખેડૂતને આંખમાં આંસુ આવી ગયા. ગામના લોકો તેની મૂર્ખતા પર હાસ્ય કરતા હતા.

બંગ ખેડૂતના પરિવારના સભ્યો શું કહે ? પુત્રોએ કહેલી વાત જ ન માની કે ગણકારી...બંગ ખેડૂતને તો પસ્તાવાનો પાર ન રહ્યો.

બંગ ખેડૂતના સમગ્ર પરિવારને ભૂખે મરવાનો વારો આવી ગયો. હવે કંઈ થઈ શકે તેમ નહોતું...!

માનવી સુખ મળશે તેમ માનીને દોડે છે પરંતુ વાસ્તવિકતાનો ખ્યાલ કરતો નથી ત્યારે અત્યંત દુ:ખી બની જાય છે.'

આમ સમુદ્રશ્રીએ બંગ ખેડૂતની વાત પૂરી કરી.

સમુદ્રશ્રીએ જોયું કે જંબૂકુમાર મૌન બનીને બેસી રહ્યો છે માટે જરૂર પોતાનો પ્રયત્ન સફળ થયો છે...માટે સ્વામી કશું બોલતા નથી...

પરંતુ થોડીવારના મૌન પછી જંબૂકુમારે મધુર સ્વરે સમુદ્રશ્રીની સામે જોઈને કહ્યું : 'પ્રિયે, તેં જે કથા મને કહી તે દ્વારા તારું શું કહેવું છે? તારો કહેવાનો હેતુ શું છે?'

સમુદ્રશ્રીએ પ્રસન્નતા લાવીને મધુર સ્વરે કહ્યું : 'સ્વામી, જે માનવી ભાવિ સુખની કલ્પનામાં રાચતા વાસ્તવિકતાને ભૂલી જાય છે ત્યારે તે અત્યંત દુઃખી થાય છે. એ માનવી મનમાં ઉગેલા સુખને પ્રાપ્ત કરવા માટે જે રીતે કાર્યશીલ થવા ઇચ્છે છે તેનો નિર્ણય કરી શકતો નથી, ને વાસ્તવિક સુખને, સમૃદ્ધિને સમજી શકતો નથી. આથી તે સુખનો ભોક્તા બની શકતો નથી. તે બન્ને સુખોથી વંચિત રહે છે. સ્વામી, આપે બંગ ખેડૂતના દૃષ્ટાંત પરથી જાણવું જોઈએ કે જે સુખ પ્રાપ્ત થશે કે નહિ તેની ખબર નથી તે મેળવવા જતાં બીજું સુખ ત્યાગવું પડે છે. એનું પરિણામ યોગ્ય તો આવતું જ નથી. આથી આપ આપના અંતરને સ્વચ્છ કરો અને અમારી સાથે સુખમય રીતે જીવન પસાર કરો તેમાંજ આપણા સૌનું શ્રેય રહેલું છે.'

જંબૂકુમાર પત્નીની વાત સાંભળીને જરા પણ ડગ્યા નહિ. સમુદ્રશ્રીને થયું કે સ્વામી મારા પ્રશ્નનો ઉત્તર આપી શકશે નહિ.

પરંતુ જંબૂકુમારે ધૈર્ય ધારણ કરીને કહ્યું : 'સમુદ્રશ્રી, સંસારના ઘોર દાવાનળમાં પોતાના હૈયાની ખાખ કર્યા વગર આત્મ-દર્શન થવું દુર્લભ છે. સંસારના સુખો માત્ર ભ્રમણા જ છે. તેમાં પરમ શાંતિનો અનુભવ થતો નથી, આનંદની અનુભૂતિ થતી નથી. ત્યાગથી માનવી ભવસાગર પાર કરી શકે છે...તરી શકે છે...'

સમુદ્રશ્રીએ વિનયભર્યા સ્વરે કહ્યું : 'સ્વામી, સંસાર તો કર્તવ્યનું ભાન કરાવે છે. ત્યાગ અને સંસાર પરસ્પર વિરોધી હોવા છતાં સમાન જ છે. ત્યાગથી તરી શકાતું હોય તો સંસારથી પણ તરી શકાય છે. જો સંસારથી ડૂબી જવાતું હોય તો ત્યાગથી પણ ડૂબી જવાય છે. તરવું અથવા ડૂબવું એ વ્યક્તિનો પોતાનો પ્રશ્ન છે, સંસારનો કે ત્યાગનો નથી...'

'સમુદ્રશ્રી, સંસારથી મુક્ત રહીને જે ધર્મ માનવીએ બજાવવાનો રહે છે તે ખાસ કરીને લોભ, મોહ, માયા, વૈર વગેરેથી દૂર રહીને આત્મસાધનામાં મગ્ન બનવું પડે છે. સંસારમાં રહીને લોભ, મોહ વગેરે તત્ત્વોથી દૂર રહી શકાતું નથી એ પણ એટલું જ સત્ય છે...'

'સ્વામી, વિચારો, નિશ્ચય અને શ્રદ્ધાને મજબૂત બનાવવા ખાતર સંસાર મોટી કસોટી છે. એની ઉપેક્ષા કરીને જીવનારા ક્વચિત જ જીતે છે. સંસારમાં આદર્શો પ્રત્યે અનુરાગ હોવો જોઈએ, ઘેલછા નહિ.'

'પ્રિયે, માનવી એ આદર્શો પ્રત્યે અનુરાગ રાખે તો મોહમાયામાં સપડાઈ જવાનો ભય રહે છે...'

'તો શું સંસારમાં રહીને ત્યાગની ભૂમિકા પર ચાલનારનું મન એટલું નિબળું સમજવું. આત્મપુરુષાર્થ માટેની તમન્નામાં કંઈક ખામી છે તેમ માનવું. સ્વામી, જેમ આત્મમુક્તિ એ પુરુષાર્થની પરમસિદ્ધિ છે અને તે સિદ્ધિ હાંસલ કરવા સંસારનો પુરુષાર્થ પ્રથમ ખેડવો પડે...'

'પ્રિયે, સંસારમાં રહીને વ્યક્તિ સંસારથી પર રહેવાનો પ્રયત્ન કરે તો પણ માનવીને નષ્ટ અને નિર્બળ કરનારા શત્રુઓ બહારના કોઈ નથી. એ શત્રુઓ કામ, ક્રોધ, લોભ અને માન છે.

આ શત્રુઓથી પ્રથમ મુક્તિ મેળવવી જોઈએ અને સર્વ જીવ પ્રત્યે સમભાવ કેળવવો જોઈએ. સંસારના ભૌતિક સુખોને તિલાંજલિ આપ્યા વિના ત્યાગનો માર્ગ પ્રકાશતો નથી. તારા અંતરમાં જે ભ્રમ છૂપાયો છે કે ભૌતિક સુખોને માણ્યા પછી અથવા તો સંસારનો અનુભવ લીધા પછી ત્યાગની વેદી પર ચાલવું, તારા દૃષ્ટાંતમાં તેં એમ જણાવ્યું કે ભૌતિક સુખોને ન છોડવામાં જ ડહાપણ રહેલું છે, પરંતુ માનવી જેમ ભૌતિક સુખમાં, વૈભવમાં લપેટાતો જાય છે તેમ તેમ તેનામાં મોહ, વાસના, લોભના બીજ ફૂટી નીકળે છે અને એ આંદોલનોમાં તે પોતાનો માર્ગ પણ વિચારી શકતો નથી.'

'સ્વામી, સંસારમાં રહીને પણ ત્યાગની ભૂમિકા ભજવી શકાય છે...'

'પ્રિયે, હજુ તને સત્ય સમજાયું નથી. ત્યાગનો અર્થ કેવળ ભૌતિક સુખોને તિલાંજલિ આપવાનું નથી. પરંતુ અંતરમનમાં રહેલા સઘળા તત્ત્વોને કે જે આત્મસુખ, આત્મદર્શન માટે વિઘ્નરૂપ છે તેનો ત્યાગ કરવાનો છે. હુંપણાની ભાવના દૂર ન થાય ત્યાં સુધી આત્મદર્શન લાધતું નથી...જ્યારે સંસારમાં પડચા પછી પરિગ્રહનો કોઈ કાળે અંત આવતો નથી. ક્ષણિક સુખ ખાતર માનવી એટલો બધો પરિગ્રહ વધારી મૂકે છે કે કરોળીયો જેમ પોતાની જાળમાં સપડાય તેમ નામ પરિગ્રહ રૂપી જાળમાં સપડાતો રહે છે અને સુખ મેળવવા માટેનો લોભ વધતો જાય છે. ડહાપણ તો એમાં જ રહેલું છે કે જે અનંત સુખ માટે પ્રયત્ન કરે...હું મારી વાતને સમજાવવા એક દૃષ્ટાંત રજૂ કરૂં છું...' જંબૂકુમારે કહ્યું.

સમુદ્રશ્રી અને અન્ય જંબૂકુમારની પ્રિયાઓ સ્વામીની વાત સાંભળવા મગ્ન બની.

જંબૂકુમારે મધુર સ્વરે કહ્યું : 'ઘણા સમય પહેલાંની વાત છે. એક ગાઢ વન્ય પ્રદેશમાં બળવાન અને મદોન્મત ગજરાજ રહેતો હતો. તે ગજરાજને કોઈ પણ પ્રકારની મહેનત વિના તે વનપ્રદેશમાંથી જ ખોરાક ઉપલબ્ધ થઈ જતો. ગજરાજ વિશાળકાય હોવાથી વન્ય પ્રદેશના નાના પશુઓ તેનાથી ડરીને ભાગી જતા. આથી મહાબળવાન હસ્તિ વનપ્રદેશમાં ખૂબ જ આનંદથી વીહરતો હતો. આ હાથીને તેની શક્તિ અને વિશાળકાયાનો ગર્વ હતો. તે હાથીની ત્રાડથી જંગલના તમામ નાના મોટા પ્રાણીઓ ભયપ્રદ બની જતાં.

એક દિવસ તે હાથી મૃત્યુને શરણે થયો. જેનો જન્મ તેનું મૃત્યુ નક્કી હોય છે. અને એક દિવસ જે ગર્વથી સારાય જંગલમાં ધ્રૂજારી ફેલાવી રહ્યો હતો તે હાથી આજ નિશ્ચેત બનીને જમીન પર પડયો હતો.

સમુદ્રશ્રી, આનું નામ જ સંસાર છે. હાથી ગર્વ કરતો હતો તેની શક્તિ પર, તેની બળવાન કાયા પર...પરંતુ જે નિશ્ચિત છે તે જોઈ શકતો ન હતો. મૃત્યુ અનિવાર્ય છે તે માનતો નહોતો...અને હાથીના મૃત્યુથી પશુપંખીઓને ઉજાણીનો પ્રસંગ આવી ગયો.

હાથીના મૃત્યુથી જંગલ નિરાપદ બન્યું. વનપ્રદેશના પશુ-પંખીઓ ભયમુક્ત બનીને બહાર આવવા લાગ્યા. જ્યાં હાથી ઢળી પડયો હતો સ્થાને સૌ ભેગા થયા. એ પશુપક્ષીઓના સમૂહમાં એક કાગડો પણ હતો. તે હાથીના મૃત શરીર પર બેસી ગયો અને આનંદભરી કિકિયારી કરવા લાગ્યો.

તે કાગડો હાથીના શરીરને તીક્ષ્ણ ચાંચ મારવા લાગ્યો. થોડી વારના પ્રયત્નો બાદ તે માંસ તોડી લેવામાં સફળ થયો. તે કાગડો ખૂબ જ આનંદથી માંસ ખાવા લાગ્યો. માંસલુબ્ધ તે કાગડાએ ત્યાંજ નિવાસ કર્યો. આજ તેને ઘણા વખતે શ્રેષ્ઠ ખોરાક પ્રાપ્ત

થયો હતો. અને પોતે પરમ સુખી છે તેનો અનુભવ કરતો રહ્યો. સ્વાદમાં એવો મગ્ન બની ગયો હતો કે બીજું કંઈ વિચારી શકતો જ નહોતો.

આમ તે કાગડાએ પોતાનું નિવાસસ્થાન હાથીનું ગુદાદ્વાર રાખ્યું. એવામાં ગ્રીષ્મઋતુ આવતાં હાથીનું ગુદાદ્વાર સંકુચિત થઈ ગયું. ગુદાદ્વાર સંકુચિત થઈ જવાથી કાગડો તેમાં અંદરના ભાગમાં જ રહી ગયો...

પ્રિયે, હવે ધ્યાનથી સાંભળજે. જે સુખ માટે તે ઝંખે છે તેનું પરિણામ કેવું આવી પડે છે...?

થોડા સમય પછી વર્ષાઋતુ આવી.

પાણીથી પૂર્ણ ભરાઈ ગયેલી તે નદીના પાણી હાથીના કલેવરને સમુદ્રમાં તાણી ગઈ.

ત્યાં તેના શરીરમાં જળ પ્રવેશવાથી ગુદાદ્વાર ખુલ્લું થયું અને પેલો ગુદાદ્વારમાં રહેલો કાગડો બહાર આવ્યો.

ત્યારબાદ તે કાગડો હાથીના કલેવર પર બેસીને જોવા લાગ્યો તો ચારે તરફ પાણી જ જોયું.

હવે શું કરવું ? એ પ્રશ્ન કાગડાના અંતરમાં ઊભો થયો.

કાગડાએ વિચારે કર્યો કે અહીંથી ઊડીને સમુદ્ર કાંઠે જાઉં... આથી તે ત્યાંથી ઊડયો.

કાગડાના હૈયામાં જીવ બચાવવાની ઇચ્છા પ્રબળ બની હતી. તે ઊડતો જ રહ્યો...ઊડતો જ રહ્યો પરંતુ સમુદ્રનો કાંઠો આવ્યો જ નહિ....આથી કાગડો પાછો ફર્યો અને હાથીના કલેવર પર બેઠો.

પરંતુ સમુદ્રના જીવો મગર અને મચ્છ હાથીના કલેવરને ફોલવા ઘસડવા લાગ્યા.

અને થોડીવારમાં તે કલેવર જળમાં સમાઈ ગયું.

કલેવરની સાથે કાગડો પણ સમુદ્રમાં ડૂબી ગયો અને મૃત્યુને આધીન થયો.

હે પ્રિયે, જે હાથી મૃત્યુ પામ્યો હતો તેના કલેવર જેવી સ્ત્રીઓ છે. કાગડા જેવા વિષયાંધ પુરુષો છે. સંસાર રૂપી સમુદ્રજળમાં તે ડૂબે છે...આથી હાથીના કલેવર તુલ્ય તમારા પર રાગી થઈને કાગડાની જેમ આ ભવસાગરમાં હું ડૂબીશ નહિ...' જંબૂકુમારે કહ્યું.

'પ્રિયે, મૂર્ખ કાગડાની વાત પરથી તને જણાયું હશે કે જે તેને પ્રાપ્ત સુખો હતા તેનો તે ત્યાગ ન કરી શકયો. લોભ જ તેના મોતનું કારણ બન્યો. સંસારના સુખમાં માનવી રચ્યો પચ્યો રહે છે તેમ તેમ તેનો લોભ વિશેષતઃ વધતો જ રહે છે. આથી લોભરૂપી શત્રુનો ત્યાગ કરવો એજ જીવતરની શોભા ને સુગંધ છે. સંસારના સઘળા સુખો મળ્યા હોય છતાં અંતે તો સુખોને ત્યજીને જવાનું છે. આથી લોભની ભાઈબંધી દૂર કરી મન અને આત્માને હળવા ફૂલ જેવા શા માટે ન બનાવવા ? લોભથી આ સંસારમાં કોઈને લાભ થયો નથી અને થશે પણ નહિ...આથી મેં જે માર્ગ ધારણ કર્યો છે તે સર્વશ્રેષ્ઠ છે અને આત્મા માટે શ્રેયકર છે ..'

'સ્વામી, આપની વાત મને ધીરે ધીરે સમજાય છે...' સમુદ્રશ્રીએ કહ્યું.

'પ્રિયે, માનવી જ્યારે વૈભવ વિલાસમાં આળોટે છે ત્યારે તે આત્માનું કલ્યાણ વિચારી શકતો નથી કારણ કે તે ભૌતિક સુખની માયામાં એટલો લુબ્ધ બની જાય છે કે તે ભાવિનો ખ્યાલ કરી શકતો નથી. સંસારમાં દરેક પ્રાણી સુખ માટે ઝંખતું હોય છે. પરંતુ જ્યાં સુધી બહારની વસ્તુઓમાં સુખ દેખાય છે ત્યાં સુધી સુખનો અનુભવ થતો નથી. તે તૃપ્ત થતો નથી. પ્રિયે, સુખ તો અંતરની વસ્તુ છે. બાહ્ય સુખ કરતાં આત્મસુખનો આનંદ અપૂર્વ

અને અનંત છે. હું તો તને કહું છું કે તું પણ બાહ્યસુખનો ત્યાગ કરીને આત્મકલ્યાણના પંથે પગલા પાડ...જે સુખ સ્થિર નથી તેના પ્રત્યે મોહ શાનો ? જો ભૌતિક સુખ પ્રત્યેના મોહને તજી દેશો તો જ્ઞાનનો પ્રકાશ જરા પણ દૂર નથી.' જંબૂ કુમારે ભાવ ભર્યા સ્વરે કહ્યું.

'સ્વામી, આપે મને દષ્ટિ આપી છે. હું મોહના અંધકારમાં અથડાતી રહી. આપે મારા જીવનમાં પ્રકાશ ફેલાવ્યો છે...' સમુદ્રશ્રીએ મધુર સ્વરે કહ્યું. સમુદ્રશ્રીના મનોમંથનનો રણકાર સંભળાયો. આત્માદ્વારે જાણે ટકોરો પડયો. સમુદ્રશ્રીને સત્ય સમજાયું.

'પ્રિયે, તારું અંતર જાગૃત થયું અને જીવનની વાસ્તવિકતાનો ખ્યાલ આવ્યો તે બદલ મને પણ આનંદ થાય છે. ભૌતિક સુખ વચ્ચે રહીને માનવી આત્મસુખનો ભાગી બની શકતો નથી. તેણે સર્વથા સંસારના સુખોનો ત્યાગ કરવો પડે છે. ઈચ્છાઓને ત્યાગવી પડે છે કે જેમાં સ્વાર્થ પણું હોય, મારાની ભાવના હોય...જ્યાં સુધી માનવીના અંતરમનને ઝકડી રાખનારા તત્ત્વો કે જે માનવીના આત્મકલ્યાણના માર્ગમાં બાધારૂપ બને છે તે દૂર ન થાય ત્યાં સુધી આત્મસુખનો અપૂર્વ આનંદ પ્રાપ્ત થતો નથી. પ્રિયે, જે નાશવંત વસ્તુ છે તેના પ્રત્યે જ અજ્ઞાની જીવો વધારે આકર્ષાય છે. આવી અજ્ઞાનદશા ટાળ્યા વગર પરમપદની પ્રાપ્તિ કોઈ પણ ઉપાયે શક્ય નથી. પરમપદ પ્રાપ્ત કરવું તે આત્માનો પુરુષાર્થ છે અને ભૌતિક સિદ્ધિમાં તન્મય બનવું તે અજ્ઞાનનો સ્વભાવ છે.' જંબૂ કુમારે મક્કમ મને અને સ્પષ્ટ રીતે સમુદ્રશ્રીને કહ્યું.

સમુદ્રશ્રી કશું બોલી શકી નહિ. તેણે જંબૂ કુમારના ચરણોમાં પોતાનું મસ્તક નમાવ્યું અને થોડી વાર પછી તેણે કહ્યું : 'સ્વામી, હું સંસારના સુખને જ અપૂર્વ સુખ સમજતી રહી...આજે આપે

મારી અજ્ઞાન દશાનો પડદો ચીર્યો છે. આપે મારા આત્માને જાગૃત કરીને આત્મકલ્યાણનો પવિત્ર માર્ગ બતાવ્યો છે...હવે હું સ્પષ્ટ-પણે જોઈ શકું છું કે સાચું સુખ, સાચી શાંતિ, પરમ આનંદની અનુભૂતિ આત્મકલ્યાણના પંથે ગયા વગર નથી...'

'પ્રિયે, તારી સમજશક્તિને ધન્ય છે. તું તારા આત્માના કલ્યાણ અર્થે મંગલમય માર્ગ સ્વીકારવા માંગે છે તે શ્રેષ્ઠ છે...' જંબૂકુમારે પ્રસન્ન હૃદયે કહ્યું.

અને ત્યારે જ સમુદ્રશ્રીએ સ્વામીના પંથને અજવાળવા, આત્મ-કલ્યાણ માટે ત્યાગનો પંથ અંગીકાર કરવા મનોમન નિશ્ચય કરી લીધો. સમુદ્રશ્રીને સમજાઈ ગયું હતું કે ત્યાગ વગર મુક્તિ નથી...સંસારના સુખો પાસે આત્મદર્શનનું સુખ અનંત છે...અલૌકિક છે...!

# ૧૬ : : એ સુખ નથી

માનવીના હૈયામાં દૃઢ નિર્ણય અને સંકલ્પ હોય તો તે અચૂક તેના માર્ગનો વિજયી બને છે. જંબૂકુમારના હૈયામાં ત્યાગનો માર્ગ સ્વીકારવાનો નિર્ણય દૃઢ હતો. અનેક ભૌતિક સુખ, સમૃદ્ધિ અને સુંદર પ્રિયાઓ હોવા છતાં ભવસાગર પાર કરવાની ઇચ્છા ધરાવતો હતો.

શયનકક્ષમાં આઠેય પ્રિયાઓ સ્વામીને સંસારના રસસાગરમાં ડૂબાડી દેવા માંગતી હતી. તેમાં સમુદ્રશ્રીએ સ્વામીના પગલે ચાલવામાં જ પોતાના આત્માનું કલ્યાણ માન્યું. સમુદ્રશ્રી સ્વામી સાથેની ચર્ચામાં હારી છતાં જીત તો તેની જ થઈ હતી કારણ કે જંબૂ- કુમાર દ્વારા આ સંસારની અસારતાનો પરિચય થયો હતો.

જંબૂકુમારને સંસારના સુખોપભોગમાં ચિત્ત ચોંટે અને આનંદ- પૂર્વક ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહે તેવી ભાવના જંબૂકુમારની પત્નીઓનાં મનમાં રમી રહી હતી. જંબૂકુમારને સર્વપ્રથમ સંસારના સુખોનો પરિચય કરાવીને પોતાના બનાવવાની ભાવના દરેક સ્ત્રીના હૈયામાં રમી રહી હતી. તેમાં પદ્મશ્રી નામની જંબૂકુમારની પત્નીને

શ્રદ્ધા હતી કે મારા પ્રયત્નમાં સ્વામી જરૂર સમજી જશે અને અલભ્ય ગણાય એવા સુખોમાં આળોટી પડશે.

પરંતુ...!

માનવીનું મન ભારે વિચિત્ર છે. મનમાં ઉપસેલી ઇચ્છા પૂરી ન થાય ત્યારે તે ઇચ્છા પૂરી કરવા ખાતર ભારે હલચલ મચાવી મૂકે છે અને મન એટલું ચંચળ બની જાય છે કે ધૈર્ય રાખી શકતું નથી.

પદ્મશ્રીએ જંબૂકુમાર સામે જોઈને કહ્યું: 'સ્વામી, આપે સંસારને જેમ મોહ ભરેલો, લોભ, ક્રોધ, માન, માયાથી ભરેલો જણાવ્યો પરંતુ સંસારના જે ભૌતિક સુખના સાધનોમાં આનંદ પ્રાપ્ત થાય છે તેવો આનંદ અન્ય કોઈ પણ રીતે પ્રાપ્ત થતો નથી. આપના જીવનમાં દરેક પ્રકારના સુખ છે. લક્ષ્મીદેવીની અપાર કૃપા આપના પર વરસી છે. સમૃદ્ધિની રેલમછેલ છે. ભોગવિલાસ, વૈભવ વગેરે આપના ચરણ ચૂમે છે. અનિદ્ય રૂપ ધરાવતી, અનુપમ લાવણ્ય ધરાવતી આઠ આઠ પ્રિયાઓનો સંગાથ છે જે આપના માટે તન મન ધન સર્વસ્વ સમર્પણ કરવા તૈયાર છે... આપને કોઈ પણ જાતનો અભાવ નથી છતાં સંસારના સુખો પ્રત્યે મનને વિરક્ત કરીને જે માર્ગ ધારણ કરવા ઇચ્છો છો તે કરતાં જે સુખ મળ્યું છે તેને માણવાનો જ વિચાર કરવો જોઈએ... આપને પુણ્યયોગે જે અપ્રતિમ સુખ પ્રાપ્ત થયું છે તેને છોડીને બીજા સુખ પાછળ જવું તે કેટલું અપ્રિય જણાય છે! જો આપ અમને ત્યજી દેશો તો આપને પેલા વાનરની જેમ અત્યંત પશ્ચાત્તાપ થશે...'

'પદ્મશ્રી, તું કયા વાનરની વાત કરે છે?' જંબૂકુમારે પદ્મશ્રી સામે જોઇને પ્રશ્ન કર્યો. પદ્મશ્રીએ સ્વામીના ચહેરા પર દૃષ્ટિ કરી તો જંબૂ કુમારના મુખ પર ભાવ–પરિવર્તન થયું નહોતું.

છતાં પદ્મશ્રીના અંતરમાં, પોતાની વાત કહેવાથી સ્વામીનું મન પોતાની તરફ વળશે તેવી આશા રમી રહી હતી.

પદ્મશ્રીએ મધુર સ્વરે કહ્યું: 'સ્વામી, જે સુખ પ્રાપ્ત થાય તેમાં જ સંતોષ માનવો જોઈએ. પેલા વાનરે મનુષ્યદેહ ધારણ કર્યો તો તેના અંતરમાં દેવ થવાના કોડ જાગૃત થયા, તેમ કરવા જતાં તે કેવો દુ:ખી થઈ ગયો... ! આથી જે સુખ તેને પ્રાપ્ત થયું તે પણ ન માણી શકયો...'

આમ કહીને પદ્મશ્રીએ વાનરની કથાનો પ્રારંભ કર્યો.

જંબૂકુમાર સ્થિર ચિત્તે પત્નીની વાત સાંભળવા લાગ્યો.

'સ્વામી, એક વન્ય પ્રદેશમાં વાનર દંપતિનો નિવાસ હતો. વન્ય પ્રદેશ વિશાળ વૃક્ષો, લતાઓથી સઘન હતું. આ વનમાં અનેક પશુપક્ષીઓ વિહરતા હતા. વનપ્રદેશના મધ્યભાગે એક સુંદર, અનુપમ જળાશય હતું. આ વનપ્રદેશમાંથી પસાર થનાર વટેમાર્ગુ માટે આ જળાશય એક વિસામો સમાન હતું.

એ રીતે વનપ્રદેશની સુંદરતા અપૂર્વ હતી, પક્ષીઓ મુક્ત-પણે વિહરતા હતા. પશુપંખીઓના અવાજોથી વન ગાજતું રહેતું. રાત્રિકાળે હિંસક પ્રાણીઓના ચિત્કારોથી વનપ્રદેશ ધ્રૂજી ઊઠતું...

આવા ગાઢ વનપ્રદેશના જળાશય પાસેના એક સુંદર વૃક્ષ પર વાનર દંપતિનો નિવાસ હતો.

વાનર દંપતિ સમગ્ર વનમાં ઘૂમ્યા કરે અને ભૂખ લાગે ત્યારે ફળફળાદિ આરોગે અને આનંદપૂર્વક દિવસ પસાર કરે...

વન્યપ્રદેશના સુંદર જળાશય પાસે એક ચમત્કારિક પ્રાચીન તીર્થ આવેલું હતું. જે સર્વને પ્રિય લાગે તેવું હતું.

એક દિવસ વાનર દંપતિ આનંદથી ક્રીડા કરતાં કરતાં પાછા જળાશય પાસે આવ્યા. વાનર દંપતિ વૃક્ષોની ડાળીઓ પકડીને ઉછળકુદ કરતાં હતાં. તેવામાં વાનરના હાથમાંથી ડાળી છૂટી ગઈ.

અને વાનર તીર્થભૂમિ પાસે પડ્યો.

વાનર જેવો નીચે પડયો કે તરત જ દેવપુત્ર જેવો સુંદર નવયુવાન થઈ ગયો. ચમત્કાર સર્જાઈ ગયો.

વાનરીને પણ થયું કે આ શું થઈ ગયું ?

પેલો વાનર રૂપી સુંદર યુવાન વાનરી સામે જોવા લાગ્યો. યુવાનની આંખોમાં વાનરી પ્રત્યેનો પ્રેમ નીતરતો હતો.

વાનરીથી આ પ્રેમની પ્યાસ ન ખમાણી. તેણે પણ તરત જ નિર્ણય કરીને ડાળી પરથી કૂદકો માર્યો.

વાનરીના હૈયામાં સુંદર સ્ત્રી બની જવાની અભિલાષા હતી. તેણે મનમાં વિચાર્યું હતું કે આ જગ્યા જ ચમત્કારિક જણાય છે કે જે પશુને મનુષ્ય બનાવી દે છે. વાનર મનુષ્યપણુ પામ્યો તો હું જરૂર પામીશ...જો કર્મને આધિન આમ બન્યું હશે તો હું મનુષ્ય-પણુ પ્રાપ્ત નહિ કરી શકું...'

તો...

જો મને નારી દેહ પ્રાપ્ત નહિ થાય તો મોતના માંડવે સૂઈ જવું પડશે. આ ગતિમાં વિહરવા કરતાં મોતને આધીન થવું જ યોગ્ય છે.

આમ આવા વિચારો સાથે તે વાનરીએ સુંદર સ્ત્રી થવાનો અભિગમ કેળવીને ડાળી પરથી જ્યાં વાનરે કૂદકો માર્યો હતો તે જ જગ્યાએ કૂદકો માર્યો. અને વાનરી સુંદર સ્ત્રી બની ગઈ. અનુપમ સૌંદર્ય જાણે તેના ચહેરા પર ખીલી ઊઠયું. યૌવનની બહાર ખીલી ઊઠી. વાનરી પોતાનો નારી દેહ જોતાં જ આનંદિત બની ગઈ.

આમ વાનર દંપતિનું મનુષ્યમાં પરિવર્તન થઈ ગયું.

બન્નેના ચહેરા પર હર્ષોલ્લાસ માતો નહોતો.

વાનરે કહ્યું : 'પ્રિયે, આપણને મનુષ્યપણું પ્રાપ્ત થયું તેથી હવે આપણે મનફાવે ત્યાં જઈ શકશું...'

'હા...સ્વામી, મારું પણ સ્ત્રીરૂપે પરિવર્તન થયું છે તેથી અનહદ આનંદ અનુભવું છું...'

વાનર અને વાનરી તે જ સ્થળે આનંદભરી વાતો કરી રહ્યાં હતાં ત્યાં વાનરે કહ્યું: 'મને લાગે છે કે આ ડાળ પરથી હજુ કુદકો મારીએ તો દેવ થઈ જઈએ...પછી આપણે સુખોપભોગમાં જ રાચવાનું રહે...'

'ના...સ્વામી...આપણે આ મનુષ્યભવ પ્રાપ્ત કર્યો છે તે સુંદર છે...હવે એવું કાર્ય કરતા નહિ જેથી દુ:ખી થવું પડે...'

'ના...ના...તને ખબર ન પડે...પ્રથમ હું સુખ મેળવીશ પછી તું મારી પાછળ આવજે...આપણે બન્ને સુખ મેળવીશું અને આનંદ કરીશું...' વાનરે કહ્યું.

'સ્વામી, આપ હઠ કરવી રહેવા દ્યો, જે મળ્યું છે તેનાથી સંતોષ માણો...'

'નહિ ..આપણે વાનરમાંથી મનુષ્ય થયા. હવે મનુષ્યમાંથી દેવ થઈશું. દેવ થયા પછી નિરંતર સુખના ભોક્તા જ બનીશું...આથી મનુષ્ય દેહ ત્યાગીને દેવતાઓનો દેહ ધારણ કરીશું...તું મારી સાથે વૃક્ષની ડાળ પર આવ જેથી આપણે સાથે જ કુદકો મારીએ..'

'સ્વામી, આપનો આ આગ્રહ મુશ્કેલીમાં મૂકાવી દેશે...આપણને જે સુખ મળ્યું છે તેને જ આનંદથી માણીએ...આપ લોભથી દેવ દેહનું સુખ માણવા ઇચ્છો છો તે સાકાર નહિ થાય તો...! આપ શાંતિથી વિચારો કે આપણને અત્યારે જે સુખ પ્રાપ્ત થયું છે તે અપૂર્વ અને સર્વશ્રેષ્ઠ છે.'

પણ તે વાનર માન્યો જ નહિ. તે તેની જીદ પૂરી કરવા માટે વૃક્ષ પર જવા લાગ્યો. વાનરીએ તો ચોખ્ખી ના પાડી ત્યારે વાનરે કહ્યું: 'ભલે ..તારે ન આવવું હોય તો ત્યાં રહે...હું તો દેવ દેહ ધારણ કરીને જ રહીશ...'

અને તે વાનરે વૃક્ષ પર ચડીને કૂદકો માર્યો. તે જેવો નીચે પડયો કે વાનર દેહ ફરીને આવી ગયો.

મનુષ્યદેહમાંથી ફરીને વાનરે પોતાનો મૂળભૂત દેહ ધારણ કર્યો. વાનરી રૂપી તે સુંદર સ્ત્રી વાનર સામે જોઈ જ રહી. વાનરીને થયું કે વાનરને લોભની સજા મળી ગઈ.

વાનરને પસ્તાવાનો પાર ન રહ્યો.

વાનરી રૂપી તે સુંદર દેવાંગના સમી સ્ત્રી પણ પ્રિયતમની અવદશા પર શોક વ્યકત કરવા લાગી. વાનરીએ વિચાર્યું કે મેં ના પાડી હતી છતાં લોભને વશ થઈને દેવ થવાનું વિચાર્યું અને પરિણામ ભોગવવું પડયું.

આ તરફ વાનરના મનમાં વિચાર આવ્યો કે દેવ બનવાનું કદાચ ભાગ્યમાં નહિ હોય. પરંતુ ફરીથી ડાળીએથી ભૂસકો મારીશ તો મનુષ્યભવ પ્રાપ્ત થશે...

આ વિચારથી વાનર ફરીને ડાળીએ ચઢ્યો અને કુદકો માર્યો તો સરિયામ નિષ્ફળતા જ મળી...

વાનરનું દુર્ભાગ્ય નજર સામે ખડું થઈ ગયું.

વાનરે ઘણા કુદકા ડાળી પરથી માર્યા પણ દુર્ભાગ્યવશ તે ફરીને મનુષ્ય ન બની શકયો.

આથી તે વાનર દુઃખી દુઃખી થઈ ગયો.

વાનરી રૂપી તે દેવાંગના જેવી રમણી સ્ત્રી પણ દુઃખી થઈ ગઈ. તે કશું કરી શકે તેમ નહોતી. આથી દુઃખ વ્યક્ત કરવા લાગી.

આ સમયે તે ભૂમિપ્રદેશ પર હસ્તિનાગપુરનો રાજવી અરિકેસરી તેના સાથીઓ સાથે મૃગયા રમવા આવ્યો હતો. અરિકેસરી બળવાન, શક્તિશાળી રાજવી હતો. વનેવન ભમતાં ભમતાં તે જ્યાં વાનરરૂપી સુંદર સ્ત્રી દુઃખી થઈ ને વિલાપ કરતી હતી ત્યાં આવી પહોંચ્યો.

અરિકેસરી રાજા વન્ય પ્રદેશમાં એકલ સુંદર સ્રીને જોતાં જ ખૂબ આશ્ચર્ય અનુભવવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે આવા ગાઢ વન્યપ્રદેશમાં દેવાંગના જેવી, અપરૂપ સુંદરી ક્યાંથી ટપકી પડી. આવું અનુપમ સૌન્દર્ય અને રૂપ જીવનમાં ક્યારેય જોયું નથી.

અરિકેસરી રાજા તે સુંદરી પાસે આવ્યો અને પ્રેમથી બોલાવી વાનર ત્યાં જ ઊભો હતો અને રાજાને પોતાની પ્રિયા સાથે વાતો કરતાં જોઈ ને અંતરમાં ઈર્ષા ભાવ જાગૃત થયો.

પરંતુ સુંદરીના રૂપ પાછળ મુગ્ધ બનેલો રાજા અરિકેસરી તે સુંદર સ્રીને પોતાના ભવન પર લઈ આવ્યો. રાજભવનની દાસીઓએ સુંદરીને સુંદર વસ્રો–આભુષણો પહેરાવ્યા. જાણ્યે એમ જ લાગતું હતું કે સ્વર્ગલોકમાંથી એક અપ્સરા ધરતી પર આવી પડી છે.

રાજાએ વિધિપૂર્વક તે સુંદરી સાથે લગ્ન કરી લીધું અને તેને પટરાણી પદે સ્થાપિત કરી.

આમ વાનરી રૂપી સુંદરીના સુખમાં આપોઆપ વૃદ્ધિ થઈ. રાજવૈભવ પ્રાપ્ત થયો. રાજા અરિકેશરી તે સુંદરીની આજ્ઞાને આધિન થવામાં પોતાનું સુખ સમજતો હતો. રાજા અરિકેશરી તે સુંદરી સાથે આનંદથી ભોગ ભોગવે છે.

એક વખત રાજા અરિકેશરી અને સુંદરી બન્ને ચિત્રશાળામાં બેઠા હતા ત્યાં કોઈ નટમંડળી આવી પહોંચી. આ નટમંડળીના નટ ગામેગામ સુંદર પ્રયોગો કરીને લોકોને મનોરંજન આપતાં હતાં.

આમ તે નટમંડળીનો નાયક વાનરને રમત કરાવતો કરાવતો તે રાજા–રાણી પાસે કંઈક મળશે તેવી અપેક્ષાએ આવ્યો.

સેવકોએ આવીને જણાવ્યું કે બહાર નટમંડળી આપને વાનરના પ્રયોગ દેખાડવા માંગે છે...આપની આજ્ઞા માંગે છે...

ત્યારે રાજા અરિકેશરી અને સુંદરીએ નટમંડળીને અંદર મોકલવાની આજ્ઞા કરી. સુંદરી ત્યારે રાજાની બાજુમાં જ બેઠી હતી અને પ્રેમાલાપ કરી રહી હતી.

નટમંડળીનો નાયક વાનરને લઈને અરિકેશરી રાજા અને વાનરી રૂપી સુંદરી પાસે આવ્યો.

વાનર તો સુંદરીને જોઈને જ ઓળખી ગયો કે આ મારી સ્ત્રી વાનરી જ છે...

સુંદરી તો વારંવાર રાજાની સાથે પ્રેમ કરતી હતી તે વાનરથી ન જોવાયું. નટમંડળીના નાયકે વાનરને નાચ દેખાડવાની આજ્ઞા કરી.

પણ વાનર હાલ્યો-ચાલ્યો જ નહિ. આથી નાયક ક્રોધિત બનીને વાનર પર કાષ્ઠ-દંડના પ્રહાર કરવા લાગ્યો.

રાજાએ નાયક સામે જોઈને કહ્યું : 'કેમ ભાઈ, તારો વાનર નાચ બતાવતો નથી...!'

'મહારાજ, એ નાચ નહિ કરે તો માર ખાશે...આ વાનર અહીં આવીને જ આવું કરવા લાગ્યો છે...' કહીને દંડપ્રહાર કર્યો.

પરંતુ વાનરની આંખમાં આંસુની ધારા વહેવા લાગી...

નાયકને ખૂબ જ નવાઈ લાગી. તેણે રાજા અને રાણીને કહ્યું કે વાનરની આંખમાં આંસુ ટપકે છે...

વાનરીરૂપી સુંદરી વાનરને ઓળખી ગઈ અને વાનર સામે જોઈને કહેવા લાગી : 'અરે વાનર, તું આ રીતે રૂદન ન કર... મેં તને ના કહી હતી છતાં તેં અતિ લોભ કર્યો. સુખ મેળવવા ખાતર...અને પરિણામ ભોગવવું પડ્યું. ડાહ્યો થઈને નૃત્ય કર... ખેદનો ત્યાગ કર...ભૂતકાળનો શોક ન કરવો, ભવિષ્યની ચિંતા ન કરવી...વર્તમાનને જાણીને ઉચિત કાર્ય કર...જીવે જેવાં કર્મ કર્યાં હોય તેવાં જ ફળ પામે છે...'

વાનર સુંદરીના શબ્દો સાંભળીને શાંત પડ્યો. અને મનમાં વિચારવા લાગ્યો કે હવે મારી સ્ત્રી બીજાની થઈને ફરે છે...

વાનર નાચ કરવા લાગ્યો.

રાજાએ નટમંડળીના નાયકને દ્રવ્ય આપ્યું. તે નટમંડળી રાજા-રાણીને નમન કરીને વિદાય થઈ.

અરિકેશરી રાજાએ સુંદરીને પૂછ્યું કે એ વાનર કોણ હતો અને તને જોઈને કેમ રડયો?

ત્યારે સુંદરીએ બધી હકીકત જણાવી. પછી રાજાની સામે જોઈને કહ્યું, 'સ્વામી, મેં ત્યારે તે વાનરને જણાવ્યું હતું કે લોભ પાપનું મૂળ છે, રસ વ્યાધિનું મૂળ છે અને સ્નેહ દુઃખનું મૂળ છે માટે એ ત્રણે ત્યજીને સુખી થાઓ...પરંતુ મારી વાત વાનરે ગણકારી નહિ અને વધુ સુખની આશામાં કુદકો માર્યો તો મનુષ્ય-પણું ખોયું.'

રાજાએ સુંદરી પાસેથી બધી વાત સાંભળી ત્યારે રાજા પણ સુંદરીની વાતમાં સહમત થયો. પછી રાજારાણી બન્ને ધર્મ-ક્રિયામાં મગ્ન બની ગયા... પદ્મશ્રીએ વાત પૂરી કરતાં કહ્યું:

'સ્વામી, આ વાનર જેમ બન્નેથી ભ્રષ્ટ થયો તેમ તમે પણ થશો. માટે આ દેવકન્યા જેવી સ્ત્રીઓને ત્યજવાનો જે આપ વિચાર કરો છો તે કોઈ પણ રીતે યોગ્ય નથી...' પદ્મશ્રીએ જંબૂકુમાર સામે જોઈને કહ્યું.

પદ્મશ્રીએ ફરીથી જંબૂકુમાર સામે જોઈને કહ્યું: 'સ્વામી, આપને જે અત્યારે સુખ પ્રાપ્ત થયું છે તેને માણો તેમાં જ આપનું શ્રેય છે. આપ આ સુખોને તુચ્છ માનીને ત્યજવા તૈયાર થયા છો તો આપ દુઃખને જ આમંત્રણ આપો છો...આથી આપ આપના સંકલ્પો ત્યાગ કરીને જે સુખ મળ્યું છે તેમાં જ મગ્ન બનો, તેમાં

આપણા સૌનું હિત છે. ત્યાગનો માર્ગ દુષ્કર છે. આપ આપના સ્વજનો સાથે રહીને સુખ માણો...'

જંબૂકુમાર પદ્મશ્રીની વાત સાંભળીને વિચારમગ્ન બની ગયા અને યોગ્ય ઉત્તર આપવા માટેની તૈયારી કરવા લાગ્યા.

ત્યારે પદ્મશ્રીને થયું કે સ્વામીનાથ ખરેખર મારી વાતનો વિચાર કરે છે અને દીક્ષા ન લેવાનો મનથી નિશ્ચય કરે છે. આથી પદ્મશ્રીના ચહેરા પર પ્રસન્નતાનું માધુર્ય છલકાયું.

પરંતુ પદ્મશ્રીના ચહેરા પરનું માધુર્ય વધુ સમય ન ટક્યું. અડગ નિશ્ચય ધરાવનાર અને વિચારશીલ જંબૂકુમારે ભાવપૂર્ણ સ્વરોમાં કહ્યું: 'પદ્મશ્રી, તેં જે વાત મને કરી તે મને ગમી. વાનર જ્યારે મનુષ્યભવ પામ્યો અને તે દેવ દેહ ધારણ કરવા માગતો હતો તેથી તે મહત્ત્વાકાંક્ષી હતો તેમ ન કહી શકાય. તે દેવ દેહ મેળવવા માટેનું જ્ઞાન ધરાવતો નહોતો. એથી અજ્ઞાનને કારણે તેનું પતન થયું કહેવાય. અજ્ઞાનને વશ બનેલો માનવી સત્ય નિહાળી શકતો નથી. પ્રિયે, સંસારમાં જ્ઞાન અને અજ્ઞાન બંને બળો છે. બંનેમાં ચેતના અને તેજ છે પરંતુ જ્ઞાન સિવાય સિદ્ધિ, મુક્તિ કે અનંત સુખની પ્રાપ્તિ નથી, પરંતુ જ્યારે માનવી અજ્ઞાનને જ્ઞાન રૂપે નિહાળે ત્યારે દુઃખ અને પરિતાપની સૃષ્ટિ ગાઢ બનવા લાગે છે. તું સમજુ હોવા છતાં મારા નિશ્ચયની, મારા સંકલ્પની સરખામણી વાનરની ક્રિયા સાથે કઈ રીતે કરી ?'

થોડી વાર વિરામ લઈને જંબૂકુમારે કહ્યું: 'પ્રિયે, તું તો જાણે છે કે મારું ધ્યેય આત્મદર્શનનું છે, અનંત સુખને મેળવવાનું છે. મારા માટેનો માર્ગ નિશ્ચિત છે અને સ્પષ્ટ માર્ગ છે. આથી મારું અહિત થશે તેવી કલ્પના જ શી રીતે કરી શકાય ?'

પદ્મશ્રી જંબૂકુમારની વાત ધ્યાનથી સાંભળી રહી હતી.

જંબૂકુમારે ખૂબ જ વિચારપૂર્વક કહ્યું: 'આપ જે રીતે મારી ભાવનાને, મારા સંકલ્પને જુઓ છો તે જોવાની દૃષ્ટિ જુદી છે. આપ જેને વૈભવ, વિલાસ, સુખ કહો છો તે મારા માટે સુખ જ નથી. પછી હું તે માણી શકતો નથી તે વિચારવું જ બરાબર લાગતું નથી. ભૌતિક સુખની તુલના આત્મસુખ સાથે કરવી જ યોગ્ય જણાતી નથી. ભૌતિક સુખ તો ક્ષણિક છે જયારે આત્મસુખનો આનંદ અપૂર્વ અને અનંત છે... પદ્મશ્રી, મારી વાતને વિસ્તૃત રીતે જણાવું તે પહેલાં અંગકારકનું દૃષ્ટાંત આપની સમક્ષ રજૂ કરું છું. કારણકે હું અંગકારક જેવો નથી કે ખૂબ ભોગ ભોગવ્યા હોય છતાં અતૃપ્તને અતૃપ્ત જ રહું...'

જંબૂકુમારની આઠેય પ્રિયાઓ શાંતિથી સ્વામીની વાત સાંભળવા અધીરી બની ગઈ.

જંબૂકુમારે અંગકારકની વાત શરૂ કરતાં જણાવ્યું :

ચંદ્રપુર નગરમાં ચંદ્ર નામનો અંગકારક રહેતો હતો. તે નિયમિત વનમાં જઈને સૂકા લાકડા એકત્રિત કરીને તેના કોલસા બનાવતો હતો. અંગકારક ચંદ્ર આ રીતે કોલસા બનાવીને બજારમાં જતો અને વેચીને પોતાના પરિવારનો નિર્વાહ ચલાવતો હતો.

એક વાર ગ્રીષ્મઋતુનો સમય હતો. ધોમધકતો તાપ પડતો હતો. અંગકારક ચંદ્ર આવા ભયંકર તાપમાં અરણ્યમાં લાકડા કાપવા ગયો. ચંદ્ર અંગકારક પોતાની સાથે જળનું પાત્ર ભરીને લઈ ગયો હતો.

અંગકારક ખૂબ જ મહેનત કરીને લાકડા ભેગા કરવા લાગ્યો. ઉનાળાનો સમય હોવાથી અરણ્યમાં કયાંય જળ મળી શકે તેમ નહોતું. સાથે લીધેલ પાણીથી તે તેની તરસ છીપાવતો હતો.

આમ જયારે લાકડા ભેગા થઈ ગયા ત્યારે પાણી જે સાથે લાવ્યો હતો તે બધું પીવાઈ ગયું છતાં તેની તૃષા શાંત થઈ નહિ.

અંગકારકને સખત તરસ લાગી. જળનું પાત્ર સાવ ખાલી થઈ ગયું હતું. અંગકારક તરસથી પીડાતો હતો. તે પાણીની શોધમાં આગળ જવા લાગ્યો. પરંતુ ક્યાંય જળ પ્રાપ્ત થતું નહોતું.

જળ ન મળવાથી તેનામાં અશક્તિ આવી ગઈ. તે સરખી રીતે ચાલી પણ શકતો નહોતો.

આમ ચંદ્ર અંગકારક પાણીની તપાસમાં આગળને આગળ જઈ રહ્યો હતો ત્યાં એક વૃક્ષની છાયામાં આરામ કરવા અર્થે સૂઈ ગયો. થોડી વારમાં અંગકારક નિદ્રાધીન થઈ ગયો. તરસના દુ:ખથી તેને થોડી વારમાં નિંદ્રા આવી ગઈ હતી.

અંગકારક સ્વપ્નસૃષ્ટિમાં ફરવા લાગ્યો.

સ્વપ્નમાં તેણે મંત્રેલા અગ્નિના બાણની જેમ વાવ, કૂવા, તળાવ, સરોવર, જળાશય વગેરે જળ પીને સૂકવી નાંખ્યા. તો પણ તેની તૃષા શાંત ન થઈ. ત્યાં તેની ઊંઘ ઊડી ગઈ. સ્વપ્ન સૃષ્ટિમાંથી જાગૃત થયો. વાસ્તવિકતામાં પ્રવેશ્યો. તે ઊભો થયો અને જળની તપાસમાં આગળ વધ્યો.

અંગકારક જળની તપાસ કરતાં કરતાં એક જીર્ણ કૂવા પાસે આવ્યો અને કૂવાના કાંઠા પર કાદવમાં થોડું જળ જોયું. તે આનંદિત થયો. તે કાદવમાં રહેલું પાણી હાથના ખોબામાં પણ આવી શકે તેટલું નહોતું. એથી તે નીચો વળીને જીભ વડે ચાટવા લાગ્યો.

છતાં તે દાહજવરથી પીડાતા મનુષ્યની જેમ તેની તૃષા શાંત ન થઈ. તે અતૃપ્ત જ રહ્યો.'

જંબૂકુમારે અંગકારકનું દષ્ટાંત પૂરું કરતાં પદ્મશ્રીને કહ્યું: 'પ્રિયે, અંગકારક ચંદ્ર જેવો આ જીવ છે. વાવ, તળાવ, જળાશય વગેરે દેવ અને વ્યંતર આદિના સુખભોગો છે. જે જીવ સ્વર્ગના

સુખોથી તૃપ્ત ન થયો તે મનુષ્યના ભોગથી શી રીતે સંતોષ પામવાનો હતો માટે તું મારા માર્ગને રોક નહિ...'

જંબૂકુમારે કહ્યું : 'પદ્મશ્રી, અંગકારકે સ્વપ્ન સૃષ્ટિમાં ખૂબ જળપાન કર્યું છતાં તેની તૃષા ન છીપાણી કારણ કે તેનો તે માત્ર ભ્રમ જ હતો. વાસ્તવિક રીતે ભ્રમ શી રીતે ભાંગવાનો હતો? આપણે જેને સુખ માનીએ છીએ તે સુખ છે જ નહિ...માત્ર સુખની ભ્રમણા છે. હું ભૌતિક સુખ, વૈભવ, વિલાસને જાણી ગયો છું. અને મેં જે નિર્ણય કર્યો છે તે ઉતાવળથી કર્યો જ નથી. હું ભવભ્રમણાના ચક્રમાંથી મુક્ત બની જવા માગું છું અને અનંત સુખના માર્ગે પ્રયાણ કરવા માગું છું.'

જંબૂકુમારે પોતાની વાત પૂરી કરી.

પદ્મશ્રીને થયું કે સ્વામી સામે પોતે અજ્ઞાન રજૂ કર્યું તેથી તેને ક્ષોભ થયો. તે શ્રધ્ધા અને શુધ્ધ ભાવથી સ્વામીના ચરણમાં નમી પડી અને સ્વામીના માર્ગને તેજસ્વી બનાવવા પોતે પણ તેમના પગલે ચરણ માંડશે તેવો નિશ્ચય કર્યો.

પદ્મશ્રી જોઈ શકી કે સ્વામીના મુખ પર અડગતા, શ્રદ્ધા અને ભક્તિની તેજસ્વી છાયા પ્રકાશતી હતી.

અને...!

## ૧૭ : : નૂપુર પંડિતા

**જંબૂકુમારની** બે પત્નીઓ સમુદ્રશ્રી અને પદ્મશ્રી પ્રતિબોધ પામીને સ્વામીના માર્ગનો સ્વીકાર કર્યો.

ત્યાં બેઠેલી પદ્મસેનાને શ્રદ્ધા હતી કે તે જરૂર સ્વામીના હૃદયનું પરિવર્તન કરાવી શકશે. સ્વામીને સંસારના સુખોપભોગ માટે લલચાવી શકશે. આમ પદ્મસેનાના હૈયામાં વિચાર ચાલી રહ્યો હતો. પદ્મસેનાએ સ્વામી સામે જોઈને કહ્યું : ' સ્વામી, માનવી દરેક વાતનું પરિણામ હંમેશા પોતાના વિચારને અનુસરતું લાવે છે. આથી આપ આપનો વિચાર મૂકી દઈને પુણ્યયોગે જે સુખ પ્રાપ્ત થયું છે તે ભોગવો...કારણકે સંસારમાં રહીને પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરનારા નૂપુર પંડિતા અને શિયાળ જેવા ઘણાં દૃષ્ટાંતો છે...'

' પ્રિયે, અન્ય માટે સુખ જણાતું હશે પરંતુ ભૌતિક સુખ, માયા, વૈભવ વિલાસમાં મને ક્યાંય સુખ જણાતું નથી. જે સુખ નથી તેને કઈ રીતે સુખ માનવું...! સાચું સુખ આત્મસુખ છે... મારી વાતને સમજીને તું તારા વિચારો દર્શાવી શકે છે. જો મને તેમાં સત્ય જણાશે તો અવશ્ય તે અંગે વિચારીશ કારણ કે હું

હઠાગ્રહી નથી...તું મને નૂપુર પંડિતા અને શિયાળની કથા સંભળાવ... અને તે પ્રસંગકથા જાણવાની મારી ઇચ્છાને સંતોષ આપ...'

'સ્વામી, એક સુંદર અને વિશાળ નગરીમાં દેવદત્ત નામનો સુવર્ણકાર રહેતો હતો. દેવદત્ત સુવર્ણકારને દેવદિન્ન નામનો પુત્ર હતો. તે પુત્રને દુર્ગિલા નામની સુંદર, ખૂબ જ નમણી સ્ત્રી હતી. તે ચતુર પણ હતી. દુર્ગિલા આખો દિવસ ગૃહકાર્યમાં અને પતિના સંગમાં સમય પસાર કરતી. તે દરરોજ પ્રાતઃકાળ પછી સ્નાન અર્થે નદીકાંઠે જતી અને સરિતામાં પ્રસન્ન હૃદયે સ્નાન કરતી.

એક દિવસ દુર્ગિલા કામદેવના બાણ જેવા નયનકટાક્ષો વડે યુવાન પુરૂષોના મનને ક્ષોભ પમાડતી નદીએ સ્નાન કરવા ગઈ.

પ્રાતઃકાળનો સમય હતો.

નગરીના લોકો હજુ જાગૃત થતા હતા. પક્ષીઓનો મધુર કલરવ વાતાવરણમાં ગુંજી રહ્યો હતો.

દુર્ગિલાએ સુંદર વસ્ત્રો, સુવર્ણના અલંકારો ધારણ કર્યા હતા. નગરીની બહાર સ્નાન કરવા અર્થે ગઈ હતી.

જ્યારે દુર્ગિલા નદીમાં સ્નાન કરવા માટે આવી ત્યારે અંગ પર એક શ્વેત વસ્ત્ર રાખીને બીજા વસ્ત્રો દાસીને આપી દીધા. અલંકારો પણ સાચવવા આપ્યા દુર્ગિલાનું યૌવન પુરબહારમાં ખીલ્યું હતું. જ્યારે તે નદીમાં નહાવા માટે ઊતરી ત્યારે જળદેવીની જેમ શોભી રહી હતી. દેવાંગના સમી સુંદર જણાતી હતી. કંચુકી અને ઉત્તરીય વસ્ત્રો સખીને આપી દેવાથી દુર્ગિલાના ઉન્નત ઉરોજ અત્યંત શોભી ઊઠ્યા હતા. વારંવાર સ્તન પ્રદેશ પરથી વસ્ત્ર ખસી જવાથી તેનું સૌંદર્ય ખીલી ઊઠતું.

દુર્ગિલા અત્યંત પ્રસન્નતાથી એક કાંઠેથી બીજે કાંઠે ગઈ. દેવદિન્નની પત્ની દુર્ગિલા આનંદપૂર્વક જળક્રીડા કરવા લાગી.

જળક્રીડામાં મગ્ન બનેલી દુર્ગિલાનું વસ્ત્ર વારંવાર અંગ પરથી ખસી જતું હતું. તેણીના અતિ દીર્ઘ કેશ મુક્ત હતા. દુર્ગિલાના સુંદર કેશ પગની પાની સુધી પહોંચતા હતા. આથી એવું જણાતું હતું કે રતિક્રીડા કરીને ઊઠી હોય...તેવી દેખાતી હતી.

દેવાંગના જેવી સુંદર, અનુપમ લાવણ્ય ધરાવતી દુર્ગિલાને નદીમાં જળક્રીડા કરતાં તે નગરીના જ મધુકર નામના યુવાને જોઈ.

મધુકર અવાક્ બની ગયો...કારણ કે એક વસ્ત્રથી ઢંકાયેલા દુર્ગિલાના સર્વ અંગો જળના સ્પર્શથી સ્પષ્ટ રીતે વરતાતા હતા. મધુકર જાણતો નહોતો કે આ સ્ત્રી કોણ છે? તેને થયું કે આ ખૂબ જ સુંદર સ્ત્રી છે...આવું યૌવન...કોઈ પણ રસીલા પુરુષને ભીંજવી નાંખે તેવું છે.

મધુકરનું મન દુર્ગિલાના રૂપથી, મદભર્યા યૌવનથી અને તેના અતિ દીર્ઘ કેશ જોઈને લોભાયું અને આ યૌવનને પામવાની ભાવના સેવવા લાગ્યું.

આથી મધુકરે ખૂબ જ વિચારીને દુર્ગિલા સામે દૃષ્ટિ કરીને કહ્યું : 'એ સાંભળજે...આ નદી પૂછે છે...આ વૃક્ષો પૂછે છે અને હું પણ તારા ચરણમાં પડીને પૂછું છું, તેં સ્નાન તો બરાબર રીતે કર્યું છે ને?'

દુર્ગિલાએ કાંઠા પર ઊભેલા યુવાન તરફ દૃષ્ટિ કરી અને તે પણ સુંદર જણાતા યુવાન પ્રત્યે મોહિત બની. આથી દુર્ગિલાએ કહ્યું : 'નદીનું કલ્યાણ થાઓ...વૃક્ષો આનંદમાં રહો..અને મને સુસ્નાન કર્યાનું પૂછનારના હું મનોરથ પૂરા કરીશ...તેની ઇચ્છાને સંતોષીશ...'

મધુકર તે સ્ત્રીના ઉત્તરથી ખૂબ જ આનંદ પામ્યો. અને તે તરત જ વિચારવા લાગ્યો કે હવે આ સ્ત્રી કોણ છે? તેની તપાસ

કરવી જોઈએ...મધુકર તરત જ ત્યાં રમતા નાના મોટા બાળકો પાસે ગયો.

એ સમયે બાળકો ફળ તોડી રહ્યા હતા. મધુકરે બાળકોને ફળ તોડી આપ્યા. આથી બાળકો પ્રસન્ન થયા.

મધુકરે તરત જ પૂછ્યું : 'બાળકો, તમે મને જણાવી શકશો કે અત્યારે નદીમાં...જુઓ...સામે જે સ્ત્રી સ્નાન કરે છે તે કોણ છે? અને તેનું રહેઠાણ ક્યાં છે?'

'હા...મને ખબર છે...' એક મોટા બાળકે કહ્યું.

'તો તું જણાવ...' મધુકરે કહ્યું.

'ભાઈ, એ સ્ત્રી દેવદત્ત નામના સુવર્ણકારની પુત્રવધૂ છે. તેનું રહેઠાણ અશોકવનની પેલી તરફ છે...'

'તેના પતિનું નામ શું છે?'

'એ ખબર નથી...'

મધુકર ત્યાંથી પોતાના ઘર પર આવ્યો. અને આખો દિવસ તે દેવદત્તની પુત્રવધૂનું સ્મરણ કરવા લાગ્યો. ત્યારે આ તરફ દુર્ગિલા પણ તે સુંદર નવયુવાનને યાદ કરવા લાગી.

આમ બન્ને દિવસે-રાત્રે એક જ વિચાર કરતા હતા કે અમે બન્ને ક્યારે? કેવી રીતે? ક્યાં? ભેગા થઈશું અને અંતરની તૃષા મીટાવીશું...! આથી વિયોગ પામેલા બન્ને પરસ્પર સંગમની ઇચ્છા કરવા લાગ્યા.

મધુકરે એ દિવસ પછી એક તાપસીને પોતાના રહેઠાણે આમંત્રી અને ભાવતા ભોજન કરાવ્યા. તાપસીએ પ્રસન્નતા વ્યક્ત કરી. મધુકરે તે તાપસી સામે જોઈને કહ્યું : 'તાપસી, તું મારું એક કાર્ય કરી આપીશ તો તને સુવર્ણમુદ્રા આપીશ.'

'કહો કહો...આપ જે કાર્ય બતાવશો તે આનંદથી કરી આપીશ...' તાપસીએ કહ્યું.

'ત્યારે સાંભળ, હું અને દેવદત્ત સોનીની પુત્રવધૂ પરસ્પર પ્રીતિવાળા થયા છીએ. તેથી તું અમારા બંનેનો મેળાપ કરાવી દે...'

'પણ એ કઈ રીતે બને? એ સ્ત્રી આપને જાણે છે?' તાપસીએ પ્રશ્ન કર્યો.

'હા...મેં તે સુંદર સ્ત્રીને જોઈ છે અને તેણીએ મારી સાથે સંગ કરવાનું કહ્યું છે...એથી તારા માટે આ કાર્ય વિપદ નહિ જણાય, સરળ થઈ જશે...'

'ભલે...હું આપનું કાર્ય જરૂર કરી આપીશ...હું અત્યારે જ તેની પાસે જઈશ...' તાપસી બોલી.

થોડી વારમાં તે તાપસીએ મધુકર પાસેથી વિદાય લીધી. મધુકરે તેને સમજાવીને દેવદત્તની પુત્રવધૂને ત્યાં મોકલી. તાપસી ભિક્ષાના દુર્ગિલાને ત્યાં આવી.

તાપસીએ જોયું તો દુર્ગિલા એંઠા પાત્રોના તળીયાને માંજતી હતી. તાપસીએ કહ્યું: 'હે સુંદર સ્ત્રી, સાક્ષાત્ કામદેવ જેવો એક સુંદર યુવાન તારી સાથે સંગ કરવા માટે મારી મારફત પ્રાર્થના કરે છે. તું તેને નિરાશ કરીશ નહિ. રૂપ, વય, બુદ્ધિ, ચતુરાઈ વગેરે ગુણો તે યુવાનમાં તારા જેવા જ છે. યૌવનને યૌવન જ પ્રિય હોય છે...તેથી તું તે પુરૂષને પામીને તારું યૌવન કૃતાર્થ કર...'

દુર્ગિલા તો તાપસીના આ શબ્દો સાંભળીને આશ્ચર્ય પામી ઊઠી. ચતુર દુર્ગિલાએ મનના ભાવ મનમાં જ રાખીને ક્રોધિત બનીને તે તાપસી સામે જોઈને કહ્યું: 'હે દુરાચારી સ્ત્રી, તું શું બોલે છે તેનું તને ભાન છે કે નહિ? કુલિનની પાસે અકુલિનને છાજે તેવું વચન બોલે છે? તને આવું કહેતા ક્ષોભ થતો નથી. તું

અહીંથી ત્વરિત ચાલી જા...તને જોવાથી પણ પાપ લાગે...તો તારી સાથે વાત કરવાથી શું થાય...!'

દુર્ગિલાએ આ પ્રમાણે બુદ્ધિપૂર્વક કટુવચનો તાપસીને કહીને તેની પીઠ પર મેંશનો મલિન થાપો માર્યો.

તાપસી તો દુર્ગિલાના વ્યવહારથી ગભરાઈ ગઈ અને તરત જ ત્યાંથી નીકળીને મધુકર પાસે આવી અને કહ્યું : 'અરે...આપે મને ત્યાં કયાં મોકલી ? તે સુંદર સ્ત્રીએ તો મારું હળાહળ અપમાન કર્યું. આપ મૂર્ખ છો. આપે મને કહ્યું હતું કે તે સ્ત્રી દુર્ગિલા મને પ્રેમ કરે છે...આપના આ શબ્દો કેવળ અસત્ય જ છે. તે દુર્ગિલાએ તો સતીપણાના મદમાં આવી જઈને મને ખૂબ મારી અને મારા પર ક્રોધિત થઈને તેના મેંશના કાળા હાથથી મારા વાંસા પર થાપટ મારી...' આમ કહીને તે તાપસીએ મધુકરને વાંસો બતાવ્યો.

મધુકર તાપસીની પીઠ પર મેંશના ડાઘવાળો થાપો જોઈને વિચારમાં પડી ગયો. દુર્ગિલાએ તાપસીની પીઠ પર પાંચ અંગુલિવાળો કાળો થાપો માર્યો તેથી જરૂર તેણીએ મને કૃષ્ણપક્ષની પાંચમની રાતે મળવાનો સંકેત કર્યો છે. ખરેખર તે સુંદર સ્ત્રી ચતુર છે, પરંતુ દુર્ગિલાએ સંકેતનું સ્થાન જણાવ્યું નથી.

તાપસીએ કહ્યું : 'ભાઈ, હવે મારું કામ નથી ને ! હું જાઉં છું...'

ત્યારે મધુકરે તે તાપસી સામે જોઈને કહ્યું : 'તાપસી, તું એક વાર ફરીને ત્યાં જા, મારે ખાતર તું ત્યાં જઈને તે સુંદર સ્ત્રીને મળ...તે ખરેખર મારા પર સ્નેહભાવ દર્શાવનારી છે. આથી તું મારા કાર્ય પ્રત્યે ખેદ ન કરીશ. તું મારા પર કૃપા દર્શાવીને ત્યાં જા...'

'ના...ભાઈ...ના...તે કુલીન સ્ત્રી તો આપનું નામ પણ સહી શકતી નથી. ત્યાં મેળાપની આશા શા માટે રાખો છો? આપ આશાના મિનારા રચો નહિ અને વાસ્તવિકતાને જાણવાનો પ્રયત્ન કરો...'

'તાપસી, તું મારું કાર્ય કરીને મને પ્રસન્ન કર...હું તને સુંદર ઈનામ આપીશ...'

અને તાપસી ઈનામની લાલચમાં મધુકરનું કાર્ય કરી આપવા કબૂલ થઈ. તે તાપસી મધુકર પાસેથી વિદાય થઈને ફરીને દુર્ગિલા પાસે આવી. સુવર્ણકારની પુત્રવધૂ ત્યારે શ્રંગાર સજ્જ કરી રહી હતી. દર્પણ સામે બેસીને અતિ દીર્ઘ કેશનો અંબોડો લઈ રહી હતી. ત્યાં તાપસી ઘરના દ્વાર પાસે ઊભી રહી અને મિષ્ટ ભાષામાં સુવર્ણકારની પુત્રવધૂ દુર્ગિલા સામે જોઈને કહ્યું: 'હે સુંદર લાવણ્ય ધરાવતી સ્ત્રી, તારા માટે જે યોગ્ય છે, તેવા પુરુષ સાથે તું ક્રીડા કર... અને યૌવનની ઉષ્માને શાંત કર...'

આ સાંભળીને દુર્ગિલા ખંડમાંથી બહાર આવી અને કટુ વચનો કહીને તે તાપસીને અશોકવનના પાછલા દ્વારેથી કાઢી મૂકી.

આથી તાપસી ક્ષોભ પામતી મધુકર પાસે આવી અને ક્ષોભ પામીને કહેવા લાગી : 'ભાઈ, આ વખતે પણ તે સુવર્ણકારની પુત્રવધૂએ મારો તિરસ્કાર કર્યો. મને ગળેથી પકડીને અશોકવનના પાછલા દ્વારેથી કાઢી મૂકી. આપ નાહકના તેની પાછળ પડ્યા છો. તે સતી સ્ત્રી છે...'

મધુકરે વિચાર કર્યો કે ખરેખર તે સુવર્ણકારની પુત્રવધૂ દુર્ગિલાએ મને અશોકવનમાં આવવાનો સંકેત કર્યો છે.

મધુકરે તાપસીને કહ્યું: 'તાપસી, તારી વાત સાચી છે. તારે મારા કારણે તેણીનો તિરસ્કાર સહન કરવો પડ્યો તેનું દુ:ખ થાય છે. હવેથી તેનું નામ ન લેવું...તું તારે આનંદથી જા...કહીને મધુકરે તાપસીને બે સુવર્ણમુદ્રા આપી.

તાપસી આનંદથી ચાલી ગઈ.

મધુકર દુર્ગિલાએ દર્શાવેલા સંકેત મુજબ કૃષ્ણપક્ષની પાંચમની રાત્રિએ પાછલા દ્વારથી અશોકવાટિકામાં ગયો.

મધુકરે જોયું તો દુર્ગિલા સામેથી આવતી હતી.

દુર્ગિલાએ પણ સુંદર યુવાન મધુકરને જોયો. બન્નેના ચિત્ત હર્ષ પામ્યા. બન્નેની દૃષ્ટિ મળી...

અને બન્ને જણા જાણયે એક જ શરીર હોય તેમ તુરત દોડીને પરસ્પર વળગી પડયા. ઘણીવાર સુધી તે પરિસ્થિતિમાં જ રહ્યાં. મધુકરે દુર્ગિલાને દીર્ઘ ચુંબન કર્યું.

બન્ને પ્રેમથી વાતો કરવા લાગ્યા. નવી નવી મૈથુનની ક્રીડા વડે સંભોગરૂપી સરોવરમાં મગ્ન બની ગયા.

રાત્રિના બે પ્રહર બન્ને માટે આનંદમય બની ગયા. ત્યારબાદ બન્ને અતિ શ્રમિત થવાથી નિદ્રાધીન થયા. નિદ્રા પણ તરત જ આવી ગઈ હતી.

આ સમયે દેવદત્ત સોની શૌચક્રિયા માટે જાગૃત થઈને અશોકવનમાં આવ્યો. ત્યાં તેણે આ બન્નેને કઢંગી હાલતમાં સુતેલા જોયા. દેવદત્તને વિચાર આવ્યો કે ઓહ... ધિક્કાર છે. આ મારી પુત્રવધૂ પરપુરુષની સાથે ક્રીડા કરીને શ્રમિત થવાથી અહીં સૂઈ ગઈ છે. પરપુરૂષ જાર પુરૂષ છે તેમ નક્કી કરવા માટે તે દેવદત્ત સોની દેવદિન્નના ખંડમાં ગયો ત્યારે દેવદિન્નને એકલો સૂતેલો જોયો.

દેવદત્ત સોની તરત જ અશોકવનમાં આવ્યા અને મનમાં વિચાર કર્યો કે હું ધીમેથી વહુના પગનું એક નૂપુર કાઢી લઉં કે જેથી સમય આવ્યે હું તેને અસતી કહું ત્યારે મારો પુત્ર મારી વાત સાચી માને.

આમ વિચારીને દેવદત્ત સોની ખૂબ જ સાવચેતીથી સાવધાની-

પૂર્વક દુર્ગિલાના પગ પાસે ગયો અને સંભાળપૂર્વક એક પગનું નૂપર દેવદત્તે કઢાવી લીધું.

દેવદત્ત સોની નૂપુર લઈને ઘરમાં જઈને સૂઈ ગયો.

આ તરફ નૂપુર કાઢવાથી દેવદત્ત સોનીની પુત્રવધૂ તત્કાળ જાગૃત થઈ ગઈ અને ભય પામી ગઈ. તે જાણી ગઈ કે શ્વસુરે આવીને મારા પગનું નૂપુર કાઢયું છે. આથી ભયથી કંપતી દુર્ગિલાએ મધુકરને જગાડીને કહ્યું: ' હે પ્રિય, તમે અત્યારે જલ્દી જતા રહો... આપણે જે મનભરીને આનંદ લૂંટયો તે મારાથી ભૂલાશે નહિ. આપણે ફરી જલ્દી મળીશું...મારા દુષ્ટ સસરાએ આપણને જોયા છે તેથી મુશ્કેલી આવી પડે તે પહેલા જતાં રહો ..'

મધુકરે તરત જ દુર્ગિલાને બાહુપાશમાં લઈને મુખ પર અતિ દીર્ઘચુંબન આપીને કહ્યું: ' પ્રિયે, તારું રૂપ મને જતાં રોકે છે.... તારો પ્રેમ મને રોકે છે...'

' પ્રિયતમ, આપ તુરત જાઓ અને ત્રણ–ચાર દિવસ પછી નદીકાંઠે મળીશું ત્યારે આપણે અહીં મળવાનું નક્કી કરીશું. આપણા તડપતા હૈયાની કામના બુઝાવીશું...'

અને મધુકર તરત જ અશોકવાટિકાની બહાર નીકળી ગયો.

દુર્ગિલા પણ તરત જ ઘરમાં આવીને સ્વામી દેવદિન્નના પડખામાં ભરાઈ ને સૂઈ ગઈ.

ચતુર દુર્ગિલાએ દેવદિન્નને ગાઢ આલિંગનમાં ઝકડીને જાગૃત કર્યો. દેવદિન્ન જાગૃત થયો અને કહ્યું : ' કેમ પ્રિયે, શું થયું ? '

' સ્વામી, મને અહીંયા તાપ લાગે છે...ગભરામણ થાય છે. આપણે બન્ને અશોકવાટિકામાં જઈને સૂઈ જઈએ...'

દેવદિન્ન તો પત્નીના સુંદર રૂપ પાછળ, તેની નજાકત ભરી ચાલ અને તેની સુંદર કાયા પાછળ પાગલ હતો...

'ચાલ પ્રિયે...તને અહીં ન ફાવતું હોય તો આપણે અશોકવાટિકામાં જઈને સૂઈ જઈએ...' દેવદિન્ન ઊભો થયો અને દુર્ગિલા સાથે અશોકવાટિકામાં આવ્યો.

અને દુર્ગિલા તેના સ્વામીને જ્યાં પોતે અને મધુકર સૂતા હતા ત્યાં લઈ આવી. બન્ને ત્યાં સૂતા દુર્ગિલા સ્વામીને પ્રેમ કરવા લાગી. દેવદિન્ન પત્નીના પ્રેમથી સંતોષ પામ્યો.

થોડી વારમાં દેવદિન્ન નિદ્રાને આધીન થઈ ગયો.

અર્ધ ઘટિકા પસાર થઈ ગયા બાદ નદીની જેમ આકાર ગોઠવીને દુર્ગિલાએ સ્વામીને જગાડીને ભયભીત સ્વરે કહ્યું: 'સ્વામીનાથ...'

દેવદિન્ને કહ્યું, 'શું થયું, પ્રિયે?'

'સ્વામી, આપના કુળનો રિવાજ હજુ મને સમજાતો નથી... જે હું આપને કહી પણ શકતી નથી કારણ કે તે વાત કરતાં જ મનમાં ખૂબ ક્ષોભ થાય છે...'

'પ્રિયે, એવી તે શી વાત છે કે તું ક્ષોભ અનુભવે છે... તું મને નિશ્ચિંત મને જણાવ...' દેવદિન્ન બેઠો થઈ ગયો. પ્રિયાની વાત સાંભળવામાં અધીરો બની ગયો.

દુર્ગિલાએ કહ્યું: 'સ્વામી, હું આપની સાથે સૂતી હતી, મારા વસ્ત્રો અસ્તવ્યસ્ત પડ્યા હતા. તેવામાં આપના પિતાજીએ આવીને મારા પગમાંથી નૂપુર કાઢી લીધું. શ્વસુરે બીજા કોઈ પણ વખતે પણ પુત્રવધૂનો સ્પર્શ કરવો યોગ્ય નથી તો ક્રીડાગૃહમાં તેના પતિની સાથે સૂતેલી સ્ત્રીનો સ્પર્શ કેમ કરી શકાય...?'

દુર્ગિલાની વાત સાંભળીને દેવદિન્ને પ્રેમથી કહ્યું: 'હે પ્રિયે, તું જરા પણ ચિંતા કરીશ નહિ. પ્રાતઃકાળે તારા દેખતાં જ અકાર્ય કરનાર મારા પિતાને ઠપકો આપીશ...'

દુર્ગિલા ઉત્તરમાં સ્વામીને વળગી પડી...

પ્રાતઃકાળે સૌ જાગૃત થયા. દેવદિન્ન સીધો પિતા પાસે ગયો અને દેવદિન્નની પાછળ દુર્ગિલા ગઈ હતી.

દેવદિન્ને પિતા સામે જોઈને કહ્યું: 'પિતાજી, મારે આપને એક વાત કરવી છે...'

'તારે શું વાત કરવી છે? મારે પણ તને એક વાત કરવી છે..' દેવદત્તે દુર્ગિલાની સામે દૃષ્ટિ કરતાં કહ્યું. દુર્ગિલા તો જાણે શ્વસુર બેઠા છે તેથી મર્યાદા રાખવી જોઈએ તેથી મુખ નીચું રાખીને ઊભી હતી. દેવદત્તાને થયું કે ઓહ...મારી પુત્રવધૂના મુખ પરના આવા ભાવો જોઈને કોઈને વિશ્વાસ પણ ન આવે કે તે ચારિત્ર્ય-હીન છે...

દેવદિન્ને કહ્યું: 'પિતાજી, આપે મારી પત્નીના પગમાંથી નૂપુર કેમ કાઢી લીધું?'

ત્યારે દેવદત્તે ક્રોધિત સ્વરે કહ્યું: 'દેવદિન્ન, તારી પત્ની વ્યભિચારિણી છે. રાત્રિકાળે મેં તેને પરપુરુષ સાથે સૂતેલી જોઈ હતી. તે ચારિત્ર્યહીન છે તેની ખાત્રી કરાવવા માટે જ મેં તેનું નૂપુર કાઢી લીધું હતું.'

'પિતાજી, આપ અસત્ય બોલી રહ્યાં છો. એ વખતે હું જ ત્યાં સૂતો હતો. આપને આવું કાર્ય કરતાં ક્ષોભ ન થયો. હવે આપ મારી પત્નીનું નૂપુર આપી દો. તે પતિવ્રતા છે તેની મને શ્રદ્ધા છે.'

તે વૃદ્ધ દેવદત્ત સુવર્ણકારે કહ્યું: 'હે ભાઈ, તું મારી વાત શાંતિથી વિચારજે. મેં તારી પત્નીના પગમાંથી નૂપુર કાઢયું ત્યારે તારા ખંડમાં આવ્યો અને એકલો સૂતેલો જોયો, અને તારી પત્ની અશોકવાટિકામાં પરપુરુષ સાથે નિદ્રાધીન બની હતી...'

દુર્ગિલા ઉકળી ઊઠી અને ક્રોધિત સ્વરે કહ્યું: 'ના...આવી વાત મારાથી સાંભળી જતી નથી...મારા પરતું આવું આળ સહન

થતું નથી. આ અસત્ય વાતનો હું કોઈ કાળે સ્વીકાર નહિ કરું... હું તો દૈવી ક્રિયા કરીને પિતાજીને ખાત્રી કરાવી આપીશ કે આપની પુત્રવધૂ નિર્દોષ છે...'

'તું શું કરવા માંગે છે?' દેવદિન્ને કહ્યું.

'સ્વામી, મારા આચરણ વિષે જ્યારે આવું બોલાય તે કઈ પતિવ્રતા સ્ત્રીથી સહન થાય...! આવી વાતોથી મારું હૈયું કંપી ઊઠે છે... હું આ નગરની બહાર શોભન નામનો યક્ષ છે. તેની બે જંઘાની વચ્ચેથી હું પસાર થઈ જઈશ. કારણ કે જે પ્રાણી અશુદ્ધ હોય છે તે તેની જંઘામાંથી નીકળી શકતો નથી.'

દેવદત્ત સુવર્ણકારે અને દેવદિન્ને બન્નેએ દુર્ગિલાની આ વાત સ્વીકારી અને તે જ દિવસે દુર્ગિલાએ મધુકરને એકાંતમાં મળીને બધી વાત સમજાવી અને તેણે શું કરવું તે પણ સમજાવ્યું.

બીજે દિવસે દુર્ગિલા સ્નાનકાર્ય પતાવીને, સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરીને, પૂજાની સામગ્રી લઈને, સંબંધીઓ, સ્નેહીઓને લઈને યક્ષની પૂજા કરવા નીકળી.

દુર્ગિલા શ્વેત વસ્ત્રોમાં અતિ સુંદર લાગી રહી હતી. તે મંથર ગતિએ જઈ રહી હતી.

દેવદત્ત સુવર્ણકાર, દેવદિન્ન અને અનેક સંબંધીઓ, સ્ત્રી-પુરૂષોનો મોટો સમૂહ દુર્ગિલાની પાછળ ચાલતો હતો. નગરીના કેટલાક લોકો કૌતુક નિહાળવા અર્થે સાથે આવતા હતા.

ત્યાં દુર્ગિલા યક્ષની પાસે આવી ને શ્રદ્ધાપૂર્વક પૂજન કરવા લાગી. સૌ થોડે દૂર ઊભા રહીને દુર્ગિલાની ક્રિયા નિહાળી રહ્યા હતા.

ત્યાં દુર્ગિલાનો પ્રેમી મધુકર અગાઉથી નક્કી કરેલી યોજના પ્રમાણે મેલાઘેલા વસ્ત્રો પહેરીને પાગલની ભૂમિકા ભજવતો ભજવતો દુર્ગિલા પાસે આવી પહોંચ્યો. કોઈ પણ તેનો ચહેરો ઓળખી શકતું નહોતું.

મધુકરે પાગલની ભૂમિકા સરસ રીતે કરી હતી. તે તરત જ દુર્ગિલાની બાજુમાં આવીને ઊભો રહ્યો. થોડી વાર સૌને આનંદ પડે તેવી વર્તણૂંક મધુકર કરવા લાગ્યો. દુર્ગિલા મધુકરની ચેષ્ઠા જોઈને આનંદ પામી.

અને સૌને થયું કે આ પાગલ અહીં ક્યાંથી આવી ચડયો હશે...! સૌના આશ્ચર્ય વચ્ચે મધુકર દુર્ગિલાને ગળે વળગી પડ્યો.

દુર્ગિલાએ રાડારાડ કરી મૂકી.

ઊભેલા સર્વજનોએ તરત જ પાગલની ભૂમિકા ભજવતા મધુકરને દુર્ગિલાના બંધનમાંથી મુક્ત કરીને કાઢી મૂક્યો. મધુકર દૂર ઊભો રહ્યો.

દુર્ગિલાએ ફરીથી સ્નાન કર્યું.

ફરીથી યક્ષની પૂજા કરી. સેવાપૂજા કર્યા પછી શોભનયક્ષ સામે હાથ જોડીને કહ્યું : 'આજ સુધી મેં મારા સ્વામી સિવાય અન્ય કોઈ પુરુષનો સ્પર્શ કર્યો નથી અને આ પાગલ હમણાં મારા ગળે વળગી પડયો તે તો પ્રત્યક્ષ છે. આથી મારા સ્વામી અને આ પાગલ માણસ એ બે સિવાય અન્ય કોઈ પણ પુરુષ મારા અંગને અડેલ નથી...તો હે યક્ષરાજ, આપ મને સતિને શુદ્ધિ આપનારા થાઓ...આપ સત્યપ્રિય છો...અસત્યનું ક્યારેય આચરણ ન જ કરો...'

આ વાત સાંભળીને યક્ષરાજ વિચારમગ્ન થયા...કારણકે દુર્ગિલાએ કપટભરી નીતિ અજમાવી હતી. તેથી શું નિર્ણય લેવો તે વિચારતા હતા ત્યાં તો દુર્ગિલા તેની જાંઘ વચ્ચે થઈને સરળતાથી નીકળી ગઈ.

તે જ વખતે આ તમાશો જોવા ઊભેલા લોકો બોલી ઊઠયા : 'દેવદત્ત સુવર્ણકારની પુત્રવધૂ શુદ્ધ છે. દેવદિન્નની પત્ની શુદ્ધ છે...'

રાજ્યના કર્મચારીઓએ દુર્ગિલાને પુષ્પમાળા આપીને હર્ષ વ્યક્ત કર્યો. સૌ હર્ષપૂર્વક નગરીમાં આવ્યા.

દુર્ગિલા શ્વસુરગૃહે પાછી ફરી.

નૂપુર કાઢી લેવાથી જે કલંક ઉત્પન્ન થયું હતું તે દુર્ગિલાએ ઉતારી નાંખ્યું...આથી નગરીના લોકો તેને નૂપુર પંડિતા કહેવા લાગ્યા.

આમ પુત્રવધૂ દુર્ગિલાએ શ્વસુર દેવદત્તને ચતુરાઈથી પરાજય આપ્યો. દેવદત્તે સગી આંખે જોયું હોવા છતાં દુર્ગિલાની ચતુરાઈથી સત્ય દબાઈ ગયું. દેવદત્તના મનમાં પોતાને થયેલા પરાજયથી ચિંતાએ સ્થાન લીધું. દેવદત્તની નિદ્રા ચાલી ગઈ. નિદ્રાદેવીએ રૂસણું લીધું.

તે નગરીના રાજાએ જાણ્યું કે દેવદત્તને નિદ્રા આવતી નથી તેથી દેવદત્તને પોતાના અંતઃપુરનો રક્ષક બનાવ્યો.

દેવદત્તની આંખમાં ઊંઘ હતી જ નહિ આથી તે જાગૃત રહીને ચોકી કરવા લાગ્યો.

ત્યાં...!

**જંબૂકુમારની** પત્ની પદ્મસેનાએ રસભરી કથા આગળ વધારતાં કહ્યું : 'સ્વામી, મારી વાત ધ્યાનથી સાંભળજો...'

દેવદત્ત સુવર્ણકારની નિદ્રા ચાલી ગઈ હોવાથી રાજાએ તેને રાણીવાસમાં રક્ષક તરીકે રોકી લીધો જેથી રાતભર જાગીને ચોકી કરી શકે...રાણીવાસમાં ચકલુંય ફરકી ન શકે તેવી વ્યવસ્થા હતી.

જ્યારે દેવદત્ત રાણીવાસમાં રાત્રિકાળે ચોકી કરવા અર્થે રહ્યો તેના બે દિવસ પછી રાણીવાસમાં એક સુંદર, નમણી, અપરૂપ રાણી રાતે વારંવાર રક્ષક જાગે છે કે સૂતો છે તે જોવા આવતી હતી.

દેવદત્તને થયું કે આ રાણી વારંવાર શા માટે ખંડની બહાર નીકળીને મારી તપાસ કરવા આવે છે ? હું જાગૃત રહું છું તેથી તે વારંવાર જોવા આવે છે...માટે હું સૂઈ જવાનો ડોળ કરૂં અને તે રાણી શું કરે છે તે નિહાળું...

આમ વિચારીને દેવદત્તો નિંદ્રા કરી રહ્યો છે તેવો ઢોંગ રચીને આડે પડખે થયો.

રાણી ફરી વાર તેના ખંડમાંથી બહાર આવી અને દેવદત્ત પાસે આવીને જોયું અને નક્કી કર્યું કે રક્ષક ભરઊંઘમાં છે તેથી બહાર જવામાં મુશ્કેલી નહિ પડે...રાણી પ્રીતિમતી હર્ષ પામતી ધીમેધીમે ગોખ તરફ જવા લાગી. ઝરૂખાની નીચે રાજાનો એક હાથી બાંધ્યો હતો. તે હાથીના માવત પર રાણી પ્રીતિમતીને પ્રીત થઈ હતી. દરરોજના ક્રમ પ્રમાણેના અભ્યાસથી શીખેલા હાથીએ પ્રીતિમતીને સૂંઢ વડે લઈને જમીન પર મૂકી.

રાણી જમીન પર આવી ત્યારે સામે મહાવતને ક્રોધિત થયેલો જોયો. મહાવતે ક્રોધિત સ્વરે કહ્યું : 'અરે, તું આટલી બધી મોડી કેમ આવી?'

'પ્રિયતમ, રાણીવાસમાં નવો રક્ષક આવ્યો છે તે સૂઈ જાય પછી હું આવુંને...તું આમ ગુસ્સે ન થા...'

પરંતુ મહાવતે રાણીની કોઈ વાત સાંભળી નહિ અને રાણીના ગાલ પર તમાચા મારવા લાગ્યો. રાણીની આંખમાં આંસુ આવ્યા ત્યારે મહાવતે રાણીને મારવું બંધ કર્યું.

પ્રીતિમતી રાણી તે મહાવત સાથે નિર્ભય બનીને ક્રીડા કરવા લાગી. જ્યારે રાત્રિકાળ પૂરો થવા આવતો હતો ત્યારે તે રાણી પ્રીતિમતી હાથીની સૂંઢ વડે પોતાના ખંડમાં ગઈ.

સુવર્ણકાર દેવદત્તને રાણીની આ બધી ક્રિયા જોઈને ધિક્કાર ઉપજ્યો.. ઓહ જેની કિંમત બે બદામની નથી તેવો મહાવત આ રાજ્યની રાણી પાસે કેવું વર્તન કરે છે...ખરેખર સ્ત્રીઓનું ચરિત્ર જાણવાને કોણ સમર્થ છે? જે રાણી રાજભવનની બહાર પગ નહિ મુકતી હોય તેવી આ રાણી શિયળનો ભંગ કરે છે અને આનંદથી ભોગવિલાસ ભોગવે છે. ત્યારે મારી પુત્રવધૂ દુર્ગિલા અથવા બીજી કોઈ સ્ત્રીઓ શિયળ ભંગ કરે તેમાં નવાઈ પામવા જેવું નથી...

દેવદત્ત રાણીની આ વર્ણનૂંકથી પોતાની પુત્રવધૂના દુષ્ટાચરણને ભૂલી ગયો. તેના અંતરમાંથી ચિંતાએ વિદાય લીધી અને દેવદત્ત નિરાંતે નિદ્રાધીન થઈ ગયો.

પ્રાત:કાળનો સમય થયો છતાં દેવદત્ત ઊઠયો નહિ. આથી રાણીવાસના દાસોએ રાજાને દેવદત્તની વાત કરી.

રાજાએ વિચાર્યું કે આમ કેમ થયું હશે? નક્કી કંઈ કારણ હશે તો જ દેવદત્તને નિદ્રા આવી હોવી જોઈએ. આથી રાજાએ દાસોને કહ્યું કે દેવદત્ત ભલે નિદ્રા કરે તે જ્યારે જાગૃત થાય ત્યારે મને સમાચાર આપવા આવજો...

'ભલે...' કહીને રાણીવાસના દાસો ચાલ્યા ગયા.

દેવદત્ત રાજભવનમાં સાત દિવસ સુધી સૂઈ રહ્યો. જ્યારે આઠમે દિવસ તે જાગૃત થયો ત્યારે તેને રાજા પાસે લઈ જવામાં આવ્યો.

રાજાએ દેવદત્તને કહ્યું : 'દેવદત્ત, તું સાત-સાત દિવસ સુધી સૂતો રહ્યો તેનું શું કારણ છે?'

દેવદત્તે રાણી, હાથી અને મહાવતની વાત કરી.

રાજાએ તરત જ યુક્તિ વડે પ્રીતિમતીને શોધી કાઢી. રાજાએ તરત જ રક્ષકોને આજ્ઞા કરી કે આ ત્રણેયના પ્રાણ લઈ લો.

ત્યારે સભાજનોએ વિનંતિ કરી કે મહારાજ આપ હત્યા કરીને શા માટે પાપ વહોરો છો. હાથીનો દોષ કશો નથી. હાથીને જીવતદાન આપો.

રાજાએ હાથીને જીવતદાન આપવાનું નક્કી કર્યું. પરંતુ મહાવત અને પ્રીતિમતીને રાજ્યની બહાર મોકલી દેવાનો નિર્ણય કર્યો.

તરત જ બે રક્ષકો બન્નેને બંધનગ્રસ્ત કરીને રાજ્યની સરહદ બહાર મૂકી આવ્યા.

અને...

મહાવત તથા પ્રીતિમતી જીવ લઈને નાસી છૂટયા. તેઓ આગળ જતાં એક ગામ પાસે આવી પહોંચ્યા. ત્યાં એક નિર્જન દેવાલયમાં બન્નેએ રાતવાસો કરવાનું નક્કી કર્યું.

મહાવતે કહ્યું : 'તને અહીં ફાવશેને...?'

'પ્રિયતમ, તું જ્યાં હો ત્યાં મને ફાવે છે...!' પ્રીતિમતીએ આંખ લડાવતાં કહ્યું.

'પ્રીતિ, હું તારા અગાધ રૂપનો પ્યાસી છું...તારું સૌંદર્ય, તારી નજાકત, તારી કામવાસનાએ મને બાંધી લીધો છે...' એમ કહીને મહાવતે પ્રીતિમતીને પોતાની વિશાળ બાહુમાં ઝકડી લીધી.

'ઓહ...' પ્રીતિમતીએ આછો સિસકારો નાંખ્યો.

'પ્રીતિ, આજ તો હું તને મારી સાથે જ રાખીશ...આપણે અજાણ્યા ગામમાં આવ્યા છીએ...ક્યારે મુશ્કેલી ટપકી પડે... કંઈ કહેવાય નહિ...' એમ મહાવતે કહ્યું.

'પ્રિયતમ, આમેય અજાણી જગ્યામાં ભય પણ સવિશેષ લાગેને...આજની રાત અહીં રોકાઈને આવતીકાલે આગળ ચાલ્યા જઈશું.' પ્રીતિમતિએ કહ્યું.

રાત્રિકાળ શરૂ થયો.

મહાવત અને પ્રીતિમતી દેવાલયની અંદર એક ખૂણામાં સૂઈ ગયા. હવે મધ્યરાત્રિના સમયે તે જ ગામમાંથી એક ચોર આરક્ષકો પાસેથી નાસી જઈને તે જ દેવાલયમાં આવ્યો.

તે ચોરે દેવાલયનું દ્વાર અંદરથી બંધ કરી દીધું.

રક્ષકોએ મનમાં વિચાર્યું કે પ્રાતઃકાળ થાય ત્યારે ચોરને પકડી લઈશું. આથી રક્ષકોએ દેવાલયને ફરતો ઘેરો ઘાલી દીધો. દેવાલયમાં પ્રવેશતો ચોર મુંઝાયો. દેવાલયમાં પુષ્કળ અંધકાર હતો. કોઈ પણ વસ્તુ સ્પષ્ટ દેખાતી નહોતી. આથી અંધ મનુષ્યની જેમ હાથ

ફેરવતો ફેરવતો સુરક્ષિત જગ્યા શોધતો હતો ત્યાં એક ખૂણા પાસે સૂતેલા મહાવત અને પ્રીતિમતી રાણી પાસે આવી પહોંચ્યો. ચોરે મહાવતના અંગ પર સ્પર્શ કર્યો. પરંતુ મહાવત જાગૃત થયો નહિ. પરંતુ બાજુમાં સૂતેલી રાણીના ઉન્નત ઉરોજ પર ચોરથી અજાણતાં સ્પર્શ થઈ ગયો અને ચોરને થયું કે આ સ્ત્રી જણાય છે.

ચોરના સ્પર્શથી પ્રીતિમતી જાગૃત થઈ ગઈ અને આંખો ખોલીને જોયું તો કોઈ અજાણ્યો જ માણસ જોવામાં આવ્યો. પ્રીતિમતી ચોરના સ્પર્શથી તેના પર આસક્ત થઈ ગઈ.

પ્રીતિમતીએ કહ્યું : 'તું કોણ છે ?'

'જરા ધીમે બોલ...હું ચોર છું...બહાર રક્ષકો મને બંધન-ગ્રસ્ત કરવા જાગતા બેઠા છે...હું પ્રાણ બચાવવા અહીં આવી ચડયો છું...'

આ સાંભળીને પ્રીતિમતીએ કહ્યું : 'ચોર, તું મને જો તારી સ્ત્રી તરીકે અપનાવે તો હું તારું જરૂર રક્ષણ કરીશ...'

પ્રીતિમતીના હૈયામાં કામવાસનાના સ્પંદનો જાગૃત થયા હતા અને ચોરને પોતાનો કરવાની ભાવના જાગૃત થઈ હતી.

માનવી કામવાસનાનાં આંદોલનોમાં સપડાયા પછી માનવતા ભૂલી જાય છે. કર્તવ્ય ચૂકી જાય છે, ધર્મને ઠોકરે ચડાવે છે અને અંદરથી રાક્ષસ થઈને કેવળ એ અંધ બનીને માત્ર દોડતો જ હોય છે...તે સારાસારનો વિચાર કરતો નથી. અંતરમાં વાસનાની તૃપ્તિ થાય તો જ આનંદ મળે તેવી ભાવના રમતી હોય છે.

આથી ચોરે કહ્યું : 'હે સુંદર સ્ત્રી, અંધારામાં પણ તારું રૂપ લાવણ્ય મનમોહક અને આકર્ષક લાગે છે તો દિવસના પ્રકાશમાં તું દેવાંગના જ લાગે...તું મારી પત્ની થાય અને મારા પ્રાણ બચાવે એથી રૂડું બીજું શું હતું ? પરંતુ તું મારું રક્ષણ શી રીતે કરીશ...?'

ત્યારે પ્રીતિમતી ઊભી થઈ અને ચોરની બાહોમાં વળગી પડતાં કહ્યું : 'એ કાર્ય તો સાવ સહેલું છે...'

'પણ કઈ રીતે...?' ચોરે કહ્યું.

'જ્યારે રક્ષકો અહીં આવશે ત્યારે તને મારો ભર્તાર કહીશ... મારો સ્વામી કહીશ એટલે આ મારી સાથે છે તે ચોર ઠરશે...'

ચોરે કહ્યું : 'ઓહ...ઉપાય તો સરસ છે...' કહીને પ્રીતિમતીને આલિંગનમાં લઈ ને ગુંગળાવી નાંખી. પ્રીતિમતીના હૈયામાં સળગી ઊઠેલી વાસનાની આગને તૃપ્તિ આપી.

સવાર પડયું.

દેવાલય ખોલવામાં આવ્યું. રક્ષકોએ ત્રણેયને દેવાલયની બહાર લાવ્યા.

રક્ષકોએ પૂછયું: 'તમારા ત્રણમાંથી કોણ ચોર છે?'

ત્યારે પ્રીતિમતી ચોરનો હાથ પકડીને બોલી ઊઠી: 'આ તો મારો સ્વામી છે. અમે પરગામ જતા હતા ત્યાં માર્ગમાં જ સંધ્યાકાળ થઈ જવાથી દેવાલયમાં જ રાતવાસો ગાળવાનું નક્કી કર્યું એથી અમે અહીં સૂતા હતા...'

રક્ષકોએ પણ વિચાર કર્યો કે ચોરને ત્યાં આવું સુંદર રત્ન ન હોઈ શકે...જેની આ સુંદર, તેજસ્વી, અપરૂપ પત્ની હોય તેનો પતિ કંઈ ચોરી કરીને પોતાનું જીવન વીતાવતો ન હોય માટે આ બીજો પુરુષ જ ચોર છે. એમ માનીને રક્ષકો મહાવતને લઈ ગયા. મહાવતે પ્રીતિમતીને ઘણું કહ્યું પણ પ્રીતિમતીએ કશું ન સાંભળ્યું.

મહાવત દુ:ખી થઈ ગયો. રક્ષકો મહાવતને લઈને ગામમાં લઈ ગયા ત્યાં તેને શૂળી પર ચડાવ્યો.

શૂળી પર ચડેલા મહાવતને તૃષા લાગી હતી. તે વારંવાર માર્ગ પરથી પસાર થતાં દરેક રાહગીરને કહેતો કે ભાઈ, મને જળ આપો... પરંતુ રાજભયના કારણે કોઈ જળ આપતું નહોતું.

છેવટે મહાવતે દૂરથી એક શ્રેષ્ઠિને આવતાં જોયો. મહાવતે તે શ્રેષ્ઠિને પોતાની પાસે બોલાવીને જળ માગ્યું.

ત્યારે તે જિનદાસ શ્રેષ્ઠિએ કહ્યું : 'ભાઈ, હું તને જળપાન કરાવીશ...પણ તારે મારું એક વચન માનવું પડશે...'

'કહો...આપ જે કહેશો તેમ કરીશ...' મહાવતે કહ્યું.

'ભાઈ, હું જળનું પાત્ર ભરીને અહીં આવું તે દરમ્યાન તું 'નમો અર્હદ્ભ્યઃ' એ શબ્દ બોલ્યા કર...'

'ભલે...આપ તુરત જ આવજો...' કહીને મહાવત તે શ્રેષ્ઠિના કહેવા પ્રમાણે વારંવાર 'નમો અર્હદ્ભ્યઃ' બોલવા લાગ્યો.

તે જિનદાસ શ્રેષ્ઠિ પણ રાજાની આજ્ઞા મેળવીને મહાવત માટે જળનું પાત્ર ભરીને આવતો હતો.

મહાવતે જોયું કે સામેથી તે શ્રેષ્ઠિ જળનું પાત્ર ભરીને આવે છે. તે ધીરજ ધારણ કરીને મોટા અવાજે શ્રેષ્ઠિએ આપેલો મંત્ર બોલવા લાગ્યો.

શ્રેષ્ઠિ જેવો નજદીક પહોંચ્યો ત્યાં તે મહાવતના મંત્ર બોલતાં બોલતાં જ પ્રાણ ચાલ્યા ગયા.

આમ જેણે સદાચારનું નામ જાણ્યું નહોતું તે મહાવત અકામ નિર્જરા થવાથી નવકારમંત્રના પ્રભાવ વડે વ્યંતર જાતિનો દેવ થયો.

આ તરફ પ્રીતિમતી રાણી પેલા ચોરની સાથે ચાલી નીકળી. ચોર સાથે આનંદથી સુખોપભોગ પામતી આગળ ને આગળ જતી હતી. ત્યાં માર્ગમાં એક સરિતા આવી. સરિતામાં જળ સવિશેષ હતું. આથી પ્રીતિમતીએ કહ્યું : 'પ્રિયત્તમ, આ સરિતા મારાથી પસાર થઈ શકે તેમ નથી...'

'પ્રિયે, તારી વાત સાચી છે...તે વસ્ત્રો અને આભુષણો ખૂબ પહેર્યાં છે તેથી તને ઊંચકીને લઈ જઈ શકું નહિ. આથી મારે બે વખત આવવું જવું પડશે...'

'કેમ...?' પ્રીતિમતીએ પૂછયું.

'પ્રિયે, પ્રથમ તારા વસ્ત્રો અને આભુષણો લઈને પેલા કાંઠે મૂકી આવીશ અને ત્યારબાદ અહીં આવીને તને લઈ જઈશ...'

'પણ...નિર્વસ્ત્ર હું કઈ રીતે રહી શકીશ..' પ્રીતિમતીએ મુખ પર લજ્જા લાવતાં કહ્યું.

'પ્રિયે, તું આ થોરની પાછળ સંતાઈને બેસજે...તું એકલી છો પરંતુ મનમાં ડર રાખતી નહિ...હું તરત જ તને લેવા આવી પહોંચીશ. પછી તું સામે કાંઠે વસ્ત્રો ધારણ કરી લેજે...આપણે આગળ વધીશું...'

'ભલે...' કહીને પ્રીતિમતી રાણીએ અંગ પર રહેલા સર્વ અલંકારો કાઢીને આપ્યા. વસ્ત્રો પણ કાઢીને આપી દીધા.

પ્રીતિમતી નિરાભરણ બની...

પેલા ચોરના હૈયામાં કામનો કીડો જાગૃત થયો તે એક વાર પ્રીતિમતીના રૂપનું પાન કરવા તલસી ઊઠયો.

'પ્રિયે, તારા રૂપનું આકર્ષણ મને અવરોધે છે...' કહીને ચોરે પ્રીતિમતીને આલિંગનમાં લીધી...પ્રીતિમતીએ પણ ચોરની ઈચ્છાને તૃપ્ત કરી.

પ્રીતિમતીએ કહ્યું : 'હવે તું જલ્દી જા અને મને આ રીતે રહેવું શોભતું નથી...'

ચોર તરત જ પ્રીતિમતીના આભુષણો અને વસ્ત્રો લઈને સામે કાંઠે ચાલ્યો ગયો. સામે કાંઠે પહોંચીને ચોરે વિચાર કર્યો કે જે સ્ત્રીએ મારા પર આસક્ત થઈને પોતાના ધણીને મરાવી નાંખ્યો તે સ્ત્રી મારાથી શક્તિશાળી પુરૂષને જોતા, કામનાને પોષવા માટે મને કેમ ન મરાવી નાખે..માટે આવી ક્ષણિક રાગવાળી સ્ત્રીનો સંગ કરવો યોગ્ય નથી...!

ચોરે મનમાં નક્કી કર્યું કે હવે અહીંથી ભાગી જાઉં... તેણે રાણીના વસ્ત્રો એમને એમ ત્યાં મૂકી રાખ્યાં. આભુષણો લઈને પ્રીતિમતીને હાથના સંકેત દ્વારા ચાલ્યો જાય છે તેમ જણાવીને તે ચાલવા લાગ્યો.

નિરાભરણ થયેલી રૂપસુંદરી પ્રીતિમતી હાથ ઊંચા કરીને બોલી ઊઠી: 'અરે...તું આમ મને એકલીઅટૂલી છોડીને ક્યાં ચાલ્યો જાય છે? જરા મને કહેતો તો જા...'

ચોર પાછો વળ્યો અને પ્રીતિમતીને જવાબ આપવાનું વિચાર્યું. તેથી ચોરે કહ્યું: 'વસ્ત્ર વિનાની રૂપ સુંદરી, તારું રૂપ અપાર છે... કોઈ પણ પુરુષ તારા રૂપની છટા જોઈને પાગલ બની જાય...પરંતુ તું ક્ષણિક રાગવાળી છો...મને તો તારો ડર લાગે છે...મારે હવે તારું કોઈ કામ નથી. તું ત્યાં જ રહે...' એમ કહીને ઉત્તરની અપેક્ષા રાખ્યા વગર તે ચોર પ્રીતિમતીને એમને એમ છોડીને ચાલ્યો ગયો.

પ્રીતિમતી દુ:ખી થઈ ગઈ...અને તેની આંખમાં આંસુ આવવા લાગ્યા. તેની સુંદર કાયા સૂર્યના પ્રકાશમાં ચમકી રહી હતી. તે એક થોરના ઓથે છૂપાઈને પડી રહી.

ત્યારે આ તરફ મહાવતનો જીવ જે વ્યંતર દેવ થયો હતો તેણે અવધિજ્ઞાન વડે પ્રીતિમતીની દશા નિહાળી. આથી પ્રીતિમતીને બોધ આપવા માટે તે દેવે માંસના કકડાને મુખમાં રાખેલા શિયાળનું રૂપ લીધું. તે નદીકાંઠે જઈને માંસનો ટુકડો ખાવાનો વિચાર કરવા લાગ્યો એટલામાં તે શિયાળે નદીના જળમાં એક માછલું દીઠું. તેને તે લેવાની ઇચ્છા થઈ. આથી તે મત્સ્યને ખાવા માટે દોડ્યું. મુખમાં રહેલા માંસના ટુકડાને ત્યાં જ રહેવા દીધું હતું.

તે વખતે મત્સ્ય નદીમાં ચાલ્યો ગયો અને તે દેવે વિકુર્વેલા બીજા એક ગીધ પક્ષીએ આવીને તે માંસનો કટકો લઈ લીધો.

આથી શિયાળ બન્ને ઠેકાણેથી ભ્રષ્ટ થઈને પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

આ કૌતુક જોઈને નદીને કાંઠેના થોરમાં છૂપાયેલી પ્રીતિમતી દુ:ખી હોવા છતાં શિયાળ સામે જોઈને બોલી: 'હે શિયાળ, તું મૂર્ખ છે. માંસના કકડાને ત્યાગ કરી તેં માછલાની ઇચ્છા કરી... તેથી તેં માંસ અને માછલું બન્ને ખોયા. હવે તું શું જુએ છે? હવે શેના પસ્તાવો કરે છે?'

આ સાંભળીને શિયાળે કહ્યું: 'હે નગ્નિકા, તેં પરણેલા પતિનો વિશ્વાસઘાત કર્યો અને જારપુરૂષની ઇચ્છા કરી, તેને પામીને અન્યને પકડયો તો તારી દશા કેવી થઈ...તેથી તું પણ શું જુએ છે? પસ્તાવો શાનો કરે છે?'

શિયાળની આ વાત સાંભળીને પ્રીતિમતી અત્યંત દુ:ખી થઈ. તે વ્યંતરદેવે પોતાનું રૂપ પ્રગટ કરીને પ્રીતિમતીને કહ્યું: 'તું પાપી સ્ત્રી છો...તેં અનેક પાપ કર્યા છે...છતાં તું ધર્મને અંગીકાર કરીશ તો તારા પાપ ધોવાશે...તેં જેને મરાવી નાંખ્યો હતો તે જ હું મહાવત છું... પરંતુ મંત્રીના પ્રભાવે હું દેવ થયો છું...'

પ્રીતિમતીએ કહ્યું: 'હે દેવ, હું પણ ધર્મનું શરણ સ્વીકારીશ અને મારા આત્માનું કલ્યાણ કરીશ...'

વ્યંતરદેવે તરત જ સામે કાંઠે રહેલા વસ્ત્રો પ્રીતિમતીને આપ્યા. પ્રીતિમતીએ વસ્ત્રો ધારણ કર્યા.

અને એક ગામમાં આવીને પ્રીતિમતીએ દીક્ષા અંગીકાર કરી... ત્યારબાદ ચારિત્ર પાળ્યું અને પરિણામે તે સુખને પામી...

આમ પુરી વાત કર્યા પછી પદ્મસેનાએ સ્વામીની સામે જોઈને કહ્યું: 'સ્વામી, મોક્ષ મેળવવાના લોભમાં અમને અને આ સંપત્તિને ત્યજવાથી શિયાળ જેવી દશા થશે...આથી આપ વિષય-સુખનો અનુભવ કરો...'

પદ્મસેનાના મુખે પ્રીતિમતી રાણીની વાત, નૂપુર પંડિતાની વાત જંબૂકુમાર એકધ્યાને સાંભળી રહ્યા હતા. પદ્મસેનાને મનમાં થયું કે જરૂર મારા સ્વામી મારી વાતથી સંતુષ્ટ થયા છે અને હવે અમારી સાથે વિષયસુખ ભોગવશે...

'સ્વામી, જે આપની પાસે છે તેને માણી લો...આપને આઠ-આઠ સુંદર પત્નીઓનો સંગાથ સાંપડયો છે છતાં આપ મોક્ષ-સુખની કલ્પના કરો છો...' પદ્મસેનાએ કહ્યું.

'પ્રિયે, તેં જે પ્રીતિમતી, નૂપુર પંડિતાની વાત કરી તે અત્યંત દુઃખદાયક છે. માનવીના હૈયામાં વાસનાને પોષણ મળે તેવું વાતાવરણ સર્જાય ત્યારે આવું બને છે. ક્ષણિક સુખના આનંદ ખાતર કેવી યાતના ભોગવવી પડે છે...' પ્રીતિમતીની વાત સાંભળીને તેની દુદર્શા પ્રત્યે સહાનુભૂતિ જ ઉપજે...પ્રીતિમતી સુંદર હતી, રૂપવતી હતી. તેના હૈયામાં રહેલી વાસનાની પૂર્તિ અર્થે કોઈ નવો શિકાર જોઈ તો હતો અને તેનું પરિણામ શું આવ્યું? જ્યારે માનવી હૈયામાં લાલસાને સ્થાન આપે છે ત્યારે તેનું ફળ આવું જ આવતું હોય છે. પરંતુ પવિત્ર અને મંગલકારી કામના હોય તો તેનું પરિણામ સુખદ હોય છે. અવિચારી અને અપવિત્ર લાલસાનું પરિણામ દુ:ખદ આવે છે..તું મારા સુખને અને પ્રીતિ-મતીના સુખને સાથે સરખાવે છે. તે મૂલ્યાંકન બરાબર લાગતું નથી. મારું પણ જે માર્ગે જઈ રહ્યો છું તે માર્ગે પતન થશે અને આ સમૃદ્ધિ અને પ્રિયાઓને ખોઈ બેઠો છું તેવા વિચારો આવશે તો તારી એ વિચારશક્તિ બરાબર નથી...પ્રિયે, એક વાત જણાવું...'

'કહો...સ્વામી, અમે તો આપની વાત સાંભળવા અધીર બન્યા છીએ...' પદ્‌મસેનાએ કહ્યું.

'પ્રિયે, માનવીએ સંતોષ નામની સંપત્તિ કે અમૃત પ્રાપ્ત કરવું હોય તો તેણે લાલસા, લોભ, અને મનના તરંગોને પ્રથમ

પગતળે પીસવા પડશે. તે વગર સંતોષ રૂપી અમૃત હૈયામાં સ્થિર થતું નથી. જેમાં નર્યો સ્વાર્થ હોય, સાંસારિક ભૌતિક સુખની કામના હોય, કોઈનું પચાવી લેવાની લાલસા હોય તો તે માર્ગ બરાબર નથી...મારી વાતને તું સમજી શકે છે ને?'

'હા...સ્વામી...' પદ્મસેનાએ કહ્યું.

'પ્રિયે, જ્યારે માનવી ભૌતિકસુખને જ સુખ ગણતો નથી આ સમૃદ્ધિને પામવાની કામના કરતો નથી તેના હૈયામાં ફક્ત આત્મકલ્યાણની જ કામના રમી રહી છે. અને એ કામના એટલી ભવ્ય છે કે સંસારના પ્રત્યેક સુખોની કામના કશા હિસાબમાં ન ગણાય ..આત્મસુખ, આત્મકલ્યાણ એ માનવીના જીવનની મંગલ કામના છે...અને આત્મદર્શન કરવા માટે સંસારત્યાગનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ છે...આથી તું મારા માટે જે કલ્પના કરે છે તે યોગ્ય નથી ..જે માર્ગે પગલાં માંડયા હોય અને પછી પસ્તાવો થાય તેવું મારું મન નથી...પ્રિયે, તારા આવા ભ્રમ ભરેલા ભાવોને ત્યજી દેજે. તેં વિદ્યુન્માલીનો પ્રસંગ સાંભળ્યો જણાતો નથી. જેમાં સંયમનું મહાત્મ્ય સ્પષ્ટ રીતે જોઈ શકાય છે..'

'સ્વામી...આપ એ પ્રસંગ જણાવો...' પદ્મસેનાએ મધુર સ્વરે કહ્યું.

અને...

જંબૂકુમારે વિદ્યુન્માલીની કથા કહેવાનું શરૂ કર્યું.

## ૧૯ : : સુખની ભ્રાંતિ

જંબૂ કુમારે વિદ્યુન્માલીની કથાની શરૂઆત કરતાં કહ્યું : ' ભરતક્ષેત્રની અંદર બે પાંખવાળા પક્ષીના જેવો ઉત્તર અને દક્ષિણ ભરતાર્ધને જોડી આપનારો વૈતાઢ્ય નામનો સુંદર, દૈદિપ્યમાન પર્વત છે. ત્યાં સુંદર મજાનું ગગનવલ્લભ નામનું નગર આવેલું છે. આ વૈતાઢ્ય પ્રદેશ પરની નગરી સોહામણી અને દર્શનીય હતી. નગરીમાં સુંદર, કલાત્મક અને દર્શનીય મંદિરો આવેલા હતા. નગરીના એક ભાગે સુંદર ઉદ્યાન આવેલું હતું. ગગનવલ્લભ નગરીની રાજ્ય-વ્યવસ્થા સુંદર અને વ્યવસ્થિત હતી.

આ નગરીમાં મેઘરથ અને વિદ્યુન્માલી નામના બે વિદ્યાધર ભાઈઓ રહેતા હતા. બન્ને ભાઈઓને એકબીજા પ્રત્યે સ્નેહ અપાર હતો. બન્ને અત્યંત દીન અવસ્થામાં રહેતા હોવાથી આ સંસાર કષ્ટદાયક લાગતો હતો. વિદ્યાધર હોવા છતાં બન્નેમાંથી કોઈએ વિદ્યાધારણ કરી જ નહોતી, એ કારણે તેઓનું જીવન દુઃખી બન્યું હતું.

આથી આ બન્ને ભાઈઓ ભિક્ષા માંગીને જે કંઈ મળે તેનાથી સંતોષ માનતા. કરે પણ શું ?

મેઘરથે એક દિવસ વિદ્યુન્માલીને કહ્યું : 'ભાઈ, હવે તો આ પરિસ્થિતિમાં રહેવું આકરૂં લાગે છે...આમને આમ ક્યાં સુધી જીવન પસાર કરીશું ?'

'મેઘરથ, આપણા ભાગ્યમાં સુખ જ નથી...આ રીતે ભિક્ષાથી જ જીવન પસાર કરવું પડશે, એના સિવાય બીજો કોઈ ઉપાય નથી...' વિદ્યુન્માલીએ પરિસ્થિતિ જોતાં કહ્યું.

સમય ચાલ્યો જાય છે. બન્નેના અંતરમાં સુખોપભોગ મેળવવાની ઇચ્છા રમતી હતી પરંતુ શું કરવું ? એ પ્રશ્ન પણ નજર સામે ઊભો થતો હતો. તેવામાં એક દિવસ બન્ને ભાઈઓ ભિક્ષા અર્થે નગરીમાં ફરતા હતા ત્યાં બન્ને અતિ શ્રમિત થવાથી એક વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેસી ગયા.

ત્યાં એક વિદ્યાધર ત્યાંથી પસાર થયો. બન્ને ભાઈઓને દુઃખી અવસ્થામાં જોતાં ઊભો રહી ગયો અને ખૂબ જ પ્રેમથી પૂછ્યું : 'બન્ને ભાઈઓ જણાઓ છો...!'

'હા...આપનો પરિચય...!'

'મારું નામ ચંદ્રયશ વિદ્યાધર છે...તમારી દશા જોઈને મનમાં થયું કે હું આપને કંઈ મદદ કરી શકું...!'

મેઘરથ અને વિદ્યુન્માલી અરસપરસ સામસામા જોવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે પ્રથમ વખત કોઈ આપણને મદદ માટે પૃચ્છા કરી રહ્યું છે ત્યારે મેઘરથે કહ્યું : 'ચંદ્રયશજી, અમારો પરિવાર અતિ દુઃખી અવસ્થામાં જીવે છે...અમે બે ભાઈઓ ભિક્ષા માંગીને દિવસો પસાર કરીએ છીએ. આપ તો વિદ્યાના સ્વામી છો...આપની પાસે કદાચ ધન માંગીશું તો તે ક્યારે ચાલ્યું જશે તેની ખબર નહિ પડે...આથી આપ અમને એવી

વિદ્યા શીખડાવો જેથી અમે બન્ને ભાઈઓને અપાર સુખ, સમૃદ્ધિ પ્રાપ્ત થાય...'

ચંદ્રયશે કહ્યું : ' ભાઈ, તારી ઇચ્છા પૂરી કરીશ...હું તને જે મંત્ર આપીશ તેની સાધના કરવાથી અવશ્ય લાભ થશે. તમે જે પ્રકારનું સુખ ઇચ્છો છો તે તમે બન્ને મેળવી શકશો...'

બન્ને ભાઈઓના ચહેરા પર આનંદ પ્રગટી ઊઠયો.

ચંદ્રયશ વિદ્યાધરે મેઘરથ અને વિદ્યુન્માલીને સુખ સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટેનો સર્વશ્રેષ્ઠ મંત્ર આપ્યો. તેની વિધિ પણ જણાવી દીધી. આ મંત્રનો જાપ એક વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળીને કરવાનો રહેશે, તે પહેલાં નીચ કુળની કન્યા સાથે લગ્ન કરવા પડશે.

બન્ને ભાઈઓએ ચંદ્રયશ વિદ્યાધરની વાતનો સ્વીકાર કર્યો અને તે પ્રમાણે બન્ને આચરશે તેમ જણાવ્યું.

ચંદ્રયશ વિદ્યાધર તેના માર્ગે આગળ ચાલ્યો ગયો.

મેઘરથે કહ્યું : ' વિદ્યુન્માલી, ચંદ્રયશ વિદ્યાધરે મંત્ર તો આપ્યો પરંતુ નીચલા કુળની કન્યા મેળવવા માટે આપણે અન્યત્ર જવું પડશે તો જ મંત્ર સિદ્ધ થશે. તેવી કન્યા જોડે લગ્ન કર્યાં પછી બ્રહ્મચર્ય પાળવું પડશે અને એક વર્ષ પછી કાર્યસિદ્ધ થશે ..'

' મેઘરથ, આપણે દક્ષિણ ભરતઅર્ધના વસંતપુર નગરીમાં જઈએ...મને ખ્યાલ છે કે ત્યાં નિમ્નકુળની કન્યાઓ મળી શકે છે...આમેય વસંતપુર નગર દર્શનીય અને આકર્ષક નગર છે...' વિન્દ્યુમાલીએ કહ્યું.

બીજે દિવસે માતાપિતાની આજ્ઞા મેળવીને બન્ને ભાઈઓ મેઘરથ અને વિદ્યુન્માલી વસંતપુર નામના નગરમાં આવ્યા.

બન્ને ભાઈઓ નગરીના માર્ગો, બજારો જોતાં પ્રસન્ન વદને ચાલતા હતા. બન્ને ભાઈઓએ ચાંડાળનો વેષ ધારણ કર્યો હતો.

એક–બે જણને પૂછીને મેઘરથ અને વિદ્યુન્માલી ચાંડાળોની વસ્તીમાં આવ્યા.

બન્ને ભાઈઓ ચાંડાળોના પાડામાં આવ્યા ત્યારે ચાંડાળોએ પૂછ્યું : 'કેમ ભાઈ...! અહીં આવવું થયું ?'

ત્યારે બન્ને ભાઈઓએ દુ:ખી સ્વરે કહ્યું : 'અમે ક્ષિતપ્રિતિક્ષિત નામના નગરેથી આવ્યા છીએ. અમારા માતાપિતાએ અમને કાઢી મૂકયા છે...આથી ભ્રમણ કરતાં કરતાં, વિવિધ નગરો નીહાળતા આ તરફ આવી ચડચા છીએ. અમને આશ્રય મળશે ખરો...!' બન્ને ભાઈઓએ પોતાની સત્ય હકિકત છૂપાવીને જણાવ્યું.

ચાંડાળોએ આનંદ વ્યક્ત કરતાં કહ્યું : 'આપ બન્ને ભાઈઓ અહીં મન ફાવે ત્યાં સુધી રહો...'

મેઘરથ તથા વિદ્યુન્માલી આનંદપૂર્વક ત્યાં રહેવા લાગ્યા. બન્ને ભાઈઓ ચાંડાળોની સેવા કરવા લાગ્યા. આથી થોડા દિવસો પસાર થયા પછી ચાંડાળોના અગ્રણીએ બન્ને ભાઈઓને કહ્યું : 'જો હવે તમને બન્નેને અહીં રહેવાનું અનુકૂળ આવતું હોય તો અહીં જ રહો અને જો પરણવાની ઇચ્છા હોય તો જણાવો...'

બન્ને ભાઈઓને થયું કે અમારા મનની ભાવના પૂરી થતી લાગે છે...આથી મેઘરથે કહ્યું : 'આપના આશીર્વાદથી અમે અહીં આનંદપૂર્વક રહીએ છીએ...અમે બન્ને ભાઈઓ પરણવા તો ઇચ્છીએ છીએ...'

'ભલે...તો અમે બે કન્યાઓ તમારા બન્ને ભાઈઓને માટે આપીશું...' ચાંડાળના અગ્રણીએ કહ્યું.

એમ જ થયું.

ચાંડાળોએ બે કન્યાઓ મેઘરથ અને વિદ્યુન્માલીને આપી.

મેઘરથે ચાંડાલિની સાથે લગ્ન કર્યા પછી તરત જ મંત્રનો જાપ શરૂ કરી દીધો.

ત્યારે વિદ્યુન્માલી સાથે જે ચાંડાલ કન્યા પરણી હતી. તે અત્યંત રૂપવતી, આકર્ષક અને નમણી હતી. તેની દેહલતા અપૂર્વ હતી. તેનું યૌવન મદભર્યું હતું. તે ચાંડાળ કન્યાની આંખો અતિ સુંદર અને સંમોહન પમાડે તેવી હતી. આવી સુંદર પત્નીને વિદ્યુન્માલી પરણ્યો ત્યારે બ્રહ્મચર્યનું પાલન કરીને મંત્રનો જાપ કરવો તે કઠિન તો હતું જ. છતાંય વિદ્યુન્માલીએ મંત્રના જાપ શરૂ કર્યા.

મેઘરથ ખૂબ જ શ્રદ્ધાથી, આત્મવિશ્વાસથી બ્રહ્મચર્યવ્રતનું કડક પાલન કરીને મંત્રોના જાપ કરી રહ્યો હતો.

બેત્રણ મહિના વિદ્યુન્માલીને બરાબર મંત્રનો જાપ ચાલ્યો. બ્રહ્મચર્ય પણ પાળતો રહ્યો. ત્યારે એક દિવસ રાતે રૂપવતી ચાંડાલિની વિદ્યુન્માલી પાસે આવી અને ખૂબ જ પ્રેમથી કહેવા લાગી : ' સ્વામી, આપ મંત્રસાધના કરો છો, તપ કરો છો...પરંતુ મારા અંતરની પ્યાસ ક્યારે બુઝાશે ? '

' પ્રિયે, હવે થોડા સમય સુધી રાહ જો...પછી આપણે સુખેથી રહીશું...'

' સ્વામી, મને એક વાત કહેવાનું મન થાય છે...'

' શું...? ' વિદ્યુન્માલીએ રૂપવતી ચાંડાલકન્યા સામે જોઈને કહ્યું. થોડી વાર તો તે રૂપવતીના રૂપમાં મોહાંધ થઈ ગયો પરંતુ તરત જ સજાગ બની ગયો.

' સ્વામી, આપ બ્રહ્મચર્યવ્રતના બહાના હેઠળ મને તડપાવી મારો છો...તો શું આપની કશી ખામી તો નથી ને...? ' રૂપવતીએ નશામાં આવીને વિદ્યુન્માલીના પુરૂષત્વ પર ફટકો માર્યો.

અને . વિદ્યુન્માલીએ ઉત્તર ન આપ્યો પણ પ્રિયાને બાહુપાશમાં ઝકડી લીધી. દીર્ઘ ચુંબન ચોડી દીધું અને બન્નેના અંતરમાં ઉભરાયેલા મીઠા સ્પંદનોને શાંત પાડીને અપૂર્વ સુખ પ્રાપ્ત કર્યું.

'સ્વામી, આજ આપે મારી ભાવના, મારી ઇચ્છાને સંતોષી...' વિદ્યુન્માલીની રૂપરમણી પ્રિયાએ કહ્યું.

'પ્રિયે, તારા રૂપ પાછળ તો હું તારી સાથે પરણ્યો ત્યારથી પાગલ બન્યો હતો અને તારા રૂપનો આસ્વાદ લેવા, તને પામવા અધીરો તો બન્યો હતો. પરંતુ મારે મંત્રસિદ્ધિ મેળવવી હતી. તે હવે મને નહિ મળે...'

'સ્વામી, એ સિદ્ધિ કરતાં તો આપણા બન્નેના હૈયાની જે તડપન હતી તે આજ આપણી મંગલ રાત બનીને તેના પર સિદ્ધિ મેળવી તે શું ઓછી છે?' રૂપરમણીએ નખરાં કરતાં જણાવ્યું.

'ઓહ...તારા રૂપ પાછળ હું પાગલ બન્યો છું...પ્રિયે...' કહીને વિદ્યુન્માલીએ ફરીને પ્રિયાને આલિંગનમાં લીધી.

અને આમ વિદ્યુન્માલીની રાતો રૂપરમણીના સંગમાં પસાર થવા લાગી. બ્રહ્મચર્યવ્રત ખંડિત બન્યું. વિદ્યુન્માલી નિર્બળ થયો, અસંયમે તેનું વ્રત ચલિત કરી નાંખ્યું.

આમ વિદ્યુન્માલી સાધનાના માર્ગ પર અધવચ્ચે જ ઊભો રહી ગયો. વિષયસુખનો ભોગી બન્યો...રૂપરમણીના રૂપ પાછળ પાગલ બન્યો.

ત્યારે મેઘરથે સંયમ ધર્મ બરાબર પાળીને, કોઈ પણ જાતની અડચણ વિના વિદ્યાસિધ્ધિ મેળવી. મેઘરથે બ્રહ્મચર્ય વ્રતનું બરાબર પાલન કર્યું હતું.

એક વર્ષ જેવો સમય પસાર થઈ ગયો હતો.

વિદ્યુન્માલીએ જાણ્યું કે મેઘરથે વિદ્યાસિદ્ધિ પ્રાપ્ત કરી છે અને પોતાના રૂપના આકર્ષણમાં આવીને કંઈ જ ન મેળવી શક્યો.

મેઘરથ તરત જ વિદ્યુન્માલી પાસે આવ્યો અને નમ્રતાપૂર્વક કહ્યું: 'ભાઈ વિદ્યુન્માલી, આપણી વિદ્યા સિધ્ધ થઈ ગઈ છે માટે

આપણે અહીંથી જઈએ. આપણી નગરી પાછા વળીએ. આપણે ચાંડાળનું કુળ છોડીને આપણી નગરી ગગનવલ્લભ તરફ જઈએ... ત્યાં અતિ સુંદર, કુળવાળી, રૂપવાન વિદ્યાધર કન્યાઓને પરણીને મનગમતા સુખ ભોગવીશું.'

આ સાંભળીને વિદ્યુન્માલીએ કહ્યું : ' મેઘરથ, હું કયા મોઢે તારી સાથે આવું ? તું વૈતાઢ્ય પર્વત પર જા ..કારણ કે તેં વિદ્યા સિદ્ધ કરી છે. મેં અધમવૃત્તિ આદરીને નિયમરૂપ બ્રહ્મચર્યવ્રતને ખંડિત કર્યું છે. આથી મારા ભાગ્યમાં વિદ્યાસિદ્ધિ રૂપ ફળ ક્યાંથી હોય ? અને મુશ્કેલી તો એ છે કે મારી આ ચાંડાળ પત્નીને ગર્ભ ઉત્પન્ન થયો છે. થોડા સમયમાં તે સંતાનની મા બનશે...આથી મારે પ્રિયાનો ત્યાગ કરવો પણ ઉચિત નથી. તે રીતે તું વિદ્યા મેળવેલો છે જ્યારે હું વિદ્યારહિત છું. તું આનંદપૂર્વક જા... મને તારી સાથે આવતાં લજ્જા થાય છે. તારું મંગલ થાય, મેં પ્રમાદ સેવીને, વિષયાંધ બનીને મારા આત્માને જ છેતર્યો છે. પરંતુ હવે હું સ્થિર બનીને, સાચી લગનથી વિદ્યાની સાધના કરીશ. તું મારા પર આવો જ સ્નેહ દર્શાવીને એક વર્ષ પછી મને લેવા આવજે.'

આથી મેઘરથ તેના ભાઈ વિદ્યુન્માલીને લઈ જઈ શક્યો નહિ. તે એકલો જ વૈતાઢ્ય પર્વત પર ગયો ત્યારે તેના પરિવારના સભ્યોએ વિદ્યુન્માલી અંગે પૃચ્છા કરી ત્યારે મેઘરથે બધી હકીકત જણાવી.

આ તરફ વિન્દ્યુમાલી રૂપરમણી ચાંડાળ સ્ત્રી સાથે મનગમતા સુખોપભોગ ભોગવતો રહ્યો. તે ઈચ્છતો હતો કે મારે વિદ્યાસિદ્ધિ પ્રાપ્ત કરવી છે. પરંતુ તેનો નિશ્ચય બે–ચાર દિવસથી વધારે સમય ટકતો નહિ.

સંસારમાં જે લોકો કામેચ્છાથી પીડાતા હોય છે. તેને રાત્રે નિદ્રા પણ આવતી નથી. વિદ્યુન્માલીની દશા પણ આવી જ થઈ હતી.

અને એક દિવસ રૂપરમણી વિદ્યુન્માલીની પ્રિયાએ પુત્રને જન્મ આપ્યો. વિદ્યુન્માલી તો તેને જ વિદ્યાસિદ્ધિ ગણીને હર્ષ પામ્યો. બીજુ કરે પણ શું ? વિદ્યાસિદ્ધિ મેળવવા માટે આકરામાં આકરૂં બ્રહ્મચર્યવ્રત પાળવું પડે તે થઈ શકે તેમ નહોતું...આથી કામથી પીડાતા લોકો કામપીડાનો જ વિજય માનતા હોય છે—વિદ્યુન્માલી પુત્રપ્રેમને કારણે પોતાની પ્રિયા પર વધારે આસક્ત થયો.

આથી તેના અંતરમાં જે વિદ્યા ગ્રહણ કરવાની ભાવના હતી તે મરી પરવારી. તે રૂપરમણીના સુખને સુખ માનવા લાગ્યો.

સમય પાણીના રેલાની માફક ચાલવા લાગ્યો. વિદ્યુન્માલી તે રૂપરમણી ચાંડાલ સ્ત્રી સાથે યથેચ્છ સુખ ભોગવતાં બીજીવાર ચાંડાલ સ્ત્રીએ ગર્ભ ધારણ કર્યો.

જ્યારે આ તરફ મેઘરથે ગગનવલ્લભ નગરીમાં જઈને વિદ્યા·સિદ્ધિના જોરે અપાર સુખ, સંપત્તિ પ્રાપ્ત કરી. મેઘરથે પોતાના ભાઈના વિરહ દુ:ખથી એક વર્ષ વ્યતિત કર્યું પછી તેને વિચાર આવ્યો કે ઓહ...હું અહીં દેવાંગના જેવી વિદ્યાધરી સ્ત્રીઓ સાથે આનંદથી રહું છું ત્યારે મારો ભાઈ વિદ્યુન્માલી ચાંડાળ કન્યા સાથે, જ્યાં રહેવાના પૂરાં સાધનો નથી, જ્યાં દુર્ગંધ જ મારે છે તેવા સ્થળે વસે છે અને હું અહીં સુંદર, સર્વશ્રેષ્ઠ ભવનમાં વસું છું. અનેક દાસદાસીઓ મારી આજ્ઞા સાંભળવા ખડે પગે તૈયાર ઊભા રહે છે. અહીં હું સર્વશ્રેષ્ઠ, સ્વાદિષ્ટ, રસપ્રચુર ભોજન આરોગું છું ત્યારે મારો ભાઈ નિમ્ન કક્ષાનો ખોરાક ખાય છે... મારે તેને લેવા જવું જોઈએ. હવે તેણે વિદ્યાસિદ્ધિ પણ પ્રાપ્ત કરી લીધી હશે ..અરે તે તો મારી પ્રતિક્ષા પણ કરતો હશે...'

આમ વિચારીને મેઘરથ પ્રિયાઓને જણાવીને વસંતપુર નગરીમાં આવ્યો. અને જ્યાં વિદ્યુન્માલી રહેતો હતો ત્યાં આવ્યો. તેણે

વિદ્યુન્માલીની તપાસ કરી તો તે તેના ઘરમાં જ હતો. વિદ્યુન્માલીના હાથમાં તેનો પુત્ર હતો. વિદ્યુન્માલીએ પોતાના ભાઈ મેઘરથને જોતાં જ આનંદ પામ્યો અને કહ્યું: 'આવ ભાઈ આવ...' એમ કહીને વિદ્યુન્માલીએ આસન બીછાવ્યું.

'વિદ્યુન્માલી, હું તને લેવા આવ્યો છું...' મેઘરથે કહ્યું.

'ક્યાં ભાઈ...?' વિદ્યુન્માલીએ પ્રશ્ન કર્યો.

'તું આમ કેમ કહે છે? તું મારી સાથે વૈતાઢ્ય પર્વત પર આવ અને વિદ્યાધરના ઉત્તમ સુખ ભોગવ...તેં તો વિદ્યા પ્રાપ્ત કરી લીધીને...!' મેઘરથે કહ્યું.

'ના...ભાઈ ના...મારા ભાગ્ય જ નબળા છે. આ મારી નાના બાળક વાળી સ્ત્રી છે. તે ફરી વાર ગર્ભવતી બની છે. જેને મારા સિવાય બીજો કોઈ આધાર નથી. એવી મારી અતિ સ્નેહાળ, સપુત્રા અને સગર્ભા સ્ત્રીને વજ્રની જેમ છોડીને તારી સાથે કઈ રીતે આવી શકું? મેઘરથ, આ વખતે તો તું પાછો જા...વળી બીજીવાર અવસરે દર્શન આપીશ. તો આવવાનું વિચારીશ... પરંતુ અત્યારે તો હું અહીં જ રહીશ. ભાઈ, તું મારા પર ક્રોધ કરીશ નહિ.' વિદ્યુન્માલીએ પોતાની પરિસ્થિતિની સ્પષ્ટતા મેઘરથ સામે કરી.

મેઘરથે કહ્યું: 'ઓહ...મેં તો તારા વિરહમાં માંડ એક વર્ષ પસાર કર્યું. પરંતુ...જવા દો...' મેઘરથની આંખમાં બંધુસ્નેહના કારણે આંસુ ટપકી પડ્યા.

મેઘરથે વિદ્યુન્માલીને ઘણું સમજાવ્યો કે તું મારી સાથે ચાલ અને આનંદપૂર્વક સુખો ભોગવ...

પરંતુ વિદ્યુન્માલી ન માન્યો. આથી ખિન્ન થઈને મેઘરથ પોતાના સ્થાને પાછો ફર્યો.

સુખના દિવસો, જીવનની કવિતાથી ગુંજતા દિવસો ઊગીને ક્યારે પૂરા થતાં હોય છે એની કલ્પના આવતી જ નથી. સુખ

અને આનંદની પળોને જતાં વાર લાગતી નથી. જેમ પર્વના દિવસો સાંકડા લેખાય છે તેમ સુખી જીવનનો સમય પણ સ્વપ્ન માફક ગતિ કરતો હોય છે.

વિદ્યુન્માલીના દિવસો રૂપરમણી પ્રિયા સાથે આનંદમાં અને સુખમાં પસાર થતા હતા. વિદ્યુન્માલીને ત્યાં બીજો પુત્ર આવ્યો. વિદ્યુન્માલી કામેચ્છાને દબાવી શક્યો નહિ. તેથી વિદ્યાસિદ્ધિ માટેના કોઈ પણ પ્રયત્નો કરી શક્યો નહિ.

સંસારમાં રાજ્ય મેળવી શકાય છે, સમૃદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે, આરોગ્ય અને મંત્રસિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે પરંતુ કામ પર વિજય મેળવવો ભારે કઠણ છે.

વિદ્યુન્માલી ચાંડાળોના સમૂહમાં સુખપૂર્વક દિવસો પસાર કરતો હતો પરંતુ દરેક માનવીને બધાય દિવસો સુખરૂપ જતાં નથી તેમ એકવાર વિદ્યુન્માલીને ચાંડાળોએ ભોજન ન આપ્યું. લુખો સુકો ખોરાક આપવા લાગ્યા.

આમ ચાંડાળોમાં વિદ્યુન્માલી સમય પસાર કરવા લાગ્યો. તેણે મનમાં કોઈ પણ જાતનું દુ:ખ ન અનુભવ્યું. તેની પત્નીથી જન્મેલા બંને બાળકોને આનંદથી રમાડતો અને આનંદથી રહેવા લાગ્યો. વિદ્યુન્માલી તેના બન્ને બાળકોને પોતાના ખોળામાં બેસાડતો અને રમાડતાં રમાડતાં બાળકો મૂત્ર કરે તો તેને પણ તે ગંધોદકના સ્નાન જેવું ગણતો. એ રીતે પોતાને સૌભાગ્યવાળી સ્ત્રી માનતી વિદ્યુન્માલીની પ્રિયા પણ પગલે પગલે તેનો તિરસ્કાર કરવા લાગી. છતાં પણ વિદ્યુન્માલી તેનામાં આસક્ત રહીને તે ચાંડાળોનો દાસ થઈને રહેતો હતો.

ત્યારે વૈતાઢ્ય પર્વતના ગગનવલ્લભ નગરીમાં મેઘરથ પૂર્ણ

રીતે સુખ માણતો હતો. અપૂર્વ સાહ્યબી વચ્ચે તે જીવન વિતાવતો હતો ત્યાં તેના અંતરમાં વિદ્યુન્માલીની યાદ આવી ગઈ.

મેઘરથે તેની સુંદર પ્રિયાઓને કહ્યું : 'હે પ્રિયે, હું મારા બંધુની તપાસ કરી આવું. તેના કશા સમાચાર હમણાં જાણ્યા નથી. હું તેને અહીં લઈને જ આવીશ...'

'સ્વામી, આપના બંધુને અહીં લઈ આવો...તેઓ અહીં આપણી સાથે આનંદપૂર્વક ભોગ ભોગવશે...' એક પત્નીએ કહ્યું.

ત્યારબાદ મેઘરથ ભ્રાતૃસ્નેહના અનુબંધને કારણે વસંતપુર નગરમાં આવ્યો અને વિદ્યુન્માલીને મળ્યો. વિદ્યુન્માલીના વસ્ત્રો અને દેખાવ જોતાં જ મેઘરથ અત્યંત દુઃખી થયો. ઓહ મારો ભાઈ આવી સ્થિતિમાં રહે છે...! ખરેખર આવા સ્થાને કોઈ રહી શકે નહિ...!

મેઘરથે વિદ્યુન્માલી સામે જોઈને કહ્યું : 'વિદ્યુન્માલી, તું શ્રેષ્ઠિ કુળનો છે. તને આવા ચાંડાળના કુળમાં રહેવું કેમ ગમે છે? ના... ના...માનસ સરોવરમાં ઉત્પન્ન થયેલો હંસ ઘરની ખાળના પાણીમાં રમે ખરો? તું મારી સાથે પાછો ફર...તું તારા કુકર્મથી તારા કુળને શા માટે મલિન કરે છે? તું અત્યારે જ મારી સાથે આવ...'

'નહિ...ભાઈ. મારું જીવન હવે અહીં જ સ્થિર થઈ ગયું છે. મારું જીવન પણ અહીં સમાપ્ત થશે...'

મેઘરથે સાથે આવવા માટે ઘણો જ આગ્રહ કર્યો પરંતુ વિદ્યુન્માલી ન માન્યો. આથી મેઘરથે કહ્યું: 'વિદ્યુન્માલી, તો પછી જેવી તારી ઇચ્છા...હવે હું ફરીથી અહીં ક્યારેય આવીશ નહિ...'

'ભલે...ભાઈ, તું તારે ઘેર સુખી...હું અહીં સુખદુઃખમાં જીવન પસાર કરી લઈશ...' વિદ્યુન્માલીએ કહ્યું.

ત્યારબાદ મેઘરથ પોતાની નગરી તરફ વળ્યો.

મેઘરથે દીર્ઘકાળ સુધી વૈભવ, વિલાસ, સુખ ભોગવ્યું અને સમય આવ્યો ત્યારે તેણે બધી સમૃદ્ધિ પુત્રને સોંપીને સુસ્થિત નામના મુનિવર પાસે દીક્ષા લીધી. સર્વત્યાગના પંથે પગલા માંડયા. મેઘરથ મુનિએ શ્રદ્ધા અને ભક્તિથી તપ કર્યું અને દેવ થયો.

આથી મેઘરથ સુખની પરંપરા પામ્યો.

વિદ્યુન્માલી ભવસાગરમાં ભટકવા લાગ્યો.'

જંબૂકુમારે વિદ્યુન્માલીની કથા પૂરી કરતાં પદ્મસેના સામે જોઈને કહ્યું: 'હે પ્રિયે, હું એ વિદ્યુન્માલીની જેમ વિષયાંધ થઇને દુઃખી થવા ઇચ્છતો નથી. હું તો ઉત્તરોત્તર સુખમાં જ મગ્ન થવા માંગુ છું...તું મને વિદ્યુન્માલીના પગલે આગળ વધવાની પ્રેરણા આપી રહી છે. પરંતુ મેઘરથના માર્ગના મળતા લાભોને હું જાણી શકયો છું.'

'સ્વામી, મારી તો આપને વિનંતિ છે કે આપ સંસારસુખનો આનંદ માણો અને ત્યારપછી જ નિર્ણય કરો...' પદ્મસેનાએ કહ્યું.

'નહિ પ્રિયે, મારો માર્ગ નિશ્ચિત છે. સંયમ અને સાધના મારા જીવન તારણના અંગ બનશે. સંસારના સુખો ક્ષણિક આનંદ આપનારા છે. જેમ વિદ્યુન્માલી ક્ષણિક સુખને પામવા ખાતર કેવા સંજોગોમાં ગબડી પડયો. પ્રિયે, ત્યારે મેઘરથે ખૂબ જ સમજી વિચારીને માર્ગ પકડી રાખ્યો અને તે તરી ગયો. આથી તું મારી વાતને સમજવાની કોશિષ કરજે...તું મારા માર્ગમાં અવરોધ શા માટે ઊભો કરે છે?' જંબૂકુમારે મધુર શૈલીમાં કહ્યું.

પદ્મસેના જંબૂકુમારની વાત સાંભળતી જ રહી.

જંબૂકુમારે કહ્યું:' પ્રિયે, જે સુખ નથી તેની પાછળ આપણે સૌ આંખો મીંચીને દોડી રહ્યા છીએ. કયાંય ઊભા રહેતાં જ નથી. આ સંસારનો માર્ગ ગમે તેટલો સુંવાળો હોય છતાં ડગલે ને પગલે લથડવું, લપસવું પડે છે. એથી જ જ્ઞાની ભગવંતોએ ત્યાગનો

મંગલમય માર્ગ બતાવ્યો છે. જે નાશવંત છે, તેના પ્રત્યે જ અજ્ઞાની જીવોની દૃષ્ટિ વધારે પહોંચે છે અને એક આકર્ષણ જાગે છે. પરંતુ પ્રિયે, આવી અજ્ઞાન દશા ટાળ્યા વગર પરમપદની પ્રાપ્તિ કોઈ પણ ઉપાયે શક્ય નથી. પરમપદ મેળવવા પુરુષાર્થ ખેડવો જોઈએ અને ત્યાગ માર્ગ એ સીધો માર્ગ છે. મારી વાત સમજાય છે... ?'

પદ્મસેનાએ હકારમાં માથું ધુણાવ્યું.

જંબૂ કુમારે ફરીને કહ્યું : 'પ્રિયે, સંસારમાં માનવી પાસે અપાર ધન સંપત્તિ હોય, વૈભવ હોય, સત્તા હોય પરંતુ એ બધી બાહ્ય સામગ્રીઓ છે. બહારની કોઈ પણ વસ્તુઓ સુખ અને શાંતિ આપી શકતા નથી. સાચું સુખ તો અંતરમાં દીવડો પ્રકાશે ત્યારે જ મળે છે. અંતરમાં જાગેલાં પ્રકાશનું તેજ અપૂર્વ અને અનંત હોય છે. ત્યારે બાહ્ય સામગ્રીનું આકર્ષણ ક્ષણિક અને નાશવંત હોય છે. જો માનવી મોહ દશામાંથી મુક્ત બનીને ત્યાગમાર્ગને અપનાવે તો જ્ઞાનનો પ્રકાશ મેળવતાં સમય લાગતો નથી. મોહ માનવીને ઓગળી નાંખે છે...મોહ જ માનવીની શક્તિને ક્ષીણ કરી મૂકે છે...'

જંબૂકુમારની વાત પદ્મસેના ધ્યાનપૂર્વક સાંભળી રહી હતી.

'સ્વામી, આપની હૃદયસ્પર્શી વાત સાંભળીને મારું હૈયું પ્રફુલ્લિત બન્યું છે...આપનું શરણ એજ મારો માર્ગ...' પદ્મસેનાએ ભાવભર્યા સ્વરે કહ્યું.

'પ્રિયે, સંસારનો માર્ગ ગમે તેટલો સુંવાળો હોવા છતાં, સુખસમૃદ્ધિ બક્ષનારો હોવા છતાં પણ તેમાં આત્મતૃપ્તિ પ્રાપ્ત થતી નથી...અને આત્મતૃપ્તિ કે આત્મદર્શન માટે આ સાંસારિક સુખોનો ત્યાગ જ એક શ્રેષ્ઠ માર્ગ છે. રાગના બંધનોથી મુક્ત થવું અને વિરાગના પંથે ચાલવું એમાં જ આત્માનું શ્રેય રહેલું છે. જંબૂકુમારે કહ્યું.

પદ્મસેનાનું અભિમાન ઓગળી ગયું. સ્વામીની વાતે તેના અંતરમાં હલચલ મચાવી મૂકી.

અને પદ્મસેના પણ સ્વામી જંબૂકુમારના માર્ગને અનુસરવામાં જ પોતાનો ધર્મ, પોતાના જીવનની સફળતા માનવા લાગી.

પરંતુ જંબૂ કુમારની પ્રિયા કનકસેનાએ જંબૂ કુમારની વાતનો વળતો પ્રહાર કર્યો.

કનકસેનાએ શું કહ્યું ?

## : મન નહિ પલટે શું ?

પદ્મસેનાએ જંબૂકુમારનું શરણું સ્વીકારી લીધું અને સ્વામીની વાતને સમર્થન આપ્યું. કનકસેનાને થયું કે હવે મારે જ સ્વામીને ચર્ચામાં જ પરાજિત કરવા પડશે. કનકસેના અતિ ચતુર હોવાથી તેના મનમાં એમ જ હતું કે સ્વામીને તે અવશ્ય સંસારના સુખોપભોગમાં લઈ આવવાના પ્રયત્નમાં સફળ થશે. કનકસેના એમ જ માનતી હતી કે આ સદ્ભાગ્ય મારા નસીબમાં જ અંકિત થયું છે. આમ કનકસેનાના હૈયામાં વિજય મળવાનો નાદ, આશા રમી રહી હતી. આશાના તોરમાં રાચતો માનવી ઘણીવાર સત્ય જાણી શકતો નથી. આવેલી પરિસ્થિતિને પામી શકતો નથી.

કનકસેનાએ અતિ ઉત્સાહમાં આવી જઈને કહ્યું : 'સ્વામીને સંસારના રંગરાગમાં લઈ આવવાનું કાર્ય મારા હાથે જ સિદ્ધ થવાનું લખ્યું છે.. સ્વામીને તેમના વ્રતમાંથી હમણાં જ ચલિત કરી દઈશ...'

કનકસેનાનો ગૌરપુર્ણ અતિ સુંદર ચહેરો આ વાત કરતાં દીપી ઉઠયો. જંબૂકુમારની આઠેય પ્રિયાઓએ સર્વશ્રેષ્ઠ વસ્ત્રો,

આભુષણો, અલંકારો ધારણ કર્યા હતા. તેમાં કનકસેનાનું રૂપ લાવણ્ય ખીલી ઊઠયું હતું.

કનકસેનાએ જંબૂકુમારની સામે જોઈને કહ્યું : 'સ્વામી, આપની વાત સાચી છે કે આત્મ-ઉન્નતિ કે આત્મદર્શન માટે ત્યાગનો માર્ગ સ્વીકારવો પડે પરંતુ એ માર્ગે ચાલ્યા પછી તરત જ આત્મદર્શન થતું નથી... એ માર્ગને દીપાવવા માટે માનવીએ પ્રયત્નશીલ રહેવું પડે છે. મારી વાત બરાબર છે ને?'

'હા...પ્રિયે, તું શું કહેવા માગે છે?' જંબૂકુમારે કનકસેના સામે જોઈને કહ્યું.

'સ્વામી, આપ જે માર્ગે જઈ રહ્યાં છો તે માર્ગ અતિ દીર્ઘ છે અને આત્મદર્શન માટે પ્રયત્નશીલ તેમજ સમય બન્નેની જરૂરત રહે છે. તો પછી આપ સંસારના સર્વ સુખોને ત્યાગીને એ આત્મ-દર્શનનું સુખ મેળવવા શા માટે ઇચ્છી રહ્યાં છો? આપ આટલી બધી આતુરતા શા માટે રાખી રહ્યાં છો? કોઈની લાગણી, મમતાને મારીને આપ જે માર્ગે જઈ રહ્યાં છો તે આપને યોગ્ય લાગે છે? આપે સંસારના રંગરાગને જોયા નથી, અનુભવ્યા નથી અને આપ સીધા ત્યાગ માર્ગને જ પકડીને બેઠા છો તો તે લોભ આપને નુકશાન પહોંચાડશે અને જ્યાં છો ત્યાં આવીને ઊભા રહી જશો. સ્વામી, મારી વાત અસત્ય નથી...'

જંબૂકુમારે કશું ન કહ્યું. તેઓ મૌન રહ્યાં.

કનકસેનાએ જંબૂકુમાર સામે દૃષ્ટિ કરી ત્યારે અનુભવ્યું કે સ્વામી ખરેખર મારી વાત પર વિચાર કરતાં જણાય છે અને હવે જરૂર મારો પ્રયત્ન સાર્થક થશે...

આથી અત્યંત ઉત્સાહમાં આવી જઈને, આનંદભર્યા સ્વરે

કનકસેનાએ જંબૂકુમાર પ્રતિ દૃષ્ટિ કરતાં કહ્યું : ‘ સ્વામી, આપ શંખધમકની કથા જાણો છો...? શંખધમકે પણ આવી જ રીતે અપાર સમૃદ્ધિ મેળવવાનો પ્રયત્ન કર્યો તો અંતે તેની બૂરી દશા થઈ...ત્યારે બધુંય ગુમાવી દેવું પડ્યું. તે શંખધમકને પોતે કરેલા કાર્ય પર પસ્તાવો કરવો પડ્યો.’

જંબૂકુમાર શાંતચિત્તે પ્રિયાની વાત સાંભળવા મગ્ન બન્યા હતા. કનકસેનાએ જંબૂકુમારનું ધ્યાન પોતાની વાત પ્રતિ છે તે જોઈને આનંદ અનુભવ્યો. કનકસેનાએ કહ્યું : ‘ સ્વામી, શાલિગ્રામ નામના ગામમાં એક ખેડૂત રહેતો હતો. તે હંમેશા સવારથી સાંજ સુધી પોતાના ખેતરનું રક્ષણ કરતો હતો. તે ખૂબ જ શ્રમ કરતો હતો. આ શ્રમથી તે સુખ અનુભવતો. તે જાતે દેખરેખ રાખીને ખેતરમાં જ રહેતો. તેના ખેતરમાં ઘણે દૂરથી કોઈ વાર પ્રાણીઓ આવી ચડતાં તેથી ખાટલા પર બેસીને શંખ વગાડતો અને પ્રાણીઓને હડસેલી દેતો. શંખના અવાજથી પશુ-પંખી નાસી જતાં અને તે ખેડૂતને પાકનું નુકશાન થતું નહિ.

એક વાર એવું બન્યું કે કેટલાક ચોરો પશુઓ અને ધન ચોરીને આ ખેડૂતના ખેતર પાસેથી જઈ રહ્યા હતા. ત્યાં પેલા ખેડૂતે શંખનાદ કર્યો. વારંવાર શંખનાદ થવાથી ચોર લોકો ગભરાયા. ચોરોને થયું કે ગામના લોકો આ પશુઓને વાળી જવા માટે આગળ ગયા હશે તેથી જ તેનો આ શંખનાદ જણાય છે.

આથી ભયભીત થયેલા ચોરો પોતાની પ્રાણરક્ષા થાય તે હેતુથી બધા પશુઓને અને ધનને ત્યાં મૂકીને ભાગી ગયા.

બીજે દિવસે પ્રાતઃકાળે તે ખેડૂતે પશુઓને અને ધનને જોયું. તે ખેડૂતે ધનને હાથમાં લીધું અને વિચારવા લાગ્યો કે ખરેખર મારા શંખનાદથી તે ચોરો ભાગ્યા છે. અને આ ધન અને પશુઓ મૂકતા ગયા છે...

તે ખેડૂતે ધન પોતાની પાસે રાખ્યું. પશુઓને ગામમાં લઈ જઈને જેના હતા તેને સોંપી દીધા. પોતે ધન રાખી લીધું છે તે વાત કોઈને ન કરી.

આથી ગામલોકો તે ખેડૂત પર પ્રસન્ન થયા. સૌ ઉપકાર માનવા લાગ્યા. તે રીતે ખેડૂતને પણ શંખ ફૂંકવાથી જે શુભ પરિણામ આવ્યું તેથી તે આનંદ પામ્યો. તે બીજે વર્ષે પણ આ રીતે શંખ ફૂંકવા લાગ્યો. તે ખેડૂતને અંતરમાં લોભ જાગૃત થયો હતો.

તે ખેડૂત વિચારતો હતો કે તે ધનાઢ્યની જેમ પોતાનું જીવન પસાર કરે...આનંદપૂર્વક જીવનયાત્રા ગુજારે...લોભ માનવીના તમામ સદ્ગુણોને જલાવી નાંખે છે.

ગામલોકોને આશ્ચર્ય તો થયું હતું કે આ ખેડૂત પાસે ધન હતું નહિને...! એક વર્ષથી આનંદપૂર્વક રહે છે...!

એક રાત ખેડૂતના જીવનમાં એવી આવી હતી કે તેનું ભાગ્ય ખુલ્લી ગયું હતું, તે પણ શંખનાદના પ્રતાપે.

અને એવી જ એક રાત આવી પડી કે તે ખેડૂતનું સર્વસ્વ ચાલ્યું ગયું...

દરરોજની જેમ તે ખેડૂત પોતાના ખેતરમાં બેસીને શંખનાદ કરી રહ્યો હતો. સંજોગો પણ એવા જ હતા કે તે રાતે તે જ ચોરો બીજે ગામેથી પશુઓ ચોરીને તે ખેડૂતના ખેતર પાસેથી નીકળ્યા. ત્યાં પેલો શંખનાદ સાંભળવા મળ્યો.

ચોર લોકો અરસપરસ વાતો કરવા લાગ્યા કે પહેલાં પણ આપણે આ પ્રદેશમાં અને આ જ ખેતરમાં શંખધ્વનિ સાંભળ્યો હતો અને અત્યારે પણ એજ શંખનો ધ્વનિ સાંભળવા મળે છે. માટે એવું લાગે છે કે પ્રાણીઓથી ખેતરનું રક્ષણ કરવા માટે આ ખેતરનો ખેડૂત શંખનાદ કરતો જણાય છે.

તો તો પછી આપણે પહેલા આ ખેડૂતના શંખનાદથી જ ઠગાયા હતા...!

બધા ચોરોને થયું કે એ વાત બરાબર છે, તો પછી તે ખેડૂતને સીધો કરવો જોઈએ.

બધા ચોર ક્રોધિત થઈ ગયા. હાથમાં ડાંગો લઈને તે ખેતરમાં ગયા ત્યારે તે ખેડૂત શંખનાદ કરી રહ્યો હતો.

ચોરોએ જોયું તો ખેડૂત નિરાંતે શંખ વગાડી રહ્યો છે. બધા ચોરોએ તે ખેડૂતને ઘેરી લીધો અને તેને બંધનગ્રસ્ત કરીને ડાંગ વડે સખ્ત પ્રહાર કર્યા, ખેડૂતને અધમૂઓ કરી નાંખ્યો.

ચોરો તેની સમગ્ર સંપત્તિ, પશુધન વગેરે લઈને નાસી ગયા.

પ્રાતઃકાળે બીજા ખેડૂતો તેની પાસે આવ્યા ત્યારે શંખ વગાડનાર ખેડૂતની આ દશા જોઈને ખૂબ જ દુઃખ થયું.

શંખ વગાડનાર ખેડૂતે કહ્યું : 'ભાઈઓ, ધમવું ખરું પરંતુ અતિ ધમવું નહિ. અતિ ધમેલું શોભતું નથી. ધમવાથી જે યશ મેળવ્યો હતો તે અતિ ધમવાથી ગુમાવ્યો.'

અને ગઈકાલનો તે ધનવાન, પ્રતિષ્ઠિત ખેડૂત લોભને વશ થઈને આજ તેની અવદશા પર કરુણા ઉપજી રહી હતી. પહેલાં કરતાં તેની સ્થિતિ અત્યંત દયાજનક બની ગઈ.

કનકસેનાએ તે શંખધમકની કથા પૂરી કરતા કહ્યું : ' સ્વામી, આપ જે અતિ કરી રહ્યાં છો તે યોગ્ય નથી. આપ અમારા સર્વનો ત્યાગ કરીને જવાની વાતો કરો છો તે ઠીક નથી. જેમ આ શંખધમક ખૂબ જ ધનિક થઈ જવા માંગતો હતો અને તેની કેવી દશા થઈ. જે છે તેનાથી સંતોષ માનવો જોઈએ. તેમાં જ સૌનું શ્રેય રહેલું છે. આપ આપનું ભાવિ જીવન પલટાવો, આપે જે નિર્ણય લીધો છે તેમાં પરિવર્તન લાવો અને અમારી સાથે રહીને સંસારસુખ ભોગવો...'

કનકસેનાએ જંબૂ કુમારને સંસારમાં લઈ આવવાનો પ્રયત્ન કરી જોયો. તેણે આશાભરી મીટ જંબૂકુમાર સામે માંડી અને મનમાં થયું કે સ્વામી હમણાં મારી વાતનો સ્વીકાર કરશે...

પરંતુ જંબૂ કુમારના ચહેરા પર કશા ભાવપરિવર્તન થયા નહોતા. કનકસેનાની વાત સાંભળીને જંબૂ કુમારે ધીર ગંભીર અવાજે કનકસેના સામે દૃષ્ટિ કરીને કહ્યું: 'કનકસેના, તું મારા માટે જે વિચારે છે તે બરાબર નથી. કારણ કે તું જે સુખ માટે મને સમજાવી રહી છો અને આત્મદર્શનના પંથે જવા માટે ઉતાવળ ન કરવી જોઈએ.. તારી વાતમાં જે સુખને દર્શાવી રહી છો તે ભૌતિક સુખને હું સુખ તરીકે નિહાળતો જ નથી. જે સુખ નથી માત્ર સુખની ભ્રમણા છે તે સમજી લીધા પછી તે સુખ મેળવવા માટે અથવા તે સુખનો આનંદ માણવા માટે મન જરા પણ રાજી ન થાય...જે મારા માટે સુખ નહિ પરંતુ દુ:ખ રૂપ છે. દુ:ખ રૂપ એટલા માટે કે સંસારના ભૌતિક સુખો આત્માને સંતોષી શકતા નથી. અનંત સુખ મેળવવાનો સંતોષ તેમાંથી પ્રાપ્ત થતો નથી. જે સુખ અસ્થિર છે, નાશવંત છે...તેને જ આપણે સુખ માનીને આનંદપૂર્વક રંગ-રાગથી મુક્ત એવા સુખોનો વૈભવ માણીએ તો તેનાથી બાહ્ય સુખ જરૂર મળશે, સંતોષ જરૂર પ્રાપ્ત થશે પરંતુ આંતરિક સુખ પ્રાપ્ત નહિ થાય. અપૂર્વ સમૃદ્ધિ હોવા છતાં આત્મા અસંતોષ રહે છે. આથી હું વારંવાર જણાવું છું કે અનંત સુખનો માર્ગ પકડવો જોઈએ. તેનું પરિણામ ભલે મોડું આવે પરંતુ તે પરિણામ અને દિશા પાછળ જે શુભ ભાવના, શુભ ધ્યેય, શુભ ભાવ પડયો છે તે જ માનવીના અંતરને પ્રસન્ન બનાવે છે અને નિશ્ચય કરેલા માર્ગને સ્થિર બનાવે છે. આ સાંસારિક સુખોને તું સમજી શકીશ તો સંસાર પરથી તારો મોહ પણ ઊતરી જશે. હું તને તરસ્યા વાનરની કથા સંભળાવું છું.'

કનકસેના સ્થિર બનીને સ્વામીની વાતમાં રસ લેવા માંડી. તેને થયું કે શું મારો પરાજય થશે ?

ના...ના...જો સ્વામીની વાત મને સમજાઈ જશે તો મારા આત્માનું અવશ્ય કલ્યાણ જ થશે.

જંબૂકુમારે તરસ્યા વાનરની કથા સંભળાવતા કનકસેના સામે જોયું અને મધુર સ્વરે કહ્યું: ' કનકસેના, મારી વાત બરાબર ધ્યાનથી સાંભળજે...'

અને જંબૂકુમારે કથાની શરૂઆત કરી :

' એક સુંદર રમણીય ઘટાદાર વૃક્ષોથી આચ્છિત વન્ય પ્રદેશ હતો. આંબા, જાંબુ, કદમ, તાડ, તમાલ, મહુડા, સુરંગલતા વગેરે વિશાળ વૃક્ષોથી વન શોભી ઊઠયું હતું...જાતજાતનાં વૃક્ષોથી વન્ય પ્રદેશની શોભા અનેકગણી વધી ગઈ હતી. ફળફૂલો પણ વિપુલ પ્રમાણમાં થતાં હતાં. આ વન્ય પ્રદેશમાં સુંદર જળાશયો, સરોવરો આવેલા હતા.

આથી આ વિશાળ વન્ય પ્રદેશમાં પશુપંખીઓ વિશેષ હતા. અન્ય પશુ પંખીઓના સમૂહની સાથે વાનરોનો પણ સમૂહ આ વનપ્રદેશમાં નિવાસ કરતો હતો. દરેક વાનરો આનંદથી વનપ્રદેશમાં રહેતા હતા. ઘટાદાર વૃક્ષોની ડાળીઓ પકડીને કુદાકુદ કરતાં અને સુખપૂર્વક રહેતા હતા.

આ વનપ્રદેશમાં એક શકિતશાળી વાનર રહેતો હતો. તેણે જંગલમાં રહેતા દરેક વાનરોને હરાવી દઈને પોતાની શકિતનું માપ બતાવી દીધું. આથી શક્તિશાળી વાનર એકલો જ સર્વ વાનરીઓની સાથે ક્રીડા કરવા લાગ્યો.

સમય જવા લાગ્યો.

એક દિવસ એક બીજો શક્તિશાળી અજાણ્યો મદોન્મત યુવાન વાનર તે વન્યપ્રદેશમાં આવ્યો. તે વાનરીઓ સાથે ક્રીડા

કરવાની ઈચ્છાથી જંગલમાં ઘૂસ્યો હતો. તે યુવાન વાનરે આ પ્રદેશના શક્તિશાળી ગણાતા વાનરની ઉપેક્ષા કરી હતી.

આમ યુવાન વાનર તો જાણે પાકવાથી રાતા થયેલા અને દાડમની કળી જેવા શ્વેત દાંતના અંકુરવાળી વાનરીના રાતા મુખને ચુંબન કરવા લાગ્યો. એક વાનરીને આલિંગનમાં લીધી તો બીજી વાનરીઓને સ્નેહાપાસમાં ભીંજવી દીધી.

આથી તે યુવાન વાનર તો જાણે વાનરોના શક્તિશાળી યુથ-પતિને જાણતો જ ન હોય તે રીતે વાનરીઓ સાથે ક્રીડા કરવા લાગ્યો.

આ સમયે પેલો વૃધ્ધ થઈ ગયેલો શક્તિશાળી યુથપતિ પર્વતના ઊંચા શિખરે બેસીને આ યુવાન વાનરની ચેષ્ટા નીહાળી રહ્યો હતો. યુથપતિ વાનરના હૈયામાં ક્રોધ વ્યાપી ગયો અને મનમાં વિચારવા લાગ્યો કે આ યુવાન વાનર મારી શક્તિથી અજાણ છે...મારે તેને ચમત્કાર દેખાડવો જોઈએ...આથી તે યુથપતિ ક્રોધિત બનીને યુવાન વાનરને મહાત કરવા અર્થે દોડી આવ્યો.

અને બન્ને વાનરો વચ્ચે યુદ્ધ થયું.

યુવાન વાનરે વૃધ્ધ યુથપતિ વાનરને હરાવ્યો અને અધમૂઓ કરી મૂકયો. આથી તે વૃધ્ધ વાનર ત્યાંથી ચાલ્યો ગયો. પ્રહારની વેદનાથી અને તૃષાથી પીડાતા તે વૃધ્ધ વાનરે ફરતાં ફરતાં એક ઝરતા પર્વતમાં શીલારસ નીહાળ્યો. વૃદ્ધ વાનરને થયું કે આ જળ છે તેથી તેણે શીલારસમાં મોંઢું નાંખ્યું.

પરંતુ તે વૃધ્ધ વાનરનું મુખ શીલારસમાં ચોટી ગયું. તે પોતાનું મુખ ખેંચી લેવા માટે પોતાના બન્ને હાથ વડે પ્રયત્ન કરવા લાગ્યો. ત્યાં તેના બન્ને હાથ શીલારસમાં ચોંટી ગયા...

અંતે તેનું સમગ્ર શરીર શીલારસમાં ચોંટી ગયું.

થોડીવારમાં તે વૃદ્ધ વાનર શીલારસમાં ચોંટી જવાના કારણે અને તૃષા ન છીપાવાના કારણે મૃત્યુને આધીન થયો.

જો તે વૃદ્ધ વાનરે હાથપગ શીલારસમાં નાખ્યા વિના જ મુખ ખેંચ્યું હોત તો તે શીલારસમાંથી અવશ્ય નીકળી શકત. પરંતુ તે વાનર બુધ્ધિ રહિત હોવાથી તેમ કરી શક્યો નહિ.'

જંબૂકુમારે તરસ્યા વાનરની કથા પૂરી કરતાં કહ્યું : ' હે કનકસેના, હું વાનરની પેઠે તમારા જેવી સ્ત્રીઓના સંગથી સંસારરૂપી શિલા-રસમાં નહિ ડૂબું...'

થોડીવાર પછી જંબૂકુમારે કહ્યું: ' હે પ્રિયે, આ સાંસારિક સુખનો આનંદ ક્ષણિક જ છે...જે સુખ નથી તેની પાછળ મોહાંધ બનીને વળગી રહેવાથી કશું ફળ પ્રાપ્ત થતું નથી. '

કનકસેના મૌન થઈને સ્વામીની વાત સાંભળતી રહી. જંબૂ-કુમારની વાણીનો પ્રભાવ તેના હૈયા પર પડયો. કનકસેનાને થયું કે પોતે જે સુખોની કલ્પના કરી રહી છે તે ક્ષણિક સુખ છે અને અનંત સુખ તો સ્વામી જે કહી રહ્યાં છે તે છે.

આમ કનકસેનાના હૃદયનું પરિવર્તન થયું અને સ્વામીના માર્ગને પ્રસન્નતાથી આવકાર્યો. જંબૂકુમારે કનકસેનાને પ્રતિબોધ આપી સાચા સુખનો માર્ગ દર્શાવ્યો.

કનકસેના સ્વામીના ચરણમાં ભાવભર્યા હૈયે નમી પડી અને તે પોતાની જાતને અતિ ધન્ય માનવા લાગી.

જંબૂકુમારની વાત સાંભળીને નભસેનાએ કહ્યું : ' સ્વામી, આપ પેલી વૃદ્ધ સ્ત્રી જેવા ન થાઓ. જેથી અતિ લોભને કારણે અનર્થ પેદા થાય...'

' પ્રિયે, તું શું કહેવા માંગે છે ? ' જંબૂ કુમારે કહ્યું.

' સ્વામી, આપ અનંત સુખને મેળવવાના લોભમાં અનર્થ ઊભો ન થાય તે જોજો. સિદ્ધિ અને બુદ્ધિની કથા જાણો છો ને ? '

' ના...હું તારી કથા જરૂર સાંભળીશ...' જંબૂ કુમારે કહ્યું. જંબૂ કુમારે નભસેના સામે જોયું.

સમુદ્રશ્રી, પદ્મશ્રી, પદ્મસેના અને કનકસેનાએ સ્વામીને સંસારના માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેમાં તેઓને સફળતા પ્રાપ્ત થઈ નહિ અને સ્વામીના માર્ગને અજવાળવાનો નિર્ણય કર્યો.

નભસેનાએ કથાની શરૂઆત કરી.

સૌ શાંત ચિત્તે નભસેનાની વાત સાંભળવા મગ્ન બની ગયા. જંબૂકુમાર પણ શાંતચિત્ત રાખીને નભસેના સામે જોઈ રહ્યો. નભસેનાને થયું કે સ્વામીની કથા સાંભળવાની ઉત્કંઠા છે તેથી જરૂર મારો પ્રયત્ન સફળ થશે.

નભસેનાએ કથા શરૂ કરી.

'એક ગામમાં બુદ્ધિ અને સિદ્ધિ નામની બે સ્ત્રીઓ ખૂબ જ દુઃખી જીવન વીતાવતી હતી. બન્નેના જીવનમાં દુઃખ, યાતના અને ગરીબાઈના કારણે બન્ને વચ્ચે સખીપણા થઈ ગયા હતા.

બુદ્ધિ અને સિદ્ધિ બંને જંગલમાં ભટકીને લાકડાં કે છાણ જે મળે તે ભેગી કરતી અને તે બજારમાં વેચવાથી જે કંઈ મળે તેનાથી જીવન પસાર કરતી. પેટગુજારો આ રીતે ચાલતો હતો.

બંનેની પરિસ્થિતિ દયાજનક અને અસહાય જેવી હોવાથી બંનેના મનમાં અસંતોષ અને લોભની જવાળા સળગતી હતી. તેઓને રોજ મનમાં થતું કે અમે ક્યારે સુખી થઈશું ?

હવે આ ગામની બહાર જે ઇચ્છિત વસ્તુ આપે છે તેવા ભોળક નામના યક્ષનું એક મંદિર આવેલું હતું.

દારિદ્રયના તાપથી અતિ દુઃખી બનેલી બુદ્ધિ નામની સ્ત્રી રોજ તે યક્ષની પૂજા કરતી અને તેની સામે નૈવેદ્ય ધરતી. બુદ્ધિ દિવસમાં ત્રણ વાર દેવસ્થાને આવતી, ભાવભર્યા હૈયે દેવસ્થાન સાફ કરતી.

આમ બુદ્ધિ નિયમિત યક્ષની પૂજા કરતી અને તેના ગુણગાન

ગાતી. આમ આરાધના, ભક્તિ કરતાં ઘણો સમય પસાર થયો. છતાં બુદ્ધિના ભક્તિભાવમાં જરા પણ ફરક નહોતો પડ્યો.

એકવાર તે યક્ષ બુધ્ધિ નામની સ્ત્રી પર પ્રસન્ન થયો.

યક્ષે પ્રસન્ન સ્વરે કહ્યું : ' હે બુધ્ધિ, તારી ભક્તિ, આરાધના અને સેવા જોઈને અત્યંત પ્રસન્ન થયો છું...તું જે માંગીશ તે આપીશ...'

યક્ષની વાત સાંભળીને બુધ્ધિ એકદમ આનંદમાં આવી ગઈ અને તરત જ યક્ષને નમન કરીને કહ્યું : ' હે ભોળક દેવ, આપની પ્રસન્નતા એ જ મારા માટે અમૂલ્ય છે...'

' બુદ્ધિ, હું તારી ભક્તિથી પ્રસન્ન થઈને માંગવાનું કહી રહ્યો છું...' ભોળક યક્ષરાજે કહ્યું.

ત્યારે બુધ્ધિએ નમ્રભાવે યક્ષરાજ સામે જોઈને કહ્યું : ' દેવ, આપ મારા પર પ્રસન્ન થયા છો તો જેનાથી હું સુખ અને સંતોષપૂર્વક મારું જીવન પસાર કરું તેટલી સંપત્તિ આપો...'

યક્ષે કહ્યું : ' ભલે ..તું સુખ અને શાંતિ પ્રાપ્ત કરજે... મારા પગની નીચે હંમેશાં તું દશ સોનામહોર જોઈશ તે તું લઈ લેજે...'

આ પ્રમાણે યક્ષે વરદાન આપ્યું.

આથી બુધ્ધિ યક્ષના વરદાનથી રોજ દશ–દશ સોનામહોર મેળવવા લાગી અને થોડા સમયમાં તેની પાસે ધન સંપત્તિ ખૂબ જ એકત્ર થઈ ગઈ...તેની ગણત્રી ધનિકોમાં થવા લાગી.

બુધ્ધિ, જેણે સ્વપ્નમાં પણ દિવ્ય વસ્ત્રો નીહાળ્યા નહોતાં તે હવે સુંદર વસ્ત્રો ધારણ કરીને રહે છે. જેને પહેલાં પેટની આગ બુઝાવવા સખ્ત મહેનત કરવી પડતી હતી અને છતાંય ભોજનમાં કશું પ્રાપ્ત થતું નહોતું તેને ત્યાં આજ દુઝાણા હજારો ઢોરો છે. બુધ્ધિ એક સુંદર ભવનમાં રહેતી હતી. પહેલા પારકા ઘરનું છાણ-

વાસીદું કરીને આજીવિકા ચલાવતી હતી અને આજ તેના ભવનમાં જ અનેક દાસીઓ, પરિચારકો સેવામાં રહેવા લાગ્યા.

અને તે બુધ્ધિ નામની સ્ત્રી પર યક્ષરાજની મહેર હોવાથી અપાર સમૃધ્ધિની ભોક્તા બની. પરંતુ બુધ્ધિ આ સંપત્તિનો વિશેષ ઉપયોગ દીનદુ:ખીઓના ઉદ્ધાર માટે કરવા લાગી.

આમ બુદ્ધિનું માન નગરમાં વધી ગયું.

પરંતુ બુદ્ધિનો આ માન મોભો, સંપત્તિ જોઈને તેની સખી સિદ્ધિને અદેખાઈ આવી, ઈર્ષા થઈ.

સિદ્ધિને થયું કે બુદ્ધિએ ટૂંકા ગાળામાં આટલી બધી સંપત્તિ શી રીતે મેળવી ? આટલું બધું ધન ક્યાંથી આવ્યું ? હું એની પ્રિય સખી છું, તેની ખુશામત કરીને બુદ્ધિને જ આ અંગે પૂછું...' આમ વિચારીને સિદ્ધિ તરત જ બુદ્ધિના ભવન પર આવી.

બુદ્ધિએ તરત જ સિધ્ધિનો ભવ્ય આદરસત્કાર કર્યો. બુદ્ધિએ સિદ્ધિને પૂછ્યું: 'સિદ્ધિ, તું કુશળ છો ને ?'

'હા...પરંતુ તારા જેવી કુશળતા ક્યાંથી હોય...! આવો વૈભવ, સમૃધ્ધિ જેના ચરણે હોય તેને મારા જેવી દુ:ખી સ્ત્રીની ખબર ક્યાંથી હોય...!'

'સખી, હું સાવ ભૂલી જ ગઈ હતી...!' બુદ્ધિએ ભોળા-ભાવે કહ્યું.

'સંસારમાં આમ જ ચાલ્યા કરે છે. છોડ એ વાતને...હવે તું મને જણાવ કે તારું સ્વાસ્થ્ય તો સારું છે ને ?'

'હા...મને શું થવાનું હતું...?'

'તારી વાત સાચી છે. એક કરતાં એકવીસ જેટલા સેવકો હાજર થઈ જાય તેવી સાહ્યબી મારી સખી ભોગવી રહી છે...' સિધ્ધિએ આછા હાસ્ય સાથે કહ્યું.

બુદ્ધિ ઉત્તર આપે તે પહેલા ચાર રૂપવતી દાસીઓ જળના પાત્રો, અલ્પાહારના પાત્રો અને સ્વાદિષ્ટ પકવાન, મીઠાઇઓ લઈને આવી પહોંચી. તે દાસીઓએ દરેક પાત્રો ત્રિપદી પર મૂકયા.

બુધ્ધિએ તેની સખી સિધ્ધિને આગ્રહપૂર્વક આહાર કરાવ્યો. સિધ્ધએ બુધ્ધિની ખુશામત કરીને નમ્રસ્વરે કહ્યું : 'સખી, તને આટલો વૈભવ એકાએક પ્રાપ્ત થતાં આશ્ચર્ય થાય તે સ્વાભાવિક છે. તેં આ બધું કયાંથી મેળવ્યું ? તારા વૈભવ ઉપરથી લાગે છે કે તને કદાચ ચિંતામણિ રત્ન પ્રાપ્ત થયું હોય અથવા તો અહીંના રાજવીએ તારા પર પ્રસન્નતા ઉતારી હોય, કે કોઈ દેવની કૃપા તારા પર વરસી છે ? કે પછી કોઈ નિધાન કે સુવર્ણરસ મળ્યું હોય...બુધ્ધિ, તારી સંપત્તિને હું મારી જ ગણું છું. આપણા બન્નેના સખીપણા કેટલા શ્રેષ્ઠ હતા. નગરીમાં જ્યારે આપણે બન્ને સાથે નીકળતા ત્યારે લોકો ઈર્ષા કરતાં...તને આ વાતની ખબર છે ? આપણે આપણા સુખદુઃખની વાતો કરતાં...આપણી બે વચ્ચેનો વિશ્વાસ અતૂટ છે...મારી પ્રિય સખી, તું મને જણાવીશ કે આ ઋધ્ધિ, સંપત્તિ કયાંથી પ્રાપ્ત થઈ...?'

બુધ્ધિ તો સિધ્ધિની વાતમાં ફસાઈ ગઈ અને ખૂબ જ ભોળાભાવે સિદ્ધિને કહ્યું : 'સિધ્ધિ, મને આજે પણ દુઃખના દિવસો યાદ આવે છે...મને આ સંપત્તિ યક્ષારાજની આરાધના કરવાથી પ્રાપ્ત થઈ છે અને મારા પર પ્રસન્ન થઈને દરરોજ દશ સોનામહોર પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ આપ્યા.'

સિધ્ધિએ સખીનો આભાર માન્યો અને કહ્યું : 'મારી પ્રિય સખી, આ વાત તારે અન્ય કોઇને કહેવી નહિ. પરંતુ ગુપ્ત રાખવી...' થોડી વાર બન્નેએ સામાન્ય વાતચીત કરી. લગભગ એક ઘટિકા બાદ સિધ્ધિ પોતાના જૂના-પુરાણા ઝુંપડામાં આવી.

સિધ્ધિએ વિચાર કર્યો કે હવે મને લક્ષ્મી મેળવવાનો ઉપાય હાથ લાગી ગયો. હું પણ યક્ષરાજની આરાધના કરું જેથી મને બુધ્ધિ કરતાં પણ વધારે સંપત્તિ મળે...'

અને તે દિવસથી જ સિદ્ધિ નગરી બહાર આવેલા ભોળક યક્ષરાજના મંદિરે જવા લાગી. ખૂબ જ શ્રધ્ધાપૂર્વક ભક્તિ કરવા લાગી. સિધ્ધિ પ્રાતઃકાળે, મધ્યાહ્ન પછી અને સંધ્યા સમયે આવીને વિવિધ પ્રકારની રચનાઓ કરીને પ્રથમ તો મંદિરના પગથીયાઓની શ્રેણીને ગેરૂ વડે રંગીને હંમેશા આંગણા પાસે સ્વસ્તિક કરવા લાગી.

સિધ્ધિ નિયમિત યક્ષરાજની પૂજા કરવા આવતી હતી. તે પોતે જ શુધ્ધ જળ લઈ આવે અને યક્ષરાજની મૂર્તિને સ્નાન કરાવે, સાથે લાવેલ કણવીર, બિલ્વ, કુબ્જક અને તુલસી વગેરે પુષ્પો વડે તે પૂજા ત્રણ વાર દિવસમાં કરવા લાગી.

જાણે એમ જ જણાતું હતું કે સિધ્ધિના હૈયામાં યક્ષરાજ પ્રત્યે અપાર ભક્તિ ભરી હોય તે રીતે આચરણ કરતી હતી.

થોડા દિવસો સુધી આ રીતે ભાવભરી ભક્તિ કરતાં યક્ષરાજ તેના પર પ્રસન્ન થયા અને સિધ્ધ સામે જોઈને કહ્યું : 'હે સિધ્ધિ, તારી ભાવભરી ભક્તિથી હું ખૂબ જ પ્રસન્ન થયો છું...તું જે માંગીશ તે આપીશ...'

સિધ્ધિએ તો મનમાં નક્કી જ કરી રાખ્યું હતું તે રીતે યક્ષરાજ પાસે તેણે માંગણી કરતાં કહ્યું : 'યક્ષરાજ, આપ મારા પર પ્રસન્ન થયા હો તો આપે મારી સખીને જે આપ્યું તેથી બમણું મને આપો...'

'તથાસ્તુ...' એમ કહીને તે ભોળક યક્ષ અંતર્ધ્યાન થયા. અને સિદ્ધિ પાસે બુદ્ધિ કરતાં વધુ સંપત્તિ પ્રાપ્ત થઈ. આ વાત

જ્યારે બુદ્ધિએ જાણી ત્યારે યક્ષને ફરીવાર આરાધ્યો. યક્ષે પ્રસન્ન થઈને બુદ્ધિને માંગવાનું કહ્યું ત્યારે બુદ્ધિએ સિદ્ધિ કરતાં બમણી લક્ષ્મી માંગી...

અને યક્ષરાજ બુદ્ધિને સિદ્ધિ કરતાં બમણું ધન આપવા લાગ્યો.

જાણ્યે સ્પર્ધા થતી હોય તેવું વાતાવરણ ખડું થઈ ગયું. સિદ્ધિએ ફરી વાર યક્ષરાજને આરાધ્યા.

યક્ષરાજ પ્રસન્ન થયા અને માંગવાનું કહ્યું.

ત્યારે સિદ્ધિએ વિચાર કર્યો કે હું યક્ષરાજ પાસે ધન માંગીશ તો બુદ્ધિ મારાથી બમણું માંગશે. આથી હું યક્ષરાજ પાસે એવું માંગુ કે જો બુદ્ધિ તેનું બમણું માંગે તો તેને પીડાકારક બને...અને તેવું થાય તો જ હું બુદ્ધિમતી કહેવાઉંને...!

આમ વિચારીને સિદ્ધિએ યક્ષરાજને કહ્યું: ' હે યક્ષરાજ, મારી એક આંખ કાણી કરો...'

ત્યારે યક્ષરાજે કહ્યું : ' ભલે...એમ થાઓ...'

અને સિદ્ધિની એક આંખ કાણી થઈ ગઈ.

બુદ્ધિને સમાચાર મળ્યા કે સિદ્ધિએ યક્ષરાજને પ્રસન્ન કરીને કંઈક માંગ્યું છે...પરંતુ શું માગ્યું છે તેનો ખ્યાલ ન આવ્યો. આથી સિદ્ધિથી બમણું માંગવાની ઇચ્છાથી બુદ્ધિએ ફરીવાર યક્ષરાજને પ્રસન્ન કર્યા.

યક્ષરાજ બુદ્ધિની ભક્તિ જોઈને પ્રસન્ન થયા અને બુદ્ધિને માંગવાનું કહ્યું.

ત્યારે બુદ્ધિએ સ્પષ્ટ રીતે યક્ષરાજ સામે જોઈને કહ્યું: ' હે યક્ષરાજ, આપે સિદ્ધિને જે આપ્યું હોય તેનાથી મને બમણું આપો...'

' એમ થાઓ...' યક્ષરાજે કહ્યું. યક્ષરાજ અદૃશ્ય થયા.

અને બુદ્ધિની બંને આંખો કાણી થઈ ગઈ. તે અંધ બની ગઈ... દેવનું વચન મિથ્યા થતું નથી.

આમ બુદ્ધિ પ્રથમ પ્રાપ્ત થયેલી સંપત્તિથી સંતુષ્ટ ન થતાં લોભને વશ થઈને તેણે પોતાની જાતનો પોતાની મેળે જ નાશ કર્યો.

આ રીતે કથા પૂરી કરતાં નભસેનાએ કહ્યું: 'સ્વામી, આપ પણ મનુષ્ય રૂપી લક્ષ્મી પામ્યા હોવા છતાં અધિકનો લોભ કરો છો, એથી આપને અંધ સ્ત્રી જેવું કષ્ટ ન થાય તે વિચારજો... આપના અંતરમાં આટલી સમૃદ્ધિ, અપાર વૈભવ હોવા છતાં કંઈક નવું મેળવવાનો લોભ ત્યજી શકતાં નથી. આપના હૈયામાં અસંતોષની રેખા સ્પષ્ટપણે વરતાઈ આવે છે. આપ જરા વિચારો તો શું આપ બુદ્ધિ જેવી અવસ્થા પ્રાપ્ત કરવા ઇચ્છો છો ? મારું મન કહે છે કે મારી વાત સાંભળીને આપના હૈયામાં વિચારોનું પરિવર્તન થયું હશે અને જે છે તેને માણવાનું વિચારતા હશો...સંસારમાં માનવી પોતાનું કલ્યાણ શામાં રહેલું છે તે વિચારતો હોય છે. આપ પણ આપનું કલ્યાણ શેમાં છે તે વિચારો...આપની સામે અપૂર્વ રૂપ ધરાવતી, અતિ સુંદર આઠ નવોઢાઓ બિરાજી છે. અપૂર્વ સુખ, વૈભવ, સમૃદ્ધિ પણ આપના ચરણ ચૂમવા થનગની રહી છે. આપ ગૃહત્યાગના સંકલ્પને ભૂલી જઈને સંસારના રસસાગરમાં ડૂબી જાઓ...સૌના હૈયા પ્રસન્ન કરો...'

'પ્રિયે, તું મને સંસારના રસસાગરમાં ડૂબી જવાનું કહે છે પણ શા માટે ? સંસારના રંગરાગમાં પડીને મારા આત્માનું કલ્યાણ શી રીતે સાધી શકવાનો હતો ? માનવીનું કલ્યાણ તો સંસાર–બંધનની બેડીમાંથી મુક્ત બનીને મુક્તિના પંથે જાય તેમાં છે. તેમાં જ તેનું શ્રેય રહેલું છે...હું બુદ્ધિ સ્ત્રી જેવો નથી કે ઉન્માર્ગે ચડી જાઉં...જ્યાં કેવળ આત્મસુખની જ ઇચ્છા હોય, તેને પામવાની જ ભાવના અંતરમાં રમતી હોય ત્યારે ભૌતિક સાધનો પ્રત્યે મમત્વ કઈ રીતે જાગે...! કારણ કે સંસારના ભૌતિક સાધનોથી સુખ

પ્રાપ્ત થતું જ નથી પછી હું તેને સુખ કઈ રીતે માનું...' જંબૂ-કુમારે કહ્યું.

નભસેના શાંત રહીને સ્વામીની વાત સાંભળી રહી હતી.

'પ્રિયે, મારી વાત સમજાય છે ને...! જે સુખ નથી તેને સુખ માનીને જીવન વ્યતિત કરવું તે કેટલું કષ્ટદાયક લાગે...! હું જાતિ-વંત અશ્વની જેમ ઉન્માર્ગે જનાર નથી...જેથી મને કશો વિક્ષેપ થાય...'

'સ્વામી, આપ મને એ જાતિવંત અશ્વની કથા સંભળાવોને.' નભસેનાએ ભાવભર્યા સ્વરે કહ્યું.

અને...

શું સ્વામીનું મન નહિ પલટે...! એ પ્રશ્ન નભસેનાના હૈયામાં રમવા લાગ્યો.

## ૨૧ : ઉન્માર્ગે નહિ જાઉં... !

જંબૂકુમારની પ્રિયા નભસેનાએ આત્મવિશ્વાસ સાથે સ્વામીના અંતરમાં સંસારના રંગ પૂરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ તેની ભાવના સફળ પામી નહિ. જંબૂ કુમારના દૃઢ નિશ્ચયને જરા પણ ચલિત કરી શકી નહિ.

જંબૂકુમારનું દૃઢ મનોબળ જોઈને નભસેનાને લાગ્યું કે સ્વામીના મનને પલટાવવું આકરૂં છે...

ત્યારે જંબૂકુમારે નભસેનાની વાત બરાબર સાંભળી લીધા પછી એની એ જ પ્રસન્નતા દાખવીને કહ્યું : 'પ્રિયે, જો માનવી સંસાર પ્રત્યેના રાગને છોડી દે, મોહને ત્યજી દે તો તેને સ્પષ્ટ રીતે મંગલમાર્ગ દેખાઈ આવશે. મારો માર્ગ તે આત્મકલ્યાણનો માર્ગ છે. તેમાં જે સુખ મેળવવાનું છે તે અનંતગણુ સુખ છે. મારો માર્ગ કુમાર્ગ નથી. તારા વિચારોથી ફલિત થાય છે કે હું કુમાર્ગી ન બની જાઉં...પરંતુ મારો માર્ગ ઘણો જ સ્પષ્ટ અને સુનિશ્ચિંત છે. આ માર્ગ સરળ નથી તે હું જાણું છું પરંતુ આ પંથ સ્વીકારનારના અંતરમાં શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિની સાથોસાથ અડગ નિશ્ચય પણ હોવો જોઈએ.

સંસારના કોઈ પણ ભૌતિક સુખ સામે મૂકવામાં આવે છતાં તેના હૈયામાં જે વૈરાગ્યની પાવક જ્યોત જલી ઊઠી છે તે આવા સુખોને તુચ્છ ગણશે...કારણ કે જે સુખ નથી તેના પ્રત્યે વૈરાગી જીવ ક્યા કારણોસર મમત્વ રાખે...! પ્રિયે, રાગની આરાધના કરવી સહેલી છે પરંતુ રાગમાંથી મુક્ત થવું આકરૂં છે.. તે માર્ગે ચાલ્યા પછી તેમાંથી નીકળવું ભારે કઠણ છે. જ્યારે વિરાગની આરાધનાનો માર્ગ લેવો કઠિન છે પરંતુ છોડવો સહજ છે. વિરાગની મસ્તી તો તે જ માણી શકે કે જેના હૈયે આત્મસંતોષ, શ્રધ્ધા અને ભક્તિના અંકૂર ફૂટ્યા હોય... પ્રિયે, મારો માર્ગ સ્પષ્ટ અને આત્માનું મંગલ કરનારો છે, જેમાં ક્યાંય ભૌતિક લાલસા દેખાશે નહિ...આથી તેં મને બુધ્ધિ સિદ્ધિનું દૃષ્ટાંત કહ્યું તે મારા માટે કઈ રીતે યોગ્ય હોઈ શકે ? કારણ કે મારા હૈયામાં આત્મકલ્યાણના માર્ગે જવાનો લોભ નથી પરંતુ શ્રધ્ધા ભરી છે...આથી હું ઉન્માર્ગે નહિ જાઉં. જાતિવંત અશ્વની વાત તને કરું છું...

આમ કહીને જંબૂકુમારે નભસેનાની સામે દૃષ્ટિ કરીને જાતિવંત અશ્વની કથા કહેવાનું શરૂ કર્યું.

વસંતપુર નામની નગરીમાં જિતશત્રુ નામનો રાજા રાજ્ય કરતો હતો. રાજા સંસ્કારી, સદાચારી, ધર્મ પ્રત્યે આસ્થા રાખવાવાળો હતો. તેથી તે નગરીની પ્રજા પણ સુખી અને સમૃદ્ધ હતી.

રાજવી પ્રજાવત્સલ હોય તો ત્યાંની પ્રજા પણ સુદૃઢ અને સંસ્કારી બને છે.

'વસંતપુર નગરીમાં જિનદાસ નામનો એક શ્રેષ્ઠિ રહેતો હતો. તે રાજાનો વિશ્વાસુ હોવાથી પ્રીતિપાત્ર બન્યો હતો. કોઈ પણ પ્રસંગ હોય કે કોઈ પણ કાર્ય આવી ગયું હોય તો જિતશત્રુ મહારાજ તરત જ જિનદાસ શ્રેષ્ઠિને બોલાવવા મોકલી દેતા. જિનદાસ શ્રેષ્ઠિ રાજાને મદદ કરતા અને કોઈ પણ કાર્ય હોય તો કરી આપતા.

હવે એક દિવસ અશ્વોનો સોદાગર રાજાની પાસે આવ્યો અને ખૂબ જ નમ્ર ભાવે કહ્યું: 'મહારાજ, હું તો નાનો સોદાગર છું. મારી પાસે સુંદર વછેરાંઓ છે, જાતવંત છે. આપ મારા વછેરાંઓ ખરીદી લેશો એવી મને અંતરમાં ભાવના જાગી એથી હું મારા વછેરાંઓને લઈને અહીં સુધી આવ્યો છું. આપ મારી પાસે રહેલાં વછેરાં નિહાળો...'

'ચાલો...આપણે અત્યારે જ જોઈ લઈએ...' જિતશત્રુ રાજાએ કહ્યું અને સૌ અશ્વોના સોદાગર સાથે ગયા. રાજાએ પોતાની સાથે અશ્વ પરીક્ષકોને લીધા.

સોદાગરે મહારાજાનું સ્વાગત કરીને સુંદર આસન મહારાજને બેસવા માટે મૂક્યું.

સોદાગરે કહ્યું : 'મહારાજ, મારી પાસે જે વછેરાંઓ છે તે ઉત્તમ જાતિના છે...આપની સાથે પધારેલા અશ્વ પરીક્ષકોને જણાવો કે તેઓ પરીક્ષા કરી લે...'

રાજાએ તરત જ અશ્વ પરીક્ષકોને આદેશ આપ્યો : 'પરીક્ષકો, આમાં કયા કયા અશ્વો કયા કયા લક્ષણોએ સંપૂર્ણ છે ?'

ત્યારે અશ્વ પરીક્ષકોએ દરેક અશ્વો–વછેરાઓ જોઈને પછી નિર્ણય લઈને રાજાને કહ્યું : 'મહારાજ, જુઓ, આ અમે અલગ તારવેલ છે તે વછેરું સૌભાગ્યવાળું છે.. કારણકે આ વછેરાના લક્ષણો પરથી કહી શકાય કે તે તેના સ્વામીની લક્ષ્મીમાં વૃધ્ધિ કરશે, કારણકે તેની ખરી ગોળ છે...જંઘા અને ખરી વચ્ચેની સંધિ ગુપ્ત છે. તેના ઢીંચણ, જંઘા અને મુખ પરનો ભાગ માંસ રહિત જણાય છે. તેની ડોક સાંકડી અને ઊંચી છે. તેનો નિઃશ્વાસ કમળના જેવો સુગંધી જણાય છે. તેના રોમ અત્યંત સ્નિગ્ધ છે. તેનો સ્વર કોકિલ જેવો મીઠો અને અંતરને આનંદ પમાડે તેવો છે.

મહારાજ, આ વછેરાના નેત્રો સામે જુઓ. મલ્લિકાના પુષ્પો જેવા સુંદર તેના નેત્રો છે. તેના કર્ણ નાના છતાં સુંદર છે. તેની કેશવાળી દીર્ઘ છે. આમ જુઓ, તેને પાંચે ઠેકાણે ભદ્રનું ચિહ્ન વરતાય છે. તેનો વાંસો ગુપ્ત છે. મહારાજ, તે સ્કંધ વગેરે સાત સ્થાને પહોળો છે, તેની છાતી વગેરે જગ્યાએ તે દશ ધ્રૂવ આવર્તે છે. બુધ્નાવર્ત વગેરે દુષ્ટ આવર્તોથી તે રહિત છે. આ વછેરાની દંતરાશિ સ્નિગ્ધ છે. '

આમ અશ્વ પરીક્ષકોએ એક શુભ લક્ષણવાળું વછેરું એક તરફ અલગ તારવીને મહારાજાને પોતાનું મંતવ્ય જણાવ્યું.

મહારાજા જિતશત્રુ પણ અશ્વ-લક્ષણ પરીક્ષા કરી શકતા હતા તેથી તે અશ્વ પરીક્ષકોની વાત બરાબર લાગી. આથી રાજાએ તે વછેરાંની સુગંધી જળથી, અન્ય સુગંધિત દ્રવ્યો ઉમેરીને તેની સર્વાંગે પૂજા કરી.

ત્યારબાદ જિતશત્રુ રાજાએ પુષ્પપૂજા વસ્ત્રપૂજા, અને લુણ ઉતારવાની પૂજાની ક્રિયા ભાવભરી રીતે કરી.

આમ દરેક વિધિ પૂર્ણ થયા બાદ રાજા જિતશત્રુ તે વછેરાને રાજભવનમાં લઈ આવ્યા. અશ્વોના સોદાગરને મોં માંગ્યું ઈનામ આપ્યું. અશ્વનો તે સોદાગર આનંદ પામતો, રાજાના ગુણગાન ગાતો અન્યત્ર ચાલ્યો ગયો...

રાજભવનમાં આવ્યા બાદ રાજાએ વિચાર્યું કે હવે આ વછેરાનું રક્ષણ કોણ કરશે ? કારણ કે આ ધરતી પર જે શ્રેષ્ઠ રત્નો હોય છે તેના પર વિપત્તિનું વાદળ સદાય ઝઝુમતું જ રહે છે...ત્યારે રાજાના મનમાં વિચાર પ્રવેશ્યો કે ઓહ...હું જેને મારો અતિ વિશ્વાસુ અને પ્રીતિપાત્ર ગણું છું તે જિનદાસનો વિચાર જ આવતો નથી... હું આ વછેરું તેને જ સાચવવા આપી દઈશ. તે બુદ્ધિમાન, સ્વામી

ભક્તિવાળો અને પ્રમાદરહિત છે. આમ વિચારીને રાજા જિત-શત્રુએ એક સેવકને જિનદાસ શ્રેષ્ઠિને બોલાવી લાવવા માટેની આજ્ઞા કરી.

સેવક તરત જ રાજાજ્ઞાનું પાલન કરવા જિનદાસ શ્રેષ્ઠિના ભવન પર ગયો અને થોડી વારમાં જિનદાસ શ્રેષ્ઠિને રાજાની સામે હાજર કરી દીધો.

મહારાજા જિતશત્રુએ જિનદાસ શ્રેષ્ઠિનું પ્રેમથી સ્વાગત કર્યું અને પોતાની બાજુમાં બેસાડયો.

થોડી વાર પછી જિતશત્રુ રાજાએ જિનદાસને વછેરા સંબંધી બધી વાત કરી. વાત પૂરી કર્યા બાદ રાજાએ કહ્યું: શ્રેષ્ઠિવર્ય, વછેરો આપને ત્યાં જ મોટો થશે. મારા આત્માની જેમ આપ તેનું રક્ષણ કરજો...આપ લઈ જાઓ...'

અને જિનદાસે રાજાની વાતને શ્રધ્ધાપૂર્વક વધાવી લીધી. ત્યાર બાદ જિનદાસ સેવકોને લઈને તે વછેરને સાથે લઈ પોતાના ભવન પર આવ્યો.

શ્રેષ્ઠિ જિનદાસે તરત જ વછેરાને માટે સુખકારક જગ્યા તૈયાર કરી. જિનદાસ પોતે જ અશ્વની સારસંભાળ લેવા લાગ્યો. તે અશ્વને પોતે જ રજ વિનાનું અને સ્વાદિષ્ટ લીલું ઘાસ ખવરાવવા લાગ્યો. જિનદાસ શેઠ રેતીવાળા અને કાંકરા–કાંટા વિનાના પ્રદેશમાં પોતે જ લગામ પકડીને તેને ફેરવતો અને જ્યારે તે સ્નાન કરતો ત્યારે અશ્વને પણ સુગંધીત દ્રવ્યોથી યુક્ત જળ વડે સ્નાન કરાવતો.

જિનદાસ શ્રેષ્ઠિ દરરોજ અશ્વ નિરોગી છે કે નહિ તેની ચોકસાઈ-પૂર્વક પરીક્ષા કરતો. તે અશ્વના નેત્રની પાંપણો પણ હંમેશા ઉથલાવીને જોઈ લેતો.

જિનદાસ દરરોજ પ્રાતઃકાર્ય પૂર્ણ કરીને અશ્વને નચાવતો.

નચાવતો જળ પીવા માટે સરોવર પાસે લઈ જતો અને ત્યાંથી અશ્વને બાજુની સુંદર ભૂમિ પર રમત કરાવતો. પછી જિનદાસ અશ્વને લઈને પોતાના ભવન પર આવતો.

આ પ્રમાણે જિનદાસે અશ્વને એ રીતે કેળવણી આપી કે તે કેવળ ભવન, સરોવર અને તેની નજીકની સુંદરભૂમિ સિવાય બીજે કોઈ પણ સ્થળે તે અશ્વ જાય જ નહિ.

સમય વહેતા પાણીની જેમ વહેવા લાગ્યો.

આ અશ્વકિશોર જેમ જેમ વૃદ્ધિ પામતો ગયો તેમ રાજાની સમૃદ્ધિમાં વધારો થતો ગયો. તેના પ્રભાવ માત્રથી અનેક રાજાઓ જિતશત્રુથી ધ્રૂજવા લાગ્યા.

મહારાજા જિતશત્રુની આજ્ઞા પાળવી કેટલાક રાજાઓ પસંદ કરતા નહોતા. મહારાજાના પ્રભાવ નીચે રહેવા ઇચ્છતાં નહોતાં. આથી જે રાજાઓના મન ઉદ્‌વેગ પામ્યા તેઓએ વિચાર કર્યો કે આપણી ઉપર જેનો પ્રભાવ પડે છે અને પરાભવ પામીએ છીએ તે રાજા જિતશત્રુનો શુભ લક્ષણવાળો અશ્વ જ છે. આથી આપણે તે અશ્વનું અપહરણ કરવું અથવા તે અશ્વને યમસદન પહોંચાડી દેવો.

આ પ્રમાણેનો વિચાર તો સૌને મનમાં આવતો હતો, પરંતુ આ કાર્ય કોણ કરે ? સૌ ડરતા હતા કે જો અશ્વને મારી નાંખવાનું કાવતરૂં પકડાઈ જાય તો રાજા જિતશત્રુ દંડ ઉપરાંત રાજ્ય પણ આંચકી લે...છતાંય એક નગરીના રાજાના મંત્રી બુધ્ધિસાગરને થયું કે આ કાર્ય હું સહેલાઈથી પાર પાડીશ.

બુદ્ધિસાગરે મહારાજાને કહ્યું : ‘ મહારાજ, હું જિતશત્રુ રાજાના અશ્વનું હરણ કરીને આપની સમક્ષ લઈ આવીશ...’

‘ મંત્રી, જિતશત્રુને જો જરા સરખી ગંધ આવશે તો તમે જીવતા પાછાં નહિ આવો...એ વાત ધ્યાનમાં રાખજો...’

## ઉન્માર્ગે નહિ જાઉં...!

'મહારાજ, આપ જરા પણ ડર રાખશો નહિ. સંસારની કોઈ પણ તાકાત મારી યુક્તિને પકડી શકશે નહિ. મને મારી શક્તિ પર પૂરો વિશ્વાસ છે અને મને શ્રધ્ધા છે કે હું તે શુભ લક્ષણવાળો અશ્વ લઈને જ આવીશ...'

'મંત્રી, તો પછી તમે જાઓ અને તે અશ્વને આપણી નગરીમાં લઈને તુરત આવી જાઓ...'

અને બુધ્ધિસાગર મંત્રી તરત જ વસંતપુર નગરીમાં આવ્યો. બુધ્ધિસાગર મંત્રીએ શ્રાવકનો વેષ ધારણ કર્યો હતો. નગરીમાં પ્રવેશ્યા પછી તેણે જાણી લીધું હતું કે રાજાનો સૌભાગ્યવંત અશ્વ જિન- દાસ નામના શ્રેષ્ઠિને ત્યાં રહે છે આથી તે મંત્રીએ શ્રાવકનો વેષ ધારણ કર્યો.

બુદ્ધિસાગર મંત્રીએ શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને જાણયે શ્રાવકના આચાર પાળતો હોય તે રીતે વર્તન દાખવીને તે જિનદાસ શ્રેષ્ઠિને ત્યાં આવ્યો.

જિનદાસ શ્રેષ્ઠિએ કહ્યું : 'આવો ભાઈ, આપ કોણ ?'

'હું આપનો સધાર્મિક બંધુ છું...' બુદ્ધિસાગર મંત્રીએ ખૂબ જ નમ્રતા દાખવતાં કહ્યું.

જિનદાસ શ્રેષ્ઠિએ બુધ્ધિસાગરને આવકાર આપ્યો. જિનદાસે આંગણે આવેલ બુદ્ધિસાગર શ્રાવકની આગતાસ્વાગતા ખૂબ ભાવ- ભરી રીતે કરી.

'પધારો...પધારો...આજ આપે મારૂં આંગણું પવિત્ર કર્યું...' જિનદાસે અતિથિ રૂપે આવેલ બુદ્ધિસાગરને નમન કરીને કહ્યું.

બુદ્ધિસાગર શ્રાવકના વેષે જિનદાસના ભવનમાં આવ્યો. જિનદાસે તેને એક ખંડમાં લઈ જઈને સુંદર આસન પર બેસાડયો સેવકો

તરત જ જળના પાત્રો મૂકી ગયા તો બીજા સેવકો પકવાન, મીઠાઈના પાત્રો મૂકી ગયા. ત્યારે બુદ્ધિસાગરે જિનદાસ સામે જોઈને કહ્યું: 'શેઠજી, હું અત્યારે કશું લઈશ નહિ.'

'મહાશય, આપ ક્યાંથી આવો છો?' જિનદાસ શ્રેષ્ઠિએ પ્રશ્ન કર્યો.

તે કપટી બુદ્ધિસાગર મંત્રીએ ગંભીર છતાં મધુર સ્વરે કહ્યું: 'શેઠજી, હું આ સંસારથી વિરક્ત થયો છું. આ સંસારના સુખો માત્ર સુખની ભ્રમણા છે. જ્યાં મોહ, માયા, મમતા રહેલા છે ત્યાં સુખ કે શાંતિ રહી શકતા નથી. અલ્પ સમયમાં હું દીક્ષા ધારણ કરવાનો છું. હવે હું ગૃહસ્થાશ્રમમાં રહેવા ઇચ્છતો નથી. ધર્મને, ત્યાગને બાંધવ સમાન ગણીને સર્વ ભૌતિક સુખોનો ત્યાગ કરીને સંયમના માર્ગે પગલાં પાડવાનો છું. એ ભાવનાને મૂર્ત કરવા હું પ્રથમ તીર્થ પર્યટન અર્થે નીકળ્યો છું તે પછી ઉત્તમ ગુરુદેવની પાસે દીક્ષા અંગીકાર કરીશ.'

આ સાંભળીને જિનદાસે તે કપટી શ્રાવકની વાતમાં આવી જઈને તેની ધર્મભાવના પ્રત્યે પ્રસંશા વેરતાં કહ્યું: 'આપને ધન્ય છે કે સંસારના રંગ રાગથી મુક્ત બનીને આત્મકલ્યાણનો માર્ગ અંગીકાર કરી રહ્યા છો. આપની ભાવનાને બીરદાવું છું...આપ મારે ત્યાં ભલે પધાર્યા...આપના આગમનથી આજ મારું આંગણું પાવન થશે. આપના જેવા ભદ્રિક પુરુષથી જાણવાનું પણ ઘણું મળશે...સમાન આચરણવાળા આપણે બન્ને સુખેથી ધર્મગોષ્ઠિ કરીશું...'

'આપણે સાથે બેસીને ધર્મની વાતો કરીશું તો મને પણ અત્યંત આનંદ થશે...આજ મને પણ આપના દર્શનથી વિશેષ આનંદ થયો..' કપટી શ્રાવકે કહ્યું.

'મધ્યાહ્ન થવા આવ્યો છે...આપ સ્નાનકાર્યથી નિવૃત્ત થાઓ પછી આપણે બન્ને સાથે ભોજન કરવા બેસીશું...'

'શેઠજી, અહીં નજીક કોઈ જિનમંદિર હોય તો પ્રથમ પૂજા-પાઠ કરી આવું. ત્યારબાદ ભોજન કરીશ...' કપટી શ્રાવકે જિનદાસને પોતાના પ્રતિ વધુ શ્રદ્ધા બેસે એ આશાએ કહ્યું.

'ઓહ...તો તો આપણે બન્ને પછી ભોજન કરીશું. આપ પૂજાપાઠ કરીને આવો. આપની પાસે પૂજાના વસ્ત્રો છે ?'

'હા...' બુધ્ધિસાગરે કહ્યું.

'તો પછી આપ સ્નાન કરી આવો નહિંતર ભોજનકાર્યમાં વિલંબ થશે.' જિનદાસે ઉતાવળ કરતાં કહ્યું. આજ તેનું મન આનંદ અનુભવી રહ્યું હતું કારણકે આજ ઘણા દિવસે પોતાના ભવનમાં અતિથિ આવ્યો હતો.

જિનદાસે સેવકોને તત્કાળ સ્નાનગૃહમાં જળ કાઢવાની આજ્ઞા કરી અંગલુછણ વગેરે મુકવાની સૂચના કરી.

થોડી વારમાં બુધ્ધિસાગર સ્નાનકાર્ય પૂર્ણ કરીને સેવાપૂજા અર્થે નજીકના જિનાલયમાં ગયો. ત્યાં ઝડપથી પૂજાનું કાર્ય પતાવીને ભવન પર પાછો ફર્યો.

ત્યારબાદ બુધ્ધિસાગર જિનદાસ સાથે ભોજન કરવા બેઠો. સ્વાદિષ્ટ ભોજન હતું. અનેક સામગ્રી પીરસવામાં આવી ત્યારે દેખાવ ખાતર કપટી શ્રાવક બુધ્ધિસાગરે જિનદાસ સામે જોઈને કહ્યું: 'શેઠજી, હું માત્ર ત્રણ જ સામગ્રી ભોજનમાં લઉં છું...'

'ઓહ...આપે તો જીવ્હાને સ્વાદ આપવાનો છોડી દીધો છે...' જિનદાસે કહ્યું.

'નહિ...નહિ...એવું કશું નથી...' બુધ્ધિસાગરે કહ્યું.

લગભગ અર્ધઘટિકામાં ભોજનકાર્ય સમાપ્ત થયું.

જિનદાસ બુદ્ધિસાગરને લઈને અતિથિખંડમાં આવ્યો. બન્ને આસન પર બેઠા.

જિનદાસે બુદ્ધિસાગરને મુખવાસ આપ્યો ત્યારે પણ તે ગ્રહણ કરવાની ના પાડી.

'શેઠજી, જે વસ્તુની જરૂરત નથી તે લેવાથી કશો ફાયદો થતો નથી.' બુદ્ધિસાગરે ગંભીર સ્વરે કહ્યું. આ સમયે બુદ્ધિસાગર મંત્રીનો અભિનય સુંદર હતો.

'મહાશય, આપને કયા નામે બોલાવું ..?'

'શેઠજી, આપ જાણવા ઇચ્છો છો તો મને બુદ્ધિસાગરના નામે બોલાવી શકો છો.' બુદ્ધિસાગરે કહ્યું.

'બુદ્ધિસાગર શેઠજી, આપ મને ધર્મબોધ આપો .. આ સંસારનું સ્વરૂપ, સંસારના સુખના સાધનો વિષે જણાવો...' જિનદાસે સ્વાભાવિક સ્વરે કહ્યું.

બુદ્ધિસાગર મંત્રીએ આ અંગે તૈયારી કરી જ રાખી હતી અને તેના મનમાં હતું જ કે જરૂર આ પ્રશ્નનો ઉત્તર આપવા માટે સજાગ રહેવું પડશે. થોડી વાર મૌન રહીને ધીરગંભીર સ્વરે બુદ્ધિસાગર મંત્રીએ કહ્યું: 'શેઠજી, આ સંસારનું સ્વરૂપ વિકરાળ છે. મોહ, માયા, મમતા, વૈર, ક્રોધ, લોભથી ભરેલો આ સંસાર સર્વ જીવોને પ્રિય લાગે છે, જે દુ:ખરૂપ છે છતાં ભૌતિક સુખ, વિષયસુખમાં મોહાંધ બનનારને ક્ષણિક સુખ આપે છે. અનંત સુખ તો ત્યાગવાથી પ્રાપ્ત થાય છે. ત્યાગ એટલે સંસારના બંધનોનો ત્યાગ...અંતરમાં જે મોહમાયાનું સ્વરૂપ રહેલું છે તેનો ત્યાગ...જ્યાં સુધી અંતરમાંથી મોહ, માયા, અહંકાર, ગર્વ વગેરે નહિ જાય ત્યાં સુધી આત્મસુખ પ્રાપ્ત થતું નથી. આત્મસુખ પ્રાપ્ત કરવા માટે સર્વત્યાગનો માર્ગ અત્યંત હિતકર છે અને તે માર્ગ સર્વ શ્રેષ્ઠ છે...ભૌતિક સુખમાં

રાચતાં સર્વ જીવો તો ક્ષણિક સુખને જ જાણ્યે પૂર્ણ આનંદ મળી ગયો હોય તેમ માને છે. પરંતુ જે સુખ દુઃખરૂપી છે, જે સુખ અલ્પજીવી છે તે સુખનો આનંદ પણ ક્ષણિક જ હોય ને...!' બુધ્ધિસાગરે ભાવભરી ભાષામાં કહ્યું.

જિનદાસ એકાગ્ર બનીને બુધ્ધિસાગરની વાત સાંભળી રહ્યો હતો ત્યાં જિનદાસનો એક સંબંધી આવ્યો. બુધ્ધિસાગર આગળ કંઈ કહે તે પહેલાં સંબંધીએ આવીને જિનદાસ સામે જોઈને કહ્યું: 'શેઠજી, આપ કુશળ છો ને ?'

'આવો આવો...શ્રીમાન, કહો મારું શું કામ પડયું ?' જિનદાસે કહ્યું.

'આવતી કાલે મારે ઘેર શુભ અવસર છે તો આપ તે પ્રસંગ પર પધારજો...ત્યાં આપને આખો દિવસ અને રાત રહેવું પડશે. કારણકે આપ કલ્યાણ કરવામાં અતિ કુશળ છો...આપના વિના અમારા ઘેર આવેલા પ્રસંગને કોણ ઉકેલે ?'

જિનદાસને સંબંધીની વાતનો સ્વીકાર કરવો પડયો. સંબંધી હર્ષ પામતો વિદાય થયો.

જિનદાસે બુદ્ધિસાગરને કહ્યું : 'હે બંધુ, મારે મારા તે સંબંધીને ઘેર અવશ્ય જવું પડશે આથી હું જઈશ ત્યારે આપ મારા ભવનનું બરાબર ધ્યાન રાખજો...'

'ભલે...જેવી આપની ઇચ્છા...' બુદ્ધિસાગરે કહ્યું.

અને બીજે દિવસે સવારે વહેલાં જિનદાસ તે સંબંધીને ત્યાં પ્રસંગ ઉકેલવા ગયા. જિનદાસે બુધ્ધિસાગર પર વિશ્વાસ રાખીને નિશ્ચિંત મને ગયા હતા.

હવે આ દિવસે નગરીમાં એક મોટો કૌમુદિ મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. આથી નગરની સ્ત્રીઓ, બાળકો ખૂબ જ આનંદપૂર્વક અને અદમ્ય ઉલ્હાસથી ગીતો-નૃત્ય કરતી હતી.

જિનદાસના સેવકો પણ આ ઉત્સવ જોવા આવ્યા હતા આથી મોકો મેળવીને રાત્રિકાળે બુદ્ધિસાગરે જિનદાસના ભવનમાંથી તે શુભલક્ષણો યુક્ત અશ્વને લઈને નિર્ભય બનીને બીજા માર્ગેથી ચાલ્યો.

પરંતુ કેળવાયેલા અશ્વને બુધ્ધિસાગરે ઘણો જ વાર્યો છતાં સરોવર પર જ ગયો. ત્યાં જળપાન કરીને તે સુંદર ભૂમિ પર કેટલોક સમય ફર્યો.

અને...

પાછો જિનદાસના ભવન પર આવીને ઊભો રહ્યો પરંતુ તે અશ્વ બીજે કોઈ પણ ઠેકાણે ગયો નહિ. એટલું જ નહિ તે દુષ્ટ મનોવૃત્તિ ધરાવનારો બુધ્ધિસાગર મંત્રી તેને બીજે કોઈ પણ સ્થળે લઈ જઈ શક્યો પણ નહિ. છતાંય બુધ્ધિસાગરે અશ્વને વારવા ઘણી મહેનત કરી પરંતુ અશ્વ બહાર નીકળ્યો જ નહિ.

આમને આમ પ્રાતઃકાળનો સમય થયો.

એટલે દુષ્ટાત્મા બુદ્ધિસાગર રાજના ડરના કારણે, સજા પડે તેના કારણે નાસી ગયો.

સૂર્યોદય થયો ત્યારે જિનદાસ શ્રેષ્ઠિ પોતાના ભવન પર પાછો ફર્યો. જિનદાસ જ્યારે માર્ગ પરથી પસાર થતો હતો ત્યારે તેણે લોકોના મોઢે સાંભળ્યું કે આજે આપના અશ્વને આખી રાત કૌમુદી ઉત્સવમાં ફેરવવામાં આવ્યો છે.

આ સમાચાર જિનદાસ માટે આઘાતજનક સાથે આશ્ચર્ય-જનક પણ હતા. તેણે ઝડપથી ભવનનો માર્ગ પકડયો અને ભવન પર આવ્યા. ત્યારે તેણે અશ્વને શ્રમિત થયેલો, દુર્બળ અને પ્રશ્વેદ બિંદુથી યુક્ત દશામાં નીહાળ્યો.

જિનદાસે વિચાર્યું કે સારું થયું કે આ અશ્વ ચોરાઈ શક્યો નહિ. હું ધર્મના બહાના હેઠળ છેતરાયો. આમ તેના હૈયામાં હર્ષ, અને શોક વ્યાપી ગયા.

આમ જોતાં જિનદાસ નિરંતર તે અશ્વનું સુંદર રીતે રક્ષણ કરતો હતો, પરંતુ હવેથી તે તેની વધારે કાળજી લેવા લાગ્યો. કારણ કે તે ઉન્માર્ગે ગયો નહિ તેથી વધારે પ્રિય પણ બન્યો.'

આમ જંબૂકુમારે કથા પૂરી કરીને કહ્યું : ' હે પ્રિયે, તે અશ્વની પેઠે મને પણ કોઈ ઉન્માર્ગે લઈ જવા શક્તિમાન નથી. તેથી મને જે અનંત સુખ આપનાર માર્ગ છે તેનો ત્યાગ કરીશ નહિ...'

આમ કહીને જંબૂકુમારના મુખ પર શાંતિ અને પ્રસન્નતાના ભાવ ઉપસી આવ્યા.

જંબૂકુમારની વાત સાંભળીને નભસેનાના અંતરમાં પણ સાંસારિક સુખો પ્રત્યે ભાવ ન રહ્યો. તે પણ સંસારના સુખોને વ્યર્થ ગણવા લાગી. જંબૂકુમારની દૃઢતા નિહાળીને નભસેનાનું હૃદય પોકારી ઊઠયું– ના...મારા સ્વામીનો માર્ગ અપૂર્વ છે, કલ્યાણકારી છે... મંગલકારી છે ..!

નભસેનાનું નતમસ્તક જંબૂકુમારના ચરણોમાં ઝૂકી ઊઠયું. નભસેનાને થયું કે પોતે સ્વામીને હરાવવા માંગતી હતી. પરંતુ હાર તેની જ થઈ...છતાંય હારમાં જ જીત થઈ છે તેમ માનીને નભસેના અત્યંત પ્રસન્ન બની ગઈ.

નભસેનાએ તેનું મસ્તક જંબૂકુમારના ચરણોમાં ઝુકાવી દીધું હતું અને સ્વામીની વાતનો સ્વીકાર કર્યો ત્યાં જંબૂકુમારની અત્યંત રૂપવતી પ્રિયા કનકશ્રીએ મધુર સ્વરે સ્વામી સામે જોઈને કહ્યું : 'નાથ, આપ મારી વાત સાંભળશો તો જરૂર સંસારના સુખોપભોગમાં રંગાઈ જશો કારણકે મને પૂર્ણ વિશ્વાસ છે કે આપ મારી વાત સાંભળીને જરૂર સંસારના રાગી બની જશો...'

જંબૂકુમાર કનકશ્રી સામે જોઈ રહ્યાં અને તેના અંતરનું માપ કાઢવા બેસી ગયા. જંબૂકુમાર મૌન રહ્યા.

કનકશ્રીને થયું કે સ્વામી મારી વાત બરાબર રીતે સાંભળે છે. તેથી તે બોલી : 'સ્વામી, કોઈ પણ ડાહ્યો પુરુષ એટલું તો જરૂર સમજી શકે કે જે કંઈ પ્રાપ્ત થયું હોય તેને ભોગવી લેવું જોઈએ...અને તે ન ભોગવતાં તેમાંથી મુક્ત બનીને પછી તે જ મેળવવાનો પ્રયાસ કરીએ તો તે યોગ્ય નથી. આથી આપ જ્યારે સંસારના સર્વ સુખના સાધનો આપના ચરણ ચૂમી રહ્યાં છે, અમે

આઠ–આઠ રૂપ સુંદરી સમી પ્રિયાઓ આપને પામવા માટે આગ્રહ ભરી વિનંતી કરી રહ્યાં છીએ ત્યારે શા માટે દુરાગ્રહ સેવીને સંસારથી વિમુક્ત થવા ઇચ્છો છો ? જેમાં સુખ પ્રાપ્ત થશે તે નિશ્ચિંત નથી. તે સુખ પાછળ પ્રયત્ન કરવો વ્યર્થ છે. જે સુખ આપની સામે રહ્યું છે તે આપ પામી શકતાં નથી તો શું આપ આપના અંતરમાં ઉપસેલું સુખ પામી શકશો ખરા. આપ આપનો આગ્રહ છોડો અને અમારી સાથે આનંદથી ક્રીડા કરો...નહિ તો પેલા મુખીના પુત્ર જેવી દશા થશે...'

જંબૂકુમારે કનકશ્રીની વાત પર પૂરતું લક્ષ્ય આપ્યું હતું.

કનકશ્રીએ મુખીના પુત્રની કથા કહેવી શરૂ કરી :

'કોઈ એક સુંદર ગામમાં મુખીનો પુત્ર રહેતો હતો. તે નવજુવાન, સશક્ત અને સુંદર હતો. મુખીનો પુત્ર હોવાને કારણે અને કામ કરવાની આળસને કારણે તેને કોઈ પણ કામમાં રૂચિ પ્રગટતી જ નહોતી. આખો દિવસ ગામમાં ફરે અને સમય પસાર કરે... સ્વભાવ પણ રંગીલો હતો જાણે કશી ફિકર જ નહોતી. માતાપિતાની હાજરીના કારણે બન્ને વખત ભોજન નિયમિત મળી જતું. મુખી ગામ માટે અને પોતાની આજીવિકા ચલાવવા માટે સખ્ત મહેનત કરતો હતો.

પોતાનો પુત્ર સન્માર્ગે ચડતો નથી તેથી માતાપિતાને મનમાં દુઃખ રહે તે સ્વાભાવિક છે. મુખીએ પોતાના પુત્રને આ અંગે ઘણું કહ્યું હશે, સમજાવ્યું હશે પરંતુ મુખીપુત્ર કોઈ વાત ગણકારે જ નહિ.

સંસારમાં જે માનવીનો જેવો સ્વભાવ પડી ગયો હોય તેમાં ઝાઝો ફરક પડતો નથી.

એક દિવસ મુખીએ પોતાના પુત્રને બોલાવીને કહ્યું : 'ભાઈ, હવે અમે તો ખર્યાં પાન કહેવાઈએ. હું અને તારી મા ક્યારે આ

સંસાર છોડીને ચાલ્યા જઈશું તેની ખબર નથી. માટે તું કંઈક પ્રવૃત્તિ કર...આમને આમ દિવસો ચાલ્યા જાય છે હવે તું આ રીતે રખડપટ્ટીમાં સમય બગાડે છે તો તું તારા ભવિષ્યનું તો વિચાર કે શું કરીશ? અમે તો આજ છીએ ને કાલ નથી...પછી તું કરીશ શું?'

ત્યારે મુખીપુત્ર કહેતો : 'પિતાજી, આપ મુંઝાશો નહિ. હવે હું જલ્દી કામધંધે લાગી જઈશ અને આપના હૈયાને શાંતિ થાય તેવા પ્રયત્નો કરીશ...'

પરંતુ મુખીપુત્ર બે ઘડી પછી એ વાત ભૂલી જતો અને પછી એના એ...તેની જીવન જીવવાની પદ્ધતિમાં જરા પણ ફેરફાર થયો નહિ અને એક દિવસે મુખીએ પુત્ર માટે હૈયું બાળતા, ચિંતા કરતાં કરતાં આ સંસારમાંથી વિદાય લીધી. નિરાધાર મુખી–પત્નીની આંખોમાં આંસુની ધારા વહેવા લાગી...કારણકે સ્વામીનો આધાર ન રહ્યો. હવે નજર સામે પ્રશ્ન એ ઊભો હતો કે આજીવિકા શી રીતે ચલાવવી...? પુત્રે જીવનમાં કશું કામ કર્યું નહોતું...

મુખી પત્નીના હૈયાનું રૂદન કરુણ હતું...ભવિષ્યની ચિંતા તેને કોરી ખાતી હતી.

એક દિવસ મુખી–પત્નીએ પોતાના પુત્રને બોલાવ્યો અને મધુર સ્વરે સમજાવતાં કહ્યું : 'ભાઈ, તારા પિતાજીના ચાલ્યા જવાથી આપણી પાસે આજીવિકાનું કોઈ સાધન રહ્યું નથી. તું હમેશાં ખરાબ મિત્રોની સોબતમાં જ પડ્યો રહે છે. અને કંઈ ઉદ્યમ કરતો નથી...આપણી પાસે જે કાંઈ થોડીઘણી મિલકત છે તેનાથી કેટલા દિવસ નિર્વાહ થઈ શકશે? તારે તારી જવાબદારી સમ-જવી જોઈએ...તું કંઈક કાર્ય કરીશ તો બે વખતનું ભોજન તો પ્રાપ્ત થઈ શકશે...'

માતાની વાત સાંભળી મુખીપુત્ર ગંભીર રીતે વિચાર કરવા

લાગ્યો અને મનમાં થયું કે ના...હવે મારે મારી જવાબદારીને ધ્યાનમાં રાખીને કાર્ય કરવું જોઈએ..

મુખીપુત્રે કહ્યું : ' માતાજી, હવે હું ક્યાંય જઈશ નહિ, ઉદ્યમ કરીશ...અને આપના હૈયાને ટાઢક મળે તેવો ઉદ્યમ કરીને ધન પ્રાપ્ત કરીશ. આપણા બંનેનો નિર્વાહ સુખરૂપ ચાલેતેવા મારા પ્રયાસો હશે...'

પુત્રની વાત સાંભળીને માતાને થયું કે મારા કહેવાનો કંઈ સાર થયો...જો તે કામધંધે લાગશે તો જ જીવનવિર્વાહ થઈ શકશે. છતાંય મુખીપત્નીએ પુત્રને શિખામણ આપતાં કહ્યું : ' ભાઇ, તું તો ઉંમરલાયક થયો છે છતાં મારે તને એટલું જ કહેવાનું છે કે તું જે કંઈ કાર્ય કરે તે પૂરા વિશ્વાસથી કરજે...તેમાં મગ્ન થઈ જવું જોઈએ તો જ સફળતા પ્રાપ્ત થાય છે. આરંભેલા કાર્યમાં અનેક મુશ્કેલીઓ, સંકટો આવે તો પણ તે દુ:ખોને હસતા હસતા સહન કરીને આગળ વધે છે તેને જ સફળતા મળે છે અધુરા કાર્યને છોડનારને નિરાશા સિવાય કશું પ્રાપ્ત થતું નથી. માટે ભાઈ, તું પણ જે કાર્ય હાથમાં લે તેમાં મગ્ન થજે જેથી કાર્ય સિધ્ધ થાય.'

તે મુખીપુત્રે માતાની વાતને બરાબર અંતરમાં વસાવી લીધી અને હવે કોઇ પણ કાર્યમાં મગ્ન થઈ જવાનો મનોમન નિર્ણય લીધો.

મુખીપુત્ર એક ગામથી બીજે ગામ ઉદ્યમ મેળવવા માટે આમથી તેમ ભટકવા લાગ્યો. પરંતુ તેને સફળતા પ્રાપ્ત થતી નહોતી. છતાં તે હિંમત હાર્યો નહોતો.

એકવાર તે ઉદ્યમની શોધમાં એક માર્ગ પરથી પસાર થતો હતો ત્યાં દૂરથી એક ગધેડો ભૂંકતો ભૂંકતો દોડી રહ્યો હતો. તેની પાછળ બની શકે તેટલી ઝડપથી તેનો માલિક કુંભાર દોડી રહ્યો હતો. કુંભારનું શરીર સ્થૂળ હોવાને કારણે ઝડપથી દોડી શકતો નહોતો. ત્યાં માર્ગમાં આ મુખીપુત્રને મદદ કરવા માટે કહ્યું.

કુંભારની વિનંતિથી તે મુખીપુત્ર ગધેડાને પકડવા દોડયો. નવજુવાન, સશક્ત શરીર ધરાવતો હોવાથી થોડી વારમાં ગધેડાને પકડી પાડયો. મુખીપુત્રે ગધેડાને પકડયો તો ખરો પરંતુ તેના હાથમાં માત્ર પૂંછડું જ આવ્યું. મુખીપુત્રે મજબૂત રીતે ગધેડાનું પૂંછડું પકડી રાખ્યું.

ગધેડો આ રીતે કોઈએ પૂંછડું પકડી રાખ્યું હોવાથી વધારે ગભરાયો. ગધેડાએ દોડવાની ગતિ વધારી. થોડે સુધી મુખીપુત્ર ગધેડા સાથે દોડી શકયો પછી તે શ્રમિત થતાં પડી ગયો. પરંતુ પૂંછડું છોડયું નહિ. મુખીના કાનમાં માતાના શબ્દો ગુંજી રહ્યા હતા કે જે કાર્ય હાથમાં લીધું હોય તે પૂર્ણ કરવું, તેમાં મગ્ન રહેવું. આથી તે શિખામણના શબ્દોથી મુખીપુત્ર ગધેડાનું પૂંછડું છોડતો નહોતો. થોડીવારમાં મુખીપુત્ર ઘસડાવાના કારણે શરીર રક્ત તરબોળ બની ગયું.

આ તરફ ગધેડો પોતાનું પૂંછડું છોડાવવા પાછલા પગે મુખી-પુત્રને લાતો મારતો હતો. છતાં તેની દરકાર કર્યા વિના મુખીપુત્રે પૂંછડું ન છોડયું તે ન જ છોડયું.

મુખીપુત્રની આ હઠ તેને ખૂબ ભારે પડી.

અને ગામના થોડા લોકોએ ગધેડાને વાર્યો અને આ રીતે મુખીપુત્રની પ્રાણરક્ષા થઈ. અલ્પજ્ઞ અને શિખામણના શબ્દોને બરાબર રીતે ન જાણનારના આવા મુખીપુત્ર જેવા હાલ થાય છે... આથી આપ દુરાગ્રહનો ત્યાગ કરો અને અમારા જીવનમાં આનંદ બીછાવો...આપને જે લોભ સુખ મેળવવાનો છે તે જોતાં બધુંય ગુમાવવું ન પડે ' કનકશ્રીએ કહ્યું.

જંબૂકુમાર શાંત રહ્યા.

કનકશ્રીએ કહ્યું: ' સ્વામી, આપ જે લોભને વશ થઈને સુખ મેળવવા પ્રયત્નશીલ રહ્યા કરો છો તે સુખ મેળવવા જતાં આપ

અત્યારે જે સુખ મળેલું છે તે ખોઈ ન બેસો તે માટે એક દૃષ્ટાંત રજૂ કરું છું...'

જંબૂકુમારે શાંત રહીને કનકશ્રી સામે જોયું. કનકશ્રીને થયું કે સ્વામી મારી વાત બરાબર સાંભળે છે.

અને કનકશ્રીએ અતિલોભનું ફળ કેવું મળે છે તે વાત પરની કથા શરૂ કરી.

'હેમપુર નામનું સુંદર અને સમૃદ્ધ નગર હતું. આ નગરમાં બે ભાઈઓ રહેતા હતા. બંનેને એક વખત વિચાર આવ્યો કે આપણે ધન મેળવવા પરદેશ જઈએ.

આમ વિચારીને બન્ને ભાઈઓ પરદેશ જવા રવાના થયા. ત્યાં ચાલતા ચાલતા વન્યપ્રદેશ શરૂ થયો. બંને ભાઈઓએ વનમાં પાંચ રાફડાઓ નીહાળ્યા. તેમાં સૌ પ્રથમ રાફડો નાનો હતો.

બંને ભાઈ રાફડા પાસે આવ્યા અને નાનો રાફડો ફોડી જોયો તો તેમાંથી મીઠું જળ નીકળ્યું. બંને ભાઈઓએ તૃષા છિપાવી.

બંને ભાઈઓ આગળ વધ્યા. બીજો રાફડો આવતાં મોટાભાઈએ નાનાને કહ્યું : 'ચાલ, આપણે આ રાફડો પણ જોઈએ...'

'હા...આપણને યોગ્ય કંઈક પ્રાપ્ત થશે...' નાનાએ કહ્યું.

આમ વિચારીને બંને ભાઈઓએ બીજો રાફડો ફોડર્યો તો તેમાંથી દ્રવ્ય નીકળ્યું. એ રીતે ત્રીજા રાફડામાંથી રૂપું અને ચોથા રાફડામાંથી સુવર્ણ નીકળ્યું.

આથી લોભ જાગૃત થવાથી નાનાએ પાંચમો રાફડો ફોડવાનો પ્રયત્ન કર્યો ત્યારે મોટાભાઈએ તેને વારવા પ્રયત્ન કર્યો અને ખૂબજ મધુર ભાષામાં કહ્યું : 'ભાઈ, અતિ લોભ હિતકર નથી. કહ્યું છે કે લોભ એ મોહરૂપી વિષવૃક્ષનું મૂળ છે. જે સુકૃતને પીંજવામાં અગસ્ત્ય સમાન છે અને ક્રોધાગ્નિને પ્રદિપ્ત કરવામાં અરણિના કાષ્ઠ સમાન છે, એ રીતે પ્રતાપરૂપી સૂર્યને ઢાંકવામાં મેઘ સમાન છે...વિવેકરૂપી

ચંદ્રમાને રાહુ સમાન ગણાયા છે. તે આપત્તિરૂપ છે. કીર્તિનો નાશ કરે છે. માટે હે નાના, તું આ રાફડો ફોડવો રહેવા દે...લોભને જીતી લેવો. તું તે રાફડો ખોલમાં...રહેવા દે...'

પરંતુ નાના ભાઈએ મોટા ભાઈની વાત ગણકારી નહિ અને તે રાફડો ખોદવા બેસી ગયો.

મોટો ભાઇ દૂર જઈને ઊભો રહ્યો.

આમ નાનો ભાઈ રાફડો ખોદી રહ્યો હતો ત્યાં એક દષ્ટિ-વિષ સર્પ નીકળ્યો અને નાના ભાઈ પર દષ્ટિ પડતાં જ નાનો ભાઈ ત્યાં જ મૃત્યુને શરણ થયો.'

કથા પૂરી કરતાં કનકશ્રીએ કહ્યું : 'સ્વામી, આપ પણ લોભને જતો કરીને અમારી સાથે મનમાન્યા ભોગ ભોગવો. આપે જે હઠ લીધી છે તેને ત્યજી દો...'

'પ્રિયે, મેં હઠ પણ લીધી નથી તેમજ મારા અંતરમાં લોભ પણ નથી. અનંત સુખના માર્ગે જવાનો મારો નિર્ણય અફર છે. માન-વીએ કોઈ પણ કાર્ય પાછળ સમજપૂર્વક પ્રયત્નશીલ રહેવું જોઈએ તેથી તેનો હેતુ સરે છે...મેં જે માર્ગ ધારણ કર્યો છે.તે સન્માર્ગનો છે. ઉન્માર્ગનો નથી એ વાત હું પહેલા જણાવી ગયો છું છતાં મારા ત્યાગમાં, મારા આદર્શમાં ક્યાંય દુરાગ્રહ જોવા નહિ મળે... કારણકે જે વ્યક્તિ આ સંસારના સુખોને સુખ ગણતો જ નથી તેનું મન સંસારના રંગરાગમાં શી રીતે ચોંટે? મારા વિચારોમાં, મારા આચરણમાં, મારા દઢ સંકલ્પમાં તને ક્યાંય દુરાગ્રહ વરતાયો...? જો વ્યક્તિ અણસમજ દશામાં આચરણ કરે તો જરૂર તેનું ફળ તે ભોગવે છે. પરંતુ મારો માર્ગ ઘણો જ સ્પષ્ટ અને શ્રેષ્ઠ છે. મારા સંકલ્પમાં દુરાગ્રહની નહિ પરંતુ તેજની છાયા વરતાશે...આથી તેં મારી પરિસ્થિતિઓને પેલા મુખીપુત્ર સાથે સરખાવી અને નાના ભાઈ સાથે સરખાવી છે તે યોગ્ય તો નથી. હું આત્મસુખનો ભોગી

બનીશ તેવા લોભ સાથે હું આ માર્ગ સ્વીકારતો નથી. કારણ કે માનવીએ કાર્યસિદ્ધિ માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ અને એ માટે ગૃહત્યાગનો મ.રો નિર્ણય નિશ્ચિત છે. સંસારના સુખોથી વિરક્ત બનીને પ્રવજ્યા ગ્રહણ કરવાનું મારું વ્રત અફર છે. મુક્તિની આરાધના માટે મારું અંતર ઝંખી રહ્યું છે. સંસારના ક્ષણજીવી સુખોને પામવા કરતાં મુક્તિની માળા ધારણ ન કરું...પ્રિયે હું તને સોહ્લક નામની વ્યક્તિની કથા સંભળાવું જેથી તારા અંતરમાં પ્રવેશેલો ભ્રમ દૂર થાય...'

એમ કહીને જંબૂકુમારે સોહ્લકની વાત કહેવી શરૂ કરી.

'એક સર્વશ્રેષ્ઠ નગરી હતી. ત્યાંનો રાજા ન્યાયી, ધર્મપ્રિય અને સંસ્કારી હતો. આ નગરીના રાજવીને અશ્વનો શોખ ખૂબ હોવાથી તેણે જુદા જુદા પ્રકારના અશ્વો અશ્વાગારમાં એકત્ર કર્યા હતા. તેવામાં એક દિવસ અશ્વોનો સોદાગર રાજાને સર્વાંગસુંદર ઘોડી ભેટ રૂપે આપી ગયો. ઘોડી અત્યંત સુંદર અને આકર્ષક હતી.

ત્યારે રાજાને થયું કે મારે આ ઘોડીની સારસંભાળ માટે એક અલગ સેવક રાખવો જોઈએ. અને આ માટે સોહ્લકની નિમણૂંક કરી. સોહ્લક દરરોજ અશ્વાગારમાં આવીને ઘોડીની બરાબર કાળજી લેવા લાગ્યો. પરંતુ ઘોડી માટે જે સ્વાદિષ્ટ ખોરાક આવતો તેમાંથી પોણા ભાગનું આ સોહ્લક ખાઈ જતો અને ઘોડીને નામ માત્રનું આપે...

આવી સ્થિતિમાં ઘોડી ક્યાં સુધી જીવી શકે? ઘોડી આખો દિવસ ભૂખી જ રહેવા લાગી. સોહ્લક આનંદથી ઘોડીનું ભોજન કરવા લાગ્યો. આથી સોહ્લકે અભિયોગિક કર્મ ઉપાર્જન કર્યું.

અને એક દિવસ ઘોડી અત્યંત નિર્બળ પડી જવાને કારણે મૃત્યુ પામી. રાજાને આ વાતની ખબર પડી ત્યારે ખૂબ દુઃખ અનુભવ્યું. કારણ કે છેલ્લા કેટલાક સમયથી રાજા ઘોડીની

સારસંભાળ માટે જઈ શકતા નહોતા. રાજકાર્યમાં મગ્ન રહેવાને કારણે તેઓએ વિશ્વાસપાત્ર સેવકની નિમણૂંક કરી હતી તેથી ચિંતા પણ ઓછી હતી.

નગરીના રાજાએ તરત જ ઘોડીનું મૃત્યુ શી રીતે થયું ? કેમ થયું ? તે અંગે તપાસ કરાવી તો જાણવા મળ્યું કે સોહ્લક ઘોડીનો સ્વાદિષ્ટ ખોરાક પોણા ભાગનો આરોગી જતો અને ઘોડીને હંમેશાં ભૂખી જ રાખતો. આથી રાજાને સોહ્લક પર અત્યંત ક્રોધ ચડયો અને તેને સજારૂપે રાજ્યની બહાર કાઢી મૂકયો.

સોહ્લક કરેલા કર્મોની સજા ભોગવતો અત્યંત દુ:ખી બની ગયો અને નગરી બહાર તેને કોઈએ કામ આપ્યું નહિ. આથી ભૂખની પીડામાં તરફડવા લાગ્યો તેણે એક દિવસ પ્રાણ ત્યાગી દીધા.

સોહ્લકનો જીવ ઘણો કાળ તિર્યંચ ગતિમાં ભટકયો.

આમ ઘણો સમય પસાર થયા પછી ક્ષિતપ્રતિષ્ઠિત નામના નગરમાં સોમદત્ત નામના બ્રાહ્મણની સોમશ્રી નામની પત્નીની કુક્ષિમાં તે સોહ્લકનો જીવ પુત્રરૂપે ઉત્પન્ન થયો.

અને ઘોડી પણ મૃત્યુ પામીને ભવભ્રમણ કરી આ જ નગરમાં કામપતાકા નામની ગણિકાની પુત્રી તરીકે ઉત્પન્ન થઈ.

સોહ્લકનો જીવ એટલે કે સોમદત્ત બ્રાહ્મણનો પુત્ર યુવાન થયો ત્યારે કામપતાકા ગણિકાની પુત્રી પણ યુવાવસ્થામાં આવી.

ગણિકાપુત્રી અત્યંત રૂપવાન, સૌંદર્યવાન હોવાને કારણે નગરીના અનેક યુવાનો તેના રૂપ અને યૌવનથી આકર્ષાયા. માલતી પુષ્પના ભ્રમરની જેમ તે વેશ્યાપુત્રીના રૂપ પાછળ આસક્ત થયા.

આમ પેલો નિર્ધન બ્રાહ્મણપુત્ર પણ કામપતાકાની રૂપવતી કન્યા પાછળ અત્યંત આસક્ત થયો અને તેને પામવા કામના સેવી રહ્યો હતો.

બ્રાહ્મણપુત્ર તે ગણિકાપુત્રીના ભવનના દ્વાર પાસે ઊભો રહેતો અને ગણિકાપુત્રીના રૂપનું પાન કરવા પ્રતિક્ષા કરતો.

જ્યારે ગણિકાપુત્રી તો સમૃધ્ધિશાળી રાજપુત્રો, મંત્રીપુત્રો અને શ્રેષ્ઠિપુત્રો સાથે ક્રીડા કરતી અને સુખોપભોગ ભોગવતી ત્યારે આ નિર્ધન બ્રાહ્મણપુત્ર સામે શા માટે જુએ...?

બ્રાહ્મણપુત્રને મનમાં થતું કે મારે તો માત્ર ગણિકાપુત્રીને જોવાથી જ સંતોષ મેળવવાનો હતો. ગણિકાપુત્રી તો તેની સામે નજર પણ માંડતી નહોતી. કારણ કે ગણિકાઓનો સ્વભાવ છે કે તે ફક્ત ધનિકો ઉપર જ પ્રીતિ રાખે અને નિર્ધનોને કાઢી મૂકે...

પરંતુ બ્રાહ્મણપુત્ર તે ગણિકાપુત્રી પ્રત્યે એટલો આસક્ત બની ગયો હતો કે તે તેનું સમીપપણું પામવા ઇચ્છતો હતો. આથી તે બ્રાહ્મણ-પુત્ર તે ગણિકાપુત્રીને ત્યાં ઉદ્યમ કરવા અર્થે રહ્યો. ગણિકાપુત્રીનો તે સેવક થયો.

બ્રાહ્મણપુત્રને આનંદ થયો કે હવે નિરંતર ગણિકાપુત્રીનું રૂપ, સૌંદર્ય અને યૌવનને જોવા માત્રથી સંતોષ પામી શકીશ. આથી તે ગણિકાના દરેક કાર્યો કરવામાં આનંદ અનુભવતો હતો.

આમ બ્રાહ્મણપુત્રને ગણિકાપુત્રીનું દાસત્વ સ્વીકારવું પડયું. ગણિકાપુત્રી તેની પાસે સખ્ત કામ કરાવતી અને ઘણીવાર ગણિકા-પુત્રી તે બ્રાહ્મણપુત્ર પર હાથ ઉપાડતી ત્યારે બ્રાહ્મણપુત્ર આનંદ પામતાં કહેતો, ' દેવી, આપના હાથ સુકોમળ હોવાથી આપના હાથે મને પડી રહેલો માર પ્રહારરૂપે જણાતો નથી. પરંતુ જે ભાગ્યશાળી હોય છે તેને જ આપના હસ્તનો પ્રહાર માણવા મળે છે. એ બહાના હેઠળ આપનો સ્પર્શ તો થાય છે...'

' ઓહ...તું આવું વિચારે છે...જતો રહે. મારા ભવનમાંથી... ગણિકાપુત્રીના અતિ સુંદર ચહેરા પર ક્રોધ વ્યાપી ગયો.

' મેં તારો માર ખૂબ સહન કર્યો છે પરંતુ હું આજ દિવસ

સુધી કશું બોલ્યો નથી...હું આજે જ આ નગરી છોડીને જતો રહેવાનો છું...પરંતુ તે પહેલાં તારા રૂપનું પાન કરવા ઇચ્છું છું. નગરીના ધનિક પુરુષો તારા રૂપનો ઉપભોગ કરે છે તો હું જતાં જતાં તને પામતો જાઉં...ભવનમાં કોઈ છે નહિ. સૌ ઉત્સવ જોવા ગયા છે...'

'અરે...તારી આવી ધૃષ્ટતા હું ક્યારેય માફ નહિ કરું... હમણા રક્ષકોને બોલાવીને તને અધમૂઓ કરાવું છું...' ગણિકાપુત્રીના ચહેરા પર ક્રોધ વ્યાપી ગયો.

'તારા આ રૂપમઢ્યા ચહેરા પર ક્રોધ યોગ્ય લાગતો નથી...' એમ કહીને તે બ્રાહ્મણપુત્રે ગણિકાનો હાથ પકડ્યો...

ગણિકાપુત્રીએ બૂમો પાડી પણ કશું ન વળ્યું. તે બ્રાહ્મણપુત્ર તો ગણિકાપુત્રીના રૂપનો આસ્વાદ માણીને નાસી ગયો.

ગણિકાપુત્રી રડતી જ રહી. રક્ષકો આવ્યા અને ગણિકાપુત્રીએ પેલા બ્રાહ્મણપુત્રની વાત કરી. ગણિકાપુત્રીના આશ્ચર્ય વચ્ચે રક્ષકો તે બ્રાહ્મણપુત્રને શોધી લાવ્યા.

અને બ્રાહ્મણપુત્રને ઢોરમાર માર્યો, અધમૂઓ કરી નાંખ્યો. ત્યારબાદ તેનું મોં કાળું કરીને ગધેડા પર બેસાડીને આખા ગામમાં ફેરવવામાં આવ્યો. બ્રાહ્મણપુત્રને કરેલા કર્મની સજા મળી.'

જંબૂકુમારે આ કથાનો મર્મ સમજાવ્યો અને મધુર સ્વરે કહ્યું: 'હે પ્રિયે, મારા જીવનમાં આ પ્રસંગનું મહત્ત્વ સવિશેષ છે. હું આભિયોગિક કર્મ ઉપાર્જન નહિ કરું...જેથી મારે તિરસ્કારનો ભોગ બનવું પડે...જ્યારે મેં સંસારના સુખો ત્યાગીને સર્વત્યાગના માર્ગે પગલા માંડવાનો નિર્ણય કર્યો હોય ત્યાં પ્રલોભનમાં શા માટે સપડાઉં...! હે પ્રિયે, મારો માર્ગ સર્વશ્રેષ્ઠ છે, મંગલકારી છે તે વાત હું જાણું છું...ભવોભવની પીડા ટાળનાર માર્ગને હું ગ્રહી રહ્યો છું એથી મને લોભ જાગ્યો છે તેવું નથી. તું તારા મનમાં

ઊભો થયેલો સંશય દૂર કરી નાખજે...કાચબાનું દૃષ્ટાંત તો તને ખબર છે ને ?'

'સ્વામી, આપ કહો...' કનકશ્રીએ કહ્યું.

'પ્રિયે, હું તને કાચબાનું દૃષ્ટાંત કહું છું...' જંબૂકુમારે એમ જણાવીને કાચબાનું દૃષ્ટાંત કહ્યું.

'વિંધ્ય પર્વતના વિશાળકાય પર્વતની હારમાળાઓ વચ્ચે એક સુંદર, મનોરમ્ય સરોવર આવેલું હતું. ત્યાં માર્ગેથી પસાર થતાં અનેક વટેમાર્ગુ માટે તે સરોવર આશ્રય સમાન હતું. સરોવરનું જળ વપરાશમાં ઓછું આવવાથી જળ પર શેવાળ બાઝી ગઈ હતી.

હવે આ સરોવરમાં એક કાચબો તેના પરિવાર સાથે રહેતો હતો. એક વાર જળ ઉપર બાઝી ગયેલી શેવાળ પવનના ઝપાટાથી જરા દૂર ખસી ગઈ હતી. રાત્રીનો કાળ હતો. ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હતો.

શેવાળ ખસી જવાને કારણે કાચબાએ પૂર્ણિમાનો પૂર્ણ ચંદ્ર જોયો. તેથી તે અત્યંત હર્ષ પામ્યો. આથી તેને વિચાર થયો કે હું મારા સમગ્ર પરિવારને આ ચંદ્ર બતાવવું.

આમ વિચારીને તે સરોવરને તળીએ જઈને સૌને બોલાવી લાવ્યો પણ તેટલામાં તો પેલી શેવાળ પાછી એકસરખી થઈ ગઈ હતી. એ કારણે કાચબાને ચંદ્રદર્શન થતું નહોતું.

કાચબો મુંઝાયો.

કાચબાના પરિવારે કહ્યું કે 'તું અમને કંઈક દેખાડવા લઈ આવ્યો હતો તો શું થયું ?'

પરંતુ કાચબો તો આમથી તેમ ફરતો ચંચળ નેત્રો વડે બધી બાજુ નીહાળવા લાગ્યો પણ ચંદ્રદર્શન થયા નહિ.'

આમ જંબૂકુમારે કાચબાની કથા પૂરી કરતાં કહ્યું: 'હે પ્રિયે, હું આવો આત્માને અજવાળનારો જૈનધર્મ, સંયમનું ભવ્ય અને

દિવ્ય સ્વરૂપ અને ગુરુની સામગ્રી પામીને તે ખોઈ દેવા નથી માંગતો...ભૌતિક સુખનો આનંદ અપૂર્વ હોતો નથી કારણ કે જેમ સમૃદ્ધિ વધે તેમ સંસારના રસોમાં વધુ મન ચોંટે એ કારણે આત્માનું કલ્યાણ ક્યારેય થઈ શકતું નથી. કનકશ્રી, સંસારના ક્ષણિક સુખો પ્રત્યે મોહ શા કામનો ? મારો માર્ગ આત્મકલ્યાણનો જ છે, આત્મચિંતનનો છે. ભવભ્રમણના ફેરામાંથી મુક્ત થવાનો સર્વોત્તમ માર્ગ છે. મારો તો તને આગ્રહ છે કે તું પણ આત્મસુખ મેળવવામાં મગ્ન બની જા...જે સુખ નથી તેના પરનું મમત્વ દૂર કરીને નિહાળીશ તો તને મારી વાત તુરત જ સમજાઈ જશે... મુક્તિનો પંથ મંગલકારી છે. તેને મેળવીને તું તારું જ જીવન સફળ બનાવ તેવી ભાવના મારા હૃદયમાં જાગૃત થઈ છે...આ દેહનો કોઈ ભરોસો નથી. ક્યારે ઢળી પડે તે કહેવાય નહિ. આથી જેટલો વધુ સમય સંસારના સુખોપભોગમાં રહ્યાં તેટલો સમય આપણે આત્મસુખના આનંદથી વંચિત રહીએ છીએ...પ્રિયે, તને મારી વાત સમજાય છે ને ?' જંબૂકુમારે કહ્યું.

'પ્રિયે, મેં તને માનવજીવનનો મંગલમાર્ગ બતાવ્યો છે જ્યાં અનંતસુખની પ્રાપ્તિ માટેનો સર્વશ્રેષ્ઠ પ્રયત્ન છે. જે સંસારના દરેક આકર્ષણોથી મુક્ત બનીને મુક્તિની આરાધનામાં મસ્ત બને છે તે અનંતસુખનો સ્વામી બની શકે છે. પરંતુ જ્યાં મોહનું આવરણ રહેલું હોય, હૈયામાં ક્રોધ કે વૈરનો અગ્નિ ધગધગતો હોય, ગર્વ કે અભિમાન, અહંકાર વસેલા હોય ત્યાં સાધના સફળ થતી નથી. સર્વત્યાગનો અર્થ એ જ છે કે 'હું' માત્રને છોડી દઈને આત્મચિંતનમાં મગ્ન બનવું, ત્યારે જ પરમસુખ, પરમપદના અધિકારી બની શકાય છે...'

આટલું કહીને જંબૂકુમાર મૌન થઈ ગયા.

પરંતુ કનકશ્રીનું અંતર ડગમગવા લાગ્યું અને તેના અંતરમાં

જ્ઞાનનો ઝબકારો થયો. તેનું ગર્વ ઓગળી ગયું. તેને જંબૂકુમારની વાત શ્રેયકર લાગી.

ઓહ...! હું મારા સ્વામી જંબૂકુમારના સુમાર્ગની અવરોધક બનવા ચાલી...ના...ના...એમનો માર્ગ તો સર્વશ્રેષ્ઠ છે. માનવ-જીવનના કલ્યાણનો માર્ગ તે સ્વીકારી રહ્યાં છે. ભૌતિક સુખોથી પર થવા ઇચ્છી રહ્યાં છે ત્યાં હું તેમને બાધારૂપ બનું...! એ યોગ્ય તો નથી જ...ત્યાગ એજ મુક્તિનો પરમમંત્ર છે......કનકશ્રીના હૈયામાં તોફાન મચી ગયું.

અને...

કનકશ્રીએ ત્યારે જ નિર્ણય લીધો કે હવે તો જ્યાં સ્વામી ત્યાં હું...એમનો માર્ગ એ જ અમારો માર્ગ બનો...

કનકશ્રીએ પણ જંબૂકુમારના ચરણોમાં મસ્તક નમાવી દીધું. ત્યારે એમ જણાતું હતું કે જાણે રૂપની પ્રતિમા કલ્યાણનો દિવ્ય પંથ સ્વીકારી રહી પોતાનું શ્રેય શેમાં રહેલું છે તે જાણી ગઈ હતી.

કનકશ્રીના ચહેરા પર અપૂર્વ શાંતિ અને સુખ પ્રાપ્ત થયાનો ભાવ રમતો હતો. મુક્તિમાર્ગમાં રહેલ આત્મસુખની અનુભૂતિની જાણે તેને જાણ થઈ...

# ૨૩ : : જયશ્રીનો પ્રયત્ન

આમ એક પછી એક જંબૂકુમારની છ પ્રિયાઓ સ્વામીને સંસારના રસસાગરમાં ડૂબાડવામાં નિષ્ફળ ગઈ. તેમજ તે છ પ્રિયાઓ સ્વામીના મંગલપંથને અભિનંદવા લાગી હતી. તેઓને થયું કે સ્વામીની વાત પૂર્ણ રીતે સત્ય છે. માનવીનું મંગલ શેમાં રહેલું છે ? તે વાત જંબૂકુમારની છયે પ્રિયાઓ સારી રીતે સમજી ગઈ હતી છતાં કનકવતીના હૈયામાં એમ થતું હતું કે ભલે મારી અન્ય બહેનો પરાજિત પામી પરંતુ મારા વિચારોથી સ્વામી અવશ્ય સંસારના ભોગો ભોગવવા તૈયાર થશે.

કનકવતીએ મધુર સ્વરે જંબૂકુમાર સામે જોઈને કહ્યું : 'સ્વામી, આપ માસાહસ નામના પક્ષીની જેમ સાહસિક ન થાઓ કારણકે સાધનાનો માર્ગ સહેલો તો નથી. આપને આરાધનાના માર્ગમાં પડતી મુશ્કેલીઓનો અનુભવ નથી. માટે આ સાહસ રહેવા દો અને અમારી સાથે સુખ માણીને આનંદ માણો માસાહસ નામના પક્ષીની કથા હું આપને કહું છું...'

જંબૂકુમાર સ્થિરચિત્તે કનકવતી સામે જોયું. કનકવતીને થયું

કે સ્વામી મારી વાત બરાબર રીતે સાંભળી રહ્યા છે તેથી અવશ્ય મારો વિજય થશે...

આમ કનકવતીએ કથાની શરૂઆત કરી.

એક ગામમાંથી એક પુરૂષ દુર્ભિક્ષથી દુ:ખી થઈને સર્વ સંબંધીઓનો ત્યાગ કરીને દેશાંતર જવાને બહાને એક સંઘ જઈ રહ્યો હતો તેની સાથે નીકળ્યો.

અનુક્રમે તે સંઘ ચાલતો ચાલતો એક અટવીમાં પ્રવેશ્યો. આ મહાઅટવીમાં અનેક પશુપંખીઓનો નિવાસ હતો. હિંસક પ્રાણીઓ પણ નિવાસ કરતાં હતાં.

આ અટવીમાં પ્રવેશતાં જ તે પુરુષ એકલો જ ભ્રમણ કરવા નીકળ્યો. તે વખતે તેણે વનની ઝાડીમાં સૂતેલા વાઘના મુખમાં દાંતે ભરાયેલા માંસને ખોતરી ખોતરીને ખાતા માસાહસ નામના પક્ષીને જોયું. તે પક્ષી એમ બોલતું જાય કે 'મા સાહસ,' સાહસ ન કરો...'

આમ તે પક્ષી મા સાહસ એમ બોલતું જાય અને માંસને ખોતરીને ખાતું જાય.

ત્યારે પેલા પુરુષે કહ્યું: 'હે પક્ષી, તું મા સાહસ એમ કહે છે અને વાઘના મુખમાં રહેલું માંસ લઈને આરોગે છે. માટે તું મૂર્ખ જણાય છે. કારણકે તું જે પ્રમાણે બોલે છે તેવું તારું આચરણ નથી. તેવું તું કરતો નથી '

આમ કથા પૂરી કરતાં કનકવતીએ કહ્યું: 'સ્વામીનાથ, આપ સાક્ષાત સંસારના સુખોનો ત્યાગ કરીને બીજા અદૃશ્ય સુખની આશામાં રમીને તે તપ કરવા ઇચ્છા ધરાવો છો. આપ એ માસાહસ પક્ષીની જેમ તપશ્ચર્યા પ્રમુખ અંગીકાર કરવાનું સાહસ ન કરો...'

ત્યારે જંબૂકુમારે ભાવભર્યા હૈયે કહ્યું: 'પ્રિયે કનકવતી,

હું સોમદત્ત નામના પુરોહિતની માફક સંગતિનો અંગીકાર કરીશ. કુસંગનો ત્યાગ કરીશ...એ માટે મારે તને સોમદત્ત પુરોહિતની વાત કરવી પડશે...'

આમ કહીને જંબૂકુમારે સોમદત્ત પુરોહિતની કથા શરૂ કરી :

'ક્ષિતપ્રતિષ્ઠિત નામના નગરમાં જિતશત્રુ નામના રાજા રાજ્ય કરતા હતા. રાજ્ય ઘણું સમૃદ્ધ અને વ્યાપાર રોજગારમાં અગ્ર હતું. મહારાજા જિતશત્રુના પુરોહિત તરીકે સોમદત્ત હતા. સોમદત્ત પુરોહિત દરેક કાર્યોમાં, શુભપ્રસંગોમાં અગ્ર રહીને સેવા બજાવતા અને મહારાજાની ચાહના મેળવતા.

સોમદત્ત પુરોહિતને નિત્યમિત્ર નામનો એક મિત્ર હતો. તે આ પુરોહિતને નિત્ય મળતો તેથી તેનું નામ નિત્યમિત્ર પાડ્યું.

પુરોહિતનો બીજો મિત્ર પર્વમિત્ર કે જે ફક્ત એક વાર–તહેવારે જ ભેગો થતો. તે ઉત્સવના દિવસોમાં જ ભેગો થતો.

તે રીતે પુરોહિતનો ત્રીજો મિત્ર જુહારી મિત્ર હતો. તે ક્યારેક જ માર્ગ પર ભેગો થઈ જતો. તે જુહાર રમતો હોવાથી જુહારી મિત્ર નામ પાડ્યું.

એક દિવસ પુરોહિતે રાજાનો કંઈક અપરાધ કર્યો એથી રાજાએ ક્રોધિત થઈને તેને શિક્ષા આપવા સેવકોને પકડી લાવવા માટે આજ્ઞા કરી.

આ વાતની સોમદત્ત પુરોહિતને ખબર પડી તેથી તે ખૂબ જ ગભરાઈ ગયા. આથી તે તરત જ નિત્યમિત્રને ત્યાં ગયા. પુરોહિતને પૂર્ણ વિશ્વાસ હતો કે નિત્યમિત્ર મારી સાથે રોજ ખાનપાનમાં સાથે રહે છે તેથી તે જરૂર મદદરૂપ થશે...

સોમદત્ત પુરોહિતે નિત્યમિત્રને ત્યાં આવીને કહ્યું : 'હે નિત્યમિત્ર આ નગરીનો રાજા મારા પર ક્રોધિત થયો છે. તેથી તું મને

તારા ભવનમાં ચાર-પાંચ દિવસ પસાર કરવા દે. કોઈને ખબર ન પડે તે રીતે રહેવા ઇચ્છું છું...આપણી મિત્રતાને કૃતાર્થ કર...'

પુરોહિતની વાત સાંભળીને નિત્યમિત્રે કહ્યું : 'તું મારી પાસે ક્યાં આવ્યો? હવે આપણી મૈત્રી કઈ રીતે રહી શકે? રાજાના સેવકો હમણાં તપાસ કરતાં સૌપ્રથમ મારે ત્યાં જ આવી ચડશે. તે પહેલાં તું અન્યત્ર ચાલ્યો જા...હું તને રાખું તો રાજાનો ગુન્હેગાર જ બનું ને...! મારા પર આફત આવી પડે... માટે તું અહીંથી જલ્દી જતો રહે...' નિત્યમિત્રે સ્પષ્ટ ઉત્તર આપી દીધો.

આમ સોમદત્ત પુરોહિતને નિત્યમિત્રથી અપમાનિત થઈને તરત જ મનમાં વિચાર આવ્યો કે હવે બચવાનો એક માત્ર ઉપાય છે તે અજમાવી લઉં. એમ વિચારીને સોમદત્ત પુરોહિતને તરત જ પર્વમિત્રને ત્યાં આવ્યો.

સોમદત્તે પર્વમિત્રને ત્યાં આવીને બચાવી લેવાની વાત કરી અને રાજાના કોપની વાત જણાવી ત્યારે પર્વમિત્રે તેને આશ્રય આપવાનો ઇન્કાર કરતાં ખૂબ જ મધુર શબ્દોમાં જણાવ્યું: 'સોમદત્ત, તું મારો મિત્ર છે. અનેક પર્વોમાં આપણે ભેગા થયા છીએ તેથી તારા પ્રત્યે મને સહાનુભૂતિ થાય તે સ્વભાવિક છે. જો આવા દુઃખના સમયે તને મદદરૂપ ન બનું તો હું કૃતઘ્ની જ કહેવાઉં... તારા પર આવી પડેલું કષ્ટ, વિપત્તિને હું મારી પોતાની જ ગણું છું. હું તારા માટે બધુંય કરવા ઇચ્છું છું પરંતુ મહારાજાનો કોપ મારા પર ઊતરી આવે અને મારા પરિવાર પર આફત ઊતરી આવે તે મારાથી સહન થઈ શકે તેમ નથી. મને જેટલો તું પ્રિય છો તેટલું મારું કુટુંબ પ્રિય છે...તું બીજે આશ્રય શોધી લે...'

પર્વમિત્રે સોમદત્ત પુરોહિતને પોતાના ભવનમાંથી હાંકી કાઢ્યો.

સોમદત્તને થયું કે જ્યારે મારા સુખના દિવસો હતા ત્યારે નિત્યમિત્ર અને પર્વમિત્ર મારી સ્વાગતા કરવામાં અને સમય આવ્યે જીવ આપી દેવાની વાતો કરતા હતા...ખરેખર સંસારમાં જે માનીએ છીએ તે પ્રમાણે હોતું નથી. કેવળ સ્વાર્થની જ પૂજા થાય છે.

આમ વિચારતાં વિચારતાં સોમદત્ત પુરોહિતને થયું કે હવે ક્યાં જાઉં..! ક્યાં જઈને ઊભો રહું...! કોની પાસે આશ્રય માટેની યાચના કરું...! હમણાં જ રાજાના સેવકો મને પકડી પાડશે અને શિક્ષાને પાત્ર સજા કરશે...ઓહ...ચાલ પેલા જુહારી મિત્ર પાસે જાઉં...સોમદત્તને ત્રીજો મિત્ર સ્મરણપટ પર આવ્યો.

પણ...!

શું મારો ક્યારેક જ મળતો તે જુહારી મિત્ર મારી મુશ્કેલી, મારી વિડંબનામાં મદદ કરશે ખરો કે પછી રાજભયથી ના કહી દેશે...ચાલ...પરીક્ષા કરી લઉં...

આમ વિચારીને સોમદત્ત પુરોહિત જુહારી મિત્રને ત્યાં ગયો. જુહારી મિત્રે સોમદત્તનું સ્વાગત કર્યું અને કહ્યું : ‘ હે મિત્ર, આપ ભલે આવ્યા, આપને જોઈને આનંદ થયો...જે કંઈ વાત કહેવી હોય તે વિના સંકોચે જણાવો. હું આપને મારાથી બનતી સહાય કરીશ...’

જુહારી મિત્રની વાત સાંભળીને સોમદત્ત પુરોહિતે રાજાના કોપની વાત કરી...અને પછી કહ્યું : ‘ ભાઈ, હું થોડા દિવસ તારા ભવનમાં રહેવા ઇચ્છું છું...તે પણ ગુપ્ત રીતે. .કારણકે મારી પાછળ રાજાના સેવકો પડેલા છે...રાજાના સેવકો મને જોઈ જશે તો અવશ્ય મારી હત્યા કરી નાંખશે...માટે આપ મારા કૃપા કરો અને ગુપ્ત સ્થળે રહેવાનો બંદોબસ્ત કરી આપો...’

'હે મિત્ર, તારા પર આવી પડેલી વિપત્તિને હું મારી જ વિપત્તિ ગણું છું. તું જરા પણ સંકોચ રાખ્યા વગર અહીં રહે ...જ્યારે વાતાવરણ ભયમુક્ત થશે ત્યારે શું કરવું તે વિચારીશું ...અત્યારે તો તું મારા ભવનમાં આનંદપૂર્વક રહે..'

એમ જ થયું.

સોમદત્તને જુહારી મિત્રે આશ્રય આપ્યો.

થોડા દિવસ પછી રાજાને પોતાની ભૂલ સમજાઈ અને સોમદત્ત પુરોહિતને શોધવા પડહ વગાડવામાં આવ્યો ત્યારે રાજાએ પુરોહિતની ક્ષમા માંગી.

આમ સોમદત્ત પુરોહિતનું માન રાજા પાસે અનેકગણું વધી ગયું. સોમદત્તનો સાચો મિત્ર કોણ? તેની પરીક્ષા પણ થઈ ગઈ.

અને સોમદત્તે જુહારી મિત્રને રાજસભામાં સુંદર સ્થાન પણ અપાવ્યું. આમે બન્ને આનંદપૂર્વક સુખના દિવસો પસાર કરવા લાગ્યા.'

જંબૂકુમારે કથા પૂર્ણ કરતાં કનકવતી સામે જોઈને કહ્યું: 'હે પ્રિયે, મારી કથાવસ્તુનો મર્મ એ છે કે સોમદત્ત પુરોહિત જેવો આ સંસારી જીવ છે. નિત્યમિત્ર જેવું આ શરીર છે, કાયા છે. આ શરીરનો જીવે નિરંતર સત્કાર કર્યો છે. તો પણ જ્યારે કર્મરાજા મરણ રૂપી આપત્તિ આપવા તૈયાર થાય છે ત્યારે આ દેહ જીવની સાથે એક ડગલું આગળ વધતું નથી. હે પ્રિયે, જે સગાવહાલા, સ્નેહી, સંબંધીઓ છે તે પર્વમિત્ર જેવા છે. તેઓ બધા સ્મશાન ઘાટ સુધી જઈને પાછા વળે છે અને સુખનું કારણ જે ધર્મ તે જુહારી મિત્ર છે. તે પરલોકમાં પણ જીવની સાથે જ જાય છે.'

જંબૂકુમારે ફરીને કહ્યું: 'હે પ્રિયે, આ સંસાર સુખના રસસાગરમાં મૂઢ બનીને નહિ રહું પરંતુ આત્મસુખ આપનાર

ધર્મની જરા પણ ઉપેક્ષા નહિ કરું...! તું પણ હજુ સંસારના સાચા સ્વરૂપને ઓળખી શકી નથી...સમજી શકી નથી...? આત્મ-કલ્યાણનો સર્વશ્રેષ્ઠ માર્ગ સર્વજીવો માટે મંગલકારી છે...'

કનકવતીની આંખમાં આંસુ આવી ગયા...તેનું હૃદય અનુપમ શાંતિ અનુભવી રહ્યું હતું...જંબૂકુમારની વાણીએ તેના હૃદયનું પરિવર્તન થયું હતું. તે સમજી શકી કે આત્મસુખ માટે ત્યાગમાર્ગ સિવાય અન્ય કોઈ માર્ગ નથી.

અને કનકવતીએ જંબૂકુમારના ચરણોમાં પોતાનું મસ્તક મૂકી દીધું.

આમ જંબૂકુમારને સંસારના બંધનોમાં ઝકડી લેવા માટેના પ્રયત્નોમાં સાત પત્નીઓ તેમના પ્રયત્નમાં નિષ્ફળતાને પામી ત્યારે આઠમી પત્ની જયશ્રીને થયું કે હું નિશ્ચિંત વિજયમાળા ધારણ કરીને સ્વામી સાથે અપૂર્વ સુખોપભોગને પામીશ. માનવીની આશાના મિનારા રચે છે, પરંતુ દરેક આશા જીવંત બનતી નથી. ઘણી વાર આશાના તોરણ તૂટે છે ત્યારે એક નવી દિશા, નવી દષ્ટિ પ્રાપ્ત થાય છે.

જયશ્રીના મનમાં થયું કે મારી સાત બહેનોના પ્રયત્નો નિષ્ફળ ગયા છતાં મારો પ્રયત્ન નિષ્ફળ નહિ જાય...આમ વિચારીને જંબૂ-કુમાર સામે જોઈને કહ્યું: 'સ્વામી, આપ મારી વાત બરાબર સાંભળજો...'

'પ્રિયે, તારી વાતમાં ગ્રહણ કરવા જેવું હશે તો જરૂર તારી વાતને હું સહૃદયપૂર્વક આવકારીશ...'

'સ્વામી, આપ આપની આઠ પ્રિયાઓનો ત્યાગ કરો છો, આપ આપના માતાપિતાનો ત્યાગ કરો છો...સંસારના સુખોનો ત્યાગ કરો છો...પરંતુ આપ જે મેળવવા ઇચ્છો છો તેનો વિચાર હમણાં પડતો મૂકીને સંસારના સુખોનો અનુભવ કરવો જોઈએ...'

જંબૂકુમાર મૌન થઈ ગયા. તે જયશ્રી નામની આઠમી પ્રિયાની વાત સાંભળવા મગ્ન બની ગયા.

જયશ્રીને થયું કે સ્વામી મારી વાત એકધ્યાને સાંભળે છે તેથી અવશ્ય મારો વિજય થશે.

આમ વિચારીને જયશ્રીએ મધુર સ્વરે કહ્યું: ' સ્વામી, આપ બુધ્ધિના નિધાન છો તેથી આપના મુખે કલ્પિત કથાઓ આવે છે અને અમને નાગશ્રીની માફક મોહવશ કરો છો...

એમ કહીને જયશ્રીએ નાગશ્રીની વાત રજૂ કરી :

' પદ્મપુર નામના નગરમાં કથાપ્રિય નામનો રાજવી રાજ્ય કરતો હતો. તેનો સ્વભાવ એવો હતો કે લોકો પાસેથી દરરોજ એક નવી વાર્તા. સાંભળવી આ કારણે તેનું મૂળ નામ ભૂલાઈ ગયું અને સૌ કથાપ્રિય રાજવી તરીકે જ ઓળખવા લાગ્યા.

આ પદ્મપુર નગરીમાં દારિદ્રને લીધે દુ:ખી એવો એક વિપ્ર રહેતો હતો. તે આખો દિવસ નગરીમાં ભમે અને જે કંઈ ભિક્ષામાં મળે તેનાથી આજીવિકા ચલાવે.

આમ દિવસો પસાર થતા હતા ત્યાં એક દિવસે વિપ્રનો કથા કહેવાનો વારો આવ્યો.

તે વિપ્ર મુંઝવણમાં પડી ગયો. ઓહ ..મારે મારું નામ બોલવું હોય છે તો પણ મારી જીભ ઉપડતી નથી તો હું રાજા સામે કથા શી રીતે કરી શકીશ ? જો હું મહારાજાને કહું કે મને કથા કરતાં આવડતી નથી તો મને સીધા કારાગારમાં બંધનગ્રસ્ત બનાવીને પૂરી દે...

તો મારે શું કરવું ?

એ વિચાર તે વિપ્રના મનમાં રમવા લાગ્યો...ચિંતા એ ચિતા સમાન છે. તે વિપ્ર તેના આંગણામાં ચિંતાગ્રસ્ત ચહેરે એક જર્જરિત ખાટલા પર બેઠો હતો. અંતરમાં ભય વ્યાપી ગયો હતો...

આ વિપ્રને એક ચતુર કન્યા હતી. તે બહારથી આવી અને પિતાને ચિંતાગ્રસ્ત જોતાં સહજ સ્વરે કહ્યું, 'પિતાજી, આપ શાની ચિંતા કરો છો? આપના ચહેરા પર ભય કેમ વ્યાપી ગયો છે?'

'નાગશ્રી, આવતીકાલે પ્રાતઃકાળ પછી મારે રાજસભામાં રાજા સમક્ષ કથા કહેવા જવાનો વારો છે.. પણ હું શી રીતે જઈ શકીશ...? મને કથા કહેતાં જ આવડતી નથી...' નાગશર્મા વિપ્રે કહ્યું.

'પિતાજી, આપ જરા પણ મુંઝાશો નહિ. આપના બદલે હું કથા કરવા જઈશ...' નાગશ્રીએ કહ્યું.

'અને બીજે દિવસે પ્રાતઃકાર્ય પૂર્ણ કરીને શ્વેતવસ્ત્રો ધારણ કરીને નાગશ્રી રાજસભામાં ગઈ અને રાજાને વંદન કર્યા. રાજાએ કહ્યું, 'કેમ...? તારા પિતા નથી આવ્યા...!'

'ના...તેઓ આજે જ ગામતરેથી ઘેર આવ્યા છે...તેઓ અતિ શ્રમિત હોવાથી હું કથા કહેવા આવી છું...'

'તો તું મને કથા સંભળાવ...' રાજા આતુર બનીને કથા સાંભળવા ઉત્સુક થયો.

નાગશ્રીએ કથા કહેવાની શરૂ કરી.

'હે રાજન, આ જ નગરમાં નાગશર્મા નામનો એક અગ્નિહોત્રી બ્રાહ્મણ વસે છે. તે માત્ર ઘેર ઘેર ભિક્ષા માંગીને તેની આજીવિકા ચલાવે છે. નાગશર્માને સોમશ્રી નામની પત્ની છે અને તેમની હું પુત્રી છું. મારું નામ નાગશ્રી છે.

રાજન, હું યૌવનાવસ્થા પામેલી છું. આથી મારા માતાપિતાએ મને ચદ્દ નામના બ્રાહ્મણ સાથે આપેલી છે. સ્ત્રીઓને હંમેશા તેની પરિસ્થિતિ મુજબનો જ પતિ પ્રાપ્ત થાય છે.

તેમાં એક દિવસ મારા માતાપિતા એક સંબંધીના વિવાહ

પ્રસંગે મને એકલી મૂકીને બીજે ગામ ગયા. હવે જે દિવસે મારા માતાપિતા ગયા તે જ દિવસે તે ચટ્ટ વિપ્ર મારે ઘેર આવ્યો. મારે ત્યાં મારા માતાપિતા હતા નહિ.

આથી મેં ચટ્ટ વિપ્રને અમારી પરિસ્થિતિ મુજબ સ્નાન, ભોજન વગેરે કરાવ્યું.

પરંતુ જ્યારે સંધ્યા થઈ ત્યારે અમારા ઘરમાં એક જ ખાટલો પાથરવાનો હતો, તે પણ જર્જરિત હાલતમાં હતો પરંતુ મજબૂત હતો. મેં ચટ્ટ વિપ્રને સૂવા માટે આપ્યો.

મેં વિચાર કર્યો કે ખાટલો તો મેં આને આપ્યો અને ઘરમાં તો ચારે તરફ સર્પ ફર્યા કરે છે...તો હું આ ઘરમાં ભૂમિ પર શી રીતે સૂઈ શકીશ...? ભૂમિ પર સૂઈ જતાં મને ડર લાગે તે સ્વાભાવિક છે. આથી મેં નક્કી કર્યું કે ચટ્ટને આપેલા ખાટલા પર જ સૂઈ જાઉં. અંધકારમાં કોઈને ખ્યાલ આવશે નહિ અને કોઈ જોશે પણ નહિ.

આમ વિચારીને હું નિશ્ચિંત મને તેની સાથે તે ખાટલામાં જ સૂતી. પરંતુ મારા અંગના સ્પર્શથી તે અત્યંત કામાતુર થયો. આથી તેણે લજ્જાને કારણે ક્ષોભ પામીને વિષયનું રૂંધન કર્યું. એ કારણે તેને તરત જ શૂળ ઉત્પન્ન થયું. અને એ શૂળની પીડામાં તે તરત જ મૃત્યુને આધીન થયો.

આમ તેને મૃત્યુ પામેલો જોઈને હું ખૂબ ગભરાઈ ગઈ. મારા હૈયામાં ભય પેઠો. હું શું કરીશ...? તેવા વિચારો આવવા લાગ્યા અને મનમાં થયું કે મારા કારણે જ આ દ્વિજના પ્રાણ ગયા છે. પરંતુ કંઈક ઉપાય તો કરવો પડશે. આને શી રીતે ઘરમાંથી બહાર કાઢીને મૂકું...?

છેવટે મનોમન નિર્ણય કર્યો અને મેં કોળાની જેમ તેના

શરીરના કટકા કરી નાંખ્યા. અને ત્યાં જ ખાડો ખોદીને તેને દાટી દીધો. ખાડો પૂરી દઈને બધું બરાબર વ્યવસ્થિત કરીને મેં તે જગ્યાને ગાર વડે લીંપી દીધી જેથી કોઈને ખબર ન પડે...

ત્યારબાદ તે સ્થાને પુષ્પ, ગંધ અને ધૂપ વડે વાતાવરણને સુવાસિત કર્યું.

ત્યાર પછી આજ મારા માતાપિતા ગામતરેથી પાછા આવ્યા છે.'

આટલું કહીને નાગશ્રી મૌન થઈ ગઈ.

ત્યારે રાજાએ પૂછ્યું : 'પછી શું થયું ?'

નાગશ્રીએ કહ્યું : 'હવે તો મારે જવાનો સમય થયો છે એટલે હું ચાલી જઈશ...'

'કુમારિકા, તેં જે કહ્યું છે તે શું સત્ય છે?' રાજાએ પ્રશ્ન કર્યો.

'હે મહારાજ, આપ આજ સુધી દરેકની કથાઓ સાંભળતા આવ્યા છો. જો તે સત્ય હોય તો મારી આ કથા પણ સત્ય સમજવી...' નાગશ્રીએ કહ્યું.

આમ જયશ્રીએ નાગશ્રીનું દૃષ્ટાંત રજૂ કર્યા બાદ કહ્યું : 'સ્વામી, આ પ્રમાણે આપ નાગશ્રીની માફક અસત્ય કથા કહીને અમને વિસ્મય પમાડીને છેતરો છો...જેમ નાગશ્રીની કથાથી રાજા પણ વિસ્મય પામ્યો હતો...સ્વામી, નાગશ્રીની આ કથાથી રાજાને પણ ત્યારે સ્વીકારવું પડ્યું કે આ કથા અસત્ય તો નથી. સ્વામી, રાજા કથાપ્રિયના આચરણમાંથી આપ કંઈક બોધ લો અને આપે એવો દુરાગ્રહ પણ ન સેવવો જોઈએ કે આપ જે કંઈ વિચારો છો તે યોગ્ય છે, સત્ય છે...! આપ આ બધું છોડીને જે માર્ગે જવાનું વિચારી રહ્યાં છો તે આપને યોગ્ય લાગે છે ? આપ મારો પ્રશ્ન ગંભીરતાથી વિચારો તો મારી વાતમાં સત્યનો અંશ સ્પષ્ટ

રીતે વરતાશે. આપ આ સંસારના સુખોને માણો અને સર્વ સ્નેહીજનોને સંતોષ આપો. ત્યાગનો માર્ગ તો પછી પણ લઈ શકાય છે...આપ જે ઉતાવળ કરી રહ્યાં છો તેનું પરિણામ શુભ જ આવશે તેમ કેમ માનવું રહ્યું ? આપ અમારી વાત માનો અને આપની આઠેય પ્રિયાને પૂર્ણ સંતોષ આપો. અમારી સાથે ક્રીડા કરીને આનંદ પ્રાપ્ત કરો...'

જંબૂકુમારે કહ્યું : 'હે પ્રિયે, સંસાર અસાર છે. એ વાતની પ્રતીતિ મેં કરાવી છે છતાં જણાવું છું. સંસારના ભૌતિક સુખોમાં મગ્ન બનીને વિચરતાં પ્રાણીઓ સંતોષ પામી શક્યા છે ? જે સુખ અને શાંતિ મેળવવા ઇચ્છતાં જીવો સુખના ભાગી બની શક્યા છે ? જે સુખ નથી માત્ર સુખનો ભ્રમ છે તેની પાછળ દોડવાથી આત્માનું ક્યારેય કલ્યાણ થવાનું નથી. આત્મસુખની અનુભૂતિ તો સર્વત્યાગ વગર મળવી મુશ્કેલ છે. મોહ, માયા, મમતાના બંધનો, સ્નેહની ગાંઠો, રાગના બંધનોને તોડીને જે જીવ કલ્યાણ માર્ગે પગ ઉપાડે છે તે અનંત સુખનો સ્વામી થવાની ક્ષમતા ધરાવે છે. પ્રિયે, જેને છોડવું છે તેણે રાહ કોની જોવાની છે ? જે આપણું જ નથી તેને આપણું શી રીતે માનવું ? જે ક્યારેય મારું હતું નહિ તેના પર મમત્વ કઈ રીતે દાખવું...! જયશ્રી, મારી વાતનો મર્મ સમજાય છે ? આ દેહ નાશવંત છે, ક્ષણભંગુર છે. દેહનું સૌંદર્ય એક દિવસ વિદાય લેવાનું છે. સડવું, પડવું અને વિધ્વંશ થવું એ કાયાનો ધર્મ છે. ત્યારે આત્માનો ધર્મ જ્યાં સુધી મુક્તિપદ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ભવભ્રમણમાં આથડવું... પ્રિયે, આત્મકલ્યાણ અર્થે પણ મુક્તિની આરાધના કરવી આવશ્યક છે. મુક્તિના માર્ગને અનુસરવું અને આત્મસુખ પામવામાં પ્રયત્નશીલ રહેવું. મારી વાતને તું બરાબર સમજી શકે છે ને...!

સુખની ભ્રમણામાં સર્વ જીવો આનંદથી જીવન વીતાવી રહ્યાં છે. અને સર્વ જીવો પોતાને સુખી માને છે તે માત્ર ભ્રમ છે. ભ્રમથી બીજું કશું નથી...જે લોકો સત્ય જાણે છે કે આ કશું આપણું નથી છતાં મોહાંધ બનીને સંસારના સુખોપભોગમાં રચ્યાપચ્યા રહે છે...જયશ્રી, હું લલિતાંગ કુમારની જેમ ભોગમાં આસક્ત નથી...હું તને એ કથા સંભળાવું છું...'

જંબૂકુમારે કથા કહેવાની શરૂઆત કરી.

જયશ્રી શાંતચિત્તે સ્વામીની વાત સાંભળવા મગ્ન બની.

જંબૂકુમારે લલિતાંગ કુમારની કથા કહેવાની શરૂ કરી :

'કંદર્પકોશ નામના નગરમાં શતાયુધ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે ન્યાયી, પ્રજાવત્સલ અને ધર્મ પ્રત્યે આસ્થા રાખનારો રાજવી હતો. તે કુશળ રીતે રાજ્યસંચાલન કરતો હતો. કંદર્પકોશ નગરીની પ્રજા પણ સર્વ વાતે સંપન્ન હતી. કારણ કે જે નગરીનો રાજવી ઉત્તમ હોય ત્યારે તેની પ્રજા પણ સુખી હોય છે.

મહારાજા શતાયુધને લીલાવતી નામની અતિ સ્નેહાળ રાણી હતી. રાણી લીલાવતી અતિ રૂપવતી, સુંદર અને ચતુર હોવાથી રાજાને તેના પ્રત્યે ભાવ વિશેષ રહેતો.

એક દિવસ લીલાવતી સુંદર વસ્ત્રો, આભુષણો ધારણ કરીને રાજભવનના ઝરૂખે બેઠી હતી અને માર્ગમાં જતા-આવતા લોકો પ્રતિ દૃષ્ટિ નાંખતી હતી. ત્યાં લીલાવતીએ માર્ગ પર અશ્વ ઉપર આરૂઢ થયેલો કામરૂપ જેવા અતિ તેજસ્વી યુવાનને જોયો.

રાણી લીલાવતી તે અશ્વ પર આરૂઢ થયેલા યુવાનને જોઈને મુગ્ધ બની ગઈ અને તે વિચારવા લાગી કે જો આ પુરુષને પરસ્પરની

બાહુલતાથી બંધનની આલિંગન કરાય તો જ મારો જન્મ સફળ થયો ગણાય. ખરેખર આ પુરુષ સર્વ રીતે સુંદર દેખાય છે.

આમ રાણી મનમાં તે પુરુષને પામવાના, મળવાના મનોરથ સેવવા લાગી.

આ વખતે તેની પાસે એક ચતુર દાસી ઊભી હતી. તેણે વિચાર્યું કે રાણીમા પેલા સુંદર નવયુવાનને જોઈને મોહી ગયા છે.

ત્યારે દાસીએ કહ્યું: 'રાણીમા, આપનું મન એ યુવાન પુરુષમાં આસક્ત થયું હોય તો તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. કારણ કે તે પુરુષ સાક્ષાત કામદેવ જેવો જણાય છે. ખરેખર કોઈ પણ સ્ત્રી તેને પામવાની ઇચ્છા કરે...'

આ સાંભળીને લીલાવતી દેવીએ કહ્યું: 'દાસી, તું ખરેખર ચતુર છો. મારા મનના ભાવ વાંચી ગઈ છો .. તું મારી વાત બરાબર સાંભળજે, આ સુંદર કામદેવ જેવા દેખાતા મનોહર પુરુષ જોડે ક્રીડા કરીશ તો જ હું આ ધરતી પર જીવી શકીશ...માટે તું તુરત અહીંથી રાજભવનની બહાર જા અને તેનો તું ખબર કાઢી આવ અને એવો કોઈ પણ ઉપાય નક્કી કર કે જેથી મારી સાથે તેનો સંગમ થાય અને મારા શરીરને પૂર્ણ શાંતિ મળે...'

લીલાવતી દેવીની વાત સાંભળીને તે દાસી સત્વર તે પુરુષનું નામ જાણવા ચાલી ગઈ.

થોડી વાર બાદ તે દાસીએ આવીને કહ્યું: 'રાણીમા, આપે મને જે પુરુષની ભાળ કાઢવા મોકલી હતી તે પુરુષ આ નગરીમાં જ રહે છે. તેનું નામ લલિતાંગ છે અને તે સમુદ્રપ્રિય નામના સાર્થવાહના પુત્ર છે. રાણીમા, આપનું મન તેના પર ચોટયું છે તે યોગ્ય જ છે. આપ મને આજ્ઞા આપો તો હું આપ બંનેનો મેળાપ કરાવી આપું...'

'દાસી, આ વાતની ગંધ ક્યાંય ન આવવી જોઈએ. એથી તું અતિ ગુપ્તપણે પ્રયત્નો શરૂ કરી દે...' લીલાવતીએ સહર્ષ કહ્યું.

'રાણીબા, આપ એક સંદેશો તે લલિતાંગ કુમાર પર લખી આપો જેથી હું તેને જે કંઈ કહું તે સત્ય લાગે...' દાસીએ રાણી લીલાવતી સામે જોઈને કહ્યું.

'તારી વાત સાચી છે...' કહીને રાણીએ પ્રેમરૂપી અંકુરને પ્રફુલ્લિત કરવામાં મેઘના જળ સમાન એવા શ્લોકવાળો એક સંદેશો લખી દઈને દાસીના હાથમાં આપ્યો.

ત્યારબાદ દાસી દૂતી તરીકેની ભૂમિકા ભજવવા તૈયાર થઈ.

દાસી પ્રસન્ન હૃદયે લલિતાંગ કુમારના ભવન પર ગઈ અને એકાંતમાં તેણે લીલાવતી રાણીનો સંદેશપત્ર આપ્યો.

લીલાવતી રાણીએ સંદેશપત્રમાં લખ્યું હતું કે:–

હે પ્રિયાનુપ્રિય, જ્યારથી મેં આપને જોયા છે ત્યારથી મારું સમગ્ર ચિત્તતંત્ર આપને પામવા ઝંખી રહ્યું છે. આપનું મધુર યૌવન, આપની બલિષ્ઠ કાયા અને આપનાં સુંદર નયનોએ મારા દિલને જીતી લીધું છે. આપ મારી ભાવનાને મૂર્ત નહિ કરો શું ? ઉત્તર પાઠવશો...

લલિતાંગ કુમારે સંદેશો વાંચીને દાસી સામે જોઈને કહ્યું: 'દાસી, તારી રાણીનો પત્ર વાંચીને અંતરમાં એમ થાય છે કે ક્યાં તે અંતઃપુરમાં રહેનારી રાણી અને ક્યાં હું વણિક સાર્થવાહનો પુત્ર...! મારી રાજાની રાણી સાથે સમાગમ કરવાની ઇચ્છા હોય તો પણ વિચારી શકાય તેવું નથી, મનમાં ધારી પણ ન શકાય કારણ કે પૃથ્વી પર સ્થિત થયેલો માનવી જો ચંદ્રની કલાનો સ્પર્શ કરી શકે તો જ રાજાની રાણી અન્ય પુરુષના સંભોગનો વિષય થઈ શકે...'

લલિતાંગ કુમારની આ વાત સાંભળીને દાસીએ કહ્યું : 'કુમારશ્રી, આપની વાત અસત્ય નથી. પરંતુ જેને કોઈની સહાય કે મદદ ન હોય તેને માટે આ બધું દુષ્કર લાગે તે સ્વાભાવિક છે, પરંતુ આપને તો સહાય કરનારી છું તેથી હે મુગ્ધ નયનો ધરાવનાર કુમારશ્રી આપ નાહકની ચિંતા છોડો...એ પ્રશ્ન હું જ સંભાળી લઈશ...હું કોઈ પણ યુક્તિ વડે કોઈ પણ વ્યક્તિ ન જાણે એ રીતે આપને અંતઃપુરમાં પહોંચાડી દઈશ. આપ જરા પણ ભય રાખશો નહિ.'

'ભલે...ત્યારે એવું લાગે ત્યારે મને અવશ્ય બોલાવજે...મને પણ રાણી સાથે ભોગ ભોગવવાની ઇચ્છા છે...' લલિતાંગ કુમારે જતી દાસીને પોતાના મનની વાત પણ રજૂ કરી દીધી.

દાસી તરત જ નમન કરીને વિદાય થઈ.

દાસીએ રાજભવનમાં આવીને લીલાવતીદેવીને લલિતાંગ કુમાર સાથે થયેલ વાતને રજૂ કરી.

દાસીએ કહેલ વૃત્તાંત સાંભળીને રાણી લીલાવતી અત્યંત હર્ષ પામી અને દાસીને કહ્યું : 'દાસી, હવે તું ગમે તે ઉપાયે અમારા બન્નેના આત્માને સંતોષ આપ...તું કોઈ પણ યુક્તિ વડે એવું ગોઠવ કે જેથી અમે બન્ને ભેગા થઈને શારિરીક સુખ પ્રાપ્ત કરી શકીએ...' રાણી લીલાવતીના શબ્દોને ધ્યાનમાં લઈને દાસીએ તે માટેના પ્રયત્નો આદરવાનું વચન આપ્યું.

થોડા દિવસો પસાર થયા.

રાણી લીલાવતીથી સમય પસાર થતો નથી. એવી જ દશા લલિતાંગ કુમારની થઈ છે તે પણ લીલાવતીએ દાસીને કહ્યું : 'દાસી, તું કોઈ પણ ઉપાયે લલિતાંગને મારી પાસે લઈ આવ...હવે તો મારું રોમેરોમ તેની પ્રતિક્ષા કરી રહ્યું છે. હવે હું વધારે પ્રતિક્ષા કરવા માગતી નથી...'

'દેવી, નગરી બહાર વસંતોત્સવની રચના થશે ત્યારે લલિતાંગ

કુમારને અહીં બોલાવી લાવીશું. આપણા મહારાજા પણ રાણીઓ સાથે ત્યાં જશે ત્યારે આપ સ્વાસ્થ્ય અસ્વસ્થનું બહાનું ધરી દેજો...' દાસીએ પોતાની યોજના રજૂ કરી.

રાણી લીલાવતી આનંદિત બની પરંતુ તરત જ તે બોલી ઊઠી : 'દાસી, વસંતોત્સવ શરૂ થવાને હજુ ચાર દિવસની વાર છે...ત્યાં સુધી મારે લલિતાંગ સાથેના સહચર્યની પ્રતિક્ષા કરવી ને...!'

'રાણીબા, આટલા દિવસો પસાર કર્યા તો પછી ચાર દિવસ વધુ. આમેય આવી પીડન હાનીકારક નથી હોતી પરંતુ મીઠી અને માદક હોય છે. જ્યારે પ્રેમ ઉત્કૃષ્ટ હોય ત્યારે આવી પીડન હૈયાને તડપાવી મૂકે છે તે વાત સાચી...પરંતુ આવી પીડનમાં સમય પસાર કરવો પણ એ જિંદગીની એક મોજ છે...' દાસીએ કહ્યું.

રાણી લીલાવતીએ કહ્યું : 'તું પણ રસકવિની માફક ગણ-ગણવા લાગી છે...અહીં મારો જીવ જાય છે અને તને કવિતા સુઝે છે...'

'રાણીબા, આ તો પીડાતાં, તડપાતા હૈયાની વાત માત્ર રજૂ કરી છે. તેથી વિશેષ મેં શું કહ્યું ?'

'વાતો કરવામાં તું ખરેખર પાવરધી છે...' લીલાવતીએ આછા હાસ્ય સાથે કહ્યું.

'રાણીબા, હું આજે જ લલિતાંગ કુમાર પાસે જઈને રાજભવ-નમાં ચોથે દિવસે આવે તેવી વાત કહી આવું છું અને રાત્રિના પ્રથમ પ્રહર પછી તેઓ અત્રે આવે અને આપનો સમાગમ કરે...' દાસીએ કહ્યું.

'દાસી, તારી વાત સાચી છે...આમેય તે રાત્રિના પ્રથમ પ્રહર પછી આવે તે જ અનુકૂળ રહેશે. રક્ષકો પણ વસંતોત્સવમાં ગયા હશે. આપણા આ ભવનમાં થોડાઘણા રક્ષકો હશે પણ તે વિપદ ઊભી કરે તેવા નથી...'

આ અંગે થોડીવાર ચર્ચા કરીને દાસી તરત જ લલિતાંગ કુમારને ત્યાં ગઈ અને યોજના પ્રમાણે લલિતાંગને બધું સમજાયું.

લલિતાંગ પણ કામાતુર રાણીની યોજનામાં સંમત થયો અને પોતે રાત્રિના પ્રહર બાદ નક્કી કરેલ યોજના પ્રમાણે આવી જશે તે વાત તેણે દાસીને કરી. દાસી તરત જ નમન કરીને વિદાય થઈ.

અને...

વસંતોત્સવનો દિવસ આવી ગયો.

મહારાજા શતાયુધ તેના પરિવાર સાથે વસંતોત્સવના મેળામાં આનંદ માણવા ચાલ્યો ગયો. રાણી લીલાવતીએ યોજના પ્રમાણે સ્વાસ્થ્યનું બહાનું કાઢીને પોતે અસ્વસ્થ છે તેમ જણાવીને વસંતોત્સવના આજથી શરૂ થતાં મેળામાં ન ગઈ.

રાજભવનમાં પણ રક્ષકો આનંદથી બેસીને વાતો કરતા હતા. આ તરફ દાસી તરત જ લલિતાંગના ભવન પર ગઈ અને લલિતાંગને લઈને રાજભવનમાં આવી અને અંતઃપુર વાસમાં રાણીના વિનોદ અર્થે યક્ષની પ્રતિમાના બહાના હેઠળ તેને અંદર લઈ આવી.

લલિતાંગના હૈયામાં મીઠા સ્પંદનો નાચી રહ્યાં હતાં અને ભય પણ વ્યાપ્ત થયો હતો કે કશી મુશ્કેલી તો નહિ આવે ને?

પરંતુ દાસીએ ખૂબ જ સુંદર મોકો ગોત્યો હતો તેથી મુશ્કેલી આવવાનો સંભવ ઓછો હતો.

દાસી લલિતાંગને લઈને લીલાવતી દેવી પાસે આવી...અને મધુર સ્વરે બોલી: 'મહાદેવી, હું આપના પ્રિય પાત્રને લઈને આવી છું...'

'દાસી, તેં મારું કાર્ય નથી કર્યું પરંતુ મારા અંતરમાં ઊભા થયેલા મીઠા સ્પંદનોને સાકાર કર્યાં છે. મારી ઇચ્છા પૂરી કરી છે...ખરેખર તો તારી ચતુરાઈથી બે તડપતા હૈયાનું આજ મિલન થઈ રહ્યું છે...'

'રાણીબા, હું અત્યારે ઉત્તર આપીશ તો મિલનની પળમાં વિલંબ થશે... હું આપના ખંડની બહાર સામેના દ્વારે ઊભી છું. કોઈ મુશ્કેલી જેવું જણાશે તો દ્વાર પર આવીને સંકેત કરીશ ત્યારે આપે જે નિર્ણય લેવો હોય તે ત્વરિત લઈ લેજો...' એમ કહીને દાસી શુભેચ્છા પાઠવતી મધુર હાસ્ય રેલાવતી ખંડ બહાર નીકળી ગઈ.

અને

એ તડપતા હૈયાની દૃષ્ટિ મળી.

લીલાવતી રાણીએ લલિતાંગને પોતાની પાસે બોલાવ્યો અને અપલક નયને તે યુવાનને જોઈ જ રહી. થોડીવારમાં લલિતાંગની બાહોમાં સંપૂર્ણ રીતે અર્પણ થઈ ગઈ.

લલિતાંગે ગાઢ આલિંગન કર્યું. મુખ પર દીર્ઘ ચુંબન કર્યું અને બન્નેએ હૈયાની કામેચ્છાને પૂર્ણ કરી.

બન્નેના હૈયા સંતુષ્ટ બન્યા હોવા છતાં એકબીજાને અલગ થવાની વાત આવી ત્યારે અસહ્ય લાગ્યું. આથી બન્ને શય્યા પર પર સાથે પડ્યા રહ્યાં.

ત્યાં અંતઃપુરના રક્ષકોએ જાણ્યું કે આજે અંતઃપુરમાં પર-પુરુષ પ્રવેશ થયો છે...અને આપણી નજરચૂકનો લાભ ઉઠાવેલ છે તો મહારાજા આવે એટલે આ વાતથી જાણ કરીએ...

ત્યાં આજ વસંતોત્સવમાંથી મહારાજા વહેલા રાજભવનમાં આવ્યા. રાજા સીધા અંતઃપુર તરફ આગળ વધ્યા ત્યાં રક્ષકોએ તેમને રોકીને જણાવ્યું: 'મહારાજ, અમને એવો ભ્રમ થયો કે અમારી નજર ચૂકવીને અંતઃપુરમાં કોઈ પરપુરુષ પ્રવેશેલ છે...'

આ વાત જાણી રાજા સાવચેત થઈને અંતઃપુરવાસમાં ધીમે ધીમે આવ્યો.

ત્યાં દ્વારમાં જ નજર કરી રહેલી દાસીએ જોયું કે રાજા

ચૂપચાપ આવી રહ્યાં છે અને રાજા વસ્તુસ્થિતિ પામી ગયા છે. તેથી તેણે તરત જ રાણીના ખંડ પર આવીને સંકેત કર્યો.

રાણીએ દાસીને ખંડમાં બોલાવી લીધી. દાસીએ તરત જ રાજા આ તરફ આવી રહ્યાં છે તે વાત કરી.

રાણી અને દાસીએ ભેગા મળીને જેમ વાસીદાનો ઢગલો ભવનમાંથી બહાર ફેંકી દે તે રીતે લલિતાંગને ઉપાડીને ઝરુખાવાટે પાછલા ભાગમાં ફેંકી દીધો.

અંતપુરના પાછળના ભાગે ખાળકૂવો આવેલો હતો. લલિતાંગ તેમાં જઈને પડ્યો અને ખાળકૂવામાં ઘુવડની જેમ સંતાઈને રહ્યો.

લલિતાંગ ખાળકૂવામાં પડ્યો. પડ્યા પૂર્વનું ભોગવેલું રાણી સાથેનું સુખ સંભારતો હતો.

આ તરફ રાજાએ રાણીના ખંડની તપાસ કરી...ચારે તરફ રક્ષકોને મોકલ્યા પરંતુ કોઈ પરપુરુષ પકડાયો નહિ. તેથી રાજાને થયું કે રક્ષકોને કેવળ ભ્રમ થયો હોવો જોઈએ.

એમઆ વાત અહીંથી અટકી ગઈ.

આ તરફ ખાળકૂવામાં નરકાવાસ જેવા અશૂચિના સ્થાનરૂપ અને દુર્ગંધના અનુભવને આપતાં તેમાં લલિતાંગ વિચારવા લાગ્યો કે જો હું આ કૂવામાંથી બહાર નીકળું પછી આવા સુખોપભોગ પામવાની ઇચ્છા નહિ રાખું કે જેનું પરિણામ મારે આવું ભોગવવું પડે...!

દિવસો જવા લાગ્યા.

રાણી અને દાસી કશું કરી શકતી નહોતી. કારણકે રાજાએ અંતપુરવાસમાં રક્ષણની વ્યવસ્થા ખૂબ જ કડક કરી નાંખી જેથી બહારનું ચકલુંય ફરકી ન શકે.

આથી રાણી લીલાવતી અને દાસી, લલિતાંગ પ્રત્યે દયા આવવાથી હંમેશા તે ખાળકૂવામાં એઠું ભોજન નાખતી હતી.

લલિતાંગ પણ તેવું એઠું ભોજન આરોગીને પોતાના કર્મને દોષ દેતો જીવન પસાર કરવા લાગ્યો.

આમને આમ ઘણા મહિના પસાર થઈ ગયા. વર્ષાઋતુ આવી. વર્ષા થવાને કારણે ખાળકૂવો જળ વડે પૂર્ણ રીતે ભરાઈ ગયો. આથી જળના દબાણથી અતિ વેગથી લલિતાંગને ઘસડી જઈને કિલ્લાની બહાર આવેલી ખાઈમાં નાખ્યો.

લલિતાંગ તરત જ બેભાન અવસ્થામાં જળના પ્રહારોથી પીડા પામેલો તે કાંઠા પર આવ્યો.

લલિતાંગને કાંઠા પર બેભાન અવસ્થામાં પડેલો એક સ્ત્રીએ જોયો. તે સ્ત્રી નજીક આવી અને લલિતાંગને જોઈને હર્ષિત બની કારણકે ઘણા મહિનાઓ પછી તેનો પત્તો મળી રહ્યો હતો.

તે સ્ત્રી લલિતાંગને લઈને સમુદ્રપ્રિય શેઠને ત્યાં આવી. ત્યાં તેની સારવાર કરવામાં આવી.

અને થોડા સમય પછી તે ફરીને સ્વસ્થ થયો.

એકવાર તે રાજભવનના માર્ગેથી સુંદર વસ્ત્રો ધારણ કરીને નીકળ્યો ત્યારે ઝરૂખે બેઠેલી લીલાવતી રાણીએ નયનો વડે ભવનમાં આવવાનું આમંત્રણ આપ્યું. પરંતુ...!'

આમ જંબૂકુમારે લલિતાંગ કુમારની કથા પૂરી કરી અને તેણે જયશ્રી સામે જોઈને કહ્યું: 'હે પ્રિયે, જે પ્રમાણે લલિતાંગ કામેચ્છામાં ખેદ વિનાનો રહેતો હતો તે રીતે મનુષ્યો પણ કામભોગમાં ખેદ વિનાના રહે છે. જે વિષયસુખ છે તે રાણીના ઉપભોગ સમાન સમજવું. આરંભે તે મધુર છે પણ તેનું પરિણામ અત્યંત કષ્ટદાયક દુ:ખદાયક છે. એ રીતે ખાળકૂવામાં થતો વસવાટ ગર્ભવાસ જાણવો...તેમાં માતાએ ભોજન કરેલાં જે આહારપાણી વડે ગર્ભનું પોષણ થાય છે...તે એઠાં ભોજન જેવું સમજવું. પ્રિયે, મારી વાત સમજાય છે ને?'

'હા...સ્વામી, આપ પ્રસન્નતાથી કહો...' જયશ્રીએ કહ્યું.

'પ્રિયે, મેઘના જળથી ભરાઈ ગયેલા વિષ્ટાના કૂવામાંથી ખાળના માર્ગે જે નીકળવું તે પુદ્‌ગળની વૃદ્ધિ પામેલા ગર્ભનું યોનિ માર્ગે બહાર આવવું તે અર્થ ઘટાવવો. રાજભવનની પાછળ જે ખાળકૂવો છે તેમાં પડવું તે ગર્ભવાસથી નીકળીને સૂતિકાગૃહમાં પડવા બરાબર સમજવું...પ્રિયે, તે પુરુષને જળથી ભરેલા ખાઈના કાંઠે તેને જે મૂર્છા આવી તે જરાયુ, રુધિરમય કોશથી બહાર આવેલા જીવની માફક સમજવું. જેમ તેની ધાવમાતા તેના દેહને મદદગાર થઈ તેમ અહીં જીવને કર્મ પરિણતિની શ્રેણી સમજવાની છે...'

જંબૂકુમારે આ રીતે લલિતાંગકુમારની કથાને સુંદર રીતે સમજાવીને ફરીને પ્રિયાઓ સામે જોઈને કહ્યું: 'હે પ્રિયે, લલિતાંગકુમાર રાણીના માર્ગ પરથી સુંદર વસ્ત્રો પહેરીને પસાર થયો ત્યારે રાણીએ તેને બોલાવ્યો તો તે લલિતાંગ ત્યાં ફરીવાર જશે કે નહિ?'

આ વાત સાંભળીને જંબૂકુમારની આઠેય પ્રિયાઓએ કહ્યું: 'સ્વામી, જે પુરુષ અલ્પ બુદ્ધિવાળો હોય તે પણ તે ત્યાં ન જાય કારણ કે જે ખાળકૂવામાં વિષ્ટાના દુઃખદ અનુભવોને યાદ કરે તે અંતઃપુરમાં શી રીતે જાય...? ગમે તેવું સુખ પ્રાપ્ત થતું હોય તો પણ દુઃખની વેદના જ તેના નજર સામે આવે તેથી તે ત્યાં જાય જ નહિ...'

ત્યારે જંબૂકુમારે કહ્યું: 'પ્રિયે, કદાચ અજ્ઞાનના બળે મોહવશ થયેલ લલિતાંગ અંતઃપુરવાસમાં જાય પણ ખરો...પરંતુ હું તો ગર્ભમાં ઉત્પન્ન થવાના કારણરૂપ તમને સમજીને ક્યારેય ગ્રહણ ન કરું...'

જયશ્રી તરત જ જંબૂકુમારના ચરણમાં નમી પડી.

જંબૂકુમારે ભાવભર્યા શબ્દોમાં કહ્યું: 'જે નાશવંત છે તેના

પ્રત્યે મમત્વ શું ? જે ક્ષણિક સુખ પ્રાપ્ત થાય છે તેના પ્રત્યે મોહ શું…? નાશવંત, જડ, અને સુખાભાસનો વંટોળ સર્જતી વસ્તુઓ પ્રત્યે રાગ ન રાખવો જોઈએ…જેના અંતરમાં આધ્યાત્મિક આરાધના સ્પર્શી જાય છે તેના હૈયામાં દીવડો પ્રગટી ઊઠે છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યની આરાધના જ માનવ જીવનને કલ્યાણકારી બનાવે છે. સુખ પ્રત્યે રાગ ન હોય, દુઃખ પ્રત્યે દ્વેષ ન હોવો જોઈએ. શત્રુ પ્રત્યે ક્રોધ ન હોવો જોઈએ…મિત્ર પ્રત્યે મોહ ન હોવો જોઈએ. અર્થાત સર્વજીવો પ્રત્યે સમદૃષ્ટિ કેળવી હોય તો આત્મકલ્યાણનો પંથ નિરાળો લાગે છે. મનની વૃત્તિઓ પર વિજય મેળવ્યા વગર સમભાવ સ્થિર થઈ શકતો નથી. જ્યાં સુધી મનની વૃત્તિઓ દાસી ન બને અને હૃદયમાં સમભાવની ભાવના જાગૃત ન થાય ત્યાં સુધી આત્મદર્શન થવું અશક્ય છે. ભૌતિક સુખ પાછળ મગ્ન થનારો જીવ પોતાનું કલ્યાણ જોઈ શકતો નથી. જે સુખ નથી તેની પાછળ જ તે દોડચો જાય છે…વિષયસુખનો ક્ષણિક આનંદ માનવીને ભવોભવની રઝળપાટ કરાવે છે…સંસારના સુખોને ત્યાગીને આત્મકલ્યાણના પંથે આગળ જવું જોઈએ. જ્યાં અનંત સુખ મેળવીને મુક્તિના સ્વામી બની શકીએ છીએ. સંસારનો છેડો કદી પૂરો થતો નથી. આ માર્ગ પર ચાલતાં સર્વજીવો ફરીફરીને ત્યાં જ આવે છે. સોહામણો, લોભામણો, આકર્ષક અને અલબેલો જણાતા આ માર્ગને છેડો નથી. જ્યાં છેડો નથી ત્યાં સુખ નથી. અનંત સુખની ભાવના નથી. આ માર્ગ પર વિચરનારા પ્રાણીઓ સુખોપભોગની ભ્રમણામાં, રંગરાગની કલ્પનામાં જ રાચતા રહે છે. જેમ શરાબનો નશો માનવીને મદભર રાખે છે તેમ આ સંસારના સુખોપભોગ માનવીને નશામાં, મોહદશામાં મદભર રાખે છે…ભવભ્રમણનો છેડો પ્રાપ્ત કરવા માટે, મુક્તિ મેળવવા માટે વિરાગનો પંથ લેવો જોઈએ. સર્વત્યાગનો માર્ગ એ માનવજીવનનો,

આત્મકલ્યાણનો, આત્મદર્શનનો સર્વોત્તમ માર્ગ છે. આત્માની ઉન્નતિનો ઉજ્જવળ માર્ગ છે.'

જંબૂકુમારની આઠેય પ્રિયાઓના મનમાં થતું હતું કે સ્વામીનાથ હજુ કંઈ કહે...

જંબૂકુમારે જરા પણ અટક્યા વગર સંસારનું સ્વરૂપ અને મોહદશા વિષે જણાવતાં કહ્યું : ' પ્રિયે, સંસારમાં જે પ્રાણીઓ રાગની દશામાં પોતાનું જીવન વ્યતીત કરે છે તે પોતાની અંતરદશાને ઓળખી શકતા નથી. દેહસુખ પામવા માટે પણ તે આત્મસુખનો વિચાર કરતા નથી. જે નાશવંત છે, તેના પ્રત્યે જ મોહ જાગૃત થાય છે. રૂપ, યૌવન, શરીર, સંપત્તિ નષ્ટ થનારી અને પરિવર્તનશીલ હોવા છતાં તેના પ્રત્યે જ આકર્ષણ રહે છે. પરંતુ આ નાશવંત અને પરિવર્તનશીલ પ્રત્યે મોહ રાખવો વ્યર્થ છે...આ પરમ સત્ય સમજાઈ ગયા હોવા છતાં મોહની માયામાં લપેટાયલો માનવી દુઃખના દાવાનળ સમા સંસારનો ત્યાગ કરી શકતો નથી... જો મોહ છૂટે તો જ આત્મજ્ઞાનના અજવાળા પથરાય...માનવીને ઉર્ધ્વગામી થતા કોઈ પણ અટકાવી શકતું હોય તે માત્ર એક મોહ છે...માનવી જીવનભર મોહના સકંજામાં ડુબેલો રહે છે અરે...અંતકાળે પણ મારે મોહ છૂટી શકતો નથી. ત્યારે આયુનું અંતિમ ચરણ તો ઉર્ધ્વગામી થવાના મહાન પુરૂષાર્થ પાછળ જવું જોઈએ...ત્યાગ વગર મુક્તિ નથી...ત્યાગ એ માનવજીવનના કલ્યાણનો મહામંત્ર છે...સર્વત્યાગ વગર આત્માની ઉન્નતિ નથી એ વાત પણ એટલી જ સાચી છે...'

જંબૂકુમારે સંસારના સ્વરૂપને, મોહને વશ થનાર પ્રાણીઓ વિષે સુંદર શબ્દોમાં આઠેય પ્રિયાઓને સમજાવ્યું.

અને...

જંબૂકુમારના નિર્ણય અને ત્યાગમાર્ગની સુંદર વાતો સાંભળીને આઠેય પ્રિયાઓ પ્રતિબોધ પામી.

આઠેય પ્રિયાઓએ જંબૂકુમારની ક્ષમા માગી અને કહેવા લાગી : 'સ્વામી, આપ જે માર્ગે જઈ રહ્યા છો તે માર્ગે અમે પણ આવવા ઇચ્છીએ છીએ. અમે પણ સર્વત્યાગના માર્ગને ગ્રહણ કરવા માંગીએ છીએ...'

જંબૂકુમારની આઠેય પ્રિયાઓની આંખમાં હર્ષના આંસુ ઉપસી આવ્યા. સૌના મુખ પર ત્યાગની ભાવના સ્પષ્ટપણે વરતાતી હતી.

## ૨૫ : : સર્વત્યાગના માર્ગે

રાત્રિનો ત્રીજો પ્રહર વીતી ગયાની ઝાલરી રણકી. વાતાવરણ શાંત અને મંત્રમુગ્ધ હતું.. સપ્તભૂમિ પરના શયનકક્ષમાં જંબૂકુમારની દિવ્યવાણીથી તેની આઠેય નવોઢા પત્નીઓ ત્યાગનો માર્ગ સ્વીકારવા તત્પર બની હતી. આઠેય પ્રિયાઓએ સ્વામીને સંસારમાં ખેંચી જવાના અનેક પ્રયત્નો કર્યા છતાં તેમાં સફળ થયા નહિ અને બન્યું તેનાથી વિપરીત...જંબૂકુમારની વાણીથી અને સત્ય જાણીને નવોઢાઓના અંતરમાં વૈરાગ્યની પાવક જ્યોત પ્રગટી ઉઠી હતી.

આઠેય નવવધૂઓ સંસારનાં સુખ માટે અનેક કોડ ભરીને આવી હતી. હજુ તો તેઓના અંગ પરથી સુહાગરાતના વસ્ત્રો પણ ઉતર્યા નહોતા...કિંમતી આભુષણો પણ અંગને સ્પર્શી રહ્યાં હતાં... રૂપસજ્જાની બહાર હજુ ખીલેલી હતી. યૌવનના ઊંબરે પગ માંડતી નવોઢાના હૈયા જંબૂકુમારના શબ્દોથી પરમ સુખ અનુભવવા લાગ્યા અને સૌને થયું કે સ્વામીનો માર્ગ જ આપણને અજવાળી શકે તેમ છે. જંબૂકુમારે પ્રિયાઓને ખૂબ જ મધુર વાણીમાં સંસારની અસરતા, માયા-મરિચિકા, મોહ, મમતાની ક્ષણભંગુરતાને સ્પષ્ટ શબ્દોમાં સમજાવી. સુખની ભ્રમણા પાછળ સંસારના રાગી જીવો

જ રચ્યાપચ્યા રહે છે. જો આત્માનું કલ્યાણ સાધવું હોય તો સર્વ-ત્યાગ વગર બીજો કોઈ માર્ગ નથી.

જંબૂકુમારે પત્નીઓને પ્રતિબોધી.

આઠેય પ્રિયાઓના મુખ પર દિવ્ય આનંદની છાયા સ્પષ્ટ પણે વરતાવા લાગી. આઠેય પ્રિયાઓ સ્વામીના ચરણમાં નમી પડી. આંખમાં આંસુ હતા. એ આંસુ સંસારત્યાગ કરવાથી આવ્યા હતા તેમ નહોતું, પરંતુ સ્વામીએ મંગલ માર્ગ દર્શાવ્યો, નવી દૃષ્ટિ તેના હર્ષનાં આંસુ હતા...

'સ્વામી...આપે અમારા પર અનંત ઉપકાર કર્યો છે. જો આપની સાથે વિવાહ ન કર્યાં હોત તો આ ભૌતિક સુખની માયા-માંથી ક્યારે છૂટત... !' આઠેય પ્રિયાઓએ સ્વામી સામે દૃષ્ટિ કરીને કહ્યું.

અને...

જંબૂકુમારે અતિ હર્ષ અનુભવતાં કહ્યું: 'પ્રિયે, તમારા સૌની આંખમાં હર્ષના આંસુ જોઈને મારું હૈયું ગદગદિત બની ગયું છે... જે હું પામવા મથું છું તેમાં આપ સૌ જોડાઓ છો તે જાણીને કોને હર્ષ ન થાય...! પ્રિયે, આ તો મંગલમાર્ગ છે...આરાધના અને તપનો કલ્યાણકારી માર્ગ છે... આત્મસુખ મેળવવાનો સર્વ-શ્રેષ્ઠ માર્ગ છે...'

'સ્વામી, આપની વાણીથી અમારા હૈયામાં વૈરાગ્યની ભાવના જાગૃત થઈ છે. અમે સૌ વૈરાગ્ય ધારણ કરવા ઈચ્છીએ છીએ... આપ અમને આજ્ઞા આપો...'

'પ્રિયે, સંસારના સુખોને હડસેલીને આત્મા જ્યારે મંગલમાર્ગે પ્રયાણ કરવા ઈચ્છતો હોય ત્યાં મારી અનુમતિ જ હોય...' જંબૂ-કુમારે સહર્ષ અનુમતિ આપી દીધી.

જંબૂકુમારની આઠેય પ્રિયાઓના હૃદય આનંદ પામ્યા. અપાર સુખની અનુભૂતિ થઈ.

જંબૂકુમાર તો સંસારમાં પડવા ઇચ્છતાં જ નહોતા. તેઓએ વિવાહ પહેલાં જ માતાપિતા પાસે અનુમતિ લીધી હતી કે લગ્ન પછી તરત જ બીજી સવારે તે સર્વત્યાગના માર્ગે ચાલ્ય જશે.

પરંતુ જંબૂકુમારની માતા ધારિણીને વિશ્વાસ હતો કે મારી આઠેય વહુઓના પ્રયત્નોથી મારો પુત્ર સંસારના બંધનોમાં બંધાઈ જશે પરંતુ તેમની ભાવના સાકાર ન થઈ.

અને જંબૂકુમારની આઠેય પ્રિયાઓ સ્વામીને સંસારનો રસ ચખાડવા માંગતી હતી પરંતુ તેમાં તેમને સફળતા ન મળી અને આઠેય પત્નીઓ વૈરાગ્યના મહારસને પામી ગઈ.

પ્રાતઃકાળ થાય તે પહેલાં આઠેય કન્યાઓના માતાપિતા જંબૂકુમારને ત્યાં આવી ગયા. સૌ જંબૂકુમારના માતાપિતા પાસે બેઠા હતા.

'હમણાં પ્રાતઃકાળ થશે...' ઋષભદત્તે ધારિણી સામે જોતાં કહ્યું.

'હા...સ્વામી, મને વિશ્વાસ છે કે આપણા ભવનમાં સુખનો સૂરજ ઉગશે...આપણો પુત્ર સંસારના બંધનોમાં ઝકડાઈ જ જશે કારણકે તેની આઠેય પ્રિયાઓ અતિ રૂપવતી અને ચતુર છે તેથી તેની વાણીમાં સપડાઈને તે જરૂર સંસારના સુખોપભોગ માણવા તૈયાર થઈ ગયો હશે...'

'ના...ધારિણી, મને તો એવું લાગતું નથી...જંબૂકુમાર દૃઢનિશ્ચયી છે. તેનું અંતર ખરેખર વૈરાગ્ય પામ્યું છે. તેને માટે આ સમૃદ્ધિ, આ સંપત્તિ, આ સુખ સર્વ સુખના સાધનોનું મૂલ્ય કશું નથી. તે આ સુખને સુખ ગણતો જ નથી...શું થશે તેની જાણ હમણાં જ થશે...' ઋષભદત્તે કહ્યું.

આઠેય કન્યાઓના માતાપિતા પણ ઋષભદત્તની વાત સાંભળીને ઢીલા પડયા છતાંય શું પરિણામ આવશે તેવી ઇંતેજારી તો હતી જ. સૌ શાંત ભાવે બેસી રહ્યાં.

જ્યારે કોઈની પ્રતિક્ષા કરવાની હોય છે ત્યારે સમય અતિ દીર્ઘ થઈ પડે છે...એક પળ એક યુગ જેવડી ભાસે છે.

સૌ આતુરતાપૂર્વક જંબૂકુમાર અને તેની પત્નીઓના સમાચાર સાંભળવાની રાહ જોતા હતા.

પ્રાતઃકાળની ઝાલરી રણકી ઊઠી.

ભવનમાં સુમધુર વાદ્યોનો ધ્વનિ રણકવા લાગ્યો.

જંબૂકુમાર સપ્તભૂમિ પરથી નીચે આવ્યા અને જ્યાં માતાપિતા બેઠા હતા ત્યાં આવીને ભ.વભર્યા નમન કર્યા. જંબૂકુમારે તેના શ્વસુર અને સાસુને જોયા કે તરત જ મનમાં થયું કે તેઓ મારા કારણે જ આવ્યા હોવા જોઈએ...

જંબૂકુમારે ત્યાં બેઠેલા દરેક વડિલોને નમન કર્યા.

ધારિણીએ ભાવભર્યા સ્વરે કહ્યું: 'જંબૂકુમાર, અમે તારી જ પ્રતિક્ષા કરતા હતા. આજ તેં તારી પત્નીઓ સાથે વિચાર વિમર્શ કરી લીધો હશે અને ભાવિ શું કરવું તે પણ નક્કી કરી લીધું હશે... ! મને વિશ્વાસ છે કે તેં મારા અંતરમાં રમી રહેલી ઇચ્છાને જ પ્રાધાન્ય આપ્યું હશે.. કારણ કે હજુ તારા વિવાહ થયા છે તેથી સંસાર સુખ ભોગવવાની તારી કામના હોય તે સ્વાભાવિક છે. તું અમારો આધાર છો...અમને છોડીને ક્યાંય જવાનો તેં નિર્ણય તો નથી લીધો ને ?'

'માતાજી, રાત્રે મેં અને આપની પુત્રવધૂઓએ ખૂબ ચર્ચા વિચારણા કરી છે...વિચારોની આપ-લે થઈ છે. વહુઓ તો હું સંસારત્યાગના વિચારને એક બાજુ મૂકી દઉં તેવું ઇચ્છતી હતી

પરંતુ તેની ભાવનાને બર આવવા દીધી નથી. કારણ કે મારો માર્ગ, મારો સંકલ્પ સ્પષ્ટ હતો. આથી મારા વિચારને તેઓએ જાણ્યો અને તેમના મનમાં થયું કે સ્વામીની વાત સાચી છે. તેમનો માર્ગ યોગ્ય છે.'

'ના...હોય...ના...હોય. એમ બને જ શી રીતે... મારી પુત્રવધૂઓ એ રીતે કહે જ નહિ...એ બિચારી ભ્રમમાં આવી ગઈ હશે...' ધારિણી રડી ઊઠી.

ઋષભદત્તે તરત જ ધારિણીને આશ્વાસન આપ્યું.

જંબૂકુમારે કહ્યું: 'માતાજી, હજુ પણ આપ મારા પ્રત્યે મોહ રાખી રહ્યાં છો. મોહને ત્યજી દેશો તો ઘણું બધું સ્પષ્ટ સમજાઈ જશે...'

'જંબૂકુમાર, તને મમતાના બંધનો વળગ્યા નથી એટલે માની મમતા કેવી હોય તેની શી ખબર પડે...!' ધારિણીએ ધીમા સ્વરે કહ્યું.

'માતાજી, આપને મમતાની સાથોસાથ મોહ છે પરંતુ આપ એટલું જાણી લેજો કે જ્યાં પ્રેમ છે ત્યાં ત્યાગની સ્વીકૃતિ છે. જ્યાં મોહ છે. ત્યાં અંધકાર છે. પ્રેમમાં સમર્પણ છે જ્યારે મોહમાં અંધકાર સિવાય કશું નથી. આપની પુત્રવધૂઓ પણ દીક્ષા અંગીકાર કરવાની છે...અને તે માટે મેં અનુમતિ પણ આપી દીધી છે...' જંબૂકુમારે કહ્યું.

જંબૂકુમારના છેલ્લા શબ્દોથી કન્યાના માતાપિતા, ઋષભદત્ત અને ધારિણીદેવી દરેકના ચહેરા પર નિરાશાના ભાવ જન્મી ઊઠ્યા. સમગ્ર ખંડમાં શાંતિ પથરાઈ ગઈ...કોઈ બોલતું નહોતું...શું કહેવું ? તે એક પ્રશ્ન થઈ પડ્યો.

ત્યાં જંબૂકુમારે ભાવવાહી શબ્દોમાં કહ્યું: 'આ સંસાર અસાર છે... જે સુખ નથી તેને સુખ માનીને સંસારના બંધનોમાં ઝકડાઈ

જવું તેમાં આત્માની ઉન્નતિ થતી નથી. અનંત સુખ પ્રાપ્ત કરવા માટે સર્વત્યાગનો માર્ગ જ સર્વશ્રેષ્ઠ અને આત્મા માટે શ્રેયકર છે...'

જંબૂકુમારે શ્વસુરો અને સાસુઓને સંબોધીને કહ્યું: 'આપની કન્યાઓ પણ સર્વત્યાગના પંથે ચાલી રહી છે. તેમની શુભ ભાવના ખરેખર વંદનીય છે. પૂર્વજન્મના સંસ્કારોને કારણે તેમનો આત્મા જાગૃત થયો છે... આ ભોગવિલાસથી ખદબદતા સંસારજીવનથી અમે સૌ મુક્ત બનીને વૈરાગ્ય ધારણ કરી રહ્યાં છીએ એ વાત નિશ્ચિંત છે. આપ સૌ અમારા મંગલ પંથને આવકારો અને સહૃદયથી અનુમતિ આપો. આજ સવારે જ અમે નવ વ્યક્તિ સર્વત્યાગનો પંથ અજવાળવાની ભાવભરી અનુમતિ માંગીએ છીએ... આપ પ્રસન્ન ભાવે સ્વીકૃતિ આપશો અને અમે જે માર્ગે જઈ રહ્યાં છીએ તે માર્ગને ઉજ્જવલિત કરવા આપના આશીર્વાદ અમારું કવચ બનશે...'

સમગ્ર ખંડમાં શાંતિ એવીને એવી જ રહી. જંબૂકુમારના વૈરાગ્યભાવથી અંકિત શબ્દો સાંભળીને કોઈને કંઈ કહેવાની હિંમત ચાલતી નહોતી. જંબૂકુમારને થયું કે ખંડમાં પથરાયેલી શાંતિ, મૌન ઘણીવાર અરુચિકર બની જાય છે આથી ખંડમાં બેઠેલા વડીલોને સંસારનું સ્વરૂપ સમજાવ્યું.

લગભગ અર્ધ ઘટિકા પર્યંત જંબૂકુમારે સર્વ વડીલજનોને સંસારની અસારતા સમજાવી અને ત્યાગનો મર્મ સમજાવ્યો.

અને...

વાતાવરણ જાણે ખૂબ જ ગંભીર અને ગહન વિચારોમાં ગૂંથાઈ ગયું હતું. સર્વ વડીલજનોના અંતરમાં વૈરાગ્યની પ્રજ્વલ જ્યોત જાગૃત થતી હતી. સત્ય નજર સામે આવી રહ્યું હતું. ભૌતિક સુખની ભ્રમણા ભાંગી જતી હતી.

ત્યારે ઋષભદત્ત શેઠે ઊભા થઈને જંબૂકુમાર સામે જોઈને કહ્યું: 'જંબૂકુમાર, તારા જેવો પુત્ર મેળવીને અમે ધન્ય

બન્યા છીએ...આજે તેં અમારા સૌની આંખો ખોલી...અંતરચક્ષુ ખોલી આપ્યાં. અમને નવો માર્ગ, નવી દિશા અને ત્યાગનો માર્ગ જ હિતકર છે તે બતાવ્યું. અત્યાર સુધી અમે ભૌતિક સુખની પાછળ અંધ બનીને રાચતા હતા ત્યારે અમે એમ જ વિચારતા હતા કે ભૌતિક સુખ જ સાચું સુખ છે. તેં અમારી ભ્રમણા ભાંગી છે. તેં અમને કલ્યાણકારી માર્ગ દર્શાવ્યો છે...હવે તો અમારો માર્ગ સર્વત્યાગનો જ રહેશે...તારી સાથે અમે પણ દીક્ષા અંગીકાર કરીશું.'

જંબૂ કુમારની આઠેય પત્નીઓના માતાપિતાએ પણ ઋષભદત્ત-શેઠના વિચારને વધાવી લીધો અને સૌએ દીક્ષા લેવાનો નિર્ણય કર્યો.

સર્વના ચિત્ત પ્રસન્ન બની ગયા.

જાણે અંતરમાંથી કંઈક ભાર ઓછો થયો હોય તેમ જણાવા લાગ્યું. સંતોષની રેખા સૌના મુખ પર નાચવા લાગી. આનંદ, સુખના ભાવ મુખ પર રમવા લાગ્યા.

સૂર્યોદય થવાની તૈયારી હતી.

ત્યારે એમ લાગતું હતું કે જાણે બહાર પણ અંધકાર દૂર થઈને પ્રકાશ પથરાઈ રહ્યો છે તે રીતે જંબૂકુમારના ભવનમાં સર્વના અંતરનો અંધકાર નષ્ટ પામીને જ્ઞાનનો પ્રકાશ પથરાઈ રહ્યો છે.

ધારિણી અને ઋષભદત્ત તો ખૂબ આનંદમાં આવી ગયા હતા કારણ કે જંબૂકુમારે તેમને ત્યાં જન્મ લીધો હતો અને સૌનો તે તારક બન્યો હતો...

આ સમયે પ્રભવ ચોર પણ તેના પાંચસો સાથીદારો સાથે અનુમતિ લઈને પાછો ફર્યો. તે તેના કુટુંબીજનોની, દીક્ષા અંગીકાર કરવા માટેની અનુમતિ લઈને જંબૂ કુમાર પાસે આવી પહોંચ્યો હતો.

જંબૂ કુમારે પ્રભવ ચોરની ભાવનાને સત્કારી...

સૂર્યના તેજસ્વી કિરણો સર્વજનોના હૈયાને પ્રસન્નતા બક્ષતા હતા.

સૂર્ય પ્રકાશ જેવા જ તેજકિરણો જંબૂકુમાર, તેની પ્રિયાઓ,

માતાપિતા અને પ્રિયાઓના માતાપિતાઓના અંતરમાં વૈરાગ્યની પાવક જ્યોત જલાવતા હતા.

આજે સારી રાજગૃહી નગરીમાં જંબૂકુમારની જ વાતો થતી હતી. ઓહ્...! આટલી સમૃદ્ધિ, સંપત્તિને છોડીને તે જઈ રહ્યો છે...! હજુ ગઈકાલે તો તેના આઠ–આઠ રૂપસુંદરીઓ સાથે લગ્ન થયા અને સંસારસુખ માણ્યા વિના ત્યાગના માર્ગને દીપાવવા ચાલી નીકળ્યા. ધન્ય છે તેમના ત્યાગને...'

ત્યારે હજુ આઠેય નવવધૂઓના અરમાનો, ઊર્મિઓ, આશાઓ પૂરી થાય ન થાય ત્યાં તેઓએ પણ સ્વામીના પંથે જવા વૈરાગ્ય ધારણ કરવાનો મહાન નિશ્ચય લીધો છે...ધન્ય છે તેમની ભાવનાને...!

ઓહ...જંબૂકુમારના માતાપિતા અને આઠેય નવવધૂઓના માતાપિતા પણ સંસાર ત્યાગીને આત્મકલ્યાણના પંથે જઈ રહ્યાં છે...ધન્ય છે તેમની ભક્તિને...!

જે પ્રભવ ચોર જંબૂકુમારને ત્યાં ચોરી કરવા અર્થે પાંચસો સાથીઓ સાથે ગયો હતો અને આ ભવની રઝળપાટ ટાળવા માંગતો હતો તેને ત્યાં જઈને જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય જેવા ત્રણ અમૂલ્ય રત્નો પ્રાપ્ત થયા..આથી તેની એક ભવની નહિ પરંતુ ભવોભવની રઝળપાટ દૂર થઈ...ધન્ય છે...!

રાજગૃહી નગરીના લોકો ધન્યતા અનુભવી રહ્યાં હતા અને આ પ્રસંગને મહાલવા લોકો જંબૂકુમારના ભવન પાસે આવવા લાગ્યા.

દિવસના પ્રથમ પ્રહર બાદ તરત જ દીક્ષાનો વરઘોડો પસાર થવાનો હતો...તેથી રાજગૃહીના લોકો પ્રસન્ન હૃદયે આ પ્રસંગ માણવા હર્ષભેર આવવા લાગ્યા.

જંબૂકુમારના ભવનમાં માંગલિક સ્વરો વાગી રહ્યા હતા. તેમાંય સૌને મુક્તિનો નાદ સંભળાતો હતો...

જંબૂકુમારે તરત જ દીક્ષા મહોત્સવની તૈયારી શરૂ કરાવી.

સૌપ્રથમ જંબૂકુમાર સ્નાનાર્થે સ્નાનાગારમાં ગયા...આજ તેમણે શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં હતા. આમેય શ્વેતવસ્ત્રો શાંતિ અને સુખના ચિહ્ન સમાન ગણાય છે. સામાન્ય અલંકારો ધારણ કર્યાં હતા.

જંબૂકુમારે શ્રી જિન પૂજન કર્યું. ત્યારબાદ જે દીક્ષાર્થી હતા તેઓએ પણ ભાવભર્યા હૈયે પૂજન કર્યું.

જંબૂકુમારે સાતેય ક્ષેત્રોમાં પુષ્કળ દ્રવ્યનો વ્યય કર્યો.

સંપત્તિ આપતી વખતે જંબૂકુમારના હૈયા પર ભાવ તો એજ રમી રહ્યા હતા જે સુખને પીડાકારક છે. જે દુઃખનું કારણરૂપ છે તે સંપત્તિ મેળવવા માટે આવી પડાપડી થાય છે તો અનંત સુખની સંપત્તિ મેળવવા માટે આવા જ પ્રકારની ઝંખના થતી હોય તો અનેક જીવોનું કલ્યાણ થઈ જાય...

સૌ દીક્ષાર્થી ઋષભદત્ત શેઠના ભવનની બહાર આવ્યા ત્યારે ઋષભદત્ત અને ધારિણીદેવીથી ભવન સામે છેલ્લી દૃષ્ટિ નંખાઈ. જંબૂકુમાર તો સમભાવે ઊભા જ રહ્યા હતા. તેઓનું અંતર તો અતિ સ્વચ્છ અને નિરાળુ બન્યું હતું.

જંબૂકુમારે સર્વ વડીલજનો, પ્રિયાઓ સામે જોઈને, તેમજ અન્ય ઊભેલા લોકોને કહ્યું: 'સંસારનું સ્વરૂપ વિકરાળ છે...ભૌતિક સુખની કામના કરતાં જ્યારે આત્મા જાગૃત બને ત્યારે પળનો ય વિલંબ કર્યા વગર સંસાર ત્યાગી દેજો. ક્ષણમાં આસક્ત, ક્ષણમાં વિરક્ત, ક્ષણમાં ક્રોધી અને ક્ષણમાં ક્ષમાવાન, આ જીવની સ્થિતિ છે ત્યારે પ્રમોદ સેવ્યા વગર આત્મોન્નતિના માર્ગે પગલાં ભરજો...આજની પળે મારાથી કશો અવિનય થયો હોય, કશું બોલાઈ ગયું હોય અને આપનું અંતર દુભાયું હોય તો મને પ્રસન્ન હૃદયે ક્ષમા આપજો...મારાથી આપને અજાણતાં કશું કહેવાઈ ગયું હોય તો આ પળે હું પણ આપને ક્ષમા આપું છું...'

ઋષભદત્ત શેઠના ભવનના દાસદાસીઓની આંખમાં ચોધાર આંસુ છલકી ઊઠ્યા...ઓહ હજુ ગઈ કાલે જ આ આંગણામાં

જંબૂકુમાર રમતા હતા અને આજ તેઓ અમને મૂકીને ઉગ્ર તપ કરવા માતાપિતા, પત્નીઓ પત્નીઓના માતાપિતાને લઈને જાય છે...

જંબૂકુમારનો ખાસ સેવક રામદાસની આંખમાં પાણી તો સુકાતાં જ નહોતા. તે તો એમ જ માનતો હતો કે જેણે કદી ભૂમિ પર પગ માંડયો નથી તે કઈ રીતે ઉગ્ર સાધના કરી શકશે? જેમની સેવામાં અનેક સેવકો અને દાસીઓ તત્પર રહેતા તે જંબૂ કુમારની સેવા કોણ કરશે? મારી વાત કોઈ સાંભળતું જ નથી...રામદાસ વૃદ્ધ હતા છતાં તેણે જંબૂકુમારને પુત્ર કરતાંય વિશેષ પ્રેમ આપ્યો હતો. અને આજ રામદાસનું હૈયું પણ દ્રવી ઊઠયું...!

રામદાસ તો ભવનના મુખ્ય પરિચારકોને કહેતો કે ભાઈ કોઈ તો રોકો જંબૂકુમારને...! કોઈ તો રોકો જંબૂકુમારને...! મારી વાત કોઈ સાંભળતું નથી...

ત્યારે પરિચારકોએ કહ્યું: 'રામદાસજી, જંબૂકુમાર હવે આ સંસારના ભૌતિક સુખમાં પડવા માગતા નથી. અપાર સમૃદ્ધિ તેમને તુચ્છ લાગે છે એટલે જ્ઞાનની આરાધના અર્થે જઈ રહ્યાં છે, જ્યાં અહીં કરતાં પણ અપૂર્વ, અનંત સુખ પ્રાપ્ત થવાનું છે...'

રામદાસ શું બોલે...? આંસુઓની અંજલિ આપી રહ્યો હતો...

જંબૂકુમારની જેમ દરેક દીક્ષાર્થીઓ ક્ષમા માગી રહ્યા હતા.

અને...

હજારો નગરજનો એકત્ર થઈ ગયા...

એક હજાર માણસોએ ઉપાડેલી શિબિકામાં જંબૂકુમાર બીરાજ્યા. માંગલિક ધ્વનિના અવાજથી વાતાવરણ ધમધમી ઊઠયું. મંગલ પાઠકો મંગલ બોલવા લાગ્યા.

નગરજનો હર્ષાશ્રુ સાથે જંબૂકુમારને પુષ્પ, મોતીથી વધાવી રહ્યા હતા.

કુમારિકાઓ લુણ ઉતારવા લાગી...

જંબૂ કુમાર તરત જ દાન આપવા લાગ્યા.

જાણે મુખ પરના ભાવ કહેતા ન હોય...

આ સંપત્તિ, આ ધન પ્રત્યે બહુ રાગ ન રાખશો...જે સંપત્તિ કોઈની થઈ નથી તેમ કોઈની થશે નહિ. મોહના પડળ દૂર કરીને આત્મમંગલનો સર્વોત્કૃષ્ટ માર્ગ ધારણ કરજો...

અને દીક્ષાનો વરઘોડો આગળ ચાલવા લાગ્યો.

રાજગૃહી નગરીના અનેક લોકો સજળ નયને પુષ્પવૃષ્ટિ કરીને માંગલિક પ્રસંગને વધાવતાં હતાં.

જંબૂ કુમારનું તેજ પ્રકાશી ઊઠયું હતું...આભા ચમકી રહી હતી અને મુખ પરનો દિવ્ય પ્રકાશ અનેક જીવાત્માઓ માટે સંદેશનું વાહક બનીને આત્મકલ્યાણનો પંથ નીહાળવાનો સન્માર્ગ બતાવતો હતો.

આમ આ રીતે વાજતે ગાજતે કાશ્યપગોત્રી જંબૂકુમાર આર્યશ્રી સુધર્માં સ્વામીના ચરણકમળથી પવિત્ર થયેલા કલ્યાણની સંપત્તિના સ્થાનરૂપ ઉદ્યાનમાં આવ્યા.

આ પ્રસંગે વાંદવા મહારાજા કોણિક પર આવ્યા હતા. અહીંનું ભાવભીનું વાતાવરણ જોઈને તેઓ પણ દ્રવી ઊઠ્યા હતા.

જંબૂકુમારે આર્યશ્રી સુધર્માં સ્વામીના પવિત્ર ચરણોમાં મસ્તક નમાવ્યું અને ભાવવિભોર બનીને મંગલ સ્વરે કહ્યું: 'હે ભગવન્, આપ અમારા પર કૃપા વરસાવો...મને તથા મારા સ્વજનોને આ સંસાર સાગરને તારનારી નૌકા સમાન એવી દીક્ષા આપો...માનવજીવનનું કલ્યાણ ત્યાગમાં રહેલું છે તેવી પ્રવજ્યા આપો. અમે સૌ આત્મકલ્યાણના પંથે જનારા પથિકો છીએ...આપ અમને મહાવ્રત ધારણ કરાવો...'

આ પ્રમાણે પ્રાર્થના થવાથી શ્રી પંચમ ગણધર ભગવંત આર્ય શ્રી સુધર્માં સ્વામીએ જંબૂકુમારને, તેમના સ્વજનોને અને પાંચસો ચોરો સાથે પ્રભવને દિક્ષા આપી.

આ પ્રસંગે આર્યશ્રી સુધર્માં સ્વામીએ સૌ ધર્મીજનોને ત્યાગનું સ્વરૂપ સમજાવ્યું અને સંસારની અસારતા સમજાવી...

## ઉપસંહાર

આર્ય સુધર્મા સ્વામીએ ધારિણી દેવી, જંબૂકુમારની પત્નીઓને અને તેમની માતાઓને આર્યા સુવ્રતાની આજ્ઞાનુવર્તિની બનાવી. તેમની નીચે રહીને આત્મ ઉન્નતિની આરાધના કરવાનું સુધર્મા સ્વામીએ ઉપદેશ્યું.

પ્રભવ અને તેના સાથીઓને જંબૂમુનિની સાથે રાખવામાં આવ્યા. જંબૂમુનિના પિતા અને શ્વસુર વગેરે મુનિપણા પછી તેમની સાથે જ રહ્યાં. સૌ આત્મકલ્યાણના પથિકો બનીને આરાધના કરવા લાગ્યા.

જંબૂ મુનિ દિવસ રાત શ્રી સુધર્મા સ્વામીની સેવામાં મગ્ન રહેતા અને આત્મચિંતનની આરાધનામાં સમય પસાર કરવા લાગ્યા.

વીર નિર્વાણ સંવત ૨૦ની સમાપ્તિનો સમય હતો.

જ્યારે શ્રી સુધર્મા સ્વામીએ પોતાની નિર્વાણની ઘડીએ જંબૂ મુનિને પોતાની પાટ પરના ઉત્તરાધિકારી જાહેર કર્યા.

આમ જંબૂમુનિ તે આર્યશ્રી જંબૂસ્વામી થયા. શ્રી સુધર્મા સ્વામીએ શ્રી જંબૂસ્વામીને સર્વજ્ઞ ભગવંત મહાવીર પ્રભુના બીજા પટ્ટધરના પચ્ચીસમાં નિયુક્ત કર્યા.

જંબૂ સ્વામીને આચાર્ય પદ પ્રાપ્ત થયું.

અને...

આચાર્ય શ્રી જંબૂસ્વામીએ આત્મકલ્યાણની કઠિન આરાધના

કરી...ઉગ્ર તપના આરાધક બન્યા...તેની ફલશ્રુતિ રૂપે શ્રી જંબૂ-સ્વામીને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું.

કેવળી ભગવંત શ્રી જંબૂસ્વામીએ ચુમાલીસ વર્ષ પર્યંત ધર્મની તનમનથી સેવા કરી...ધર્મનો વિજય ધ્વજ ફરકાવ્યો. અનેક જીવાત્માઓને પ્રતિબોધીને સર્વત્યાગના પંથે આણ્યા.

આર્યશ્રી જંબૂસ્વામીએ શિષ્ય તરીકે પ્રભવ મુનિને સ્થાપ્યા.

આર્યશ્રી જંબૂસ્વામી સર્વ પ્રાણી પ્રત્યે દયાભાવ દર્શાવીને તેમને કલ્યાણનો માર્ગ બતાવ્યો...!

વીર નિર્વાણ સંવત ૬૪ (ઈ.પૂ. ૪૬૩) માં જ્યારે આર્યશ્રી જંબૂસ્વામીએ નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું ત્યારે તેમની ઉમ્ર એંસી વર્ષની હતી.

આર્યશ્રી જંબૂસ્વામીએ ઉત્તરાધિકારી તરીકે પ્રભવ મુનિને જાહેર કર્યા. અને શાસનને સાચવવાની જવાબદારી તેમને સોંપી દીધી.

સંસારના સર્વ સુખોને તુચ્છ ગણીને મુક્તિનો મહામંગલ માર્ગ સ્વીકારીને શ્રી જંબૂસ્વામી અનંત સુખના સ્વામી બન્યા.

(સમાપ્ત)

નવયુગ પુસ્તક ભંડાર

રાજકોટ